આબુ-તીર્થોદ્ધારક

# દંડનાયક મહામંત્રી વિમલ



□ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ
દ્વારા સર્જિત-સંયોજિત
કથાત્મક/ચિંતનાત્મક સાહિત્યને પ્રકાશિત કરવાનો
મુદ્રાલેખ ધરાવતું

# સંસ્કૃતિ પ્રકાશન

પૂ. મુનિરાજશ્રી યુગચન્દ્ર વિજયજી મહારાજ સદુપદેશિત
''સંસ્કૃતિ પ્રકાશન'' સંચાલિત
★ શ્રી રીખવચંદ કાનજીભાઈ સંઘવી ★
★ શ્રી સૂરજબેન રીખવચંદ સંઘવી ★

**ગ્રંથ-માળા**

રમેશ આર. સંઘવી
શૈલેશ એન. સંઘવી
'રામવાટિકા' ૪૦૧ શ્રી સમેતશિખર એપાર્ટમેન્ટ,
કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨.

## -: વંદના :-

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, ગુજરાતના મહાન જ્યોતિર્ધર સરસ્વતીલબ્ધપ્રસાદ, સિદ્ધકવિ, ષટ્દર્શનનિષ્ણાત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છન્દ, તત્વજ્ઞાન. કથા, આચારોપદેશ, અધ્યાત્મ, યોગ આદિ વિભિન્ન, વિષયો ઉપર સંખ્યાબંધ ગ્રન્થો રચનાર અદ્‌ભૂત વ્યકિતત્વશાલી

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના

ચરણ કમલમાં વંદના.



| :જન્મ: | :સ્મૃતિ-દિવસ: | :સ્વર્ગવાસ: |
|---|---|---|
| કનોડા (ગુજરાત) | માગસર સુદ-૧૧ | ડભોઈ (ગુજરાત) |

-:સૌજન્યઃ-

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન -નવસારી

ઉપા.શ્રી યશોવિજયજી જૈન સેવા સદન-ડભોઈ

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન- માલેગામ

ઠેઃ કલા- પ્રકાશન/ ટીલક રોડ,

મુ. માલેગામ (મહારાષ્ટ્ર) પિન : ૪૨૩ ૨૦૩

પૂ. મુનિરાજ શ્રી યુગચંન્દ્ર વિજયજી મહારાજ સદુપદેશિત
શ્રી રીખવચંદ કાનજીભાઈ/સૂરજબેન રીખવચંદ સંઘવી
ગ્રંથમાળા-૩૩

# આબુ-તીર્થોદ્ધારક
# દંડનાયક મંત્રીશ્વર વિમલ


: લેખક :
સિદ્ધહસ્તકથાસાહિત્યસર્જક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



: પ્રકાશક :
**શ્રી છબીલદાસ સાકરચંદ પરિવાર**
**હ. શ્રી હેમચન્દ્રભાઈ**
મહાવીર, તેલંગ રોડ, માટુંગા, મુંબઈ-૧૯

**સંસ્કૃતિ પ્રકાશન-સુરત**

: લેખક પરિચય :

સિદ્ધાંતમહોદધિ પૂ. સ્વર્ગસ્થ
આચાર્ય દેવ શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજાના પટ્ટધરરત્ન વ્યાખ્યાન
વાચસ્પતિ પરમશાસન પ્રભાવક
પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજાના પટ્ટધરરત્ન
સિંહગર્જનાના સ્વામી પૂ. સ્વ.
આચાર્યદેવ શ્રીમદ્
વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી
મહારાજાના આજીવન અંતેવાસી
પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયજયકુંજરસૂરીશ્વરજી
મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન
પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી
મહારાજ

૦

દંડનાયક મંત્રીશ્વર વિમલ
મૂલ્ય રૂ. ૫૦-૦૦
પ્રથમાવૃત્તિ : ૨૦૫૨, જયેષ્ઠ

૦

કલ્પક ઓફસેટ
બી-૬, સ્નેહલ એપાર્ટમેન્ટ જુના
જંકશન રોડ, સુરેન્દ્રનગર

૦ માનાર્હ પ્રચારકો ૦
વકીલ સેવંતીલાલ સી. મહેતા
ગાંધીચોક-નવાડીસા
હેમંત જયંતિલાલ શાહ
મનસુર બિલ્ડીંગ, ૫મે માળે,
૯૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
પ્રકાશ એ. દોશી
વર્ધમાનનગર જૈન ઉપાશ્રય
હજૂર પેલેસ રોડ, રાજકોટ
અમી વર્ષા કટપીસ સેન્ટર
નટવરભાઈ આર. સંઘવી
સુભાષ ચોક, ગોપીપુરા સુરત.

૦ બુક સેલરો ૦
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ
અમદાવાદ-૧
નવભારત સાહિત્યમંદિર
પતાસાપોળ સામે, ગાંધીરોડ,
અમદાવાદ
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
સુઘોષા કાર્યાલય
શેખનો પાડો, રિલીફ રોડ,
અમદાવાદ-૧
સેવંતિલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, ઝવેરી બજાર,
મુંબઈ-૨
અમરશી લક્ષ્મીચંદ શાહ
સ્ટેશન બુક સ્ટોલ, શંખેશ્વર તીર્થ
પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
જૈન ભોજન શાળા સામે શંખેશ્વર
પાર્શ્વનાથ જૈનપુસ્તક ભંડાર
તળેટીરોડ, પાલીતાણા

# 'સંસ્કૃતિ-પ્રકાશન'ના સહપ્રકાશકો

- શાહ બાબુલાલ પૂનમચંદ પરિવાર
  ૯/એ, 'રવિછાયા', લુડ્ઝ કોન્વેન્ટની સામે, અઠવાઈલાઈન્સ, સુરત.
- ડી. સુભાષચંદ્ર એન્ડ કું. કુંભાર શેરી, મહીધરપુરા, સુરત
  શાંતિલાલ હરિલાલ મહેતા (ભોરોલતીર્થ)
  ૨૩-ડી, ડુંગરશી રોડ, ૪૨, ભરત મહલ, વાલકેશ્વર, મુંબઈ-૬
- મેસર્સ પ્રવિણચંદ્ર એન્ડ કું. સ્વ. કંચનબેન કેશવલાલ અજમેરા
  પ્રવિણચંદ્ર અજમેરા, જયંતભાઈ અજમેરા, ખેતવાડી ૧લીગલી, મુંબઈ.
- છબીલદાસ સાકરચંદ પરિવાર હ. હેમચંદ ભાઈ
  'મહાવીર', તેલંગ રોડ, માટુંગા, મુંબઈ-૧૯
- પ્રભુદાસ બેચરદાસ પટેલ, માધવલાલ નારાયણદાસ પટેલ
  ૧, હેમકુંજ સોસાયટી, માતાવાડી પાછળ, લંબે હનુમાન રોડ, સુરત.
- સંઘવી કાંતિલાલ પોપટલાલ શાહ, કુસુમબેન કાંતિલાલ : મંચર જિ. પૂના
- સંઘવી વીરચંદજી ચુનીલાલજી હુકમાજી પરિવાર
  ધર્મીબેન વીરચંદજી ટીંબર માર્કેટ, પૂના-૨
- સમદડીયા કુમારપાળ ઉત્તમચંદ, દિનેશભાઈ ઉત્તમચંદ : મંચર જિ. પૂના
- સ્વ. છોગમલજી દેવાજી પરિવાર
  ચંપાલાલજી, સોહનલાલજી, હુકમીચંદજી ૧૦૨, ભંડારીસ્ટ્રીટ, મુંબઈ-૪
- ખેમચંદ દયાળજી એન્ડ સન્સ : ૫૩૮, સેન્ટર સ્ટ્રીટ, પૂના.
- ચૌધરી વિનોદચંદ્ર મણીલાલ ૨૦૨, મહાવીર દર્શન, નાણાવટ, સુરત.
- રમણીકલાલ રેવચંદ શાહ (ધાનેરાનિવાસી) 'પૂનમ', કૃષિમંગલ સામે, સુરત.
- શ્રી વેલજીભાઈ દેપારભાઈ હરણિયાઃ ૧૭-બી, દિગ્વિજયપ્લોટ, જામનગર-૫
- જયંતિલાલ ચુનીલાલ શેઠ (મોરવાડાનિવાસી)
  અનંતવાડી, રતનશી જીવરાજનાં માળામાં, ભૂલેશ્વર, મુંબઈ-૪
- પ્રાણલાલ દેવશીભાઈ, ચંદ્રકાંત દેવશીભાઈ
  'મહાવીર' તેલંગ રોડ, માટુંગા, મુંબઈ-૧૯
- વોરા તારાચંદ મુલકચંદ (ભોરોલતીર્થ) નવિનભાઈ
  ૬/૨૦૧૫, પહેલે માળે, હાટફળિયા, હરિપુરા, સુરત.

- મૂળચંદ ધર્માજી પરિવાર : મે. ડાહ્યાલાલ એમ. શાહ
  ખેતવાડી, લક્ષ્મી પનાલાલ બિલ્ડીંગ, ત્રીજા માળે, મુંબઈ-૪.
- હેમેન્દ્રભાઈ જયંતિલાલ કાપડિયા :
  છોટાલાલ ભુવન, કાલબાદેવી રોડ, મુંબઈ-૨
- પરીખ વસંતલાલ અમૃતલાલ મૃતલાલ (સી.એ.)
  ૫૫, પ્રેમ મિલન, ૮૭-બી, નેપીયન્સી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬
- સંઘવી નટવરલાલ મૂળચંદ : પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોપાલ નિવાસ, મુંબઈ-૨
- નરેશભાઈ મહાસુખલાલ વખારીયા પ્રિન્સેસ સ્ટ્રીટ, મન્સુર બિલ્ડીંગ,
  મુંબઈ-૨
- કેતનભાઈ ચન્દ્રસેનભાઈ ઝવેરી
  ૧૧૯, લુહારચાલ મસ્કતિમહાલ, માળે, ફ્લેટ નં. ૩, મુંબઈ-૨
- જવાહર પી. કાનૂંગો (સાંચોરવાળા) : ૧૪૦૧/એ, અભિલાષા બિલ્ડીંગ ૪૬,
  ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ગોવાલિયા ટેન્ક, મુંબઈ-૩૬
- શાહ પ્રકાશચંદ્ર મિશ્રીમલજી (નેનાવા) નાથાલાલ ભુવન, વી.પી. રોડ,
  મુંબઈ-૪
- વીરચંદજી દલાજી બાપલાવાળા ૪૦૩, એ, ચંદનબાળા એપાર્ટમેન્ટ
  આર.આર. ઠક્કર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૬
- મુકેશભાઈ સાચોરવાળા : એમ.બાબુલાલની કું.સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
- છોટાલાલ નગીનદાસ શાહ : મે. સેવંતીલાલ છોટાલાલ પીંપળગામ,
  જી. નાસિક
- અશ્વિન હસમુખલાલ મોદી : કમલા નિકેતન,નારાયણ દાભોલરોડ,મુંબઈ-૬
- જશરાજજી સોમાજી : રોશન ડાયમંડ, ત્રીજી ચેમ્બર્સ ઓપેરાહાઉસ, મુંબઈ-૪
- સોલંકી જનરલ સ્ટોર્સ : ડો. એમ. જી. માર્ગ કસ્ટોન બિલ્ડીંગ, મુંબઈ-૪
- પંકજભાઈ સાકરચંદ ઝવેરી : બી-૭૦૭, શ્રીપાળનગર મુંબઈ-૬
- શાહ રતનચંદ ચુનીલાલ (જાવાલ) ૫૨/૬૨, બેસ્ટિઅનરોડ કર્નૂલ (એ.પી.)
- રસિકલાલ મોહનલાલ (રાજપુર) નેમનાથનગર, ડીસા

# પ્રકાશકીય

'સંસ્કૃતિ પ્રકાશન' દ્વારા આજે 'દંડનાયક મંત્રીશ્વર વિમલ'નું પુસ્તક જે રીતે દળદાર કદમાં અને પાકા બાઈન્ડીગમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે, એ બદલ અમનેય ગૌરવ લેવાનું મન થયા વિના રહે એમ નથી. ચાલુ વર્ષે પુસ્તકો ઠીકઠીક ઝડપથી પ્રકાશિત કરી શક્યા છીએ, એનો આનંદ છે, તો વાચકો તરફથી સદ્ભાવનાથી ભર્યો ભર્યો જે સહકાર સાંપડી રહ્યો છે, એનો પણ અતિ આનંદ છે.

જૈન જગતમાં સુપ્રસિદ્ધ માસિક કલ્યાણમાં પ્રસ્તુત-વાર્તા પ્રગટ થઈ, ત્યારે જે અદ્ભુત લોક ચાહના પામી હતી, એનું તો વર્ણન જ થાય એમ નથી. પૂજ્ય આચાર્યદેવશ્રીએ અનેકવિધ સંસ્કૃત-ગુજરાતી ઐતિહાસિક સાહિત્યનું અવલોકન કરીને એના આધારે છૂટા છૂટા મણકાઓની એક માળા રૂપે પ્રસ્તુત સળંગ-કથાનું જે રીતે સર્જન કર્યું હતું, એથી કલ્યાણના હજારો વાચકો સમક્ષ 'આબુતીર્થોદ્ધારક'ના અનોખા રૂપ-સ્વરૂપમાં મંત્રીશ્વર-વિમલનું વ્યક્તિત્વ જે રીતે ઉપસી આવ્યું હતું, એને વધુ સુસ્થિર અને વધુ વ્યાપક બનાવવામાં પ્રસ્તુત પ્રકાશન દ્વારા સંસ્કૃતિ-પ્રકાશનને જે નિમિત્ત માત્રતા મળી રહી છે, એ બદલ અમે પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ 'તેમજ પૂ. મુનિરાજ શ્રી યુગચન્દ્રવિજયજી મહારાજના ખૂબ ખૂબ ઋણી છીએ. આ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવા બદલ અમે શ્રેષ્ઠિવર્ય શ્રી છબીલદાસ સાકરચંદ પરિવાર હ. શ્રી હેમચન્દ્રભાઈ (બટુકબાઈ)ની જ્ઞાનભક્તિની જેટલી અનુમોદના કરીએ, એટલી ઓછી છે. નામનાની કામનાથી પર રહેવાની એમની વૃત્તિ-પ્રવૃત્તિ તો અતિ અતિ અનુમોદનીય છે જ !

**પ્રકાશક : સંસ્કૃતિ પ્રકાશન**

# આબુતીર્થમાં શાહ છબીલદાસ સાકરચંદ પરિવાર તરફથી આયોજિત એક મહોત્સવની આંશિક ઝાંખી

'દંડનાયક મંત્રીશ્વર વિમલ'ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેનારા શાહ છબીલદાસ સાકરચંદ પરિવારનો પરિચય પ્રગટ કરવાની ભાવના હોવા છતાં નામના-કામનાથી એકદમ અલિપ્ત રહેવાની એમની વૃત્તિ એવી તો સુદૃઢ છે કે, જેથી આ ભાવનાની પૂર્તિ આ પૂર્વે પણ થઈ શકી નહતી અને આજેય પૂર્ણ થઈ શકતી નથી. 'સંસ્કૃતિ પ્રકાશન'ના પુસ્તક 'કમળની કેદ'ના સહ પ્રકાશક બનવાનો લાભ આ પરિવારે લીધો હતો. ત્યારેય પ્રકાશક-પરિચયનું પાનું કોરું રાખવું પડ્યું હતું. આ પુસ્તકના પ્રકાશનનો તમામ લાભ આ પરિવાર તરફથી જ લેવાઈ રહ્યો છે, છતાં એમનો પરિચય મેળવીને પ્રકાશિત કરવાની ભાવના અધૂરી જ રહેવા પામી છે. આમ છતાં આ પરિવારે હજી થોડા જ વર્ષો પૂર્વે આબુમાં ઉજવેલ એક અતિભવ્ય મહોત્સવની સ્મૃતિ થઈ આવતા ''જિનવાણી'' પાક્ષિકના આધારે એનો ટૂંકો અનુમોદનીય-અહેવાલ રજૂ કરવા દ્વારા એવો સંતોષ અનુભવીએ છીએ કે, એ મહોત્સવની મહાનતા માણતાં માણતાં આ પુસ્તકના પ્રકાશકપરિવારની દેવગુરુ, ભક્તિ અને ઉદારતાનો પરિચય પણ માણી શકાશે.

સુવિશાલ ગચ્છાધિપતિ પરમ શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં આબુતીર્થમાં પાંચ જિનાલયનો જે પ્રતિષ્ઠા-પ્રસંગ ઉજવાયો, એની

૧૩મી સાલગીરી નિમિત્તે તેમજ પૂ. ગચ્છાધિપતિશ્રીનાં સંયમજીવનની અનુમોદના ઉપરાંત ૧૦મી માસિક સ્વર્ગતિથિની ઉજવણીને અનુલક્ષીને આબુતીર્થમાં શાહ છબીલદાસ સાકરચંદ પરિવાર તરફથી અગિયાર દિવસીય જે મહોત્સવ વિ.સં. ૨૦૪૮ના વૈશાખ વદ ૮ થી જેઠ સુદ ૪ સુધીના દિવસોમાં ઉજવાઈ જવા પામ્યો, એ અનેકાનેક દૃષ્ટિએ અનોખો અને અતિ અનુમોદનીય બની જવા પામ્યો હતો.

વર્ધમાનતપ પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી રાજતિલક સૂરીશ્વરજી મહારાજા, ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી જયકુંજર સૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ સાધુસમુદાયની નિશ્રામાં ઉજવાયેલ એ મહોત્સવ દેવભક્તિ ઉપરાંત ગુરુભક્તિ તેમજ સંઘભક્તિનો અનુપમ આદર્શ ખડો કરી ગયો. પાંચે જિનાલયોની આસપાસનો પ્રદેશ મહોત્સવના એ દિવસોમાં તો કોઈ અનેરી સાજસજ્જા પામ્યો, જેની ટૂંકમાં રૂપરેખા કંઈક આવી વર્ણવી શકાય.

જિનમંદિરોની સાલગીરી ઉપરાંત પૂ. ગચ્છાધિપતિશ્રીની ૧૦મી માસિક તિથિની ઉજવણી પણ એ મહોત્સવનું એક પ્રબળ નિમિત્ત હોવાથી મહોત્સવ મંડપના મોખરે મૂકવામાં આવેલ પૂજ્યશ્રીની વિરાટ પ્રતિકૃતિ સહિતનો ટૂંકો છતાં સારગ્રાહી પરિચય સૌના આકર્ષણનું કેન્દ્ર હતો. એક વિશાળ દેવવિમાનની રચના કરીને એમાં પૂજ્યશ્રીની નયનાભિરામ પ્રતિકૃતિ સ્થાપન કરવામાં આવી હતી. એની નજીકમાં જ અરવલ્લીની પર્વતમાળાની રચના

કરીને એના વહેતાં ઝરણાઓમાં 'રામ નામે પથ્થર તરે'ની પ્રતીતિ કરાવતું દશ્ય આબેહૂબ ખડું કરવામાં આવ્યું હતું, એથી સહેજ આગળ જીવદયાની એક ઝૂંપડી ઊભી કરવામાં આવી હતી, જેમાં ઊંટ, હરણ, સસલા, ઘેટા, બકરાં વગેરેના પ્રતિબિંબ જીવરક્ષા માટે સાદ નાખતા હોય, એવું હૂબહૂ દશ્ય ઊભું કરવામાં આવ્યું હતું.

આમ, તો આબુના બધા જ મંદિરોને લાખેણાં શણગાર સજાવવામાં આવ્યા હતા, પણ એમાંય મુખ્ય મંદિર વિમલવસહીની આભાં/શોભા તો કોઈ ઓર જ હતી. મહોત્સવ દરમિયાન પ્રતિદિન દરેક દેરીમાં અદ્ભુત અંગરચના થતી, એમાંય મૂળનાયક પ્રભુજીને અને જેની પ્રતિષ્ઠાનો લાભ મહોત્સવ આયોજક શ્રી છબીલદાસ સાકરચંદ પરિવારને મળ્યો હતો, એ શ્રીવારિષેણ સ્વામી તેમજ શ્રી સંભવનાથ સ્વામીજીને તો અલૌકિક અંગરચનાઓ થતી, સેંકડો દીપકોની રોશની, ફૂલોની મઘમઘતી સજાવટ, ધૂપની ધૂમ્રસેરોથી સુવાસિત વાતાવરણ : આદિથી દેદીપ્યમાન આ દેવકુલિકામાં પ્રવેશતા જ જાણે દેવ વિમાનમાં પ્રવેશ મેળવ્યાની અનુભૂતિ થવા પામતી. પ્રતિદિન પાટણથી એક ગાડી ફૂલો લાવવા માટે જ રોકી રાખવામાં આવી હતી.

લુણવસહીના રંગમંડપમાં વિવિધરંગી અક્ષરો દ્વારા અનોખી રંગોળીઓ રચવામાં આવી હતી, તો ખરતર વસહીનો રંગમંડપ તો જાણે ગાંધર્વો માટેનો ગીતગાન મંડપ જ બની ગયો હતો. મયૂરાકૃતિ ધરાવતા એક સ્ટેજની રચના ત્યારે તો મુખરિત બની ઉઠતી, જ્યારે પૂજા-પૂજનોની પળોમાં ભક્તિમંચ પર જુદીજુદી પ્રખ્યાત સંગીતમંડળીઓ પોતાનું સ્થાન ગ્રહણ કરીને પૂરા વાતાવરણને ભક્તિસંગીતની સૂરાવલિથી ભરી દેતી અને એથી

સંગીતાદ્વૈત સરજાઈ જતું.

જિનભક્તિનો મંડપ આવો ભવ્ય હતો, તો જિનવાણીનો મંડપ પણ કંઈ ઓછો ભવ્ય નહતો ! એમાં પાંચ પાંચ ચિત્રપટો ગોઠવવામાં આવ્યા હતા. એ ચિત્રપટો દર્શકોને ઘડીભર સ્તંભિત કરી દેતા. આ ચિત્રપટોમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોને એવી રીતે ચિત્રાંકિત કરવામાં આવ્યા હતા કે, એની સમક્ષ ઊભેલા દર્શકના દિલનાં ઊંડાણમાંથી 'નમામિ નિત્યં સૂરિરામચન્દ્રં' આવો ધ્વનિ જાગી ઊઠ્યા વિના ન રહેતો.

સાધર્મિક ભક્તિનો પણ આદર્શ એ મહોત્સવ દ્વારા ખડો થયો હતો. આબુ જેવું તીર્થ ! ઉનાળાની મોસમ ! અને અતિભવ્ય મહોત્સવનું આયોજન ! પછી યાત્રિકોની અવરજવરમાં ભારે ભરતી આવે જ ને ? આમંત્રિત સાધર્મિક-બંધુઓની ત્રણે ટાઈમની ભોજનભક્તિ તો ઘર કરતા સવાઈ થતી જ. પણ અગિયારે અગિયાર દિવસો સુધી ભોજનશાળા બંધ રખાવીને તમામ યાત્રિકોની સાધર્મિક ભક્તિનો લાભ પણ મહોત્સવ આયોજક પરિવારે જે રીતે લીધો હતો, એનું તો વર્ણન જ થાય એમ નથી !

મહોત્સવ દરમિયાન પૂજા-પૂજનો, અઢાર અભિષેક, ગુરુપ્રવેશ, ધ્વજારોપણ આદિ પ્રસંગો ઊછળતા ઉમંગે ઉજવાયા. પણ એમાંય વૈશાખવદ ૧૪ની પૂ. ગચ્છાધિપતિશ્રીની ૧૦મી માસિક સ્વર્ગતિથિ જે રીતે ઉજવાઈ, એની સ્મૃતિ તો હજીય તાજી ને તાજી જ છે, એમ કહી શકાય. એમાં ગુરુ ગુણગાનની ગંગા જે રીતે ગીતગાન દ્વારા અને પ્રવચન દ્વારા વહી નીકળી, એને ભૂલવી હોય, તોય કોઈ ભૂલી નહિ શકે. ધરતીથી પાંચેક હજાર ફૂટની

ઊંચાઈ પર, ભારતભરના જુદા જુદા રાજ્યો અને સંઘોમાંથી પધારેલ અગ્રગણ્ય ભાવિકોની હજારોની ઉપસ્થિતિમાં ૩-૦૦ વાગ્યાથી ૫- ૪૫ વાગ્યા સુધીના ગાળામાં ગુરુભક્તોએ જે જોયું-જાણ્યું-સાંભળ્યું, એ સૌને માટે જીવનનું એક અણમોલ સંભારણું બની ગયું. ૭૦ રૂપિયાના સંઘપૂજન બાદ એ સભા વિખરાઈ, પણ એ શ્રવણના મૂલ્ય તો કોઈ જ આંકી શકે એમ ન હતું.

મહોત્સવ દરમિયાન પૂજાપૂજનોમાં મોંઘેરાં ફળ નેવૈદ્યોની થતી આકર્ષક ગોઠવણી જોતા જ આયોજક પરિવારની ઉદારતાની મુક્ત કંઠે અનુમોદના થતી. એમાં ૯૯ અભિષેકની પૂજા અને અષ્ટોત્તરી સ્નાત્રના પ્રસંગે તો એ ઉદારતા નિરવધિ બની જવા પામી. ૯૯ અભિષેકની પૂજામાં સામાન્ય રીતે ૯૯ શ્રીફળ પર રૂપિયો મૂકવામાં આવતો હોય છે, પરંતુ એ પૂજામાં પ્રત્યેક શ્રીફળ પર ૫૧-૫૧ રૂપિયા મૂકવામાં આવ્યા. એ જ રીતે અષ્ટોત્તરી સ્નાત્રમાં ૧૦૮ શ્રીફળો ઉપર રૂપિયો મૂકવાના બદલે ૧૦૮ શ્રીફળો પર પ્રત્યેક શ્રીફળ દીઠ ૧૦૮-૧૦૮ રૂપિયા ભક્તિરૂપે મૂકવામાં આવ્યા હતા. ફળનૈવેદ્યની રચના જોતા તો એમ જ લાગતું કે, જાણે ફળ અને મીઠાઈની ટોપલીઓ જ નહિ, પણ કોઈ મોટી દુકાન જ અહીં ઠાલવવામાં આવી છે. એ દિવસોમાં પ્રભુભક્તિ રૂપે શ્રીહેમચન્દ્ર છબીલદાસભાઈએ જે હૈયાનો હર્ષ અનુભવીને નૃત્ય કર્યું, એ જોઈને ભાવિકોનાં હૈયાય નાચી ઊઠ્યા.

આ મહોત્સવની આવી ઉદારતાભરી ઉજવણી જોઈને, પધારેલા સાધર્મિક-યાત્રિકોનું હૈયું એવું નાચી ઊઠ્યું કે, સૌને હેમચન્દ્ર (બટુકભાઈ) છબીલદાસ પરિવારનું સન્માન કરવાની ભાવના જાગી. આવી ભાવના આબુતીર્થનો વહીવટ સંભાળનાર

શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢીના કાર્યવાહકોના દિલમાં પણ જાગી. પરંતુ આ મહોત્સવમાં એકલહાથે લાખ્ખોનો સદ્‌વ્યય કરનાર શ્રી હેમચન્દ્રભાઈની નામનાની કામનાથી પર રહેવાની અડગવૃત્તિનો જ વિજય થયો. એમણે સન્માન સ્વીકારવાનો ખૂબ જ નમ્રતાથી છતાં અડગ રીતે ઇન્કાર કર્યો અને એ સન્માનનો કોઈ પણ રીતે સ્વીકાર ન કર્યો, તે ન જ કર્યો.

આબુ દેલવાડા જિનમંદિરોનું સંચાલન કરવા માટે આ દિવસોમાં જ 'શ્રી જિનમંદિર સાધારણ ફંડ'ની યોજના વિચારવામાં આવી અને એની એક તિથિના અગિયાર હજાર અગિયારસો અગિયાર રૂપિયા ઠરાવવામાં આવ્યા. અને આમાં ભાવિકોએ ત્યારે અને ત્યાર પછી પણ ખૂબ જ ઉદારતાથી લાભ લીધો. આના બીજા એક મહાન ફળ રૂપે પરદેશી દર્શકો દ્વારા ફોટા-ફિલ્મ આદિની પ્રવૃત્તિ ચાલતી હતી અને એથી આશાતના થતી હતી, એ પણ બંધ થવા પામી. આવું કાયમી કર્તવ્ય અદા કરીને એ મહોત્સવ ચિરસ્મરણીય બની જવા પામ્યો. આ સંભારણાના વાંચનથી આ પુસ્તકના પ્રકાશક પરિવારનો જે પરિચય વાચકો સમક્ષ ઊપસી આવશે, એય ઓછો અહોભાવ ભર્યો નહિ જ હોય ! પૂજ્યશ્રીના કાળધર્મ બાદ ૧૦ મહિનાના એ ગાળામાં ભારતભરમાં લગભગ ૧૭૬ જેટલા જે મહોત્સવો ઉજવાયા હતા, એમાં આબુનો આ મહોત્સવ શિરમોર બની ગયો, એમ લખવામાં જરાય અતિશયોક્તિ નહિ ગણાય.

દેવ-ગુરુ-સાધર્મિક તરફ આવી ભક્તિ ધરાવતા હેમચન્દ્રભાઈ છબીલદાસભાઈ પરિવારમાં આથીય વધુ ધર્મભાવના વૃદ્ધિંગત બની રહે, એવી શુભકામના !

## વિષયક્રમ


| | | |
|---|---|---|
| ૧ | કથાના પ્રવેશ દ્વાર | ૧ |
| ૨ | વનરાજનો વનવાસ | ૧૨ |
| ૩ | ગૂર્જર-રાષ્ટ્રનો ઘડવૈયો | ૨૧ |
| ૪ | સામ્રાજ્યનું સાકાર થતું સ્વપ્ન | ૩૧ |
| ૫ | પ્રતાપી પૂર્વજોની પુણ્ય પરંપરા | ૪૦ |
| ૬ | ઈર્ષ્યાના ઈંધણ | ૪૯ |
| ૭ | વસમી વેળાના વળામણા | ૫૮ |
| ૮ | પુનરાગમનના પગલે પગલે | ૬૭ |
| ૯ | જેવી વાણી એવું પાણી, જેવું પાણી એવી વાણી | ૭૭ |
| ૧૦ | દંડને બદલે દંડનાયકનું પદ | ૮૬ |
| ૧૧ | ભક્તિની ભાગોળે શક્તિ ત્રિવેણીનું અવતરણ | ૯૪ |
| ૧૨ | પરિસ્થિતિનું પર્યાવલોકન | ૧૦૪ |
| ૧૩ | વિજિગિષાની સામે વિદ્વત્તાનો વિજય | ૧૧૫ |
| ૧૪ | વાત વિજયની, પ્રત્યાઘાત પરાજયના ! | ૧૨૪ |
| ૧૫ | ધારાની ધારણા ધૂળમાં ધમરોળાઈ ! | ૧૩૫ |
| ૧૬ | સંગ્રામની સવારી વિજયની વાટે | ૧૪૪ |
| ૧૭ | મનના મિનારા માટીમાં મળ્યા | ૧૫૪ |
| ૧૮ | ગુજરાતની ગૌરવ રક્ષા | ૧૬૪ |
| ૧૯ | બુદ્ધિર્યસ્ય બલં તસ્ય | ૧૭૪ |
| ૨૦ | તોફાનને તાણી લાવનારી શાંતિ | ૧૮૪ |
| ૨૧ | રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા | ૧૯૫ |
| ૨૨ | ભાગ્ય ભાગ્યું કે સૌભાગ્ય જાગ્યું | ૨૦૭ |
| ૨૩ | વારસની વેદી પર આરસની આરાધના | ૨૧૭ |
| ૨૪ | આરસની દેવનગરીના નિર્માણ કાજે | ૨૨૯ |
| ૨૫ | નામ મોટા ! ને કામ તો એથીય વધુ મોટા | ૨૪૦ |
| ૨૬ | વિમલવસહી તો વિમલવસહી જ છે | ૨૫૨ થી ૨૬૩ |

# કથાના પ્રવેશ-દ્વારે

## [૧]

ગૂર્જર રાષ્ટ્ર યુગયુગથી પોતાની આગવી અસ્મિતાથી ભારતીય ઈતિહાસમાં ગૌરવભર્યું સ્થાન-માન પામતું જ આવ્યું છે. વનરાજ ચાવડાએ છેલ્લે છેલ્લે ગૂર્જર-રાષ્ટ્રનો ખૂબજ સુદૃઢ પાયો નાખ્યો, આ પાયા પર આગળ જતા રાજા ભીમદેવે અને એથીય આગળ વધતા ચૌલુક્ય રાજા પરમાર્હત શ્રી કુમારપાળે પ્રજાની આધ્યાત્મિક અને ભૌતિક પણ એવી મનોહર માંડણી કરી કે, આ યુગીન-ઈતિહાસ સુવર્ણાક્ષરે અંકિત થયો. આવા ઈતિહાસના સર્જક તત્ત્વોના તારલામાં ચન્દ્રની જેમ ચમકી ઉઠતા તત્ત્વ તરીકે જૈન-મંત્રીઓનું યોગદાન ઉડીને આંખે વળગ્યા વિના રહે એમ નથી. એમાંય મંત્રીશ્વર વિમલે ગૂર્જર-રાષ્ટ્રની પ્રતિષ્ઠાની વિજય પતાકાને અણનમ રીતે લહેરતી રાખવામાં, ધર્મના ધ્યેયથી જરા પણ ચલાયમાન થયા વિના તન-મન-ધનથી જીવનનું જે સમર્પણ કર્યું , એનો ઈતિહાસ તો ખૂબ જ રોમાંચક છે.

જાણ્યા છતાં અજાણ્યા જેવા આ સુદીર્ઘ ઈતિહાસનાં પાનાં ઉથલાવીએ, તો દંડનાયક વિમલના પ્રતાપી પૂર્વજો યાદ આવ્યા વિના નહિ રહે. જે વિમલમંત્રીએ તાજ વિનાનું રાજ ભોગવવા જેવું યશસ્વી-જીવન જીવી જાણ્યું અને જીવનના ઉત્તરાર્ધની સમગ્રતાને આબુ-ગિરિરાજને કલા અને કોરણીથી ભરપૂર જિન-મંદિરોથી મંડિત બનાવવા પાછળ સમર્પી દીધી, એ મંત્રીશ્વર વિમલમાં આવી શક્તિ-ભક્તિના અદૃષ્ટ-સર્જક પરિબળો તરીકે એમના પૂર્વજોનું

નામ-સ્મરણ કરીએ, તો નેઢ,વીર,લહિર અને શ્રેષ્ઠિ નીના સહેજે સહેજે સ્મૃતિના સરોવરે કોઈ શતદલ-કમળની અદાથી ઉપસ્યા વિના ન રહે.

ગુજરાતની પાસે જ્યારે રાજાઓ હતા, પણ એમને સુદૃઢ બનાવી રાખે, એવો માતબર મંત્રીવંશ ન હતો, ત્યારે વનરાજ ચાવડાના સમયમાં શ્રેષ્ઠિ નીનાએ જાણે મંત્રીવંશનો પણ સુદૃઢ-પાયો પૂરવાનું કર્તવ્ય અદા કર્યું. કોઈ શુભ શુકને અને કોઈ ધન્ય-ઘડીએ આ કર્તવ્ય શ્રેષ્ઠિ-નીનાએ અદા કર્યું હશે, એથી જ એમની પરંપરામાં થયેલા બળ અને કળથી શૂરા-પૂરા પુરુષો ગૂર્જર-રાજ્યને દંડનાયક અને મંત્રી તરીકે મળતા રહ્યા. આ પુણ્ય-પરંપરા છેક મહારાજા કુમારપાળ સુધી ચાલતી રહી, એમના રાજ્યમાં શ્રી પૃથ્વીપાલ અને શ્રી ધનપાલે મહામાત્યનું પદ વફાદારી અને વીરતા પૂર્વક અદા કરી જાણ્યું હતું, આ બે મંત્રીઓ શ્રેષ્ઠિ નીનાના જ વંશજ હતા.

આમ વિક્રમ સં. ૮૦૨ માં અણહિલપુર પાટણની સ્થાપનાના પાયા સાથે ગૂર્જર-રાષ્ટ્રનો પણ પાયો નંખાયો અને વિ. સં ૧૨૩૨ સુધીના સમયમાં મહારાજા કુમારપાળે એ પાયા પર રચાયેલા પ્રાસાદ પર સંસ્કારિતાનો સુવર્ણ કળશ દિગદિગંતમાં સ્થાપિત કરીને ધર્મનો ધ્વજ લહેરાવતો મૂકવાનું યશસ્વી કર્તવ્ય અદા કર્યું । આ બધામાં દંડનાયક વિમલ અને એમના પૂર્વજો તેમજ અનુજોનો ફાળો નાનો સૂનો આંકી શકાય એમ નથી ! એ પૂર્વજોનો પૂરો પરિચય મેળવવા માટે ભિન્નમાલ નગરમાં દૃષ્ટિપાત કરવો અનિવાર્ય બની જાય છે.

●

અનેક તડકી-છાંયડી અનુભવનાર ભિન્નમાલનગરી પાસે પોતાનો એક યશસ્વી-તેજસ્વી ઈતિહાસ છે. રાજકીય, ધાર્મિક કે સાહિત્ય-ક્ષેત્રે ભિન્નમાલનું પ્રદાન અનોખું રહ્યું છે. પુષ્પમાળ, રત્નમાળ અને શ્રીમાળ તરીકે આ નગરી જ્યારે નામાંકિત હતી,

ત્યારનો ઈતિહાસ પૂરતા પ્રમાણમાં અનુપલબ્ધ હોવા છતાં, આ નગરી જ્યારથી ભિન્નમાલ તરીકે ઓળખાવા માંડી, ત્યારથી આનો જે ઈતિહાસ ઉપલબ્ધ થાય છે, એ પણ ઓછો રોમાંચક નથી !

પ્રભુ શ્રી મહાવીર પરમાત્માના પગલાંથી ભિન્નમાલ નગરી પાવન થયાનો પ્રઘોષ ઈતિહાસમાં સચવાયો છે. આ પરમતારક પ્રભુનો જે શ્રમણસંઘ વટ વૃક્ષની જેમ અનેક શાખા-પ્રશાખાઓમાં ફાલ્યો-ફુલ્યો, એ શ્રમણ-સંઘીય શાખાઓનાં અનેક નામોમાં એક નામ 'ભિન્નમાલ શાખા'નું પણ વાચવા મળે છે.

પૂર્વે શ્રીમાળ તરીકે ઓળખાતી આ નગરી વિ.સં. ૭૩૧ માં ભિન્નમાલ તરીકે પ્રસિદ્ધ બની, બરાબર આ જ સમયમાં રાજા વૃદ્ધભોજે ઉજ્જૈનનગર વસાવ્યાનો ઉલ્લેખ ઈતિહાસમાં નોંધાયેલો છે. વિક્રમની નવમી શતાબ્દીના સમયે સમૃદ્ધિના સર્વોચ્ચ-શિખરે શોભતી ભિન્નમાલ નગરી તત્કાલીન ગૂર્જરરાષ્ટ્રના પાટનગર તરીકે પ્રતિષ્ઠિત હતી, તે વખતે ભિન્નમાલથી છેક પંચાસર સુધીનો પ્રદેશ ગૂર્જર તરીકે ઓળખાતો હતો, પરંતુ વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણની સ્થાપના કર્યા બાદ આ નવી નગરીને પાટનગરીનું પદ મળતા ગુજરાતની સીમાનો આખો નકશો જ પલટાઈ ગયો અને ભિન્નમાલ મારવાડ રાજ્યમાં સ્થાન પામ્યું. શ્રીમાળ અને પોરવાડ જ્ઞાતિની ઉત્પત્તિ ભૂમિ તરીકે ભિન્નમાલ આ બે જ્ઞાતિઓની પરંપરા માટે તો અનેક રીતે પૂજનીય-સ્મરણીય રહ્યાના કેટલાય ઉલ્લેખો શાસ્ત્રો અને શિલાઓમાં આજેય અંકિત રહેલા જોવા મળે છે.

ઓસવાળ-વંશના નામાભિધાન પૂર્વક ઓસિયા નગરીમાં એક લાખ એંસી હજાર નવા જૈનોના સર્જક તરીકે ઈતિહાસમાં ગૌરવભર્યું માન પામનારા પૂ.આ. શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજની જન્મભૂમિ ભિન્નમાલ હતી, જેમના ચરણોદકના પ્રભાવે વિષની અસર નિષ્ફળ બની જતી હતી, એવા પૂ.આચાર્ય શ્રી દેવગુપ્તસૂરિજી મહારાજનો

આચાર્યપદ મહોત્સવ વિ.સં. ૧૧૦૮ માં આ નગરીમાં ઉજવાયો, ત્યારે ભેંસા-શાહ નામના ગુરુભક્ત શ્રેષ્ઠિએ ૭ લાખ દ્રમ્મનો સદ્-વ્યય કર્યાની નોંધ ઈતિહાસનાં પાને આજેય સુરક્ષિત છે. વિશ્વ-વિખ્યાત કાલ્પનિક-કથાકૃતિ શ્રી ઉપમિતિભવ પ્રપંચા મહાકથાના રચયિતા શ્રી સિદ્ધર્ષિગણિની જન્મભૂમિ આ જ ભિન્નમાલ-નગરી હતી. ગુજરાતના ઈતિહાસમાં ગૌરવભર્યું સ્થાન પામનાર મહામાત્ય-શાંતનુ પણ ભિન્નમાલના જ હતા. મહાકવિ માઘ આ જ નગરમાં શ્રી સિદ્ધર્ષિગણિના વંશમાં જન્મ્યા હતા. તેમજ રાજા તરફથી જોઈએ એવી કદર ન થતા અકિંચન બનેલા માઘ કવિ દાનની ભાવનામાં આજ નગરીમાં મૃત્યુ પામ્યા હતા, એવી કથા પણ ઉપલબ્ધ છે. નિકોલસ યુફસેટ નામના અંગ્રેજ વેપારીએ ઈ.સ.૧૬૧૧ માં અમદાવાદથી જાલોરનો પ્રવાસ ખેડ્યો, ત્યારે ભિન્નમાલના કોટનો વિસ્તાર ૩૬ માઈલનો હોવાનો એણે ઉલ્લેખ કરેલ છે. આમ, આબુથી પશ્ચિમમાં ૫૦ માઈલની દૂરાઈ પર આજેય પ્રતિષ્ઠિત ભિન્નમાલ નગરનો ઈતિહાસ ઘણો લાંબો અને ઘણો જ રોમાંચક છે.

દંડનાયક વિમલના પૂર્વજ શ્રી નીના શ્રેષ્ઠિ પણ આ જ ભિન્નમાલનગરનું એક રત્ન હતું. આ રત્નનાં અજવાળાં જ્યારે ભિન્નમાલને અજવાળી રહ્યાં હતા, ત્યારની ભિન્નમાલની ભવ્યતા તો કોઈ ઓર જ હતી. ત્યારે દરેક જ્ઞાતિ આ નગરીમાં આબાદી-પૂર્વક વસતી હતી. મંદિરો, ધર્મશાળાઓ અને સંસ્કૃત-પાઠશાળાઓથી ભરચક આ નગરીમાં ત્યારે જૈન ધર્મની જાહોજલાલી તો ચરમ-સીમાએ હતી અને એનું શ્રેય સૈંકડોની સંખ્યામાં અસ્તિત્વ ધરાવતા જિનમંદિરો અને ઉપાશ્રયોને ફાળે જતું હતું. સંસ્કારની જેમ સંપત્તિના અને ધર્મની જેમ ધનના પણ ત્યારે ભિન્નમાલમાં અખૂટ ભંડાર ભર્યા પડ્યા હતા. એથી ત્યારે ત્યાં એવી સુંદર-વ્યવસ્થા પ્રચલિત હતી કે, કોટિપતિ-શ્રેષ્ઠિઓના નિવાસ કોટની અંદર રહેતા ને શ્રેષ્ઠિઓ

કોટની બહાર વસતા. કોટમાં વસનારો સમૂહ ત્યારે 'કોટિધ્વજ' તરીકે ઓળખાતો, એ કોટિપતિ-સમૂહના મહાલયો-મહેલો પર લહેરાતો રહેતો ધ્વજ દિન-રાત ગરીબ-ગુરબાઓને ઈચ્છિત-દાન માટે આમંત્રણ આપતો રહેતો અને એ આમંત્રણ મુજબ આવનારા યાચકો ઈચ્છાથીય વધારે મેળવીને એ કોટિધ્વજોની કીર્તિને દિગ-દિગંતમાં ગજાવતા રહેતા. આવા કોટિધ્વજોની સંખ્યા ભિન્નમાલમાં ઠીક ઠીક મોટી હતી અને એમાં પણ નીના-શ્રેષ્ઠિની નામના-કામના તો વળી અજોડ હતી.

દાનવીરતા, ધર્મપ્રિયતા, ઔદાર્ય, પર-દુઃખ-ભંજનતા આ અને આવા અનેક ગુણોથી શોભતા નીના શ્રેષ્ઠિ જો ભિન્નમાલના નાક ગણાતા હતા, તો પછી જૈન-સંઘનાં મોભી તરીકે એ શોભતા હોય, એમાં આશ્ચર્ય શું હતું ? ભિન્નમાલના જૈન-સંઘમાં એમનું સ્થાન માનનીય હતું અને એમાં કારણ તરીકે એમના જીવન-તીરે રચાયેલી પુણ્ય, પૈસા, પ્રતિષ્ઠાની ત્રિવેણી કરતા, એમની વૃત્તિમાં પ્રતિષ્ઠિત બનેલી ધર્મમયતા વધુ ભાગ ભજવતી હતી.

સામાન્ય માણસો સંપત્તિનું સ્વામીત્વ પામવા, દેવો પાછળ દોડધામ કરતા હોય છે. છતાં એમની એ દોડને નરી-નિષ્ફળતા જ વરતી હોય છે, જયારે અસામાન્ય પુરુષોની પાછળ એમના પુણ્યથી આકર્ષિત દેવશક્તિ ભક્તિ માટે દોડધામ કરતી હોય છે. નીના શ્રેષ્ઠિને આવા અસામાન્ય-પુરુષોની કક્ષા આપવી પડે, એમ હતી. કારણ કે લક્ષ્મીદેવી એમની પર ચાર હાથે કૃપા વેરતાં હતાં. અને એઓ પણ પુણ્ય-યોગે મળેલી લક્ષ્મીનો એવો સુંદર સદુપયોગ કરતા હતા કે, લક્ષ્મીદેવીને એમના ઘરમાંથી ખસવાનું મન જ થતું નહોતું।

પૈસાથી પૂરા પુરુષો ઘણીવાર પુત્રથી અધૂરા હોય છે, એથી એક આ અધૂરાશ એમની સંપૂર્ણ પુરાંતને ઉધારમાં ખતવી દેતી હોય છે. નીના શ્રેષ્ઠિ આ વાતેય સુખી હતા. એમને લહિર નામનો એક

એવો સુપુત્ર હતો કે, જેના દર્શનથી લોકો બોલી ઉઠતા કે, ભાઈ ! આ તો સિંહપુત્ર છે, એકલ-પંડે હજારને હંફાવે, એવો આ લહિર તો પૂરા પુણ્યશાળીને જ મળે !

નીના શ્રેષ્ઠિના ધર્મપત્ની સુલલિતા-દેવી પણ પોતાના પતિદેવનું નામ રાખે એવા હતાં. સૌન્દર્યમાં, સૌહાર્દમાં અને શીલમાં એમની જોડ જડવી મુશ્કેલ હતી. આમ લોકોની દૃષ્ટિએ તો નીના શ્રેષ્ઠિના આંગણે જાણે સ્વર્ગ જ અવતર્યું હતું. આવી અઢળક સમૃદ્ધિનું સ્વામીત્વ મળવા છતા. નીના શ્રેષ્ઠિમાં ગર્વનો છાંટોય જોવા નહોતો મળતો. એઓ સમજતા હતા કે, આ સંસાર તો પુણ્ય-પાપને લીલા કરવાનું એક ક્રીડાંગણ છે, આમાં કદીક પુણ્ય પ્રબળ હોય છે, ત્યારે સુખનો સાગર લહેરાય છે, તો પાપ જ્યારે પ્રબળ બને છે, ત્યારે આ સાગરને સૂકવી નાખતો દુઃખનો દાવાનલ ભડભડી ઉઠે છે ! એથી સુખમાં લીન બનવું અથવા તો દુઃખમાં દીન બનવું, એ ડહાપણનું કામ નથી. પોતાના પરિવારને નીના શ્રેષ્ઠિ અવારનવાર હૈયામાં જડાઈ ગયેલી આવી આવી ઘણી વાતો કરતા, એથી એમનો આખો પરિવાર ધર્મના રંગે રંગાયેલો જોવા મળતો.

વર્ષો વીતી ગયા પછીની કોઈ અશુભ-પળે, શેઠ અને શેઠના પરિવારને લાગેલો ધર્મ-રંગ હળદરિયો હતો કે અસ્થિમજ્જા જેવો સુદઢ હતો ? આ વાતની અગ્નિ-પરીક્ષા લેતી એક પરિસ્થિતિ, અણધારી અને એકાએક આવી. પણ એ પરીક્ષાની અગનજ્વાળામાં તો સુવર્ણની જેમ એ સૌનો ધર્મ-રંગ વધુ ઝળકી ઉઠ્યો. બન્યું એવું કે, એક રાતે લક્ષ્મી-દેવીએ નીના શેઠને સ્વપ્નમાં દર્શન દીધા અને પૂછ્યું કે-

''શેઠ! કહો કે બળવાન કોણ! હું લક્ષ્મીદેવી કે પુણ્યદેવ ?''

શેઠ સમજુ હતા, એમણે કહ્યું : સામાન્ય જન ભલે લક્ષ્મીદેવીને બળવાન માને, પણ ખરી રીતે તો પુણ્યદેવ જ બળવાન છે. કારણ કે

પુણ્યદેવ જ લક્ષ્મીદેવીને વશ બનાવવા સમર્થ છે. પુણ્યનો દેવ રીઝે, તો રંક પણ રાજા બની જાય, અને દેવ ખીજે, તો ઘડી પહેલાનો રાજા ઘડી પછી રંકમાં ફેરવાઈ જાય !

લક્ષ્મીદેવી શેઠની સમજણ પર ઓવારી ગયાં. એમણે કહ્યું : એક વાતની આગાહી કરવા હું આવી છું, પણ મને ભય છે કે, એથી તમને દુઃખ તો નહિ થાય ને ?

શેઠને વાતનો કંઈક એવો અણસાર તો આવી ગયો કે, કદાચ મારો પુણ્યનો ભંડાર ખૂટ્યો હોય અને એથી આ લક્ષ્મીદેવી વિદાય માંગવા આવ્યા હોય? છતાં ધર્મ-રંગી શેઠે અપૂર્વ ખુમારી સાથે કહ્યું કે, દેવી ! એમાં ડર રાખવાની શી જરૂર છે! જે હોય, એ નિઃસંકોચ કહી દો. ધર્મના જેણે ઘાવણ પીધા હોય, એ જેમ સુખમાં જીવી જાણે છે, એમ દુઃખમાંય મસ્તીથી જીવી જાણવાનું ધર્મ-બળ એની પાસે હોય જ છે.

લક્ષ્મીદેવીને થયું કે, અરે ! મારે શું આવા ધર્મી શેઠ પાસેથી વિદાય લેવી પડશે? એમણે કહ્યું શેઠ! ધર્મના ધાવણ તમે ખરેખરા પચાવી જાણ્યા છે! બોલતા મારી જીભ ઉપડતી નથી, પણ હું પર-વશ છું, એથી કપાતા કાળજે મારે આજે કહેવું પડે છે કે, તમારો પુણ્યનો ભંડાર હવે ખૂટવા આવ્યો છે, એથી પુણ્યદેવના આદેશને શિરોધાર્ય રાખીને મારે હવે ન છૂટકે આ ઘર છોડવાનો વખત આવ્યો છે. હું ધીમે ધીમે તમારા ઘરમાંથી વિદાય લઈશ, પણ એટલી મારી ભવિષ્ય-વાણી કાળજે કોતરી રાખજો કે, તમારા પુણ્ય ને પ્રારબ્ધને ફરી જાગૃત થવા માટે ગુજરાતની ભૂમિ પર આવેલું ગાંભુનગર એક ખૂબ જ અનુકૂળ ક્ષેત્ર છે.

લક્ષ્મીદેવીની આ આગાહી સામે શેઠને કોઈ જાતની દલીલ કે કોઈ જાતની અપીલ કરવાની ન હતી. આટલો વખત સુખની મજા માણી, તો હવે દુઃખની સજા પણ સહર્ષ વેઠવા એઓ તૈયાર હતા.

એમના અંતરમાં એવો આનંદ-ધ્વનિ ગુંજી ઉઠ્યો કે-આ દિવસોય એક દહાડો પસાર થઈ જશે ! શેઠના મોં પર ફરિયાદનો કોઈ ભાવ ન કળાતા લક્ષ્મીદેવી અદૃશ્ય થઈ ગયાં. શેઠ પાછાં ઘસઘસાટ સૂઈ ગયા.

બીજે દિવસે શેઠે જ્યારે શય્યાનો ત્યાગ કર્યો, ત્યારે એમના તન, મન, બદન પર રોજ જેવી જ પ્રસન્નતા પ્રકાશ વેરી રહી હતી. કારણ કે એમના અંતરમાં પાકો વિશ્વાસ હતો કે, લક્ષ્મીદેવીની જે આગાહી મને અપ્રસન્ન બનાવી શકી નથી, એ મારા પરિવારને પણ અપ્રસન્ન નહિ જ બનાવી શકે! એથી સમય મેળવીને શેઠે પોતાના પરિવારને એકઠો કરીને ગઈ રાતના સ્વપ્નની વાત કહી સંભળાવી. એ વાત પૂરી થતા જ સાવ સહજ રીતે શેઠના પુત્ર લહિરે પોતાનો મનોભાવ વ્યક્ત કરતા કહ્યું : પિતાજી! આપણે એટલા પુણ્યશાળી ગણાઈએ કે, આ રીતે લક્ષ્મીદેવીએ આપણને દાન પુણ્ય કરવાનો અવસર આપ્યો! જો લક્ષ્મીદેવી હવે વિદાય થવાના જ છે, તો પછી આ લક્ષ્મીનો થાય એટલો સદુપયોગ સાત ક્ષેત્રમાં કરવા દ્વારા, આવા પ્રસંગે પણ આપણને અણનમ રહેવાનું પીઠબળ પૂરું પાડનારા જિનધર્મની જેટલી સેવા થાય, એટલી કરી લઈએ અને પછી ગુજરાત ભણી જવાનો વિચાર કરીએ

આ વાતને સુલલિતા-દેવીએ પણ વધાવી લીધી. એમણે કહ્યું કે, લક્ષ્મીદેવી વિદાય થવાના છે, એ આશ્ચર્યની વાત ન ગણાય, પણ આટલા દિવસ સુધી એઓ આપણે ત્યાં સ્થિર થયા, એને જ આશ્ચર્ય ગણવું જોઈએ, કારણ કે જીવન, પવન અને તનની જેમ ધનનો સ્વભાવ પણ ચલ છે. માટે આ ચલના ભોગે અચલ એવો ધર્મ જેટલો થાય, એટલો કરી જ લેવો જોઈએ. આ સાંભળીને શેઠના આનંદને કોઈ આરો-ઓવારો ન રહ્યો. આવો પરિવાર મળવા બદલ મનોમન એઓ જાતને બડભાગી માણી રહ્યા.

સરિતાનો સ્વભાવ જલ-દાન કરવાનો છે, એમાં વળી પાછી

વર્ષાઋતુ આવે અને મેઘરાજા પૂરી મહેર કરે, પછી સરિતાના એ સ્વભાવમાં થતો વધારો કોણ કલ્પી શકે ? નીના શેઠની દાન સરિતા માટે જાણે લક્ષ્મી-દેવીની ભવિષ્ય-વાણીએ વર્ષાઋતુની ગરજ સારી અને એથી દાનની એ નદીના પ્રવાહોએ સાત ક્ષેત્ર તરફ વળાંક લઈને જૈન-શાસનના જય જયકાર જગવવામાં કંઈ બાકી ન રાખ્યું! એકદમ હેલે ચડેલી શેઠની દાન-ભાવના ભિન્નમાલને એકવાર તો આશ્ચર્ય ચકિત બનાવી ગઈ. ભિન્નમાલમાં એ વખતે પ્રાગ-વાટ-પોરવાડ જ્ઞાતિની આબાદી ચરમ શિખરે પહોંચેલી હતી અને નીના-શેઠ પોરવાડ જ્ઞાતિના એક અગ્રગણ્ય તરીકે પંકાયેલા હતા. મન મૂકીને ધનની વર્ષા કરતા શેઠને જોઈને પોરવાડ જ્ઞાતિના થોડાક શ્રેષ્ઠિઓ એક દિવસ નીના શેઠ પાસે જઈ પહોંચ્યા અને એમણે કહ્યું : શેઠ! આપને તો એ વાતની ખબર જ હશે કે, આ નગરમાં કોટની અંદર કોણ વસી શકે છે?

આ પ્રશ્નનું રહસ્ય પામી જતા શેઠને વાર ન લાગી, છતાં એમણે મનની વાત છૂપાવતા કહ્યું: હું જ શા માટે સૌ કોઈ આ વાતથી પરિચિત છે. કોટિ-પતિને જ આ કોટમાં વસવાનો અધિકાર છે અને લખપતિ કોટની બહાર રહેવા બંધાયેલો છે. આ વાત તો અહીં આબાળ-ગોપાળ પ્રસિદ્ધ છે. એથી મને આશ્ચર્ય થાય છે કે, તમને આજે આવો પ્રશ્ન કરવાનું કેમ મન થયું ?

પોરવાડ-શ્રેષ્ઠિઓએ કહ્યું : અમને પણ એ જ વાતનું આશ્ચર્ય થાય છે કે આપ આટલું જાણો છો, છતાં કોટિધ્વજ ઉતારવો પડે, એવી પ્રવૃત્તિ આપે શા માટે આદરી છે? આપ તો અમારા નાક છો, આપના પુણ્યે અમે સૌ સુખી છીએ. કોઈ પણ ભોગે અમે આપને આ કોટની બહાર વસવા દેવા માંગતા નથી. અમને એવો વિશ્વાસ છે કે, આટલી વાત પરથી આપ બધું સમજી જ ગયા હશો! નીના શેઠે હળવું હાસ્ય કરતા કહ્યું : તમે બધા મને દાન કરતા અટકાવવા આવ્યા લાગો

છો, પણ પુણ્ય જ્યારે પરવારવાનું હોય, ત્યારે કોટિધ્વજ તો શું, પણ આ જન્મભૂમિને પણ તજવાનો વખત આવે !

સામેથી પ્રશ્ન થયો : પણ આપ તો પુણ્યથી પૂરા-શૂરા છો, લક્ષ્મીદેવીના આપની પર ચાર હાથ છે, પછી આવી અમંગળ-વાણી ઉચ્ચારવાનો શો અર્થ ?

નીના શેઠને થયું કે, અંતરની વાત કર્યા વિના હવે ચાલશે જ નહિ, એથી એમણે સ્વપ્નની વાત રજૂ કરી અને હવે પછીના થોડા જ દિવસોમાં ગાંભુ ભણી પ્રયાણ કરવાનો લીધેલો નિર્ણય જણાવ્યો. શેઠની આ વાત સાંભળી સૌએ આઘાત અનુભવતા કહ્યું : શેઠ! પણ અમે બધા બેઠા છીએ ને ? અમારા પૈસા આપના જેવા સાધર્મિકની ભક્તિમાં આવા અવસરે કામ નહિ લાગે તો ક્યારે લાગશે ? માટે અમે લળી-લળીને વિનવીએ છીએ કે, આપ કોઈ પણ હિસાબે આ કોટિધ્વજનો ત્યાગ ન જ કરતા, પછી આ જન્મ-ભૂમિનો ત્યાગ કરવાની વાતને તો અવકાશ જ ક્યાં રહે છે ?

નીના શેઠે જવાબમાં કહ્યું : તમારા જેવા સાધર્મિક સાથે સહવાસ મળવા બદલ તો હું જેટલી ધન્યતા અનુભવું એટલી ઓછી છે, પણ આ રીતે તમારી ભક્તિ પર જીવવા કરતા શક્તિ અજમાવીને જીવવામાં જ પુરુષનું પુરુષાતન દીપે છે . આ વાત શું તમારા જેવા શાણાઓને પણ મારે સમજાવવાની હોય ખરી ?

પોરવાડ-શ્રેષ્ઠિઓ અને શેઠ છૂટા પડ્યા . બંને પોત-પોતાની વાતને વળગી રહ્યા હતા, પણ અંતે નીના શેઠની મક્કમતા આગળ સૌને નમતું તોળવું પડ્યું. આ પછી બીજી બીજી જ્ઞાતિઓના આગેવાનોએ પણ નીના શ્રેષ્ઠિને પોતાનો નિર્ણય બદલવા ઘણી ઘણી વિનંતિઓ કરી, પણ શેઠ તો હવે લક્ષ્મીદેવીની ભવિષ્ય-વાણી સાચી પાડવા ગાંભુ તરફ પ્રયાણ કરવાના દિવસો ગણી રહ્યા હતા. એ ઘડી-પળ થોડા જ દિવસો પછી આવી ઉભી, જ્યારે નીના શ્રેષ્ઠિનો

પરિવાર હસતે હૈયે ભિન્નમાલની વિદાય સ્વીકારી રહ્યો હતો જો કે જન્મભૂમિથી વિખૂટા પડવાની વેદના સૌના હૈયામાં હતી ખરી, પણ એનું સ્થાન તો હૈયાનો ભીતરી-પ્રદેશ હતો, જયારે કર્મકૃત આવી પરિસ્થિતિને હર્ષથી વધાવી લેવાની પ્રસન્નતાનું સ્થાન હોઠ હતું. ભિન્નમાલની પ્રજા નીના શેઠના પરિવારની એ ધૈર્યવૃત્તિને ધન્યવાદ આપીને વધાવી રહી, પરંતુ ત્યારેય સૌનાં અંતર તો જાણે વજ્રઘાતની વેદનાથી વિહ્વળ હતા.

ભિન્નમાલનો સીમાડો આવતા જ પ્રજાએ મુસીબતે ખાળી રાખેલો આંસુનો બંધ પાંપણની પાળ તોડીને વહી નીકળ્યો. નીના શ્રેષ્ઠિએ સૌને પાછા વળવાનો ઈશારો કરતા એટલું જ કહ્યું : બોલ્યું-ચાલ્યું માફ કરજો, અન્નજળ હશે, તો વહેલાવહેલા પાછાં મળીશું! હું કાયાથી ગાંભુ તરફ જઇ રહ્યો છું, પણ મારું કાળજું તો અહીં જ છે !

—ને શેઠના પરિવારને સમાવતા રથે ગાંભુ ભણી આગે બઢવા ઝડપી ગતિ પકડી. એની ઘૂઘરીના ઘમકાર પણ ભિન્નમાલની પ્રજાના અંતરમાં વેદના-આઘાત અને વિહ્વળતાનું આંદોલન જગવવામાં નિમિત્ત બની રહ્યા.

□

# વનરાજનો વનવાસ

## [૨]

કેડે કટારી ઝૂલી રહી હતી અને ખભે ઢાલ શોભી રહી હતી, મુખ-મુદ્રા પર વણિકત્વ અને વીરત્વનું તેજ ઝગારા મારી રહ્યું હતું . ઢિંચણ સુધી લંબાયેલા બાહુ, સિંહ જેવી છાતી, નજરમાં નાચતી વેધકતા તેમજ હાથ અને હૈયામાં ઉછળતી હિંમત : આ બધી વિશેષતાઓનો સંગમ જેની કાયામાં રચાયો હતો , એવો એ વણિક એક અશ્વ પર બેસીને નિર્ભયતાથી આગળ વધી રહ્યો હતો. ભર-જંગલમાંથી એનો રસ્તો પસાર થતો હતો, પણ ભય તો એની પાસે જાણે ડોકાતો જ ન હતો!

શિયાળાના દિવસો હતા. મધ્યાહ્નનો સમય હતો, માથે સૂરજ ઉષ્મા વેરી રહ્યો હતો, આ માર્ગ કોઈ ગામડા કે કોઇ જંગલ સાથે સંકળાયેલો ન હતો, એનું જોડાણ ગૂર્જર-રાષ્ટ્રના મુખ્ય-મુખ્ય શહેરો સાથે થતું હતું. પણ છેલ્લાં કેટલાક સમયથી આ વિભાગ અસલામત બન્યો હતો. ધોળે દહાડે પણ ચોર-લૂંટારાના ભયના ભણકારા આ માર્ગે સતત 'સંભળાતા રહેતા હતા, એથી આખો માર્ગ ઉજ્જડ અને વેરાન જેવો જણાતો હતો. પરંતુ આ માર્ગે પોતાન' અશ્વને દોડાવતા એ વણિકના કોઈ રૂંવાડે પણ ભયનો વાસો કળાતો ન હતો. હવે તો એક ગીચ ઝાડીવાળો પ્રદેશ શરૂ થતો હતો, છતાં કોઇ જાતના ભય વિના એણે પોતાના અશ્વને એ રસ્તે આગળ હંકાર્યો, એ વણિકમાં ભયનું નામ નિશાન ન હોતું, છતાં એ સાવધ તો પૂરેપૂરો હતો. કારણ કે આ પ્રદેશની ભયંકરતાનો એને બરાબર ખ્યાલ હતો.

થોડી પળો પસાર થઈ. થોડો પ્રદેશ કપાયો અને ગીચ-ઝાડી શરૂ થઈ. એ ઘોડેસ્વાર હવે વધુ સાવધ થઈને આગળ વધવા માંડ્યો, પણ થોડો વધુ રસ્તો કપાતા જ ઝાડીમાંથી બુકાનીધારીઓનું એક ટોળું એકાએક બહાર રસ્તા પર ધસી આવ્યું. એ ટોળાના સરદારે એક રાડ નાખીઃ અરે ! વાણિયા! ઊભો રહી જા. અમારી સામે આ રીતે ઘોડા પર ચડીને આગળ વધતા તને શરમ પણ નથી આવતી ?

વણિકે સાવધ થઈને શૂરાતનથી જવાબ વાળ્યોઃ મને રોકનારા તમે વળી કોણ? હું મારા રસ્તે જઈ રહ્યો છું. મેં તમારો કોઈ અપરાધ કર્યો નથી, પછી મારે શરમ કે બીક રાખવાની જરૂર જ શી છે ?

લૂંટારાઓના સરદારને થયું કે, આ વાણિયો વાત નહિ, લાતથી જ માને એવો લાગે છે! એથી એણે કહ્યુંઃ એ તારી ડાહી-ડમરી વાતો તારી પાસે રાખ. અમે તો આ વનના રાજા છીએ, અમારી રજા વિના તું પગલું પણ આગળ નહિ વધી શકે અને તારી પાસેથી બધું લૂંટી લીધી વિના અમે તને રજા આપીએ એમ નથી! બોલ, તું કયાંથી આવે છે ? અને આ કેડે પોટલી શાની બાંધી છે ?

વણિક તો સત્ય અને સચ્ચાઈની મૂર્તિ હતો. એણે કહ્યુંઃ બોલવું જ પડે તો જૂઠું ન બોલવાની મારે બાધા છે, હું પરદેશથી કમાઈને મારા ગામે જઈ રહ્યો છું અને આ કેડે મેં એ બધી કમાણી બાંધી છે. બોલો, હવે તમે શું કરવા-કહેવા માંગો છો ?

અટ્ટહાસ્ય સાથે જવાબ મળ્યોઃ વાણિયો થઈનેય અમને પૂછે છે કે, હવે તમે શું કરવા માંગો છો ? અમે લુંટારા છીએ. અમારો ધંધો લૂંટવાનો છે, આટલી વાત પરથી બધું સમજી જા, વાણિયા! નહિ તો અહીં ધિંગાણું મચશે. તું એકલો છે. અમે ત્રણ છીએ, એથી પૈસો અને પ્રાણ : આ બંને ખોવાનો વખત ન આવે, એમ કરવામાં જ ખરી વાણિયા-બુદ્ધિ છે!

વણિકથી હવે ન જ રહેવાયું , એણે પણ પડકારની ભાષામાં કહ્યું : તમે લુંટારા છો, માટે જ તો મેં આવો પ્રશ્ન કર્યો છે ! બોલો,

તમે હવે શું કરવા માંગો છો?

'શું કરવા શું ? તને લૂંટવા માંગીએ છીએ!' બધા જ લુંટારા એકી સાથે બોલી ઉઠયા. એમના અટ્ટ-હાસ્યના પડઘાથી આખું જંગલ જાગી ઉઠ્યું.

એ વણિક પણ કંઇ કમ ન હતો કે, આ રીતે એ લૂંટાઈ જાય! એણે કહ્યુંઃ લૂંટાય એ બીજા, આ વાણિયો નહિ. તમે જો સીધી રીતે મદદ માંગતા હો, તો આ આખી પોટલી દાનમાં આપી દેવા તૈયાર છું, પણ જો તમે વાંકાઈથી કે બંદૂકની અણી બતાવીને મારી પાસેથી આ પોટલી પડાવી લેવા માંગતા હો, તો અંદરનો માલ તો શું, પરંતુ આ બાંધેલું કપડું પણ આપવાની મારી તૈયારી નથી !

લુટારાઓને થયું કે, આ વાણિયાની ચસકી ગઇ લાગે છે. એથી જ કમાણીનો ભેદ ખુલ્લો કરી દઈને આ રીતે આ બડાઇ હાંકી રહ્યો છે! એમણે પોતાની ટેક દર્શાવતા કહ્યું કે, દાનમાં લે, એ બીજા, વનના આ રાજાઓ કદી પણ કોઈની સામે હાથ લંબાવવામાં સમજ્યા નથી! માટે હવે અમને છેલ્લી વાર બરાબર સાંભળી લે કે, કાં આ બધું ધન અમારા ચરણે મૂકી દે અથવા તો અમારી સાથે લડવા તૈયાર થઈ જા! બોલવામાં બહાદુર તો ઘણા હોય છે, જોઈએ હવે તારી બહાદુરી બોલવા પૂરતી જ છે કે......

લુંટારાઓ વાકય પૂરું કરે, એ પહેલાં તો પેલો વણિક પોતાના ઘોડા પરથી કૂદીને નીચે જમીન પર આવી ઊભો, પોતાના ભાથામાં પાંચ બાણ હતા, એમાંથી બે બાણ દીવાસળીની સળીની જેમ ભાંગીને એણે ફેંકી દીધા અને બહાદુરી પૂર્વક એણે પડકાર કર્યો કે, બોલો, મારી સાથે લડવા અને બળાબળની પરીક્ષા કરવા કોણ તૈયાર છે ? તમે એમ ન સમજતા કે, ઢીલી ખીચડીનો ખાનારો આ વાણિયો માત્ર બોલવામાં જ બહાદુર છે! આ હાથ જેમ ત્રાજવું ઝાલી શકે છે, એમ તલવાર પણ તાણી જાણે છે. આ કાયાને જેમ દુકાન ફાવે છે, એમ યુદ્ધના મેદાનમાં ઘૂમવું પણ ફાવે છે.

ઘોડા પરથી નીચે ઉતરી પડીને એ વણિકે જે કંઈ કર્યું , એની પરથી લુંટારાઓને લાગ્યું કે, આ વાણિયો કાં પૂરેપૂરો પરાક્રમી હોવો જોઈએ, કાં તો પૂરેપૂરો પાગલ હોવો જોઈએ ! નહિ તો લડવાનો લલકાર કરીને આમ ઘોડાપરથી કોઈ નીચે ઉતરી પડે ખરું? તેમજ આ રીતે બાણ ભાંગીને ફેંકી દે ખરું ? લુંટારાઓ વિચારમગ્ન અને ગંભીર બની ગયા. થોડીવાર પછી એમણે પૂછયું : વાણિયા! લડજે પછી, પહેલા તું અમને એ જણાવ કે, તું ઘોડા ઉપરથી નીચે કેમ ઉતરી પડ્યો, તેમજ બે બાણને તેં ભાંગીને ફેંકી કેમ દીધા ? અમને અત્યારે ધન લૂંટવાની જેટલી ઉતાવળ નથી, એટલી ઉતાવળ આ બે વાત પાછળનું રહસ્ય જાણવાની છે !

પોતાના ધનુષ-બાણને જરા આઘા મૂકીને વણિકે કહ્યું : તો સાંભળી લો. હું જૈન છું, કોઈની હિંસા નહિ કરવાની મારે પ્રતિજ્ઞા છે, કદાચ સ્વ-બચાવ માટે સંગ્રામ ખેલવાનો અવસર આવી જ લાગે, તો એક વ્યક્તિ પર એકથી વધુ બાણ નહિ છોડવાની મારી ટેક છે, તેમજ અનીતિથી યુદ્ધ નહિ કરવાની મારી દૃઢ નિષ્ઠા છે. તમે નીચે ઉભા હો અને હું ઘોડે ચઢીને લડું, એ અનીતિ ગણાય. તમે ત્રણ છો અને મારી પાસે બાણ પાંચ હતા, એથી કદાચ ભાગ્યયોગે મારું એકાદ બાણ નિષ્ફળ જાય, અને બીજી વાર કદાચ બાણ છોડવા મારું મન લલચાઈ જાય, તો પ્રતિજ્ઞા-ભંગ થાય. આ બે કારણોસર હું ઘોડા પરથી નીચે ઉતરી ગયો, તેમજ બે બાણ મેં ભાંગીને ફેંકી દીધા.

લુંટારાઓ માટે તો આ બધો જૂની આંખે નવો તમાશો હતો. આ વાણિયો એમને કોઈ જુદી જ માટીનો લાગ્યો, એથી પડકારની ભાષા પડતી મૂકીને પ્રેમની બોલીનો આશરો લેતા એમણે પૂછ્યું : તને શું તારી જાત અને જવાંમર્દી પર આટલો બધો વિશ્વાસ છે? શું તારાં ત્રણ બાણથી અમે ત્રણે વીંધાઈ જ જઈશું ? અમારે તારું પારખું કરવું છે, તું ખરેખર જો આવો જ બાણાવળી હોય, તો સામે આકાશમાં

ઉડતા પેલા પંખીને બાણ મારીને પટકી બતાવ, તો અમે માનીએ કે, તું ખરેખરો બાણાવળી છે !

ધર્મને ધક્કે ચડાવીને આબરૂ મેળવવાની ઘેલછા એ વણિકમાં નહોતી, એણે રોકડો જવાબ વાળ્યો કે,એ પંખીએ મારો શો અપરાધ કર્યો છે કે, એને હું બાણથી વીંધુ! મારે તો તમારી સામેય લડવું નથી, પણ તમે લડવાની ફરજ પાડો છે, એટલે ન છૂટકે મારે ધનુષ-બાણ પર હાથ મૂકવો પડે છે!મારી બાણ-શક્તિની પરીક્ષા તમારે કરવી જ હોય, તો એક નિર્દોષ રસ્તો છે. લો, આ મારી મોતીની માળા ! આ માળા લઈને તમારામાંનો એક માણસ મારી નજર પહોંચે , એટલે દૂર જઈને ઊભો રહે. પછી પોતાના માથા પર એ આ માળા મૂકી દે. હું અહીં ઊભા-ઊભા મારું બાણ એવી રીતે મૂકીશ કે, એ માણસનો એક પણ વાળ વાંકો ન થાય ને મારું બાણ એ માળાને લઈને આગળ વધી જાય.

લુંટારાઓના આશ્ચર્યને અવધિ ન રહી. આ પ્રયોગ જોખમી હતો, છતાં એમાનો એક લુંટારો તૈયાર થઈ ગયો. એ માળા લઈને દૂર જઈને ઉભો અને બધાના આશ્ચર્ય વચ્ચે વણિકે એક બાણ એવું છોડ્યું કે, પેલા લુંટારાના એક વાળને પણ વાંકો કર્યા વિના મોતીની માળાને લઈને એ દૂરદૂર ચાલ્યું ગયું ! આવી બાણકળા પર લુંટારાઓનો આગેવાન આફ્રીન થઈ ગયો, એણે દૂર ઉભેલા પોતાના એક સાથીને કહ્યું કે, એ બાણ અને મોતીની એ માળા લઈને તું જલદી અહી આવી જા. આપણે આ કળાવાનની કંઈક કદર કરીએ !

મોતીની માળા લેવા જનારનો પ્રયાસ નિષ્ફળ ન જાય, એ દૃષ્ટિથી વણિકે કહ્યું: એ માણસ આમ ચાલતો જ જશે, તો મોતીની માળા લઈ ને પાછો ક્યારે ફરશે ? મારું એ બાણ ઓછામાં ઓછું અહીથી ગાઉથીય વધુ દૂર ગયું હશે, માટે મારો આ ઘોડો લઈને કોઈને એ માળા લેવા મોકલો. એ ઘોડો પણ ખરેખર ઘોડો જ હતો !

એના પગમાં પવનનો વેગ હતો. એક લુંટારો એ ઘોડા પર ગયો અને થોડી વારમાં બાણ તેમજ મોતીની માળા લઈને એ પાછો આવ્યો.

લુંટારાઓના સરદારને થયું કે, આવા કળાવાનને લૂંટવાનો ન હોય, આવાની તો લાગણી જીતવાની હોય! એથી વળતી પળે એણે કહ્યું: અમારે તમારા ધનની જરૂર નથી. પણ અમારી આટલી એક માંગણી જરૂર સ્વીકારશો : જ્યારે તમે એમ સાંભળો કે, વનરાજ ચાવડો રાજગાદીએ બેઠો છે, ત્યારે તમે વિના વિચારે મારી પાસે ચાલ્યા આવજો ! તમારા જેવા બળવાન અને કુળવાન માણસના હાથમાં મંત્રીપદ હોય, તો આ ગૂર્જરને અજેયરાષ્ટ્ર બનતા કોઈ રોકી શકે નહિ, તમારું નામ શું ?

આ સાંભળીને એ વણિક સરદારના પગે પડતા ગળગળા સાદે બોલ્યો: શું વનરાજ આપ પોતે જ છો ? સમગ્ર ગૂર્જરરાષ્ટ્ર આજે જેનામાં પોતાના અજેય-તારણહારનું કલ્પના-દર્શન મેળવીને અમર-આશાના ઝુલે ઝુલી રહ્યું છે, એ વનરાજ-ચાવડા શું આજે અત્યારે મારી પર રીઝ્યા છે ! આપને વળી વનવાસી બનીને આવો પાઠ ભજવવાની કોણે ફરજ પાડી ? મને લોકો 'ચાંપો-વાણિયો' તરીકે ઓળખે છે.

વનરાજ-ચાવડાએ બુકાની છોડીને જ્યારે બધી જ કહાણી ટૂંકમાં કહી સંભળાવી તેમજ અણનમ ગૂર્જર-રાષ્ટ્ર સર્જવાની જે સ્વપ્ન સૃષ્ટિ દિન-રાત પોતાની આંખમાં રમતી હતી, એનું એણે દિગ્દર્શન કરાવ્યું, ત્યારે તો એ ચાંપો વાણિયો વધુ ગદગદ બની ઉઠ્યો અને પોતાની તમામ કમાણી સામેથી વનરાજ ચાવડાના ચરણે કુરબાન કરતા એણે કહ્યું: મારું આ ધન ધર્મ અને સંસ્કારને સુદૃઢ બનાવવા કાજેના આપના આ અભિયાનમાં અત્યારે કામ નહિ લાગે, તો પછી કયારે લાગશે ? વધુ ધનની જરૂર પડે, તો મને નિ:સંકોચ સંકેત પાઠવજો. ઘરે ઘણું પડ્યું છે. માટે અણીના અવસરે મને જરૂર યાદ કરજો ! બધાની આંખો આંસુભીની બની ગઈ ! વનના વાસી

વનરાજ ચાવડાની એ મંડળી વાદળ પાછળ છૂપાઇ જતા ચંદ્રની જેમ ઝાડી પાછળ અદૃશ્ય બની ગઈ અને ચાંપો-વાણિયો પોતાના રસ્તે આગળ વધી ગયો.

●

આકાશના આંગણે અમાસી અંધારા ઘેરાઈ રહ્યા હતા. આખું કાકરા-ગામ નિદ્રા-દેવીને ખોળે આરામથી પોઢી ગયું હતું, પણ આ વખતે લુંટારાઓની એક ટોળીની આંખમાં ઉંઘ નહોતી. કારણ કે કાકરના સમૃદ્ધિશાળી એક શેઠના ઘરે ખાતર પાડીને લૂંટ ચલાવવાની યોજના વિચારાઈ ગઇ હતી અને આજની રાતે જ એ યોજના અમલમાં મૂકવાની હતી, મધ-રાતની આલબેલ પોકારાઇ અને લૂંટારાની ટોળીએ ખાતર પાડીને શેઠના મહેલમાં પ્રવેશ કર્યો.

અઢળક-ધનથી ભર્યો-ભાદર્યો એ ભવ્ય-મહેલ હતો અને ચૌર્ય-કળાના પૂરા અભ્યાસી એ લુંટારાઓ હતા, એથી થોડી જ વારમાં ઠીકઠીક ધન લૂંટીને સૌ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા, પણ ત્યાં જ એકાએક સરદારની એક આજ્ઞા છૂટી : હું નીમકહરામ નથી કે, જે ઘરમાંથી મેં થોડું પણ ખાધું હોય, ત્યાં લૂંટ ચલાવું ! માટે લૂંટની આ બધી જ લક્ષ્મી અહીં મૂકી દઇને પછી જ બહાર નીકળવાનું છે !

બન્યું હતું એવું કે, એ સરદારનો હાથ અંધારાના કારણે એક માટલા પર પડ્યો, એણે માન્યું કે આ ચરૂ હોવો જોઈએ અને અંદર કીમતી-માલ રાખવામાં આવ્યો હોવો જાઈએ . એથી સરદારે ઝડપથી અંદર હાથ નાખ્યો, તો એના હાથમાં દહી આવ્યું. એ માટલું દહીનું હતું. હાથની સફાઇ કરવી અનિવાર્ય હતી, એથી સરદારે દહી ચાટી જઇને હાથ સાફ કર્યો. પણ પછી એ સરદારને તરત જ વિચાર આવ્યો કે, ખાધું હોય, ત્યાંનો ખજાનો કેમ લૂંટાય ? અને લૂંટની બધી જ લક્ષ્મી મૂકી દેવાની આજ્ઞા છૂટી એ મુજબ એ રાતે સૌ ખાલી હાથે જ પાછા ફર્યા.

બીજા દિવસની સવાર થતા જ કાકર-ગામના એ શેઠના

ઘરમાં 'ચોરી-ચોરી'ની ફરિયાદ ઉઠી. પણ થોડી જ વારમાં સૌએ આશ્ચર્ય અનુભવ્યું. કારણ કે લૂંટની તમામ લક્ષ્મી તો અકબંધ જ પડી હતી. શેઠની પુત્રી શ્રીદેવી આવી અજબની ચોરીનો ભેદ ગોતવા ઘરમાં ઘૂમી વળી, પેલું માટલુંય એની નજરમાં પડ્યું, એના બહારના ભાગમાં દહીંના છાંટા પડ્યા હતા. એણે અંદર નજર કરી, તો ઘીની જેમ જામેલા દહીમાં અંકિત થયેલો એક પંજો દેખાયો. રેખા-શાસ્ત્રની સારામાં સારી જાણકારી એની પાસે હતી. પંજાની રેખાઓ જોઇને એના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. એને થયું કે, નક્કી આ ચોર કોઇ મોટો માણસ હોવો જોઈએ. એથી ગમે તે રીતે એનો ભેટો પામવા એ ઝંખી રહી.

શ્રીદેવીની આ ઝંખના લુંટારાઓનો પેલો સરદાર કયાંકથી કળી ગયો. ને પાકો બંદોબસ્ત કરીને એ એકરાતે શ્રીદેવીને મળવા આવ્યો. શ્રીદેવીએ પૂછ્યું : આ વળી કેવી ચૌર્યકળા ! લક્ષ્મી લૂંટીને એકઠી કરી, પણ પછી અહી જ મૂકીને કેમ પલાયન થઇ ગયા ?

એ સરદારે જવાબ વાળ્યોઃ ચૌર્ય કળા નહિ, ધર્મકળા બોલો ! નીમકહલાલ-વૃત્તિ જાળવવાનું મહત્વ મારે મન વધુ હતું. એથી જ અહીંની કમાણી અહીં જ મૂકીને હું ચાલ્યો ગયો.

શ્રીદેવીની જિજ્ઞાસા સંતોષવા એ સરદારે આખી વાત વિસ્તારથી કહી બતાવી. શ્રીદેવીના આનંદનો પાર ન રહ્યો. એણે કહ્યું: મને તમારી બહેન ગણજો.

હવે સરદાર જાતને છૂપાવી ન શકયો. એણે કહ્યુંઃ વનરાજ ચાવડો ગૂર્જર-રાષ્ટ્રનો રાજા બનવાનો છે, એવા સમાચાર મળે, ત્યારે ઓ મારા બહેન શ્રીદેવી ! તમે નિઃસંકોચ રાજ્યાભિષેક મહોત્સવમાં ચાલ્યા આવશો. બહેન તરીકેનું રાજતિલક આ ભાઈ તમારી પાસે જ કરાવશે.

શ્રી દેવીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ બોલી ઉઠીઃ શું મને ભાઈ તરીકે સંબોધનાર તમે પોતે જ વનરાજ ચાવડા છો ? તમારો આ

વનવાસ-ગુપ્તવાસ ક્યારે પૂર્ણ થશે? વનરાજે બધી વાત વિસ્તારથી કરી. ત્યારે ગૂર્જર-રાષ્ટ્રનો પાયો પૂરવા બનતી આર્થિક મદદ કરીને એ ભાઇને બહેને આંસુભીની વિદાય આપી.

●

આઠમી સદીનો પ્રારંભ થયો, આંગળીના વેઢે ગણાય, એટલા એના વર્ષો હજી વીત્યા નહોતા, ત્યાં તો અણહિલ્લપુર-પાટણની સ્થાપનાના અને એના પર વનરાજ-ચાવડાના રાજ્યાભિષેક થવાના સમાચાર ફેલાતા ગૂર્જર રાષ્ટ્રની પ્રજામાં જાણે કોઈ નવો જ પ્રાણ પૂરાયો, અને મૂહૂર્તની એ વેળા આવી પહોંચતા, વનરાજનો અણહિલ્લપુર પાટણના રાજ્ય-સિંહાસન પર અભિષેક થયો,ત્યારે રાજતિલક કરવા કાકર-ગામની એ શ્રીદેવી હાજર હતી અને એ ચાંપો-વાણિયો પણ આ મહોત્સવમાં સામેલ હતો. વનરાજ ચાવડાએ ચાંપા વાણિયાને મંત્રી મુદ્રાથી મંડિત કર્યો.

રાજ્યાભિષેકનું કાર્ય પત્યા બાદ નવા વસાવેલા અણહિલ્લપુર પાટણને સમૃદ્ધ બનાવવા વનરાજ ચાવડાએ આસપાસમાં વસતા અનેકાનેક વિશિષ્ટ-મહાનુભાવોને આ નવી નગરીમાં નિવાસ કરવા દ્વારા ગૂર્જર-રાષ્ટ્રના પાયાને મજબૂત બનાવવાનું કર્તવ્ય અદા કરવા કાજે આમંત્રણો પાઠવ્યા એને માન આપીને સમગ્ર-ગુજરાતમાંથી અનેકાનેક શક્તિઓ અને સમૃદ્ધિઓનો પ્રવાહ અણહિલ્લપુર પાટણ તરફ વળ્યો.

આવું જ એક આમંત્રણ ગાંભુમાં વસીને થોડા જ વર્ષોમાં પૈસા અને પ્રતિષ્ઠાથી સમૃદ્ધ બનનારા નીના-શ્રૈષ્ઠિને પણ મળ્યું. ઉગતા સૂરજને કોણ ન નમે ? નીના શ્રેષ્ઠિ એ આમંત્રણ સ્વીકારીને વન-રાજ ચાવડાના અણહિલ્લપુર પાટણમાં આવ્યા, આ આગમન કોઈ એવી શુભ પળે થયું કે થોડા જ વખતમાં નીના શ્રેષ્ઠિના સુપુત્ર-લહિરને મંત્રીપદથી મંડિત બનાવવાના વિચાર-ચક્રો ગતિમાન બની ગયા.

□

# ગૂર્જર-રાષ્ટ્રનો ઘડવૈયો

## [૩]

**વિક્રમની** આઠમી સદીનો ઉત્તરાર્દ્ધ ચાલી રહ્યો હતો. આ સમયે કાન્યકુબ્જ-કનોજમાં ભૂયરાજ-ભૂવડનું પ્રતાપી-શાસન તપી રહ્યું હતું. એમની નજરમાં ગૂર્જરરાષ્ટ્ર પર જય મેળવીને રાજા જયશિખરીને પરાજય આપવાની લિપ્સાના અંગારા વર્ષોથી પ્રજ્વળી રહ્યા હતા. એ વખતે પંચાસર જાહોજહાલીના સર્વોચ્ચ-શિખરે પહોંચેલું હતું. ગૂર્જર-રાજ્યમાં વઢિયાર તરીકે ઓળખાતા પ્રદેશમાં આવેલા પંચાસર નગરમાં જયશિખરી રાજ્ય કરી રહ્યા હતા.

જયશિખરી પરાક્રમના અવતાર સમા હતા. ત્યારે પંચાસરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય જિનાલય હતું, જે પંચાસરની પ્રતિષ્ઠામાં ઠીકઠીક વધારો કરતું હતું. જયશિખરીને પોતાની પરિસ્થિતિનો પૂરો ખ્યાલ હતો, એઓ જાણતા હતા કે, પંચાસર કનોજની આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યું છે. એથી ગમે ત્યારે યુદ્ધની નોબત ગગડી ઉઠવાની શક્યતા-સંભાવનાથી એઓ પરિચિત હતા. અને આ સંભાવના એક દહાડો કટોકટીની પળે જ સચ્ચાઇનું રૂપ પામવા સજ્જ બની ! કનોજે પંચાસરની સામે જ્યારે યુદ્ધ જાહેર કર્યું, ત્યારે જયશિખરીની રાણી રૂપસુંદરી ગર્ભવતી હતી, એની કૂંખે ગૂર્જર રાષ્ટ્રનો કોઇ ઘડવૈયો ઘડતર પામી રહ્યાની જયશિખરીને શ્રદ્ધા હતી.

યુદ્ધની નોબતો એકાએક વાગી ચૂકી, એથી રૂપસુંદરીની સુરક્ષાનો વિચાર કરવાનો કોઇ અવકાશ જ ન રહ્યો, આ તો યુદ્ધનો મામલો હતો. જયપરાજયના ગણિત જ્યાં ગોથા ખાઇ જાય, એવી કટોકટીની એ પળે કર્તવ્યને અદા કરવા રાજા જયશિખરી તૈયાર થઇ

ગયા ને કનોજ પંચાસર વચ્ચેનો એ સંગ્રામ થોડાજ સમયમાં ખૂનખાર બની ગયો. એ જંગમાં આમને-સામને નમતો રહેતો વિજયનો વાવટો અંતે કનોજ તરફ નમ્યો. રાજા જયશિખરી વીર-મૃત્યુને વરતા જ ગૂર્જર-રાષ્ટ્ર પર કનોજની આણ ફરી વળી.

રાજા-જયશિખરીના મંત્રીઓ યુદ્ધની ભીષણતા પરથી ભાવિનો ભેદ પામી ગયા હતા. એમને મન પંચાસરના રક્ષણ કરતા, પંચાસરના ભાવિ-રાજવીનું રક્ષણ વધુ મહત્ત્વનું હતું, અને એ માટે રાણી રૂપ સુંદરીનું જતન કાળજાની કોરની જેમ કરવું આવશ્યક હતું. એથી રાણી રૂપસુંદરીને સુરક્ષિત સ્થાને મોકલવાની વ્યવસ્થા થઇ ગઇ હતી. આ પછી પંચાસર કનોજના કબજામાં ચાલ્યું ગયું હતું, એનો મંત્રીઓને મન સંતોષ હતો. જયશિખરીના મૃત્યુ બાદ ગૂર્જરરાષ્ટ્ર માટે અસ્મિતા અને સ્વતંત્રતા ખોવાનો અવસર આવ્યો અને પંચાસર પર ભૂવડ રાજવીની આણ ફરી વળતા સમગ્ર-ગૂર્જર કનોજના કબજા હેઠળ આવી ગયું.

રાણીરૂપસુંદરીને શોધવા કનોજના સૈન્યે ખૂબ-ખૂબ મહેનત કરી, કારણ કે એની કૂખે ઘડતર પામી રહેલી કોઇ શક્તિની ભાળ રાજા ભૂવડને મળી ચૂકી હતી, પણ મંત્રીઓએ એવી કુશળતાથી રાણીની સુરક્ષાનો વ્યૂહ ઘડી કાઢ્યો હતો કે, પંચાસરની નજીકના પ્રદેશમાં જ રૂપસુંદરીનો વસવાટ હોવા છતાં કનોજના સૈન્યને એની ગંધ પણ ન આવી અને ગૂર્જર રાષ્ટ્રનો એ ઘડવૈયો હેમખેમ બચી જવા પામ્યો.

●

'ચૈત્યવાસ'ની બોલબાલાનો એ પણ એક યુગ હતો. વિક્રમની આઠમી સદીનો ઉત્તરાર્દ્ધ જેમ જેમ આગળ વધતો ગયો, એમ એમ 'ચૈત્યવાસ જાણે ઘરવાસ'નું વધુ ને વધુ વિકૃત રૂપ પકડવા માંડ્યો હતો. ચૈત્યવાસની પરંપરામાં થયેલ કેટલાક આચાર્યો શક્તિશાળી હતા, એટલે રાજાઓ-મંત્રીઓ વગેરેને ભક્ત બનાવીને એ એ રાજાઓની રાજ્ય હદમાં સુવિહિત સાધુઓ આવી પણ ન શકે, એવી હદબંધી કરાવવામાં એઓને સફળતા મળતી હતી.

ભગવાન શ્રી મહાવીરદેવના શ્રમણ સંઘમાં વિ. સં. ૪૭૨ સુધી વનવાસની મર્યાદા બરાબર સચવાઈ રહી. ચાંદ્રકુલના પૂ. આચાર્યદેવ શ્રી સમંતભદ્ર સૂરિજીનો ગચ્છ વનમાં વસીને તપ -જપ કરતો હોવાના કારણે જ 'વનવાસી-ગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો, ત્યારે નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ અને વિદ્યાધરકુલ આદિના અનેક શ્રમણો વનમાં વસ્યા હતા અને એકાંતમાં અનેરી આત્મ-સાધના કરવા દ્વારા જૈન શાસનની જાહોજલાલી વધારવામાં નિમિત્ત બન્યા હતા. પણ વિ.સં. ૪૭૨ પછી આ પરિસ્થિતિમાં ધરખમ પલટો આવ્યો અને ચૈત્યવાસ એટલે કે નગરમાં-ઉપાશ્રયમાં વસવાનું શરૂ થયું. ચૈત્યવાસનો આ પ્રારંભ ત્યારે સાવ 'મઠવાસ' કે 'ઘરવાસ' જેવો બન્યો ન હતો, ચૈત્ય એટલે કે ઉપાશ્રયમાં વસવા છતાં ત્યારનો સાધુસંઘ સતત-વિહારી રહ્યો હતો, પણ ધીમે ધીમે વિહાર બંધ થવા માંડ્યો અને 'ચૈત્યવાસ' વધુ દૂષિત બનવા માંડ્યો.

અનેકવાર ભોજન, પ્રતિલેખનાદિનો ત્યાગ, પલંગ જોડા-વાહન આદિનો ઉપભોગ, પ્રતિમાજીની પૂજા, સંસારની સિદ્ધિ માટે તપ આદિ ધર્મક્રિયાઓનો ફેલાવો, લોચના કષ્ટને તિલાંજલિ, દેવદ્રવ્યનો ભોગવટો, મંદિર-ઉપાશ્રયના નિર્માણમાં સીધો સંબંધ, સ્નાન-વિલેપન દ્વારા દેહ શોભા, જ્યોતિષ-નિમિત્ત વૈદક તેમજ મંત્ર-તંત્રનો છૂટથી ઉપયોગ, રાજાઓના મનનું રંજન, રાજકીય-પ્રવૃત્તિમાં ઊંડો રસ,ધન સંગ્રહ ઈત્યાદિ અનેક જાતની શ્રમણ-જીવનની ઘાતક પ્રવૃત્તિઓનો અખાડો 'ચૈત્યવાસ'નું રૂડું રૂપાળું નામ ધરીને ત્યારે વિકસી રહ્યો હતો. ટૂંકમાં વેશની વફાદારીનું વિસર્જન અને મુખ્યત્વે જાતની જાહોજલાલીનું સર્જનઃઆ બે પાસા ધરાવતી એ 'ચૈત્યવાસ-પ્રવૃત્તિ' હતી.

કાળી-કાળી વાદળીને પણ જેમ રૂપેરી-કોર હોય છે, એમ આવા 'ચૈત્યવાસ'પાસે પણ થોડું ઘણું વખાણી શકાય; એવું એક ઉજળું પાસું હતું. ચૈત્યવાસમાં થયેલા પણ વિદ્વાન-આચાર્યો ત્યારે રાજાઓને પ્રતિબોધીને જૈન-તીર્થો, જૈનમંદિરો આદિને સમૃદ્ધ બનાવવા ઉપરાંત

આગમાદિ- સાહિત્યનેય ટીકા વગેરેની રચનાથી મંડિત બનાવતા હતા. પોતાના જીવનમાં શિથિલાચારની છેલ્લી માત્રા હોવા છતાં સાહિત્યની એ રચનામાં ઘાલ-મેલ કર્યા વિના આગમોક્ત શ્રમણ જીવન આદિની એ આચાર્યો સુંદર પુષ્ટિ કરીને પોતાની શ્રુતનિષ્ઠાને વળગી રહ્યા હતા.

[ઇતિહાસ કહે છે કે, આ ચૈત્યવાસી-આચાર્યોનું જોર એવું વધવા પામ્યું કે, એમણે રાજાઓને વશ કરીને, એ એ ગામ નગરોમાં સારા સાધુઓનો પ્રવેશ પણ બંધ કરાવી દીધો. એક વખત એવો આવ્યો કે, અણહિલ્લપુર પાટણમાં સુવિહિત સાધુઓનું આગમન સાવ સ્થગિત થઇ ગયું. જ્યારે ચંદ્રકુલીન પૂ. આ. શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજ અને પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ ઘણું કષ્ટ વેઠીને .પાટણમાં પ્રવેશ્યા, ત્યારે રાજા દુર્લભરાજનું રાજ્ય હતું, એમણે પોતાના ઉપદેશ દ્વારા સાચા સાધુઓનું સ્વરૂપ સમજાવીને 'ચૈત્યવાસ'ના પાયાને જરાક ઢીલો પાડવામાં સફળતા મેળવી,ત્યાર બાદ ગૂર્જર-ચક્રવર્તી શ્રી સિદ્ધરાજ જયસિંહના સમયમાં તો 'ચૈત્યવાસ'ના એ પાયા મૂળમાંથી હચમચી ઉઠ્યા અને પાટણમાં સુવિહિત સાધુઓનું ગમનાગમન મેઘમાળાની જેમ આમ અપ્રતિબંધિત બન્યું.

'ચૈત્યવાસ'ની સામે પડવામાં ત્યારે સુવિહિત-સાધુઓને ઘણી ઘણી મુસીબતો પડતી. છતાં શાસનને સમર્પિત અનેક સૂરિવરોએ આ જવાબદારી જીવ અને જાનના જોખમેય અદા કરી. સુવિહિત શિરોમણી પૂજ્ય આચાર્યદેવ શ્રી હરિભદ્ર સૂરિજી મહારાજ આદિનું અંતર 'ચૈત્યવાસ'ની શિથિલતાના દર્શને રડી ઉઠ્યું અને એ સૌએ કડક શબ્દોમાં 'ચૈત્યવાસ'ની સણસણતી સમાલોચના કરી. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ મુખ્યત્વે સ્વરચિત 'સંબોધ પ્રકરણ'નામક ગ્રંથના 'ગુર્વાધિકાર'માં ચૈત્યવાદ સામે જે પુણ્ય પ્રકોપ ઠાલવ્યો છે અને શિથિલતાનો ઉઘાડે છોગ ઉઘડો લઇને, જે જબરી ઝીંક ઝીલવા દ્વારા સત્યનું સમર્થન કર્યુ છે, એના વાચન ઉપરથી 'ચૈત્યવાસ'ના કારણે વિકૃત બની ગયેલી તત્કાલીન પરિસ્થિતિનો ઠીકઠીક ખ્યાલ આવી શકે

છે. એનું વાચન કરનારા વર્તમાન-કાલીન આત્મ-નિરીક્ષકને એવી વ્યથા પેદા થયા વિના નહિ રહે કે, એ ચૈત્યવાસ થોડા ઘણા અંશે આજે પુનઃ જૂજવા રૂપે ક્યાંક ક્યાંક પુનર્જીવન ધરવા નથી મથી રહ્યો શું ?]

નાગેન્દ્રનામના ગચ્છમાં થયેલા પ્રભાવશાળી પૂ. આચાર્ય દેવ શ્રી શીલગુણસૂરિજી આ ચૈત્યવાસી-પરંપરાના જ એક વાહક હતા. એઓ બહુધા પંચાસરમાં રહેતાં. 'ચૈત્યવાસ' વારસામાં મળેલો હોવાથી રાજાઓ આદિને મંત્ર-તંત્રથી આકર્ષવાની શક્તિઓના એ ધણી હતા. એકવાર એઓ પંચાસરની આજુ બાજુના પ્રદેશમાં થઈને વિહાર કરી રહ્યા હતા. ભર જંગલ શરૂ થતા એમની આંખે જે એક દૃશ્ય નિહાળ્યું, ...થી એમની આંખ આનંદ અને આશ્ચર્યથી ભરાઈ ગઈ.

અપરાહ્નનો સમય હતો. સામે એક ઘટાદાર વૃક્ષ હતું. એની ડાળી ઉપર એક ઝોળી બાંધવામાં આવી હતી અને એક જાજરમાન પ્રૌઢ-નારી એ ઝોળીમાં સૂતેલા-બાળકની સારસંભાળ લઈ રહી હતી. આશ્ચર્ય એ વાતનું હતું કે, સૂર્ય નમી રહ્યો હતો, છતાં એ ઝોળીની આસપાસના પ્રદેશ ઉપર તડકો પડતો ન હતો, જાણે કોઈ અદૃશ્ય હાથ, અદૃશ્ય છત્ર લઈને તડકાથી એ બાળકનું રક્ષણ કરી રહ્યા હતા.

શ્રી શીલગુણસૂરિજી આ આશ્ચર્ય જોઈને ઊભા રહી ગયા, એઓ એ ઝાડ પાસે પહોંચ્યા અને એમણે પૂછવા માંડ્યુ કે, આ બાળકનું નામ શું છે ? અને આવા ભરજંગલમાં તમારે શા માટે વસવાનો વખત આવ્યો છે ?

જૈન-સાધુની રહેણી-કરણી પર ત્યારે સૌને અખૂટ વિશ્વાસ હતો. એથી પેલી જાજરમાન નારીને થયું કે, આમની આગળ બધી વાત કરવામાં જરા પણ ગભરાવા જેવું નથી ! સુખોની સ્મૃતિમાં જેમ હૈયાને હર્ષથી ભરી દેવાની તાકાત હોય છે, એમ દુઃખોની યાદ દિલને દર્દથી ભરી મૂકવા સમર્થ હોય છે. એથી દિલને જરા મજબૂત બનાવીને પેલી સ્ત્રીએ પોતાની વીતક કહેવાનો પ્રારંભ કર્યો.

"મહારાજ ! મારી વીતક ખૂબ લાંબી છે, એટલું જ નહિ, એની

ગુપ્તતા પર ગૂર્જરરાષ્ટ્રની ભાવિ ભવ્યતા પણ આધારિત છે. પરંતુ આપના જેવા સંસાર-ત્યાગી આગળ હૈયું ખોલવામાં શો વાંધો ? માટે આપ જરા નીચે બિરાજો, તો હું શાંતિથી દિલના દ્વાર ખોલીને બધી વેદના વ્યક્ત કરી શકું !"

શ્રી શીલગુણસૂરિજીએ એક ઝાડની નીચે પોતાનું આસન બિછાવ્યું. આ રીતે એક નોંધારી નારી સાથે વાતચીત કરવી, એ શ્રમણનો ધર્મ નહોતો. પણ એઓ તો ચૈત્યવાસના સંસ્કારને વરેલા હતા. એથી એમણે કહ્યું: જે હોય, એ ખુલ્લા દિલે કહી નાખજો તમે એટલું નક્કી માનજો કે, તમારી વેદનાનું આ પ્રકટીકરણ, જળ માટે આષાઢી-મેઘ તરફ મીટ માંડતા ચાતક જેવું સફળ નીવડશે !

પ્રૌઢ વય હોવા છતાં જેની દેહની ડાળીએ કાંતિની કોયલો પંચમ સ્વર આલાપી રહી હતી, એવી એ નારીએ કહેવા માંડ્યું;

"મહારાજ ! આ ભૂમિ પર ખેલાઈ ગયેલા છેલ્લા યુદ્ધની વાતથી તો આપ પરિચિત જ હશો ? અને યુદ્ધ બાદ ગૂર્જર રાષ્ટ્રનો નકશો જે ઝડપથી પલટાઈ ગયો, એની બધી જ વાતો પણ આપ પૂરેપૂરી જાણતા જ હશો ?"

શ્રી શીલગુણસૂરિજી રાજકીય રંગથી પૂરા પરિચિત હતા, એમને શંકા પડી કે, આ નારી જયશિખરી રાજાની રાણી તો નહિ હોય ને ? નહિ તો આમ આત્મકથાના ગણેશ કરતા રાજકીય વાતોને આ કેમ યાદ કરે ? એમણે કહ્યું :

"હા. આ બધા રાજકીય રંગોથી હું બરાબર પરિચિત છું. ખરેખર જયશિખરી ગયા અને ગુજરાતના માથે પનોતી બેઠી ! નહિ તો આમ કાચી-પળમાં ગુજરાત કનોજના કબજામાં ચાલ્યું જાય ખરું ? આમ હોવા છતાં ગૂર્જર રાષ્ટ્રના ચાહકો એ આશાને આધારે જીવન જીવી રહ્યા છે કે, આપણી મહારાણીની કુંખમાં આકાર લેતી કાયા, કદાચ એવી શક્તિ લઈને કેમ ન અવતરી હોય કે, જે શક્તિનું જાગરણ આ ભંગારમાંથી શત-શત શૃંગારનું ફરી થી નિર્માણ કરી શકે !"

પેલી નારીની આંખનો ખૂણો આંસુથી ભીનો બન્યો. પાલવના છેડેથી એ આંસુને છૂપાવતા એણે ખૂબજ ધીમા સાદે કહ્યું : મહારાજ ! એ રૂપસુંદરી હું પોતે જ ! મહામંત્રીઓની કુનેહથી હું આબાદ બચી ગઇ !

"ગૂર્જરરાષ્ટ્રનો એ ભાવિ ઘડવૈયો શું આ પારણિયે પોઢ્યો છે ? રાણીજી ! ચોક્કસ આ પારણિયે એ જ ઝુલતો હોવો જોઇએ, નહિ તો સૂર્યનો આ અપ્રતિહત-પ્રતાપ આમ અટકી શકે ખરો ? મને આ ચમત્કારે જ અહીં રોકી રાખ્યો, થયું કે સૂર્યને પણ પોતાનો તાપ સંહરી લેવાની ફરજ પાડતું આ બાળક ભાગ્યશાળી હોવું જોઇએ, એથી મેં તમને એક સામટા બે પ્રશ્નો પૂછી નાખ્યા !"

રૂપસુંદરી શ્રી શીલગુણસૂરિજીના વ્યક્તિત્વમાં જાણે પોતાના પિતાજી જેવું વાત્સલ્ય જોઇ રહી. એણે કહ્યું : હા. મહારાજ ! મારો બાલુડો અહીંજ વનના આ સમ્રાજ્યમાં પોઢી રહ્યો છે. મેં સાંભળ્યું છે કે, આપ જબરા જ્યોતિષી છો. મારો આ લાડકવાયો વિ. સં. ૭૫૨ ના આ વર્ષમાં, વૈશાખની પૂનમે જનમ્યો છે. તો આ તિથિ પરથી એનું ભાવિ ભાળીને મને કહો કે, આના ભાલમાં શું લખ્યું છે !

રૂપસુંદરી ઉભી થઇ અને પારણિયે પોઢેલા એ બાળને કાળજાની કોરની જેમ ઝાલીને સૂરિજી પાસે લાવીને એ પુનઃ બેસી ગઇ. એ બાળકના મોં પર એવું તેજ ઝળહળી રહ્યું હતું કે, જેને જોતા સૂર્યની તેજસ્વિતા અને ચંદ્રની શીતલતા યાદ આવી જાય ! શ્રી શીલગુણસૂરિજી થોડી પળો સુધી એ બાળકને જોઇ જ રહ્યા, જોઇ જ રહ્યા ! પછી એ બોલ્યા કે, રાણીજી ! વનના આ રાજાનું ભાવિ તો ઘણું બળવાન છે. કાં આ મહાન ધર્માચાર્ય થશે, કાં આ ગૂર્જર-રાષ્ટ્રનો મહાન ઘડવૈયો રાજા થશે. આનું નામ શું રાખ્યું છે?

"મહારાજ ! નામ તો હજી પાડ્યું નથી, પણ આપના મોમાંથી હમણા જે શબ્દો નીકળ્યા, એ મને ખૂબ ગમી ગયા છે. માટે આજથી હવે મારા આ લાડકવાયાને હું 'વનરાજ'ના નામે જ બોલાવીશ

મહારાજ ! ભૂયડના ગુપ્તચરો હજી અમારી શોધમાં બાજની આંખે ઘૂમી રહ્યા છે. એથી એ તો કહો કે હજી દુઃખના આવા આ દહાડા ક્યાં સુધી વેઠવા પડશે ?"

શ્રી શીલગુણસૂરિજી 'વનરાજ'ના ભાલ પર ચમકતા તેજ અંબરથી અંજાઈ જઈને વિચારી રહ્યા હતા કે, આ રાણીને જો આશ્રય આપવામાં આવે અને આ વનરાજના જો પિતા બનવામાં આવે, તો જૈન શાસનની મહાન પ્રભાવના કરનારી એક શક્તિનું સર્જન કરી શકાય.એથી એમણે કહ્યું: રાણીજી, તમારા દુઃખના દહાડા હવે ગયા જ સમજો ! થોડા દિવસ પછી પંચાસરના જૈનચૈત્યમાં તમે આવજો. શ્રી પાર્શ્વનાથપ્રભુના એ ચૈત્યની પાસે જ અમારો ઉપાશ્રય છે. તમે ત્યાં આવજો, પછીનું બધું જ થઈ પડશે.

રૂપસુંદરીએ 'તહત્તિ' કરીને આ વાત સ્વીકારી લીધી. શ્રી શીલગુણસૂરિજી રાણીનો સદ્ભાવ લઈને અને પોતાનું મન ત્યાં મૂકીને આગળ વિહાર કરી ગયા !

●

પંચાસરના ઉપાશ્રયના એક વિશાળ-ખંડમાં વિરાજમાન શ્રી શીલગુણસૂરિજીની સમક્ષ સંઘના આગેવાન-શ્રેષ્ઠિઓ નતમસ્તકે ખડા હતા અને સૂરિજી એઓને કહી રહ્યા હતા : જુઓ, આ નારીરત્નને આશ્રય આપવા જેવો છે અને આ બળકને સગા દીકરાથીય સવાયા સ્નેહ સાથે ઉછેરવા જેવો છે. વાત બહાર જાય નહિ, એનો પૂરો ખ્યાલ રાખજો ! આ મા-દીકરાને ઓળખ્યા ? આ રાણી રૂપસુંદરી છે અને આ વનરાજ છે. તમે આને સામાન્ય ન સમજશો. ગૂર્જર-રાષ્ટ્રના ઘડવૈયા થવાના અથવા તો જૈનશાસનના જ્યોતિર્ધર બનવાના ભાગ્ય-લેખ આના ભાલ પર લખાયેલા હું સ્પષ્ટ વાચી શકું છું. માટે આ બંનેને એવી રીતે સાચવજો કે, જેથી આમને જરાય પરાયાપણું ન લાગે અને પાછું આમનું વ્યક્તિત્વ એટલું જ ગુપ્ત રહે !

સંઘના આગેવાનો એટલા બધા શાણા હતા કે, એમના માટે

આટલો ઈશારો પણ ઘણા ઘણા અર્થનો સૂચક બની ગયો. દિવસો વીતવા માંડ્યા, એમ વનરાજ મોટો થવા માંડ્યો. વિકાસ પામતા શતદળ-કમળની જેમ વૃદ્ધિ પામતા વનરાજને જોઈને મનોમન સંતોષ અનુભવતી રાણી રૂપસુંદરી શ્રીશીલગુણસૂરિજીના ઉપકારના ભારને વધુ ને વધુ વહતી રહીને વનરાજના ભાવિ અંગેના ભવ્ય સ્વપ્નો નિહાળી રહી ! વનરાજ શ્રી શીલગુણસૂરિજીની છત્રછાયામાં દિવસનો ઘણો ખરો ભાગ ગાળીને ધર્મ-સંસ્કારથી સમૃદ્ધ બનતો ગયો. સૂરિજી એનામાં એક પ્રભાવક જૈનાચાર્યનું પ્રતિબિંબ નિહાળી રહ્યા, પણ આ પ્રતિબિંબની પાત્રતા વનરાજમાં નહોતી, એનો સ્પષ્ટ-ખ્યાલ એક દિવસ સૂરિજીને અણધાર્યો જ આવી ગયો.

પ્રસંગ એવો બન્યો કે, સૂરિજી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં દર્શન કરી રહ્યા હતા. ત્યાં અચાનક એમની દૃષ્ટિ આઠ વર્ષના વનરાજ ઉપર પડી. મંદિરમાં ફરતા ઉંદર આદિ દેરાસરને કોઈ નુકસાન ન કરી જાય, એની દેખરેખ રાખવાનું કામ વનરાજને સોંપવામાં આવ્યું હતું. પણ એનું ક્ષાત્રતેજ આવું રક્ષાકાર્ય અદા કરી શકે ખરૂં ? વનરાજ તો કાંકરી વગેરેનો પ્રખર  પ્રહાર કરીને ઉંદરને મારી રહ્યો હતો એની ગણતરી એવી હતી કે, જો ઉંદર જીવતા રહે, તો જોખમ ઉભું રહે ને ? એના કરતા જોખમનું આ મૂળ જ ખતમ થઈ જાય, તો પછી કોઈ જોખમની સંભાવના જ ન રહે ?

શ્રી શીલગુણસૂરિજી ઉંદર પર કાંકરીના પ્રહાર કરતા વનરાજને જોઈ ગયા અને થોડાક નિરાશ થઈને વિચારી રહ્યા કે, આ સંસ્કારો જ કહી જાય છે કે, આનામાં ધર્મનાયક નહિ, રાષ્ટ્રનાયક થવાના બીજ પડ્યા છે, એથી હવે આના માટે જિન-શાસનના જ્યોતિર્ધર થવાના સ્વપ્ન નિહાળવાનો કોઈ અર્થ નથી ! અને એક દિવસ રાણી રૂપસુંદરીને ખાનગીમાં બોલાવીને એમણે આ ઘટના કહી સંભળાવ્યા બાદ જણાવ્યું કે-

"રાણીજી ! સિંહ-બાળને ગુફામાં ગોંધી ન રખાય કે એને

જીવરક્ષાના પાઠ પઢાવવાનો પરિશ્રમ ન લેવાય. એમ વનરાજ હવે અમારી છાયા કરતા એના મામા સુરપાળની છાયાને માટે વધુ યોગ્ય હોય, એમ લાગે છે. તલવાર તાણીને ગૂર્જર-રાષ્ટ્રનું સુદૃઢનિર્માણ કરવાના એના ભાગ્યલેખ છે, એને ભૂંસી નાખીને ત્યાં ધર્મ ધ્વજ ધારણ કરીને પ્રભાવક ધર્માચાર્ય બનવાના લેખ કોતરવાનો પ્રયાસ કરવામાં ન તો ડહાપણ છે, કે ન તો એમાં સફળતા મળવાની સંભાવના છે ! આટલામાં બધું સમજી જવાનું શાણપણ તમારી પાસે છે, માટે વધુ સ્પષ્ટતા કરવી જરૂરી જણાતી નથી. પણ એટલું કહેવાનું દિલ રોકી શકતો નથી કે, વનરાજ રાજા બને, ત્યારે એને એટલું જરૂર યાદ કરાવજો કે, આપણી જીવન-વેલને ઉંચે ચડાવનાર કોણ હતું અને કોના પીઠબળે આપણે હેમખેમ રહી શક્યા છીએ ?"

શ્રી શીલગુણસૂરિજીએ અંતરની વાત રજૂ કરી દીધી. રાણી રૂપસુંદરીએ જવાબમાં કહ્યું : મહારાજ ! અમે કોઈ પણ કાળે આપનો ઉપકાર ભૂલી શકવાના નથી. વનરાજ રાજા બનશે, તો એના ધર્મ-ગુરુ તરીકેના પદાધિકારી એક માત્ર આપ હશો ! એમાં આપ જરાય શંકા ન રાખતા. આપે અમને જે આપ્યું છે, એ ન તો કોઈ આપી શક્યું છે, તેમજ ન તો કોઈ આપી શકશે !

રાણી રૂપસુંદરીની આંખે ઝળહળિયા આવી ગયા. શ્રી શીલગુણસૂરિજીની હાલત પણ એવી જ હતી. પણ એ ઝળહળિયા પર પાપણનો પડદો હતો. બંને છૂટા પડ્યા. બંનેના હૈયા આ પળે જેમ ભારેખમ હતા, એમ એક દૃષ્ટિએ એક અકળ પરિસ્થિતિનો ઉકેલ આવી જવાથી ખાલીખમ બનીને ફૂલ જેવા ફોરા પણ બની ગયા હતા.

□

# સામ્રાજ્યનું સાકાર થતું સ્વપ્ન

## [૪]

પુત્રના લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં ! આ કહેવત પાછળ અનુભવીઓના અખૂટ અનુભવોનો અર્ક સમાવવામાં આવ્યો છે.

વનરાજ ગમે તેમ તોય જયશિખરી જેવા પ્રતાપી રાજાનો ફરજંદ હતો, ક્ષાત્રવટ એને વારસામાં મળી હતી, ધિંગાણાનાં ગાણાં એને ધાવણ સાથે સાંભળવા મળ્યાં હતા અને રાજ્યના ગ્રહ-લેખ એના લલાટે અંકાયેલા હતા. એથી મામા સુરપાળનું સાંન્નિધ્ય સાંપડતા જ એનું ખરૂં રૂપ ખીલી ઉઠ્યું. થોડા જ વર્ષોમાં મામા પાસેથી બાણ આદિ શસ્ત્ર-વિદ્યામાં એ પારંગત બની ગયો. એના મામા સુરપાળ ગૂર્જર રાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિથી સચિંત હતા અને ગૂર્જર-રાષ્ટ્રને ફરી ગૌરવ અપાવવાના સ્વપ્નો નિહાળી રહ્યા હતા. પણ અજેય-રાષ્ટ્રના નિર્માણ માટે તો સેના જોઇએ અને સંપત્તિ વિના સેનાનું સર્જન કઇ રીતે થાય ? માટે એઓ લૂંટ-ફાટ આદિ કરીને સંપત્તિ ભેગી કરી રહ્યા હતા. એમની આ પ્રવૃત્તિમાં વનરાજ એમને ખૂબ જ સહાયક થઇ પડ્યો.

વનરાજ પાસે વિદ્યા હતી, વિક્રમ હતું, વિશિષ્ટ પુણ્ય હતું અને આ બધાથીય વધુ કિંમત ધરાવતી હિંમત હતી. એથી એ જ્યાં જતો, ત્યાંથી લૂંટમાં અઢળક લક્ષ્મી ઘસડી લાવતો. એકવાર વનરાજના કાને એવી વાત આવી કે, કનોજના અધિકારીઓ ગુજરાતમાંથી છ મહિના સુધી કરની વસુલાત કરીને પાછા કનોજ તરફ ફરી રહ્યા છે તેમજ કરની વસુલાત રૂપે એમની પાસે ૨૪ લાખ ચાંદીના સિક્કા અને ચાર

હજાર ઉપરાંત જાતિવાન અશ્વો છે ! આ પાકા સમાચાર મળતા જ વનરાજની દાઢ સળવળી ઉઠી. એણે મામાને કહ્યું : મામા ! આ અવસર ગુમાવવા જેવો નથી, આવી અઢળક-લક્ષ્મી ફરી પાછી ક્યાં ચાંલ્લો કરવા આવવાની હતી ! આટલા દ્રવ્યમાંથી તો આપણે કેટલી બધી સેના એકઠી કરી શકીએ ?

સુરપાળે વનરાજની વાતને વધાવી લીધી અને બરાબર લાગ જોઇને ઉંઘતા ઉંદરો પર બિલાડી તરાપ મારે, એમ વનરાજની ટોળકીએ કનોજના અધિકારી-મંડળ પર છાપો માર્યો અને બધું ધન જપ્ત કરી લીધું.

આવી અનેક લૂંટો ઉપરાંત ચાંપા વાણિયા અને શ્રીદેવી તરફથી મળેલી આર્થિક-મદદની રકમ પણ ઘણી ઘણી મોટી હતી. વનરાજને વિશ્વાસ બેઠો કે, ગૂર્જર રાષ્ટ્રનો પાયો નાખવા જોગી શક્તિનો સંચય હવે થઇ ગયો છે, એથી યાહોમ કરીને ઝંપલાવીશું, તો આગે આગે ફતેહ તો મળતી જ રહેશે ! આ વિશ્વાસના સહારે વનરાજે એક તરફ સેનાને વિકસાવવા માંડી, તો બીજી તરફ જ્યાં રહીને સમગ્ર ગૂર્જરનો વિકાસ સાધી શકાય, એવી એક મહાનગરીનું નિર્માણ કરવાનું કાર્યચક્ર એણે ગતિમાન બનાવ્યું.

પોતાના અધિકારીઓ પાસેની કર-લક્ષ્મીના લૂંટના તેમજ પરાક્રમી-વનરાજ દ્વારા ચાલી રહેલી કાર્યવાહીના સમાચાર ગુપ્તચરો દ્વારા કનોજમાં પહોંચતા રહેતા હતા, પણ ભૂયડ-રાજાને લાગ્યું કે, અત્યારે હવે ઉતાવળ કરીને વીર વનરાજને વશ કરવા જતા સમગ્ર ગુજરાતમાં બળવો જાગે, તો એની સામે ટકી શકવું મુશ્કેલ છે ! એથી એમણે બંધ-આંખે બધો તમાશો જોયા કરવામા જ ડહાપણ માન્યું.

વનરાજની પરાક્રમી પ્રવૃત્તિ તો દિવસ કરતા રાતે અને રાત કરતા દિવસે વધુ ને વધુ જોર પકડતી પરિપુષ્ટ બની રહી હતી. સેના પણ વિશાળ બની રહી હતી, કારણ કે ગૂર્જર રાષ્ટ્રને ગૌરવ અપાવવા ન્યોચ્છાવર થઇ જવાની વીર-વૃત્તિ ધરાવનારા ગૂર્જરો લાખોની સંખ્યા

ધરાવતા હતા, એઓ એક નાયકની જ પ્રતીક્ષામાં હતા. એથી વનરાજે પોતાની બધી શક્તિને નવી પાટનગરીના નિર્માણકાર્યમાં કેન્દ્રિત કરી. એક એવી વિશાળ નગરીનું સ્વપ્ન એની આંખમાં ઘેરાતું હતું કે, જે નગરી અનેક રીતે અનોખી હોય અને ઘણા-ઘણાને માટે જે દર્શનીય બને ! એથી નગરીના નિર્માણ માટે વનરાજ દિન-રાત એવી ભૂમિની ખોજમાં હતો કે, જે ભૂમિ સુલક્ષણી અને વિશિષ્ટ ગુણવાળી હોય !

વનરાજ જે પ્રદેશ પર ભૂમિ-ખોજ કરતો હતો, એ જ પ્રદેશની રજેરજનો જાણકાર એક ભરવાડ વર્ષોથી ત્યાં ઢોર ચરાવવા આવતો. એક દિવસે એની નજરે એક અજબનું આશ્ચર્ય નિહાળેલું. એક સસલું અને એક કૂતરો આ બંનેની લડાઇ જામી હતી, સસલાની સામે કૂતરો તો ઘણો બળવાન ગણાય. પણ આ લડાઈમાં એ ભરવાડે અનેકવાર અને અનેક દિવસો સુધી ધારીધારીને જોયું કે, કૂતરો હારી જતો અને એની પીઠ પર સસલો ચડી જઇને જાણે સામ્રાજ્ય ભોગવતો હતો ! અનેકવાર આવું દૃશ્ય જોયા પછી ભરવાડના મનમાં એવો વિશ્વાસ બેઠો હતો કે, ચોક્કસ આ ભૂમિનો જ એ પ્રભાવ છે કે, અહીં બળવાન પણ હારી જાય છે અને નબળો પણ જીતી જાય છે ! એથી આ ભૂમિ પર જો કોઇ નગરી વસાવવામાં આવે અને એ ગૂર્જર રાષ્ટ્રની પાટનગરી બને, તો ગમે તેવો બળવાન રાજા પણ આ નગરીને નમાવી ન શકે !

કૂવાની છાયા જેમ કૂવામાં જ સમાય, એમ એ ભરવાડનું આ સ્વપ્ન એની આંખમાં જ સમાઇ જતું હતું. એની પાસે તો એવી શક્તિની આશા પણ ક્યાંથી રાખી શકાય કે, જે શક્તિના આધારે નગરીના નિર્માણનો નકશો પણ તૈયાર થઇ શકે ! એ બિચારો ભરવાડ રોજ ઢોર ચરાવવા આવતો, બપોર થતા એક વડલાના વિસામે એ આરામ કરતો, એની આંખ જરાક બંધ થતી અને સસલા કૂતરાની લડાઇનું એ સ્વપ્ન અને એ મનોરથ એની આગળ ઉપસી આવતા. બસ ! બરાબર આ જ રીતે એક દિવસ એ વડલાના વિસામે આરામ કરવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં જ એની નજર કોઇ શોધમાં

નીકળેલ થોડા માણસો પર પડી. એને કુતુહલ થયું. નજીક જઇને એણે પૂછ્યું. શું શોધવા નીકળ્યા છો ?

જવાબ મળ્યો : અમે એવી એક ભૂમિની શોધમાં છીએ કે, જ્યાં નિર્માણ પામેલી નગરી સમગ્ર-ગૂર્જરને અજેય-રાષ્ટ્ર બનાવવા સમર્થ બને !

ભરવાડે પૂછ્યું : શું આપ પોતે જ વનરાજ છો ? ગૂર્જર-રાષ્ટ્રને નવી અસ્મિતા અપાવવાના મનોરથ સેવનારા મહારથી-વનરાજના નામ-કામથી ભરવાડ પરિચિત હતો, પણ એને થયું કે, અહીંની આ ભૂમિમાં વનરાજનું આગમન ક્યાંથી સંભવિત હોય ? એથી એણે આશ્ચર્ય સાથે પૂછી નાખ્યું. જવાબ મળ્યો : હા. વનરાજ હું પોતે જ છું. મારે એવી એક નગરીનું નિર્માણ કરવું છે કે, ગમે તેવો બળવાન શત્રુ પણ જેને નમાવી ન શકે !

ભરવાડની આંખ ચિર-દૃષ્ટ સ્વપ્નોની સ્મૃતિથી પાછી ઉભરાઇ ઉઠી. એના અંતરમાં પોતાના નામને અમર બનાવવાના અરમાન અને ઓરતા પણ જોરજોરથી આંદોલિત બની ઉઠ્યા. ઠાવકું મોં રાખીને એણે કહ્યું : વનના ઓ રાજા ! જ્યાં નબળોય બળવાન બની જાય, અને બળવાન શત્રુ પણ નબળો સાબિત થાય, એવી ભૂમિ શોધી આપવા હું તૈયાર છું. પણ એક શરતે !

વનરાજે નાણાની કોથળી ખોલતા કહ્યું કે, આમાંથી જેટલું જોઇએ, એટલું તું લઇ શકે છે, પણ મને એવી ભૂમિ બતાવ કે, જેની પર...

ભરવાડે એ કોથળી પરથી નજર ખેંચી લેતા કહ્યું : મારે માટે આ દામ તો શિવ નિર્માલ્ય ગણાય. મારે દામ નથી જોતા, મારે તો જોઇએ છેઃ નામ ! મારું નામ અમર રાખવાનો કોલ તમે આપતા હો, તો એવી પ્રભાવંતી-ભૂમિ બતાવું કે, જ્યાં સસલા સિંહ બની જાય અને કૂતરાને કાબુમાં રાખે ! મારું નામ છેઃ અણહિલ્લ ! બોલો, મારી આ શરત મંજૂર છે ?

''સો વાર મંજૂર ! જો આવી ભૂમિ તું બતાવતો હોય, તો એની પર નિર્માયેલીનગરીને 'અણહિલ્લપુર-પાટણ'નું નામ આપવા હું અત્યારથી જ બંધાઇ જાઉં છું.''

વનરાજને તો ગમે તે ભોગે સુલક્ષણી-ભૂમિની ભૂખ સંતોષવી હતી. એ વચનબદ્ધ બની ગયો. અણહિલ્લ-ભરવાડના રોમેરોમમાં જાણે પ્રસન્નતાના પોયણાં ખીલી ઉઠ્યાં. વડલા પાસે જઇને પોતાની કામળ અને કાઠી લઇ આવીને એ વનરાજને પેલી ભૂમિ તરફ દોરી ગયો. ભાગ્યયોગે એ પળે પણ ત્યાં સસલા કૂતરાની લડાઇ જામેલી જ હતી. સૌએ સગી આંખે જોયું : કૂતરાની પીઠ પર ચડી બેસીને સસલો વિજય-નૃત્ય કરી રહ્યો હતો !

વનરાજનું રોમેરોમ આનંદિત બની ઉઠ્યું. દિવસોની શોધ આજે સફળ બની હતી, ભૂમિ-વાદના જાણકારો પણ બોલી ઉઠ્યા કે, આ ભૂમિ ખૂબ જ સુલક્ષણી છે. રાજવી-વનરાજ ! અહીંના નિર્માણમાં વપરાતી એકેએક ઈંટ ગૂર્જર-રાષ્ટ્રના પાયાને પણ પોલાદી બનાવવાનું કાર્ય કરશે ને સામ્રાજ્યના આપના સ્વપ્નો સાકાર થશે.

વનરાજની શોધ સફળ થઇ. ભરવાડ અણહિલ્લની ભાવના-સૃષ્ટિ સફળ થતા એના આનંદનો ય પાર ન રહ્યો.

વિ. સં. ૮૦૨ ના વૈશાખ સુદ બીજનો એ ધન્ય દિવસ હતો. જ્યારે વનરાજે અણહિલ્લપુર પાટણનો પાયો નાખવા દ્વારા જાણે ગૂર્જર-રાષ્ટ્રના એક મહાન સામ્રાજ્યનો પણ પાયો નાખ્યો અને થોડાક જ વર્ષો માં ગુજરાતનું ગૌરવ વધારે એવું એ નિમાર્ણ કાર્ય પૂર્ણ થવા આવતા અણહિલ્લપુર-પાટણના સિંહાસન પર વનરાજ ચાવડાનો રાજ્યાભિષેક મહોત્સવ એવી ભવ્યતાથી ઉજવાયો કે, શત્રુઓની આંખમાં વનરાજ એક કણાની જેમ ખૂંચ્યો, જ્યારે ગૂર્જર-પ્રજાની આંખમાં એ મહોત્સવે અમૃતના અંજન આંજ્યા. ત્યારે વનરાજની વય ૫૦ આસપાસની હતી અને વન-પ્રવેશની અણીએ આવીને ઉભી હતી.

રાજ્યાભિષેકનો પ્રસંગ રંગેચંગે ઉજવાયા બાદ વનરાજે પોતાના

ઉપકારી -ગુરુદેવ શ્રી શીલગુણસૂરિજીને સબહુમાન આમંત્રિત કરીને એમના ચરણમાં પોતાના સામ્રાજ્યનું સમર્પણ કરતા કહ્યું : મહારાજ ! આ રાજ્ય આપનું જ છે, પછી આપને સમર્પણ કરવાનો કોઇ સવાલ રહેતો નથી ! હું જ જ્યાં આપની કૃપાનું ફળ છું, ત્યાં આ રાજ્ય પર તો મારો અધિકાર ક્યાંથી હોઇ શકે ?

શ્રી શીલગુણ સૂરિજીએ પોતાનો સાધુ ધર્મ આગળ કરીને કહ્યું : વનરાજ ! રાજ્યનો સ્વીકાર અમારાથી ન થઇ શકે ? અમે તારી પાસે એક જ ઈચ્છા રાખીએ છીએ કે, જે પાર્શ્વનાથ-પ્રભુની પૂજા-ભક્તિના પ્રતાપે તું આ બધું પામ્યો છે, એમને ભૂલતો નહિ ને જીવનમાંથી ધર્મને દેશવટો દેતો નહિ.

વનરાજે પંચાસરમાંથી એ શ્રી પાર્શ્વનાથ-પ્રભુજીને અણહિલ્લપુર પાટણમાં મંગાવીને નવા અતિ ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું, શ્રી શીલગુણસૂરિજીના વરદહસ્તે એ પાર્શ્વનાથ પ્રભુને એમાં પ્રતિષ્ઠિત કર્યા અને પંચાસર-પાર્શ્વનાથ-પ્રભુના જયજયકારથી પાટણનો ખૂણે ખૂણો ગૂંજી ઉઠ્યો.

ભિન્નમાલથી નીકળીને ગાંભુમાં જઇ વસેલા શ્રી નીના શ્રેષ્ઠિએ જેમ ગાંભૂમાં અઢળક ધનની સાથે નામના-આબરૂ એકઠી કરી હતી, એમ વનરાજના આમંત્રણથી પાટણમાં આવીને વસ્યા બાદ એથીય વધારે નામ-કામની કમાણી નીના-શેઠ કરી શક્યા હતા. પુત્ર લહિરનું નવ-યૌવન તો ઓર ખીલી ઉઠ્યું હતું, શ્રી સુધર્માદેવી સાથે લહિરનું લગ્ન પણ થઇ ગયું હતું. એથી એઓ બધા પાટણ આવીને વસ્યા એ પછીના થોડા જ દિવસોમાં શ્રેષ્ઠિ નીનાના પુત્ર લહિરમાં રહેલા બળકળથી પૂરા પરિચિત બની ચૂકેલા વનરાજે એને મંત્રીપદથી સન્માનવાનો નિર્ણય અમલમાં મૂકી દીધો અને એથી વનરાજનું રાજ્ય શ્રેષ્ઠિ લહિર, ચાંપા વણિક આદિ જૈન મંત્રીઓથી સમૃદ્ધ બનતું દૃઢમૂલ બની રહ્યું, તેમજ જૈન-મંત્રીઓથી પ્રતિષ્ઠિત આ રાજ્યનો વિદ્વેષી કદી આબાદી ન ભોગવી શકે, એવી ધાક ચોમેર ફેલાઈ રહી ! ગૂર્જર-રાષ્ટ્ર,

વનરાજ ચાવડો, મંત્રી લહિર, અણહિલ્લપુર પાટણ તેમજ પંચાસરથી આણેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના ભવ્ય જિનાલયથી મંડિત શ્રી વનરાજ-વિહારઃ આ બધાની કીર્તિ એક બીજાની વચ્ચે જાણે હરિફાઇ ન જામી હોય, એ રીતે દિવસે-દિવસે વૃદ્ધિ પામવા માંડી.વર્ષો વીતવા માંડ્યા અને આ બધાની કીર્તિ કથાઓ દેશ-પરદેશમાં ગવાવા માંડી !

શ્રી શીલગુણસૂરિજી સંતોષ અનુભવી રહ્યા હતા કે, વનરાજને આપેલો આશ્રય જિનશાસનની પ્રભાવના વધારવામાં ઠીક ઠીક નિમિત્ત બની ગયો ! વાતય સાચી હતી. વનરાજે શ્રી શીલગુણસૂરિજીએ કરેલા ઉપકારના ઋણમાંથી આંશિક મુક્તિ મેળવવા ઘણું ઘણું કર્યું હતું. શ્રી પંચાસરા-પાર્શ્વનાથ જિનાલયનું ભવ્ય અને તીર્થની શોભા ઘરાવે એવું નવનિર્માણ આ ઋણ-મુક્તિના પ્રયાસનું જ એક ફળ હતું, તદુપરાંત વનરાજે પોતાના ગુરુ શ્રી શીલગુણસૂરિજી તરફની શ્રદ્ધા/ભક્તિ વ્યક્ત કરવા એક એવું ફરમાન બહાર પડાવ્યું કે, શ્રી શીલગુણસૂરિજીની આજ્ઞા માનનાર એટલે કે ચૈત્યવાસી સાધુઓ જ પાટણમાં રહી શકે ને ધર્મોપદેશ આદિ આપી શકે.

૫૦ વર્ષની વયે પાટણની ગાદી પર આવનાર વનરાજ ચાવડો જેમ ભારે બાહોશ હતો, એમ વ્યક્તિ વિશેષમાં રહેલી અણમોલ-અજોડતાઓનો પૂરો પારખું પણ હતો. એથી જ તો એણે શ્રી લહિર, ચાંપા વણિક આદિ જેવા અનેક જૈન-મંત્રીઓને પોતાના રાજ્યમાં અગ્રગણ્ય-સ્થાન આપીને સામ્રાજ્ય-વૃદ્ધિનો એક વ્યૂહ આબાદ સફળ બનાવ્યો હતો.

શ્રી નીના-શ્રેષ્ઠિ મંત્રી ભલે ન હતા, પણ મંત્રી પુત્રના પિતા તો હતા જ. તેમજ એમનામાં દાનવીરતા, આપત્તિમાં માર્ગ કાઢવાની કાબેલિયત આદિ કેટલાક ગુણો એવા તો અસાધારણ હતા કે, પાટણમાં એક પ્રતિષ્ઠિત-પરિવાર તરીકે એમના નામ-કામ પર ફૂલ મૂકાવા માંડ્યા, એઓ વિદ્યાધર ગચ્છના અનુરાગી-શ્રાવક હતા, એથી આ ગચ્છના આચાર્યોના ઉપદેશાનુસાર શ્રી ઋષભદેવ-પ્રભુના એક ભવ્ય

જિનમંદિરનું નિર્માણ એમણે પ્રારંભ્યું. રાજકાજની અનેકવિધ પ્રવૃત્તિઓનો ભાર માથે હોવા છતાં લહિરમંત્રીએ પણ આનો પાયો પૂરવાથી પ્રારંભીને પ્રતિષ્ઠા સુધીના કાર્યમાં ઊંડો-રસ લીધો. આ મંદિરના નિર્માણ પછી તો નીના-શ્રેષ્ઠિનું નામ કોઇથી અજાણ્યું ન રહ્યું.

એ કાળે સારા સારા હાથીઓ રાખવા, એ રાજાઓ માટે વિશિષ્ટ શોખ અને શાખની વાત ગણાતી. એમાંય ત્યારે વિંધ્ય-દેશના હાથીઓ તો ખૂબ ખૂબ વખણાતા. એકવાર લહિર-મંત્રીને થયું કે, વિંધ્યના હાથી જો પાટણના પાદરે આવે, તો ગૂર્જર-રાષ્ટ્રની ગૌરવ-ગાથામાં એક સુવર્ણ-કલગી ઉમેરાય ! એક તો વિંધ્ય સુધી પહોંચવું, પછી ત્યાંથી હાથી મેળવવા અને ત્યારબાદ હાથીઓને ગુજરાત સુધી દોરી લાવવા - આ બધી એક એકથી વધુ કષ્ટસાધ્ય બાબતો હતી. પણ લહિરમંત્રી પાસે ઉત્સાહ અને સાહસની મૂડી મોટી હતી. એથી એઓ જેટલાં કષ્ટોનો સામનો કરીને વિંધ્ય સુધી પહોંચ્યા, એથીય કેઇ ગણા કષ્ટોને પગ નીચે કચડીને એક દહાડો પુનઃ પાટણને પાદરે આવી કાર્ય સિદ્ધ કરીને ઉભા. એમના પગલે-પગલે હાથીઓ અને અશ્વોની વણઝાર જ્યારે પાટણમાં પ્રવેશી, ત્યારે રાજા વનરાજથી માંડીને નાનામાં નાનો એક પ્રજાજન પણ મંત્રી લહિરની આ સિદ્ધિને પ્રશંસાના પુષ્પોથી વધાવ્યા વિના ન રહી શક્યો. આ સ્મૃતિ રૂપે મંત્રી લહિરને 'સંડસ્થલ' નામનું એક ગામ ભેટ અપાયું.

આ અને આવા અનેક સાહસો દ્વારા કેટલીય સિદ્ધિઓ પ્રાપ્ત કરીને, મંત્રી લહિરે ગૂર્જર-રાષ્ટ્રનું નામ રોશન કર્યું. નીના શ્રેષ્ઠિ આવા પ્રતાપી-પુત્રના પિતા બનવા બદલ જાતને ધન્ય માનવા માંડ્યા. આ જીવનમાં અનેક અનુભવો માણીને, કેટલાય ધૂપ-છાંવ વેઠીને અને ધર્મના રંગને દિનદિન ચડતો રાખીને, જીવનની સફળતા અંગે સંતોષ અનુભવનાર નીના શ્રેષ્ઠિ એક દહાડો હસતા-હસતા આ વિશ્વમાંથી વિદાય લઇને પરલોકના પંથે પ્રયાણ કરી ગયા. આ બનાવ પર થોડાંક વર્ષો વીત્યા અને નીનાશેઠની ધર્મપત્ની સુલલિતા દેવીએ પણ જેને

માંગવાનું મન થાય, એવું સમાધિ-મૃત્યુ મેળવી જાણ્યું.

આ અરસામાં મંત્રીલહિરે જે નામના અને રાજ-કૃપા મેળવી હતી, એ ભલભલાને મોંમાં આંગળી નંખાવે એવી હતી. ત્યારે એમની પોતાની ટંકશાળામાં એમના નામના સિક્કા પડતા હતા. મંત્રી લહિરની કીર્તિ-પતાકાઓ આમ દશેદિશામાં ફરકવા માંડી.

પાકેલા ફળને ઝાડ પરથી નીચે પડવા સિવાય બીજો કોઇ ભય હોતો નથી, જન્મેલા માણસને મરવા સિવાય મોટો બીજો કોઇ ભય હોતો નથી. કુદરતનો આ અફર ક્રમ છે. પોતાની નામના-કામનાથી ભલભલા ભડવીરોને હંફાવનાર અને ગૂર્જર-રાષ્ટ્રના સામ્રાજ્યનું સ્વપ્ન સાકાર કરવા જીવનભર વીરતાથી ઝઝૂમીને, જીવનના ઉત્તરાર્દ્ધમાં એમાં ઝળહળતી સિદ્ધિ મેળવનાર વનરાજ-ચાવડા જેવા રાજવી પણ આ ક્રમની સામે પરાક્રમ કરીને એને તોડી શકે, એ શક્ય ન હતું.

ગૂર્જર-રાષ્ટ્ર માટે અંતે એક એવી ગોઝારી પળ આવી, જ્યારે વનરાજ-ચાવડાનો જીવન-દીપ બુઝાયો. વિ. સં. ૮૦૨ થી ૫૦ વર્ષ ૨ મહિના અને ૨૧ દિવસ સુધીનું પ્રતાપી રાજ્ય ભોગવીને દિવંગત બનેલા વનરાજ-ચાવડાનું મૃત્યુ અનેકને માટે આઘાત-જનક બની ગયું, પણ એ આઘાત વચ્ચે ય કઇંક સાંત્વના લેવા જેવી વાત એ હતી કે, પોતાની પાછળ યોગરાજ જેવા પ્રતાપી અને નીતિનિષ્ઠ પુત્રને પેદા કરીને વનરાજ ચાવડાએ ૧૧૦ વર્ષની વયે આ વિશ્વમાંથી વિદાય લીધી હતી !

□

# પ્રતાપી-પૂર્વજોની પુણ્ય-પરંપરા

## [૫]

વનરાજ ચાવડાએ અણહિલ્લપુર પાટણની સ્થાપના દ્વારા અજેય ગૂર્જર-રાષ્ટ્રનો જે પાયો નાખ્યો, એ પાયાને મજબૂત બનાવવાનું કાર્ય ચાવડા વંશમાં થયેલ સાત-સાત રાજાઓ સુધી એકધારું ચાલતું રહ્યું ! પછી સમય-ચક્રે પલટો લીધો અને પાટણની ગાદી પર સોલંકી-ચૌલુક્ય રાજાઓના શાસન-કાળનો પ્રારંભ થયો. વિ. સં. ૮૦૨ થી ૯૯૮ સુધી ગૂર્જર-રાષ્ટ્રની અખંડ ધુરા અને અણહિલ્લપુર પાટણના રાજ-સિંહાસનના સૂત્રો જેમ ચાવડા-વંશ સંભાળતો રહ્યો, એમ મંત્રી-પદની પરંપરા નીના શ્રેષ્ઠિના વંશજો સંભાળતા રહ્યા.

ઈતિહાસના પ્રમાણો પ્રમાણે વનરાજ ચાવડા પછીનાં બે ત્રણ રાજાઓના સમય સુધી મંત્રી-ધુરા શ્રી લહિરના હાથમાં રહી. વનરાજની વિદાય પછી પાટણની ગાદી પર એમના પુત્ર યોગરાજનો રાજ્યાભિષેક થયો. યોગરાજ એક દીર્ઘાયુષી તેમજ ન્યાય-નિષ્ઠ રાજવી તરીકેનું અદ્ભુત જીવન જીવી ગયા. એમને ક્ષેમરાજ આદિ ત્રણ પુત્રો હતા. ૩૫ વર્ષના એમના રાજકાળ દરમિયાન સરજાયેલો ઈતિહાસ મોટા પ્રમાણમાં અનુપલબ્ધ હોવા છતાં ૧૨૦ વર્ષની વયે, કર્તવ્યની વેદી પર જે રીતે એમણે બલિદાન આપ્યું, એનો નોંધાયેલો એક પ્રસંગ તો ખૂબ જ રોમાંચક-પ્રેરક છે.

ક્ષેમરાજ પિતૃભક્ત અને ન્યાયમાં માનનારો પુત્ર હોવા છતાં ગમે તેમ કરીને,ને ગમે તે ભોગે ગૂર્જર-રાષ્ટ્રના રાજકોશને સંપત્તિથી ભરપૂર બનાવી દેવાની અધીરાઈનો એ ભોગ બન્યો હતો. એકવાર આ અધીરાઈના અગ્નિમાં, ઘીની આહુતિની ગરજ સારે એ જાતના એક

સમાચાર એને સાંભળવા મળ્યા અને પોતાના વૃદ્ધ પિતા યોગરાજના ધર્મદિલનો જરાય વિચાર કર્યા વિના એક અવિચારી અને અન્યાયી પગલું ભરવાનો એણે નિર્ણય કરી નાખ્યો. એમાં એના બે ભાઇઓ પણ રાજીખુશીથી જોડાઇ ગયા.

બન્યુ હતું એવું કે, અન્ય-દેશનાં વહાણોનો એક કાફલો ઠીકઠીક કમાણી કરીને પાછો ફરી રહ્યો હતો, ત્યારે એ સોમેશ્વર-પ્રભાસ પાટણની આસપાસના દરિયામાં ઉઠેલી આંધીનો ભોગ બન્યો હતો અને એથી સ્વ–બચાવ માટે એ બધાં વહાણો પ્રભાસપાટણના દરિયા કિનારે લાંગર્યા હતા, તેમજ એનો અધિપતિ સ્વચ્છ આકાશની પ્રતીક્ષા કરતો, અનુકૂળ વાયુમંડળની રાહ જોતો સમય પસાર કરી રહ્યો હતો.

આ સમાચાર ગુપ્તચરો દ્વારા ક્યાંકથી ક્ષેમરાજના કાનમાં અથડાયા અને પોતાની પ્રતિષ્ઠાનો કે પોતાના વયોવૃદ્ધ પિતાજીની આબરૂનો જરાય વિચાર કર્યા વિના એ વહાણોને લૂંટીને એની લોહી-યાળ-લક્ષ્મીથી પાટણના રાજકોશને સમૃદ્ધ બનાવવાનો એણે નિર્ણય લઇ લીધો અને આ નિર્ણય મુજબ થોડા જ દિવસોમાં ક્ષેમરાજ પોતાના ભાઇઓ તેમજ સેનાના સથવારા સાથે પ્રભાસપાટણ જઇ પહોંચ્યો. ઊંઘતા પર છાપો મારવાની અદાથી ત્યાં લાંગરેલા વહાણો પર છાપો મારીને એણે લખલૂટ લક્ષ્મીની બેફામ લૂંટ ચલાવી. ત્યારે એને એટલોય વિચાર ન આવ્યો કે, અત્યારે અન્યાન્ય-પ્રદેશોમાં ચાવડા રાજાઓની "ચોર-રાજા" તરીકેની જે અપકીર્તિ ફેલાઇ રહી છે, એમાં આ લૂંટની ઘટનાથી ઠીકઠીક વેગ મળશે. આટલો પણ વિચાર આવ્યો હોત, તો ક્ષેમરાજ હરગીઝ આવું અન્યાયી-પગલું ન ભરત !

લૂંટની લક્ષ્મી તરીકે અઢળક ધન મળ્યું હતું. ૧૦ હજાર તેજસ્વી અશ્વો, અનેક હાથીઓ અને કરોડોનું રોકડનાણું જોઇને ક્ષેમરાજને થયું કે, આ બધું જોઇને પિતાજી ન્યાય-અન્યાય સાવ જ ભૂલી જશે અને આપણી પીઠ થાબડીને આપણા ઓવારણાં લેશે ! આવી આશાઓ સજીને ક્ષેમરાજ અણહિલ્લપુર પાટણ આવ્યો અને લૂંટમાં મળેલી

લક્ષ્મીને પિતાજી સમક્ષ રજૂ કરીને એણે પૂછ્યું : પિતાજી ! આપના સાહસિક સંતાન તરીકે, અણહિલ્લપુર-પાટણની અસ્મિતાની અભિવૃદ્ધિના એક અમોઘ ઉપાય તરીકે અમે આ જે પગલું ભર્યું છે, એ આપની દૃષ્ટિએ ઉચિત છે કે અનુચિત ?

યોગરાજના અંતરના પટમાં ઊંડો ચીરો પડી ગયો હતો. વેદના અને આઘાતથી એમનું મન ભાંગી પડ્યું હતું, છતાં ધૈર્યને ધારણ કરીને એમણે કહ્યું : બેટાઓ ! મૌન રહેવામાં જ મજા છે, તમારી આ પ્રવૃત્તિને ઉચિત ગણાવું, તો ચોરના ભાઇ ઘંટીચોરમાં મારો નંબર લાગે અને અને અનુચિત ગણાવું, તો તમારું દિલ દુભાય, માટે બોલો, હવે હું મૌન ન રહું, તો બીજું કરું પણ શું ?

યોગરાજની આંખમાં ઝળહળિયા આવી ગયા, એ ઝળહળિયા જાણે અંદરમાં-અંતરમાં જાગેલા પ્રશ્ચાત્તાપના તાપથી પેદા થયેલી વરાળ જેવા જણાતા હતા. એમણે જરાક સ્વસ્થ બનીને પુત્રોને કહ્યું : બેટાઓ ! બીજું તો કંઇ નહિ, પણ તમને આપણા વંશની અપકીર્તિનો વિચાર પણ ન આવ્યો ? અત્યારે બીજા બીજા રાજ્યો ગુજરાત એટલે ચાવડાઓનું નહિ, ચોરોનું રાજ્ય ! આમ કહીને આપણા પૂર્વજોની કીર્તિને કંલકિત બનાવવા આદુ ખાઇને મેદાને પડ્યા છે, ત્યારે તમે ચલાવેલી આ લૂંટથી એ રાજ્યોને આપણી આબરૂને ધૂળધાણી કરવાનો કેવો પ્રબળ મોકો મળી જશે ? તમારાથી આજે એવું મોટું પાપ થઇ ગયું છે કે, એ પાપના અંગારા મને બાળીને ભડથું બનાવ્યા વિના નહિ રહે. વધુ તો કઇ કહેવાનું નથી, હવે આવી ભૂલ બીજી વાર ન થાય, એ માટે જાગૃત રહેશો, એવી મારી ભાર પૂર્વકની ભલામણ છે.

મહત્વની વાત પૂરી કરીને પોતાના મનમાં ઘોળાતી વ્યથાઓએ જે નિર્ણય લેવા યોગરાજને પ્રેરિત કર્યા હતા, એની જાણ કરતા એમણે કહ્યું : રાજાજ્ઞાનો ભંગ, સેવકની વૃત્તિનો છેદ અને નારીને અલગ-શય્યા પર સૂવાનો આદેશઃ આ ત્રણે શસ્ત્ર વિનાની હત્યા છે, એમ નીતિશાસ્ત્ર કહે છે. આ કથન મુજબ મારી હત્યા તો થઇ જ ચૂકી છે.

એથી મારા નિષ્પ્રાણ જેવા આ ખોળિયાને અગ્નિસ્નાન કરાવવાનો અફર-નિર્ણય મેં લઈ લીધો છે.

આમ, કહીને પુત્રના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની પૂર્વ તૈયારી રૂપે દેવપૂજા, મંત્રપાઠ આદિ કરીને, સમગ્ર પાટણની અસંમતિને પગતળે કચડીને, યોગરાજ અગ્નિ-શય્યામાં આરામથી સૂઇ ગયા. એમના દેહને તો એ અગ્નિએ બાળી નાખ્યો,. પણ એમની ન્યાયનિષ્ઠાની કીર્તિનું કાંચન એ જ્વાળાઓમાં વધુ ઉજ્જવળ બનીને બહાર આવ્યું. એ કીર્તિ-કાંચનના ઝગારા પર કાટ ચડાવવા કાળ હજી આજે ય સમર્થ નથી નીવડી શક્યો.

યોગરાજની ન્યોચ્છાવરી-ભરી શહીદી પછી પાટણની રાજગાદી પર એમનો પુત્ર ક્ષેમરાજ અભિષિક્ત થયો, એનું રાજ્ય ૨૫ વર્ષ ચાલ્યું.

ક્ષેમરાજ પછી ૨૯ વર્ષ સુધી ભૂયડદેવનું રાજ્ય ચાલ્યું, એણે પાટણમાં ભૂયડેશ્વરનું પ્રસિદ્ધ મંદિર બંધાવ્યું.

ભૂયડ પછીના ૨૫ વર્ષ સુધી વૈરસિંહે પાટણની રાજ-ગાદીને શોભાવી.

વૈરસિંહની પાટે રત્નાદિત્યનો અભિષેક થયો અને ૧૫ વર્ષ સુધી એનું રાજ્ય ચાલ્યું.

વૈરસિંહની વિદાય પછી વિ. સં. ૯૯૧ માં પાટણની રાજ્યધુરા સામન્તસિંહના હાથમાં આવી. સાત વર્ષ સુધી રાજ-કાજ સંભાળીને, ચાવડા વંશના છેલ્લા-સાતમા રાજા તરીકેનું માન પામીને એણે વિદાય લીધી. આ વખતે વિક્રમનું ૯૯૮ મું વર્ષ ચાલી રહ્યું હતું. ત્યારે સામંતસિંહની સત્તાનો સૂર્યાસ્ત થયો. આ સૂર્યાસ્તના અંધારા ચાવડા વંશને એવી રીતે ઘેરી વળ્યા કે, એ ઘેરામાંથી ચાવડા વંશ બહાર ન જ આવી શક્યો અને એથી આ પછી પાટણની રાજગાદી પર, ચૌલુક્ય-વંશીય રાજવીઓના સૂર્યોદયના અજવાળા પ્રકાશ પાથરવા માંડ્યા !

●

ગુજરાતની ગાદી પર 'ચાવડા'માંથી 'ચૌલુક્ય' વંશના થયેલા રાજ-પલટાની રોમાંચક વિગતો જાણવી હોય, તો મૂળરાજના જીવન પર એક આછો પાતળો દૃષ્ટિપાત કરવો ખૂબ જ જરૂરી ગણાય, કારણ કે ચૌલુક્ય-વંશના પ્રારંભક તરીકે મૂળરાજનું નામ ઇતિહાસ પ્રસિદ્ધ છે.

ચાવડાવંશીય ભૂયડનું રાજ્ય પાટણના તખ્ત પર વિ. સં. ૯૨૨ વર્ષ સુધી એકધારું ચાલ્યું. આ ભૂયડના વંશમાં આગળ જતાં મુંજાલદેવ નામના પરાક્રમી પુરુષ થયા, એમને રાજ, બીજ અને દંડક નામના પ્રતાપી ત્રણ ત્રણ પુત્રો હતા. આ ત્રણે ભાઇઓ એકવાર સોમેશ્વરની યાત્રાએ ગયા. ત્યાં એમણે પાટણ પર રાજ્ય ચલાવતા ચાવડાવંશના સામંતસિંહની ઋદ્ધિ સમૃદ્ધિની અનેક વાતો સાંભળી અને પાટણ પતિને નજરોનજર નિહાળવાની જાગેલી ઉત્કંઠાને પૂર્ણ કરવા કાજે કાર્પટિકનો (સંન્યાસી જેવો) વેશ ધારીને પાટણ જવાનું નક્કી કર્યું.

સોમેશ્વરથી થોડા જ દિવસોમાં વેશપરિવર્તન કરીને રાજ પાટણ આવ્યો. રાજમાર્ગે થઇને એ આગળ વધી રહ્યો હતો, ત્યાં જ સામેથી અશ્વસવારી કરીને આવતા સામંતસિહ એની નજરે પડ્યા. એ અશ્વ અજબગજબનો હતો, તો એની પર સવારી કરતા સામંતસિહ પણ કંઇ કમ ન હતા, રાજની આંખ એમને ધરાઇ-ધરાઇને નિહાળી રહી. થોડી પળો પસાર થઇ અને રાજે એક દૃશ્ય જોયું, તો એના મોમાંથી એક સિસકારો નીકળી ગયો. સામંતસિંહ ઘોડા પર જે રીતે ચાબૂક ચલાવતા હતા, એ જોઇને રાજનું હૈયું વેદના અનુભવી રહ્યું.

સામંતસિહની નજર જ્યારે રાજ પર પડી, ત્યારે એ સિસકારો નાખી રહ્યો હતો. પરિવર્તિત વેશ હોવા છતાં "સૂર્ય છિપે નહિ બાદલ છાયો" જેવી પરિસ્થિતિ હતી. એથી સામંતસિંહે રાજને પૂછ્યું : લાગો છો પરદેશી-કાર્પટિક જેવા ! પરંતુ મને જોઇને આમ સિસકારો કેમ નાખ્યો ?

રાજે જવાબ વાળ્યો : આપે આ અશ્વ પર જે ચાબૂક વીંઝી, એનો માર મને લાગ્યો, એથી મારા મોમાંથી સિસકારો નીકળી ગયો !

સામંતસિંહનું આશ્ચર્ય પ્રશ્ન પૂછી બેઠું: તમે કેવી વાત કરો છો ? ઘોડા પર વીઝેલી ચાબૂકનો માર તમને કઈ રીતે વાગે ? તમે તો દૂર દૂર ઊભા છો !

રાજે રોકડો જવાબ આપ્યો : સાંભળો, રાજન્ ! આ એક ઉત્તમ જાતિનો અશ્વ છે. આની ગતિમાં જરાય ખામી કે મંદતા નહોતી, છતાં આપે વિના વાંકે આની પર ચાબૂક વીંઝી. એથી મારા મર્મ પર ચોંટ લાગે, એ સ્વાભાવિક છે. કયા ઘોડાને મરાય, કયાને ન મરાય, એનું પણ એક મોટું શાસ્ત્ર છે !

એક કાર્પટિકના મોંઢેથી આવી નિર્ભીક-વાત સાંભળીને સામંત-સિંહને એની પરીક્ષા લેવાનું મન થયું. એમણે કહ્યું : અશ્વ પર બેસતા આવડતું હોય, તો બેસી બતાવો. આ તો રાજ-અશ્વ છે !

સામંતસિંહ અશ્વ પરથી નીચે ઉતરી ગયા ને એ અશ્વ પર કાર્પટિક-રાજ એવી અદાથી ચડી બેઠો કે, આ તમાશો જોવા એકઠી થયેલી પ્રજા બોલી ઉઠી : વાહ ! વાહ ! કેવો અદ્ભુત સંયોગ ! અશ્વથી આ કાર્પટિક કેવો શોભી ઉઠ્યો અને કાર્પટિકથી આ અશ્વ કેવો શોભી ઉઠ્યો !

સામંતસિંહ એમ માનતા હતા કે, આ અશ્વ પોતાની પીઠ પર કોઈને બેસવા જ નહિ દે ! પણ કાર્પટિકે એવી કુશળતા વાપરી કે, અશ્વ એના સ્પર્શે જ હર્ષથી હેષારવ કરી રહ્યો. એથી એમને થયું કે, આ કાર્પટિક સામાન્ય માણસ ન હોવો જોઈએ, એમણે કાર્પટિકનો પરિચય પામવા પૂછ્યું કે, ક્યાંથી આવો છો ? તમારી રૂપાળી આ કાયા સાથે આ વેશ બંધ બેસતો લાગતો નથી ! માટે જાતને છૂપાવ્યા વિના વાત કરો.

કાર્પટિકે કહ્યું : જો અંતરની જ વાત સાંભળવી હોય, તો તો એકાંત જોઈએ ! સામંતસિંહ તરત જ એ કાર્પટિકને લઈને રાજમહેલે પહોચ્યા. કાર્પટિકે બધી વાત દિલના દ્વાર ખોલીને કહી નાખી. સામંતસિંહને હવે ખ્યાલ આવ્યો કે, આની પર પોતાને પેદા થયેલી લાગણી નિષ્કારણ નહોતી. એઓ એને ભેટી પડતા બોલ્યા : રાજ ! તો

તો આપણે એક જ વંશના ગણાઈએ. ભૂયડદેવ તો અમારાય પૂર્વજ ગણાય. એમના વંશમાં તમે આવ્યા !

સામંતસિંહે હૈયાનું બધું જ વહાલ આપીને રાજને વશ બનાવી દીધો, પછી તો એ ત્યાં જ રહીને કાયાથી અને કળાથી સમૃદ્ધ બન્યો. સામંતસિંહને લીલાદેવી નામની એક બહેન હતી, આ બહેનને એમણે રાજ સાથે પરણાવી અને એઓના સંબંધ વધુ ગાઢ બન્યા. રાજને પણ ત્યાં બરાબર ફાવી ગયું. થોડા મહિનાઓ પસાર થયા. એવામાં કટો-કટીનો એક પ્રસંગ ઉપસ્થિત થયો.

લીલાદેવી ગર્ભસ્થ હતા, ત્યારે એકાએક એ એવા ભયંકર રોગના ભોગ બન્યા કે, વૈદ્ય-હકીમો પ્રયાસ કરતા જ રહ્યા અને લીલાદેવીનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. આ પૂર્વે જ મંત્રીઓને ખાતરી થઇ ગઇ હતી કે, લીલાદેવીને તો હવે કાળ નક્કી જ લઇ જ જવાનો છે, પણ એમના પેટમાં પોઢેલા શિશુને હજી બચાવી લેવાય એમ છે. એથી તરત જ શસ્ત્રક્રિયા દ્વારા લીલાવતીના પેટનો પડદો ખોલીને, કુક્ષિસ્થ બાળકને બચાવી લેવામાં આવ્યો હતો. અયોનિજ આ બાળકને જ્યારે લીલાદેવીની કુક્ષિમાંથી બહાર કાઢવામાં આવ્યો, ત્યારે આકાશના ગ્રહ-ચાર મુજબ મૂલનક્ષત્ર હતું. એથી આ બાળકનું નામ મૂલરાજ રાખવામાં આવ્યું. અદ્‌ભુત એનું તેજ હતું, અપ્રતિમ એનું લાવણ્ય હતું. સામંતસિંહને જ્યારે બહેનના અકાળ-મૃત્યુની યાદ દર્દભીની બનાવી જતી, ત્યારે એઓ આ ભાણિયા-મૂળરાજનું મોં જોતા અને બધું જ દર્દ ભૂલાઇ જતું !

મૂળરાજના પુણ્ય-પ્રભાવના ચમકારા થોડા જ વખતમાં સૌ અનુભવી રહ્યા. એ વયથી વધતો ગયો, એમ એના મામા-સામંતસિંહ વૈભવથી પણ વધતા ગયા. શૈશવ વટાવીને મૂળરાજ જ્યારે કુમારાવસ્થામાં આવ્યો, ત્યારે તો જાણે 'નવયુવાન' જેવો પ્રતાપી જણાવા માંડ્યો. થોડા વધુ વર્ષ વીત્યા. હજી યૌવનનું આગમન થાય, એ પૂર્વે તો મૂળરાજના કાંડામાં જાણે પાટણનું શાસન ચલાવવાનું કૌવત

ઉભરાવા માંડ્યું.

સામંતસિંહ હવે જીવનના વનમાં પ્રવેશી ચૂક્યા હતા. એથી એમણે મૂળરાજનો રાજયાભિષેક કર્યો. પણ થોડા મહિના ગયા, ત્યાં તો એમને એવો ભય પેઠો કે, આ ભાણિયાનો ભાણ બહુ તપે છે, પછી મારો ભાવ કોણ પૂછશે ? એથી મામાએ ભય પ્રેરિત બનીને ભાણિયાને રાજગાદી પરથી ઉઠાડી મૂક્યો. આવું એકવાર નહિ, બે ત્રણવાર બન્યું. પ્રજામાંય આ વાત ચર્ચાસ્પદ બની. સૌ ખુલ્લી રીતે એમ બોલવા માંડ્યા કે 'આ તો ચાવડાનું દાન' છે, મળ્યા પછી ક્યારે પાછું ઝૂંટવી લેવાય, એ કોણ જાણે ! દાન જાહેર થયા પછી મળવાની સંભાવના ન હોય, એવી પરિસ્થિતિનો લોકો 'ચાવડાનું દાન' કહીને પરિહાસ ઉડાવવા માંડ્યા.

સ્વમાની અને પ્રચંડ પરાક્રમી મૂળરાજ પણ પોતાના મામાની છોકરમત જેવી આ રમતથી વાજ આવી ગયો હતો, એથી એક દહાડો બરાબર લાગ જોઇને અને આસપાસના વાતાવરણને સલામત બનાવીને મૂળરાજે સામંતસિંહનું કાસળ કાઢી નાખ્યું અને પાટણની રાજગાદી પરથી ચાવડા-વંશનો અંત લાવીને ચૌલુક્ય-વંશના વિજય-ધ્વજને ધારણ કરીને એણે સમગ્ર ગૂર્જર-રાષ્ટ્રની સત્તા હસ્તગત કરી. પાટણના રાજ્ય-સિંહાસન પર ચૌલુક્ય વંશની સ્થાપનાના શુભારંભરૂપે મૂળરાજનો રાજ્યાભિષેક થયો, ત્યારે એની ઉંમર ૨૧ વર્ષની હતી અને ત્યારે વિક્રમનું ૯૯૮ મું વર્ષ અને અષાઢ સુદ પૂર્ણિમાની તિથિ હતી.

ઉત્સાહ, સાહસ, ધૈર્ય અને ધર્મના અનેકવિધ પ્રસંગો દ્વારા ઇતિહાસને કેટલાય સુવર્ણ-પ્રકરણો આપી જનાર મૂળરાજે વિ. સં. ૯૯૮ થી ૫૫ વર્ષ સુધી ગૂર્જર-રાજ્યનું સફળ સુકાન સંભાળ્યું. એમની પછી ગૂર્જર-રાજ્યના અધિષ્ઠાતા ચામુણ્ડરાજ બન્યા અને વિ. સં. ૧૦૫૩ થી ૧૩ વર્ષ સુધી એમનું સામ્રાજ્ય રહ્યું. એમની ગાદીએ વલ્લભરાજ આવ્યા, માત્ર ૬ મહિનાનું રાજ્ય ભોગવીને મૃત્યુ પામનારા એમની ગાદી પર એમના ભાઇ દુર્લભરાજનો અભિષેક

થયો. પાટણમાં દુર્લભ સરોવરનું નિર્માણ આ અરસામાં થયું.

વિ. સં. ૧૦૬૬ થી ૧૧ વર્ષ ૬ મહિના સુધી પાટણની રાજગાદી પર પ્રતાપી-રાજ્ય કરીને મૃત્યુને વરેલ દુર્લભરાજ પછી એમના ભાઇ નાગરાજના પ્રતાપી-પુત્ર ભીમદેવ વિ. સં. ૧૦૭૮ ના જેઠ સુદ ૧૨ ના મંગળવારના મંગળ-દિવસે પાટણની રાજગાદી પર અભિષિક્ત થયા અને ૫૦ વર્ષની પ્રૌઢ વયે એમણે ગૂર્જર રાષ્ટ્રનું સુકાન હાથમાં લીધું.

યુદ્ધ કળામાં અને વિશેષ કરીને બાણ-કળામાં એ ભીમરાજ વિશેષ નિપુણ હતા, એથી 'બાણાવળી' તરીકે પણ એઓ ઠીકઠીક પ્રસિદ્ધિ પામ્યા હતા. રાજા ભીમ અને દંડનાયક શ્રી વિમલ આ બે સમકાલીન શક્તિ-વ્યક્તિઓ હોઇને હવે આપણે આ બેના જીવન વહેણની સાથે આગળ વધતા વધતા દંડનાયક વિમલે જે યશસ્વી, તેજસ્વી અને રોમાંચક ધર્મ પ્રભાવના કરી, એની થોડી ઘણી ઝાંખી મેળવીને ધન્ય તેમજ કૃતાર્થ બનીએ.

□

# ઈર્ષ્યાના ઈંધણ

## [૬]

દંડનાયક વિમલના નામ-કામ જ્યારે ગાજી ઉઠયા હતા, ત્યારે ભીમદેવનું રાજ્ય તપતું હતું અને આ પછીના કેઇ વર્ષો બાદ મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળની યશોગાથાઓ જ્યારે ગવાતી હતી, ત્યારે પણ ભીમદેવ નામના એક રાજાનું રાજ્ય હતું. આથી દંડનાયક વિમલ જેમની સેવામાં હતા, એ વિ. સં. ૧૦૭૮ કાલીન ભીમદેવ ઈતિહાસમાં ભીમદેવપહેલા તરીકે ઠીક ઠીક નામોલ્લેખ પામ્યા. એમના પિતા દુર્લભરાજ અને કાકા નાગરાજ આ બંને સ્વાભાવિક રીતે જ વૈરાગ્ય-વૃત્તિ અને સંસાર તેમજ સામ્રાજ્ય તરફ ઉદાસીન-ભાવના ધારક હતા. એથી યોગ્ય વય થતાં દુર્લભરાજે સંન્યાસ લેવાનો નિર્ણય પોતાના ભાઇને જણાવીને રાજ્ય સંભાળી લેવાનો આગ્રહ કર્યો. પરંતુ નાગરાજનું દિલ પણ વિરાગી જ હતું. એથી એમણે કહ્યું : વડીલ-બંધુ ! હું પણ આપની સાથે જ ધર્મમય જીવન ગાળવાના નિર્ણયવાળો છું. માટે આપ પાટણની રાજગાદી બીજા કોઇને સોંપી શકો છો.

આ પછી લાંબી ,વિચારણાને અંતે દુર્લભરાજ પોતાના ભાઇ નાગરાજના પુત્ર ભીમદેવને રાજગાદી સોંપવાના નિર્ણય પર આવ્યા. ભીમદેવ શરીરે જરા સ્થૂલ અને રંગે જરા શ્યામ હતા, પણ પરાક્રમથી તેઓ એવા પ્રકાશિત હતા કે, આ બે ખામીઓ એમાં ઢંકાઇ જતી. ભીમદેવના બાહુબળ પર વિશ્વાસ હોવાથી બંને ભાઈઓએ એમને રાજ્ય સોંપીને કાશીની યાત્રાએ જવા પ્રયાણ કર્યું, ત્યારે માલવામાં મુંજનું રાજ્ય ચાલતું હતું. ગૂર્જરરાષ્ટ્ર સાથે માલવાને બનતું નહોતું. બંને રાજ્ય વચ્ચે થોડો ઘણો વેર-વિરોધ તો ચાલતો જ હતો, આવા અવસરે

દુર્લભરાજ-નાગરાજ માલવ-મંડલમાં થઈને કાશી જવા નીકળ્યા, ત્યારે માલવપતિ મુંજે એમને રોકીને ખોટો દ્વેષ ઠાલવતા કહ્યું : તમે આ રીતે આ માલવ મંડલ પરથી પસાર નહિ થઈ શકો ! કાર્પાટિક-સંન્યાસીનો વેશ લઈને તમે જતા હો, તો મારે તમારા માર્ગને આંતરવો નથી, પણ આ વેશમાં તો તમને હું આગળ નહિ જ વધવા દઉં. હા. આ વેશમાં પણ જવું હોય, તો એક રસ્તો છેઃ તમે મને યુદ્ધમાં જીતી લો, તો આ વેશમાં ખુશીથી આગળ વધી શકો છો !

દુર્લભરાજ અને નાગરાજના મનમાં તો કાશી-યાત્રાની પ્રબળ ભાવના હતી, માટે વેર-વિરોધ અને સંગ્રામની જળો-જથામાં એઓ શાના જકડાય ? એથી કાર્પાટિકનો વેશ ધારણ કરીને એઓ આગળ વધી ગયા. પણ આ વાત જ્યારે ભીમદેવના કાને પહોંચી, ત્યારે તેજોદ્વેષથી પ્રેરાઈને માલવાએ પોતાના કાકા અને પિતાના કરેલ આ અપમાનનો પૂરેપૂરો બદલો લેવાની ભીમદેવે મનમાં ગાંઠ વાળી અને આ નાનકડું અપમાન ગૂર્જર-પતિ ભીમદેવના મનમાં વેરનું બીજ બનીને ઘરબાઈ ગયું. ત્યારે તો કોણ એવી કલ્પના પણ કરી શકે કે,આ બીજમાંથી ઉગી નીકળનારા બળવાના બાવળિયા બંને દેશની કેવી ખાનાખરાબી કરી નાખશે ?

●

જે શ્રેષ્ઠિ નીના છેક વનરાજના સમયથી ગૂર્જર-રાષ્ટ્રને મહારથી મંત્રી-પરંપરા આપવામાં નિમિત્ત બની ગયા, એમની વંશપરંપરામાં મંત્રી લહિર પછીના સમયમાં થયેલા મંત્રી વીરની સંસાર-વેલ પર પાંગરેલા અને પોતાની ફેલાતી ફોરમથી સંસારને સુવાસિત બનાવી ગયેલા, બે ફૂલો એટલે જ નેઢ અને વિમલ !

મંત્રીશ્વર વીરના આ બે પુત્રોમાંથી નેઢની પુત્રપરંપરાને મળતા રહેલા મંત્રી-પદની સમયાવધિ છેક મહારાજા શ્રી કુમારપાળ સુધી લંબાયેલી ઉપલબ્ધ થાય છે. નેઢ-મંત્રીની પરંપરામાં મંત્રી-ધવલ, મંત્રી આનંદ, મંત્રી પૃથ્વીપાલ અને મંત્રી ધનપાલ થયા આમાંના શ્રી

પૃથ્વીપાલ તો ગૂર્જરેશ્વર કુમારપાળના રાજયમાં મહામાત્ય તરીકે અગ્રગણ્ય-સ્થાનને શોભાવનારા હતા.

ચામુંડરાજના રાજ્યકાળ વિ. સં. ૧૦૫૩ થી દુર્લભરાજના વિ.સં. ૧૦૬૬ પર્યંતના રાજ્યકાળ સુધી મંત્રીવીરની સેવા પાટણને ઉપલબ્ધ થઇ. એમની પત્ની વીરમતિ ધર્મનો અવતાર હતી. એનામાં શાણપણ હતું, દૂરંદેશી હતી, અને જાજરમાન-વ્યક્તિત્વ હતું. વીર બાલ્યકાળથી જ વિરાગી હતા, પણ કર્મ-ધર્મના સંયોગે વીરમતિ સાથે એમનો સંસારવાસ લખાયેલો હશે ? અને એ બેનો સંયોગ પણ એવી કોઇ પનોતી-પળે થયો હશે કે, એમની સંસાર-વેલ પર નેઢ અને વિમલ જેવા બે ફૂલ પાંગર્યા. આમાં મંત્રી નેઢ પરમાર્હત્ કુમારપાળ સુધી ચાલી રહેલી મંત્રી-પરંપરાના પિતામહ તરીકે તો દંડનાયક શ્રી વિમલ ગૂર્જરરાષ્ટ્રના સફળ-સંચાલક ઉપરાંત ગિરિરાજ આબુ પરની 'વિમલ-વસહી'ના સર્જક તરીકે અમર બની ગયા ! આ અમરતાના ગાન હજી આજેય દેશ-પરદેશમાં ગુંજી જ રહ્યા છે.

મંત્રીપદને પામ્યા પછી પણ વીરનું અંતર તો પોતાના કપાળે લખાયેલા મંત્રીત્વના લેખને ભૂંસી કાઢીને ભગવાન-ભાખ્યો ધર્મ સ્વીકારવાની સ્વપ્ન-સૃષ્ટિમાં જ રાચી રહ્યું હતું. પણ જવાબદારીના જે બંધન પગમાં પડ્યા હતા, એ અકાળે/ એકાએક તોડી શકાય એવા નહોતા. એથી નેઢ અને વિમલની વય જેમ વધતી ચાલી, એમ એમની સંયમી બનવાની ભાવનામાં પણ ભરતીના ઘૂઘવાટ વધુ વેગીલા બનતા ચાલ્યા.

વીરમતી અને નેઢ-વિમલ મંત્રીવીરની આવી ભાવના-સૃષ્ટિથી પરિચિત જ હતા. એમને ખ્યાલ જ હતો કે, એવો એક દિવસ જરૂર આવવાનો જ છે, જે દિવસે કાંચળી તજી દઇને ચાલ્યા જતા સાપની જેમ, મંત્રી વીર આ સંસારને તજી દઇને સાધુ બની રહ્યા હશે ! આવા ઘડી-પળના આગમન માટે એઓ નિઃશંકિત હતા, પણ એક દિવસે જ્યારે મંત્રી વીરે સૌને ભેગા કરીને પોતાના નિર્ણયની જાણ કરી, ત્યારે

સૌને લાગ્યું કે, પોતે કલ્પી રાખેલા ઘડી-પળ જરા વધુ પડતા વહેલાં આવ્યા ! એથી પત્ની વીરમતીએ કહ્યું :

"આર્યપુત્ર ! હું આપના દીક્ષા-પથમાં અવરોધ ઉભી કરવા નથી માંગતી ! પણ મારું કહેવું એટલું જ છે કે, આ નેઢ અને આ વિમલ હજી એટલા ઉંમર લાયક ન ગણાય કે, જેના આધાર પર આપ આ પગલું ઉઠાવવા કટિબદ્ધ અને કૃતનિશ્ચયી બન્યા છો !"

મંત્રી વીરે જવાબ વાળતા કહ્યું : મને તો લાગે છે કે, સંસારનો ત્યાગ કરવામાં હું ઘણો મોડો પડ્યો છું. નેઢ અને વિમલ કંઇ હવે નાના ન ગણાય.આ નેઢને અઢાર થયા અને વિમલને પંદરમું પૂરું થશે. વિમલના જન્મ પૂર્વે તમને જે શુભ સ્વપ્નો આવ્યા હતા, એના આધારે હું છાતી ઠોકીને કહી શકું છું કે, આની ભાગ્યરેખા ભારે બળવાન છે. આપણું જ નહિ, આપણા પૂર્વજ શ્રી નીના શ્રેષ્ઠિથી માંડીને આજ સુધી થઇ ગયેલા બધા વડીલોનું નામ આ ઉજાળશે, માટે હવે તમે આ બેના ઘડતર પાછળ વધુ ને વધુ સજાગ રહેશો, તો શ્રી જૈન શાસનનો જયજયકાર થઇ જાય, એવી પરિસ્થિતિનું સર્જન કરવામાં આ બે ભાઇઓ જરૂર સફળ થશે. રાજવી દુર્લભરાજને જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને સંસારને ડંકાની ચોટ ઉપર અસાર સિદ્ધ કરી આપતા જૈનાચાર્યોનો જોઇએ, એવો સુયોગ નથી સાંપડ્યો, તોય તેઓ સંન્યાસી જેવું જીવન જીવવાની ક્યારનીય ભાવના ભાવી રહ્યા છે, જ્યારે મને તો આ બધું વારસામાં મળ્યું છે, એથી હું હવે જેટલો મોડો પડું, એટલો મેં આ વારસો વેડફ્યો ગણાય ! નેઢ અને વિમલ કદાચ નાના હોય, તોય સિંહના સંતાન છે, માટે તમે નિશ્ચિંત બની જઇને, મારા માર્ગની સફળતા ઈચ્છો, એવી મારી માંગણી છે.

વીરમતિને થયું કે,પતિદેવ હવે પળનોય વિલંબ સહી શકે એમ નથી, એથી એણે નતમસ્તકે મંત્રીશ્વર-વીરના મનોરથને પ્રશંસાના પુષ્પોથી વધાવીને આનંદ અનુભવ્યો. ત્યાર પછી મંત્રીએ પુત્રોને અનુલક્ષીને કહ્યું : બેટા નેઢ ! બેટા વિમલ ! તમે સુજ્ઞ છો, એથી તમને

કહેવા જેવું કઇ લાગતું નથી. છતાં કાળજે એટલું કંડારી રાખજો કે, રાજકાજ એ કંઇ આપણા આ માનવ જીવનનું ખરું ધ્યેય નથી. તમારા ભાગ્ય લેખ એવા છે કે, મંત્રીપદ તમને સામેથી મળશે. છતાં એને ધ્યેય ન બનાવી દેતા. ધર્મ-પ્રભાવના કરવા માટેના એક સાધન તરીકે આ સત્તાનો જેટલો સદુપયોગ કરશો, એટલી જ એ સત્તા લેખે લાગશે. આપણા પૂર્વજોએ આ પદનો જેટલો થાય એટલો સદુપયોગ કર્યો, એથી જ ગુજરાત એમને હજી પણ ભૂલી શક્યું નથી. આ સત્તા એક એવું લપસણું અને ભાન ભૂલાવનારું પગથિયું છે કે, જો સાવધ ન રહેવાય, તો આ પગથિયે ઉભનારો પટકાયા વિના ન રહે, જે સાવધ હોય, એ જ જાત ને જગતને ઉંચે ચડાવવા માટે આ પગથિયાને માધ્યમ બનાવીને એનો સદુપયોગ કરી શકે.

નેઢ અને વિમલે આ હિત-વાણીનું અમૃતની જેમ આચમન કર્યું અને પિતાજીને એ રીતે વિશ્વસ્ત કર્યા કે, જેથી એમના આનંદનો પાર ન રહ્યો. મંત્રીવીરના મનોરથની વાત પાટણમાં ફેલાતા સૌના દિલમાં આનંદ અને આઘાતની મિશ્ર-લાગણીઓ પડઘો પાડી રહી. મંત્રીનો સંસાર-ત્યાગ આનંદનો વિષય હતો, જ્યારે મંત્રીની વિદાય આઘાત જનક હતી. દુર્લભરાજ ઈચ્છતા હતા કે, ભીમદેવને સફળ રાજવી બનાવવા મંત્રીવીરની સેવા મળે તો સારું ! પણ એમની આ ઈચ્છા એવી નહોતી કે, જેથી મંત્રીનો કલ્યાણ-માર્ગ રૂંધાય ! એથી એમણે કહ્યું: મંત્રીવીર ! તમે જે માર્ગે જવા માંગો છો, એના જેવો જ માર્ગ લેવાના અમારાય મનોરથ છે. એથી તમારા રસ્તામાં રૂકાવટ કરવાનો કોઇ સવાલ જ ઉભો થતો નથી. તમે આ ગૂર્જરરાષ્ટ્રને અનેક રીતે સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો છે, એનું ફળ વર્તમાનકાલીન ગૂર્જરરાષ્ટ્ર છે. એથી અમે આશા એટલી જ રાખીએ છીએ કે, તમારા પુત્રો નેઢ અને વિમલની સેવા પણ આ રાષ્ટ્રને મળતી રહે !

મંત્રીવીરે ટૂંકમાં જવાબ વાળતા કહ્યું : મહારાજ ! આપની આશા અસ્થાને નથી. નેઢ અને વિમલ હજી ઉંમર લાયક ન ગણાય.

પણ આજ પછી આવતી કાલે ગૂર્જરરાષ્ટ્રના દૂધમાં સાકરની જેમ ભળી જવાનું એમનું ભાગ્યનિર્માણ હશે, તો એ નિર્માણને કોણ મિથ્યા કરી શકશે ? આપે આશ્રય આપવાની કૃપા કરી, એથી જ થોડી ઘણી પણ ધર્મ-સેવા અને રાજ્ય-સેવા કરવામાં મારા જેવો માણસ નિમિત્ત બની શક્યો. આ બદલ આપનો ઉપકાર અવિસ્મરણીય રહે એવો છે.

દુર્લભરાજ અને મંત્રી છૂટા પડ્યા. મંત્રીના દીક્ષા મહોત્સવની ખુશાલીની લાલી આખા પાટણને સુરંગી બનાવી રહી. હર્ષના ઉડતા એ અબીલ-ગુલાલના ગુલાબી વાતાવરણ વચ્ચે, મુહૂર્તના એ ઘડી પળ આવતા જ મંત્રી-વીર દીક્ષિત બનીને મુનિવીર બની ગયા.

નેઢ, વિમલ અને એની માતા વીરમતિ પોતાના શિરછત્રને ભગવાનને પંથે વળાવીને ઘરે પાછાં ફર્યા, આટલી વાર સુધી આ સૌએ ખાળી રાખેલો આંસુનો એ બંધ, એકાંત મળતા જ પાંપણની પાળથી ઉપરવટ થઇને વહી ચાલ્યો. થોડી વાર થઇ, સૌનાં હૈયા ફોરાં થઇ ગયાં અને એ દીક્ષા-ધર્મની સૌ અનુમોદના કરી રહ્યા.

●

ઇજ્જત ઇમાનના સૂર્ય-ચન્દ્રને ઈર્ષ્યા-અસૂયાનો રાહુ જો ગ્રસતો રહેતો ન હોત, તો આ દુનિયાનો ઈતિહાસ જ કોઇ ઓર હોત ! પણ યુગોના યુગથી પ્રતિષ્ઠા-આબરૂના સૂર્યને ઇર્ષ્યાના રાહુ-ગ્રહણની પક્કડમાં આવવું જ પડતું હોય છે. એ રાહુ પ્રકાશના કોઇ પુંજને હાંકી શકવામાં તો સફળ બની શકતો જ નથી, પણ ઢાંકી શકવામાં થોડીવાર માટે અવશ્ય સફળ નીવડે છે અને એથી પ્રકાશ જેવું જીવન જીવનારને માટે ક્યારેક થોડીવાર પડદા પાછળ છૂપાઇ જવું પડતું હોય છે.

વિશ્વની બધી ધરતી પર આવાં ગ્રહણ જ્યારે થતાં જ રહેતાં હોય, ત્યારે ગૂર્જરરાષ્ટ્રની તો એમાંથી બાદબાકી ક્યાંથી કરી શકાય ? વનરાજ-ચાવડાથી પ્રારંભીને, ભીમદેવ-ચૌલુક્ય સુધીના જે રાજાઓ પાટણના પ્રભાવશાળી-રાજ્ય પર પ્રતિષ્ઠિત થતા રહ્યા, એ બધાય સમયમાં જૈન-મંત્રીઓનું ચલણ-વલણ ખૂબ જ મોટા પ્રમાણમાં રહ્યું,

એથી જૈન ધર્મના પ્રભાવની વૃદ્ધિના કારણ તરીકે વિરોધી-વર્ગ જૈન-મંત્રીઓને કલ્પી લે, તો એને કોણ રોકી શકે ? એમાં વળી વનરાજને વરેલા વૈભવમાં તો શ્રી શીલગુણસૂરિજીનો ફાળો પ્રત્યક્ષ હતો ! ત્યાર પછી થયેલા રાજવીઓ અજૈન હોવા છતાં જૈન શાસનના ધર્માચાર્યોથી પૂરા પ્રભાવિત હતા. ચામુંડરાજના પુત્રો વલ્લભરાજ, દુર્લભરાજ અને નાગરાજ તો બાલ્યવયમાં શ્રી જિનેશ્વરસૂરિજી પાસે ઠીકઠીક સમય સુધી રહીને ધર્મ-સંસ્કારિત બન્યા હતા. આ અને આવા અનેક કારણોસર ગૂર્જરરાષ્ટ્રમાં દિવસે દિવસે જૈન શાસનનો જયજયકાર વધુ ને વધુ ગૂંજતો રહે, એ તો સ્વાભાવિક જ હતું ! એમાં વળી મંત્રી વીરે ભર્યો-ભાદર્યો વૈભવ અને જેને જોઈને ઈર્ષ્યા જાગે, એવી રાજકૃપાઃ આ બેને ઠુકરાવી દઈને જૈન દીક્ષા સ્વીકારી, એથી તો જૈન શાસનના જયકારનો એ ધ્વનિ ગગનના ગુંબજમાં પણ પડઘા પાડવા માંડ્યો હતો.

જિન શાસનનો આવો જયકાર જોઈને જેના પેટમાં તપેલું-તેલ રેડાય, એવા પણ થોડા ઘણા મંત્રીઓનું અસ્તિત્વ વનરાજ ચાવડાના સમયથી જ પાટણમાં રહેતું આવ્યું હતું. પરંતુ આ જયકારને જેર કરવાના એ મંત્રીઓના તમામ પ્રયાસો સૂર્ય સામે ધૂળ ફેંકવા જેવી પાગલ-પ્રવૃત્તિથીય વધુ નિષ્ફળતા પામતા રહેતા હતા. પાટણના સિંહાસન પર ભીમદેવનો રાજ્યાભિષેક થયો, ત્યારેય આવા ઈર્ષ્યાળુ મંત્રીઓ હતા અને એમાં દામોદર-મહેતા અ[illegible] પડતા હતા. અને એમનું હૈયું વિષના ઘડા જેવું હોવા છતાં મોં અમૃ[illegible]ની પરબ જેવું હતું. એથી કોઈને એમની ઈર્ષ્યાળુતાનો જલદી ખ્યાલ ન આવતો, છતાં જૈનત્વના પ્રભાવને દાબી દેવાની એક પણ તકને એઓ જતી ન કરતાં. એમાં એમને સફળતા નહોતી મળતી, છતાં હાર્યા જુગારીની જેમ બમણા દાવ રમવાની તૈયારીમાં મનોમન એઓ વધુ ને વધુ બળ્યા જ કરતા હતા.

ભીમદેવના રાજ્ય-દરબારમાં ત્યારે મંત્રી વીરનું સ્થાન નહોતું, કારણ કે એઓ તો દીક્ષિત બની ચૂક્યા હતા અને નેઢ તેમજ વિમલ હજી

મંત્રી મુદ્રાને યોગ્ય ઉંમરવાળા થયા નહોતા, એથી દામોદર-મહેતા મનોમન મલકાયા કરતા હતા કે, હવે તો જૈનમંત્રીઓનો યુગ આથમી ગયો જ સમજો ! આ રીતે મનમાં મલકાટ અનુભવતા દામોદર મહેતા નેઢ અને વિમલનો પ્રભાવ વધવા ન પામે અને ભીમદેવ તથા પ્રજા આ બે ભાઈઓથી પ્રભાવિત ન બનવા પામે, એ માટે પળ-પળના પ્રહરી બનીને ચોકી કરતા રહેતા. શરૂઆતમાં તો એમને એવો વિશ્વાસ બેસવા માંડ્યો કે-આ ચોકી સફળ બની રહી છે અને મંત્રીપુત્ર તરીકેય નેઢ અને વિમલને પ્રજા ભૂલી રહી છે ! પણ થોડા વખતમાં જ એમનો આ ભ્રમ ભાંગવા માંડ્યો, એઓ આ ભ્રમને ભાંગતો રોકવા માટે જેમ જેમ હવામાં હવાતિયાં ભરવા જેવા પ્રયાસો કરી રહ્યા હતા, એમ એમ નેઢ વિમલની જુગલ-જોડી પાટણની પ્રજામાં વધુ ને વધુ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી .

નેઢ અને વિમલ આ બે ભાઈઓમાં નેઢનું વ્યક્તિત્વ અનેક ગુણોથી સુશોભિત હતું, એ રૂપેરંગે પૂરો હતો. એની બોલ ચાલમાં જાદુ હતો. પરંતુ વિમલને વરેલું વિશિષ્ટત્વ તો વિરલની કોટિમાં મૂકવું પડે, એવું હતું. એ બોલતો અને જાણે ફૂલડાં ખરતાં ! એ ચાલતો અને પાયલના ઝંકારા રેલાતા ! એ ઊભો રહેતો અને જાણે ચોમેર તેજ-તેજના ફૂવારા ઉછળવા માંડતા ! બંને ભાઈઓની ધર્મનિષ્ઠા પણ પ્રતિષ્ઠા પામવાને યોગ્ય જ હતી ! એ બે પ્રભુ-પૂજા કરવા કાજે જ્યારે પૂજનની સામગ્રીથી સજ્જ થાળ હાથમાં લઈને પસાર થતા, ત્યારે લાગતું કે, જાણે કોઈ બે દેવકુમારો જ જઈ રહ્યા છે ! તદુપરાંત માતા-વીરમતિએ એમના ઘડતર માટે પોતાનું સમગ્ર-લક્ષ કેન્દ્રિત કર્યું હોવાથી *વિનય-વિનમ્રતા, ગાંભીર્ય-ધૈર્ય, દયા-દાક્ષિણ્ય, સરળતા-સૌજન્ય આ* અને આવા કેઈ ગુણોની જોડલી એમના જીવનમાં એવો વિકાસ સાધી રહી હતી કે, એમની પર એકવાર કટ્ટર-શત્રુ ને પણ પ્રેમનો અમૃત-કળશ ઢોળી દેવાની ઈચ્છા થઈ જ જાય.

વિમલ જ્યારે ગર્ભસ્થ હતો, ત્યારે માતા વીરમતિએ પોતાના

મનમાં શુભ-ભાવોની જે ભરતીની અનુભૂતિ કરી હતી તેમજ પોતાના દિલમાં ગર્ભસ્થ-શિશુના શુભ-ભાવિના સંકેત બની જતા જે દોહલા જાગ્યા હતા, એ બધું એને અત્યારે અવારનવાર યાદ આવતું અને પછી એ જ્યારે વિમલને સ્થિર-નજરે કોકવાર નિહાળતી, ત્યારે એનું અંતર ભાવિની અનેક શુભ-કલ્પનાઓના આગમન / અવતરણથી ઉભરાઇ ઉઠતું.

રાજકારણમાં ખેલાતા દાવપેચથી અને રમાતી કપટની બાજીથી શાણી વીરમતિ પૂરી પરિચિત હતી. એથી પોતાના આ પુત્રો દ્વારા એવું કોઇ નિમિત્ત કોઇને મળી ન જાય કે એવું કોઇ છિદ્ર કોઇ ધોળે દહાડે દીવો લઇને ગોતવા નીકળે, તોય શોધી ન શકે, એવું ઘડતર કરવાના ચણતર રૂપે એ પોતાના પુત્રોને અવાર-નવાર રાજ્યમાં ખેલાતી રહેતી ખૂનરેજી અને છળ-કપટની બાજીની વાતો સંભળાવ્યા કરતી, આ વાતની પુષ્ટિ માટે વનરાજ ચાવડાથી અત્યાર સુધીનો ઇતિહાસ તો ખૂબખૂબ વિસ્તારથી કહી સંભળાવીને, શ્રેષ્ઠિ નીનાથી અત્યાર સુધીના પોતાના પૂર્વજોના મંત્રી-જીવનની રોમાંચક ઘટનાઓ એ ખૂબ જ રસભેર રજૂ કરતી.

આમ, વીરમતિ પોતાના પતિદેવની ભાવિવાણીને સાચી પાડવા નેઢ અને વિમળને બરાબર કેળવી રહી હતી, ત્યારે દામોદર મહેતા આ બે ભાઇઓની વધતી કીર્તિથી ચિંતિત બનીને, એવી કોઇ યોજના વિચારી રહ્યા હતા કે, જેથી મંત્રીપુત્ર નેઢ અને વિમલને પોતાની મેળે જ પાટણનો પરિત્યાગ કરી જવા વિવશ બનવું પડે ! શું ઇર્ષ્યાનું આ ગ્રહણ મા-દીકરાને નડશે ખરું ? શું ઇર્ષ્યાના એ ઈંધણને ભક્ષ્યની પ્રાપ્તિ થશે ખરી ?

□

# વસમી વેળાના વળામણા

## [૭]

**સુખનાં** સુગંધી સુખડ જલી રહ્યાં હતાં. પ્રસન્નતાનો પવન મંદમંદ ગતિએ વહી રહ્યો હતો. અને આકાશ સાવ જ નિરભ્ર જણાતું હતું. મા વીરમતિ અને એના દીકરાઓ નેઢ તેમજ વિમલ:આ પરિવારની સંસાર નૈયા જાણે કોઇ સરોવરની સહેલગાહે ઉપડી હોય, એવી રીતે આગળ વધી રહી હતી. વીરમતિ જે રીતે દીકરાઓનાં ઘડતર માટે દિનરાત સચિંત અને સક્રિય હતી તેમજ નેઢ અને વિમલના અંતરના આરસ જે રીતે એ ઘડતર પછીના ઘાટ ધરી રહ્યા હતા, એ જોતા એમ લાગ્યા વિના ન રહેતું કે, આ બે ભાઈઓને થોડા જ દિવસોમાં રાજ તરફથી સત્તાના સ્વીકાર કાજે તેડું આવવું જ જોઈએ!

માતા વીરમતિ જેમ દીકરાઓના ઘડતર માટે સક્રિય હતી, એમ બીજી બાજું રાજકીય-વાતાવરણના રંગ-ઢંગથી પરિચિત રહેવા માટે પણ એ એટલી જ સજાગ હતી. દામોદર મહેતાના સ્વભાવ-પ્રભાવનો સામાન્ય રીતે એને ખ્યાલ તો હતો જ. પણ છેલ્લાં કેટલાંક દિવસોથી જે વાતો એના કાને અથડાતી રહેતી હતી. એથી એ જરા ચોંકી ઉઠી હતી અને એને ઊંડી-તપાસ પછી એ વાતનો જ્યારે પાકા પાયે ખ્યાલ આવી ગયો કે, મહેતા ગમે તે ભોગે નેઢ અને વિમલની આબરૂ ખતમ કરી દેવા માંગે છે, ત્યારે એનું વિચાર-ચક્ર એકદમ પલટો ખાઇ ગયું. એ વિચારી રહી કે,કોઈ કાઢે અને જે જાય એ સ્વમાની નહિ ! સાચો સ્વમાની તો પોતાની આબરૂને અણદાગ રાખવા ગૌરવભેર બીજે ચાલ્યો જાય, ભલે પછી બીજે મહેલના બદલે ઝૂંપડીમાં રહેવા જેવી પરિસ્થિતિ સર્જાય !

દામોદર મહેતા દૂધમાંથી પોરા કાઢવાની જે પ્રવૃત્તિ કરી રહ્યા હતા, એની જાણ થતા વીરમતિને એકવાર તો જરા આઘાત લાગ્યો, પણ એ આઘાતની અસરમાંથી તરત જ મુક્ત થઇ જઇને એ વિચારી રહી : આનું જ નામ સંસાર ! અને આનું જ નામ રાજકારણ ! કર્મના ઉદય ક્યારે પોતાના વરવા વિપાક બતાવવા સજ્જ થાય, એ કહી ન શકાય અને ત્યારે માણસ કઇ રીતે રંકમાંથી રાજા અથવા તો રાજામાંથી રંક બની જાય, એની જ્યાં કશી જ આગાહી ન કરી શકાય, એવા વિચિત્ર સ્થાન તરીકે સંસારને એ સારી રીતે પિછાણી ચૂકી હતી. એથી સ્વસ્થ બનીને એ વિચારી રહી હતી કે, કોઇ આપણને અહીંથી ધક્કો મારીને કાઢે, એના કરતા આપણે અહીંથી સ્વમાનભેર ચાલ્યા જઇએ, એમાં જ આપણી ધન્યતા છે. પીયરનું પીઠબળ નજીકમાં જ છે, એથી ઝાંઝું સાહસ ખેડ્યા વિના આવી ધન્યતાનું જતન થઇ શકે એમ છે.

એક શાણી-નારીની પ્રૌઢતાને છાજે એવો નિર્ણય મનોમન લઇ લીધા પછી વીરમતિને થયું કે, આ બાબતમાં કોઇ આપ્ત-જનની સલાહ તો લેવી જ જોઇએ. એની નજર સામે પાટણના શ્રીદત્તશ્રેષ્ઠિ તરવરી ઉઠ્યા. પોતાના કુટુંબ સાથે શ્રીદત્તને પહેલેથી જ ઘર જેવો સંબંધ હતો. એથી એમની આગળ હૈયું ખોલીને વાત કરવામાં કોઇ જાતનો ડર રાખવા જેવું નહોતું. એમની પુત્રી શ્રીદેવી તો વીરમતિ સાથે સગી મા જેવો સંબંધ રાખતી હતી. એથી વીરમતિ વિના વિલંબે શ્રીદત્ત શેઠને ત્યાં પહોંચી ગઇ, ઘણા સમયે જવાનું થયું હતું, એથી શ્રીદેવીએ સહર્ષ આવકાર આપ્યો. પછી એકાંત મેળવીને વીરમતિએ શ્રીદત્ત શેઠ આગળ બધી વાત રજૂ કરીને સલાહ માંગી. શેઠે પણ કહ્યું કે,નેઢ અને વિમલ જો કે દામોદરમહેતાને પહોંચી વળે એવા છે, પણ અત્યારથી જ આ રીતે વિરોધ બાંધવામાં આવે, તો ભાવિ ધૂંધળું બનવાની શક્યતા ગણાય. માટે તમારો પીયરમાં જવાનો નિર્ણય યોગ્ય જ છે. આ રીતે થોડો કાળક્ષેપ થશે, તો ભાવિ વધુ ભવ્ય બનશે !

વિદાય થતી વીરમતિને શેઠે જરૂર પડે તો નિઃસંકોચ યાદ કરવા

ભારપૂર્વક જણાવ્યું, વીરમતિએ હવે ધીમેધીમે 'પાટણના પરિત્યાગ'ની ભૂમિકા બાંધવા નેઢ અને વિમલ સમક્ષ એ રીતની વાતો કરવા માંડી. અને એક દિવસ તેઓ સૌ સ્વમાનભેર પાટણનો ત્યાગ કરીને અન્યત્ર ચાલ્યા ગયા. આ ગમનને પાટણે કોઇ ગંભીરતાથી નિહાળ્યું. દામોદર મહેતાને પણ એવો કોઇ ખ્યાલ ન આવ્યો કે, પોતાની પરોક્ષ-પ્રવૃત્તિઓનું જ આ એક પ્રત્યક્ષ ફળ છે ! પરંતુ એમને મન તો નેઢ અને વિમલનો પાટણ ત્યાગ જ મહત્વની ચીજ હતી. એથી આ વાતના રહસ્ય પર પડદો રાખીને દામોદર મહેતા મનમાં ને મનમાં ખૂબ જ આનંદ અનુભવી રહ્યા હતા.

વીરમતિએ એવી ગંભીરતા અને ધીરતા પૂર્વક પાટણ છોડ્યું હતું કે, જેથી કોઇને કોઇ જાતની શંકા કરવાનું કે કલ્પનાના ઘોડા દોડાવવાનું કારણ જ ન મળે. એણે દીકરાઓને સુખ-દુ:ખમાં એવી રીતે જીવન જીવી જાણવાની ધર્મ-કળા શીખવાડી હતી કે, પાટણના સુખ-સામ્રાજ્યમાં જન્મીને મોટા થયેલા નેઢ અને વિમલ એક નાનકડા-ગામડાના સામાન્ય ઘરના વાતાવરણમાં એ જ પ્રસન્નતા સાથે જીવન જીવી રહ્યા. પાટણથી દસેક ગાઉ દૂર આવેલા ભટેવર નામના ગામડામાં વીરમતિનું પીયર હતું. આમ, મા સાથે મોસાળમાં નેઢ અને વિમલના જીવનનું કમળ વિકાસ પામી રહ્યું.

વીરમતિના પિતા સાવ સામાન્ય-સ્થિતિના હતા, એમનું નામ મેઘાશાહ હતું. ગામમાં નાનકડી હાટડી હતી. દીકરાઓ નાના હતા, એથી ઘરમાં રાખેલા ઢોર-ઢાંખર ચરાવવા જતા એઓ બીજાના ઢોર પણ લઇ જતા. એનીય થોડીક આવક હતી. આ કાર્યમાં નેઢ અને વિમલ પણ જોડાઇ ગયા. આ બે ભાઇઓના પુણ્યે મેઘાશાહની કમાણી ધીરેધીરે વધી રહી. પુણ્યશાળીના પગલા જ્યાં પડે, ત્યાં ધન ધાન્યના ઢગલા થાય,આ વાતની પ્રતીતિ કરાવતા રહેતા નેઢ અને વિમલના દિવસો આનંદ-મંગલમાં વીતવા લાગ્યા. મામાના આ ભાણિયા ભટેવર ગામમાં સૌના પ્રિયપાત્ર બની રહ્યા. કારણ કે આ બે ભાઇઓને

જે રૂપ-બળ-બુદ્ધિ-પુણ્ય વગેરે વર્યું હતું, એની તોલે ઊભું રહી શકે, એવું આખા ગામમાં કોઇ નહોતું.

દિવસોને વીતતા ક્યાં વાર લાગે છે ? આજકાલ કરતા બે અઢી વર્ષ વીતી ગયા. હવે તો નેઢ અને વિમલ ફુટડા યુવાન બની ચૂક્યાં હતા. એમના બાહુમાં બળ ઊભરાઇ રહ્યું હતું, એમના મોં પર રૂપનો સાગર છલકાઇ રહ્યો હતો, અને એમના ભાગ્યને જાણે વિધાતા મલકાઇ મલકાઇને નિહાળી રહી હતી. પણ આ મલકાટ સૌને માટે અપ્રત્યક્ષ હતા. એથી સૌ કોઇ નેઢ અને વિમલના ભાવિ અંગે થોડા વિચારમગ્ન બને, એ સ્વાભાવિક હતું. છતાં માતા વીરમતિના મોં પર વિષાદનો કે ચિંતાનો કોઇ ભાવ જોવા ન મળતો. કારણ કે પુણ્ય-પાપ પર અતૂટ શ્રદ્ધા ધરાવતું એ હૈયું વિચારતું હતું કે,કોઇ માણસના ભાવિ માટે વિચારનારા આપણે વળી કોણ ? આપણે ગમે તેટલું વિચારીએ, પણ ધાર્યું જો કર્મનું જ થવાનું હોય, તો આવી ખોટી ચિંતાનો ભાર વેંઢારવાનો અર્થ પણ શો ગણાય ?

●

એ કાળે આરાસણ-કુંભારિયા જેમ આરસની ખાણો માટે વિખ્યાત હતું, એમ ત્યાં જેમના બેસણાં હતાં, એ અંબિકાદેવીના ધામ તરીકેય એ ઠીકઠીક પ્રસિદ્ધ હતું. શ્રી નેમિનાથ પ્રભુના તીર્થ તરીકે તો એ ખૂબ જ સુપ્રસિદ્ધ હતું. ત્યારે ત્યાં અંબિકાદેવી હાજરાહજૂર એક શક્તિ તરીકે વિલસી રહ્યા હતા. શ્રી નેમિનાથ ભગવાનના શાસનની અધિષ્ઠાયિકા આ દેવી જેની પર રીઝતા, એના ઘરે ધર્મ અને ધન એક-બીજાની સ્પર્દ્ધા કરવા પૂર્વક વૃદ્ધિ પામતા રહેતા. પ્રારબ્ધના દેવને રીઝવવામાં માનનારા સામાન્ય માણસો કોઇ આવી દૈવી-શક્તિની કૃપા મેળવવા દિનરાત એ શક્તિની પૂંઠે ફરતા રહેતા. પણ પુણ્ય સાપેક્ષ પુરુષાર્થમાં વિશ્વાસ મૂકનારા અસામાન્ય-માણસો પર કૃપાનો શક્તિપાત કરવા આવી દૈવી-શક્તિ સામેથી સજ્જ રહેતી અને આવી વ્યક્તિ પર કૃપા વરસાવીને પાત્રે-પ્રસાદી આપ્યાની પ્રસન્નતા

અનુભવતી.

અંબિકાદેવીને એકવાર થયું કે, કોઇ એવી વ્યક્તિ પર શક્તિ-પાત કરું કે, જેથી જૈનશાસનનો જયજયકાર થઇ જાય. એથી પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનના પ્રકાશમાં એમણે આવી કોઇ વ્યક્તિને ખોળી કાઢવાનો પ્રયાસ કરી જોયો, તો વિમલ પર એમની દૃષ્ટિ ઠરી. એમને થયું કે,જો વિમલ પર કૃપા વેરવામાં આવે, તો આ જગતમાં સ્વ-પર ઉપકારની એક એવી ધર્મ-ગંગા વહી નીકળે કે, એ વહેણ વર્ષોના વર્ષો સુધી વહેતા રહીને, કેટલાય માનવોની તૃષા ઠારવાનો ઉપકાર કરતા રહે !

અંબિકાદેવી જે વિમલ પર પ્રસન્નતાનો પ્રકાશ પાથરવા ઇચ્છતા હતા, એની ધાર્મિક-અણનમતા પર એમને પૂરો વિશ્વાસ હોવા છતાં એનું પારખું કરીને એઓ વધુ વિશ્વસ્ત થવા માંગતા હતા. એથી નવ-યૌવના કોઇ નારીનું રૂપ ધારણ કરીને એઓ ભટેવર-ગામની એ સીમમાં અવતર્યાં, જ્યાં વિમલ એકલો-અટૂલો આવીને બેઠો હતો. વિમલ આ રીતે ઘણીવાર પોતાના મામા ઢોર ચરાવવા આવતા, ત્યારે એની સાથે આવતો અને બપોરે કોઇ વડલાના વિસામે આરામ કરતો.

એ દિવસે વિમલ હજી આરામ કરવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં જ એના કાને નૂપૂરનાં ઝંકાર, પાયલના સંગીત-નાદ અને કંકણના મધુર-રવ સંભળાયા. એથી એ ચોકન્નો થઇને આજુબાજુ નજર ઘૂમાવી રહ્યો, આજે પહેલીવાર જ બળબળતા બપોરે, આવા જંગલમાં એના કાનમાં આ જાતનો કર્ણપ્રિય-ધ્વનિ પ્રવેશી રહ્યો હતો ! વળતી જ પળે વિમલની આંખે, રૂપરૂપના અંબાર સાથે સામેથી આવતી કોઇ નવયૌવના નારીને પકડી પાડી.

જંગલનું એકાંત હતું, પોતાના દેહની ડાળીએ માળો નાખીને સ્થિર થયેલી કાંતિની કોયલો દિનરાત ટહુકાર રેલાવી રહી હતી. એથી સદાચારમાં નિષ્ઠા ધરાવતો વિમલ ઉભો થઇને, આવા સંયમ-ઘાતક વાતાવરણથી દૂર જવા તૈયાર થયો. ત્યાં જ વિમલને સંબોધતી એક

સ્વરાવલિ ગુંજી ઉઠીઃ વિમલ ! પરાક્રમથી વિક્રમ જેવા રાજવીના અવતાર તરીકે તારી કીર્તિ મેં સાંભળી છે અને મારાં આગમનથી તું આમ ડરી જાય છે ! હું નેહથી નીતરતી એક નારી છું, શું મારામાં તને કોઇ રાક્ષસીનું રૌદ્ર-રૂપ દેખાય છે કે, જેથી આમ પારોઠના પગલા ભરી રહ્યો છે?

વિમલ થંભી ગયો. પોતાના પરાક્રમ સામેના આ પડકારનો પ્રતિકાર કર્યા વિના તો એને ક્યાંથી ચેન વળે ? એણે પડકારની ભાષામાં કહ્યું : તમને કયા શબ્દોથી સંબોધન કરવું, એ મારા માટે મુઝવણનો વિષય છે. છતાં મારું સૌજન્ય અને મારો સદાચાર હું ન ચૂકી શકું ! એથી જ બહેન તરીકે તમને બિરદાવીને પૂછું છું કે, આવી મર્યાદા-હીન વાત કરવા દ્વારા મારા પરાક્રમને પડકારનારા અબળા છતાં સબળા તમે કોણ છો, એ પહેલા મને જણાવશો, તો તમારા પ્રશ્નોના બધા જવાબો આપવાની મારી પૂરી તૈયારી છે ! તેજ-તેજના અંબારસમી એ નારીનું યૌવન વધુ અંગડાઇ લઇ રહ્યું. એની વાણીમાં મોહમૂલક મૃદુતા વધુ પ્રમાણમાં વિલસી રહી. એણે મર્યાદાની પાળના પાયામાં પ્રહાર કરતો જવાબ વાળ્યો : મર્યાદા અને ઔપચારિકતાના બે કિનારા વચ્ચે જે વહે, એને પ્રેમ કોણ કહે ? જ્યાં પ્રેમનું પૂર હોય, ત્યાં મર્યાદાય ન હોય અને ઔપચારિકતાય ન હોય ! આથી મેં અપનાવેલું સંબોધન જ તને તારા પ્રશ્નોનું સમાધાન આપી શકે એમ છે. છતાં એ 'સંબોધન' ઉપર વિચાર કરવાની ધીરજનો તારી પાસે અભાવ હોય, તો તું જાણી લે કે, હું એક ભોગી ભ્રમર છું અને તારી કાયાના કમળ પર અધિકાર જમાવીને પ્રેમની પરાગ પીવા હું અત્યંત આતુર છું.

વિમલે પોતાના કાનમાં આંગળી ખોસી દેતા કહ્યું : મારે તમારી આ બધી વાતના શ્રવણનો બહિષ્કાર કરતા પૂર્વે એટલું જણાવવું છે કે, મેં તમને 'બહેન'ના બિરૂદથી જે રીતે બિરદાવ્યા, એ સંબોધન પર તમે તમારાં મનને કેન્દ્રિત કર્યું હોત, તો વિકાર અને વાસનાની બદબૂ ઓકતા આવા વેણ તમે કાઢી જ ન શક્યા હોત. 'સંબોધન' પર વિચાર

કરવાની મને શાણી-સલાહ આપનારું તમારું આ ડહાપણ એથી જ તમારા ચરણે સમર્પિત કરીને મારે એટલું કહેવું છે કે- 'બહેન' તરીકેના મારા સંબોધન પછી પણ તમે મારી પાસે અજુગતી જે અપેક્ષા રાખી રહ્યા છો, એમાં તમારું ડહાપણ ડોકાય છે ખરૂં ?

હાર્યા જુગારીની અદાથી બમણા દાવ નાખવા મેદાને પડવાની અદા અજમાવી જોવા માંગતી એ નારીને થયું કે, કાળજાને વીંધતા કામ-કટાક્ષો સામે આ ભડવીર જો ટકી શકે, તો તો માનવું જ રહ્યું કે, આ ખરો ઇન્દ્રિય-વિજેતા છે ! એથી પળ પછી જ એણે એવા નાચ-ગાન શરૂ કર્યા કે, જેના દર્શને ભલભલાનું હૈયું હારી જાય ! એ માનતી હતી કે, મનનું માખણ કામ-સામગ્રીની અગ્નિજ્વાળા સમક્ષ ક્યાં સુધી અણ-ઓગળ્યું રહી શકે ? પણ એ વિકારક-જળ વચ્ચેય કમળની જેમ વિમલ જયારે વિમળ જ રહ્યો, ત્યારે એ નારી એક વાત્સલ્યમયી માતાના રૂપમાં પલટાઇ જઇને આશીર્વાદ આપતા બોલી રહી કે,

"વિમલ ! મળ-વિમળ-ભર્યા જળ વચ્ચે તું ખરેખર કમળની જેમ વિમલ જ રહ્યો ! તારી આ સદાચાર-નિષ્ઠાથી ખુશખુશાલ થયેલી હું અંબિકા તારી પર ચારે હાથે પ્રસન્ન બની છું ! એથી તને કહું છું: માંગ, માંગ; જે જોઇએ એ માંગ !

વિમલના આશ્ચર્યનો અને આનંદનો પાર ન રહ્યો, એનું મસ્તક એ અંબિકા-માતાના ચરણમાં નમી પડ્યું. એ કંઇ માંગે, એ પૂર્વે જ અંબિકાદેવીએ પુનઃ કહ્યું :

"વિમલ ! તારા સત્વ અને સદાચારની અડગતા પર આફ્રિન થઇ ગયેલી હું તને ત્રણ ત્રણ વરદાન આપું છું, તું અમોઘ બાણાવળી બનીશ, અશ્વના શુભાશુભ લક્ષણ જાણવાની કળા અને મોતીના દાણાનેય જ્યાં શરમાવું પડે, એવી અક્ષર કળાનો તું અજોડ સ્વામી બનીશ ! તેમજ જિન શાસનની અદ્વિતીય અને અનુપમ પ્રભાવનાનો તું સનાતન-સર્જક બનીશ. આટલા વરદાન તો હું મારી ઇચ્છાથી આપી રહી છું. બાકી તારી ઈચ્છા તું હવે પ્રગટ કરી શકે છે!

વિમલ આ સાંભળીને વિનમ્ર વાણીમાં બોલ્યો : માતા અંબિકા ! આપે આપવામાં ક્યાં જરાય કમીના રાખી છે કે, મારે માગવાનું કાંઇ બાકી રહે ? બસ, આપની અનરાધાર કૃપાનો હું આશક છું. આ કૃપાકવચ બનીને આજીવન મારી સુરક્ષા કરવા સમર્થ છે, એવી મારી અણનમ-શ્રદ્ધા છે.

વિમલ આટલું બોલીને એક બાળક જે અદાથી માની ગોદમાં લપાઇ જાય, એ રીતની શરણાગતિના ભાવ પૂર્વક અંબિકાદેવીના ચરણમાં નમી પડ્યો. થોડી વાર પછી વિમલે આંખ ખોલી, તો અંબિકાદેવી અદૃશ્ય બની ગયાં હતાં. આજે એનું રોમરોમ હર્ષથી પુલકિત બનીને નૃત્ય કરી રહ્યું હતું. એણે દેહ પર નજર કરી, તો પોતાના દેહપર સુવર્ણના અનેક અલંકારો ઝગારા મારી રહ્યા હતા, જેની આગળ સૂર્ય-તેજ પણ ઝાંખુ જણાતું હતું, દૈવી શક્તિ તરફથી મળેલી સુપ્રસન્નતા અને સંપત્તિને સુરક્ષિત બનાવીને વિમલ ઘરે આવ્યો. એણે ભાઇ નેઢ અને માતા વીરમતિને તરત જ એક ખૂણામાં લઇ જઇને કહ્યું કે, આજે અકાળે અણધાર્યા મારી પર મોતીના મેઘ વરસ્યા છે. મહેનત કે મજૂરી કર્યા વિના હું એવી કમાણી કરી આવ્યો છું કે, જે આજીવન ચાલે, તમે નહિ માનો, પણ આજે મા-અંબિકાદેવી મારી પર તૂઠયાં છે અને એમણે...

વિમલનો હર્ષાવેશ એટલો વેગવાળો બન્યો હતો કે, એ વાક્ય પૂરું કરી શક્યો નહિ ! પરંતુ એના કેડ પરથી છૂટેલી એક પોટલીએ એ વાક્ય પૂરું કર્યું અને માતા વીરમતિ તેમજ ભાઇ નેઢ વિસ્ફારિત આંખે એ અલંકારોને જોવા પ્રયાસ કરવા માંડ્યા; પણ એના તેજથી આંખો અંજાઇ જતા એમણે પૂછ્યું : વિમલ ! સૂર્યના આ તેજની ચોરી તું કઇ ચબરાકી અને ચાતુરીથી કરી આવ્યો, એ તો કહે ?

વિમલ બોલ્યો : હું ચોર નહિ, શૂરો અને પૂરો શાહુકાર છું. પિતા વીર અને માતા વીરમતિનું આ સંતાન જે દહાડે ચોર બનશે, એ દિ' પછી શાહુકારી ક્યાં જઇને આશરો લેશે ? વિમલનો હર્ષ હૈયામાં

સમાતો નહોતો, છતાં ગંભીર બની જઈને એણે જ્યારે 'અથ'થી 'ઇતિ'સુધીની ઘટના કહી સંભળાવી, ત્યારે માએ વિમલના ઓવારણાં લીધા, એ વખતે પતિદેવની એ ભવિષ્યવાણીના પડઘા એના કાનમાં ગુંજવા માંડ્યા, અને એના મોમાંથી શબ્દો સરી પડ્યા કે,હવે આપણા દુઃખના દિવસો ગયા અને વસમી વેળાના વળામણા થયા, એમ નક્કી માનજો ! દેવનું દર્શન અમોઘ હોય છે, એથી આજે આપણને આપણા શુભ ભાવિનો સંકેત આ રીતે માતા-અંબિકા આપી ગયા. હવે...

માતા વીરમતિનું વક્તવ્ય હજી પૂર્ણ નહોતું થયું, ત્યાં તો બહારથી સાદ આવ્યો : બહેન ! બહાર આવો, પાટણથી આવેલા શ્રીદત્ત-શ્રેષ્ઠિ તમને યાદ કરી રહ્યા છે.

વીરમતિએ પોતાના ભાઈને પૂછ્યું : શું પાટણથી શ્રીદત્ત શેઠ આવ્યો છે ? અને એ પાછા મને યાદ કરે છે ?

□

# પુનરાગમનને પગલે... પગલે...

## [૮]

ઉગતા સૂર્યની અદાથી અણહિલ્લપુર પાટણની રાજ્ય ગાદી પર ભીમદેવનો પ્રતાપ વૃદ્ધિ પામી રહ્યો હતો. ગૂર્જર-રાષ્ટ્રના સત્તા-સૂત્રો સંભાળ્યાને મહિનાઓ વીતી ગયા હતા અને દામોદર મહેતા જેવી વ્યક્તિઓનું થોડું ઘણું પણ ચલણ હતું, એથી પોતાના પિતાના રાજ્યકાળમાં જે વીરમંત્રીના નામની હાક વાગતી હતી, એમના પ્રતાપી પુત્રો નેઢ અને વિમલને ભીમદેવ જાણે સાવ ભૂલી બેઠા હતા પોતાના પિતાજીએ આ બે મંત્રીપુત્રોને સેવાની તક આપીને, ગૂર્જર-રાષ્ટ્રને વધુ સમૃદ્ધ બનાવવાની આપેલી હિતશિક્ષા ભીમદેવને જાણે યાદ પણ નહોતી. એથી દામોદર મહેતાને થતું હતું કે, પોતાનાં પાસાં પોબાર પડ્યા છે અને ટાઢે પાણીએ ખસ ગઈ છે ! પરંતુ આ તો માત્ર એમની પોતાની માન્યતા હતી.

માન્યતા અને હકીકત ઘણા ઓછા પ્રસંગોમાં એક હોય છે. લગભગ રાજકીય-સૃષ્ટિમાં તો માન્યતા અને હકીકત વચ્ચે અનેક ગાઉનો ગાળો જ નહિ, પણ સાવ વિપરીત દિશા સંબંધી વિરાટ અંતર હોય છે. દામોદર મહેતાની માન્યતાને પણ આ જ સત્ય લાગુ પાડી શકાય એમ હતું. એથી એઓ નેઢ-વિમલનો કાંટો ઉખડી ગયાની માન્યતામાં રાચી રહ્યા હતા. ત્યારે ભાવિ એક હકીકતને સાકારતા આપવાની દિશામાં આગળ વધતું હતું અને એથી એ જાતના સંયોગોની શૃંખલાઓના અંકોડા અદૃશ્ય રીતે જોડાણ સાધી રહ્યા હતા.

ભીમદેવના રાજ્ય-દરબારમાં જે કેટલીક વ્યક્તિ શક્તિઓ

અગ્રગણ્ય ગણાતી હતી, એમાં શ્રીદત્ત શ્રેષ્ઠિના નામ-કામ ઠીક ઠીક આગલી-હરોળને શોભાવતા હતા, એક નગરશેઠ જ તરીકે નહિ, પરંતુ બીજી બીજી પણ અનેક રીતે એમનું પ્રદાન એવું વિશિષ્ટ હતું કે, એથી એમની નામના-કામનામાં ચાર ચાર ચાંદ ખીલી ઉઠે, તોય કોઇ-ને આશ્ચર્ય થાય એમ ન હતું. એમની પાસે સંપત્તિ હતી, સાથે સાથે સુપાત્રમાં એનો સદ્ઉપયોગ કરવાની સદ્બુદ્ધિ પણ હતી, એમની પાસે અધિકાર હતો, સાથે સાથે એ અધિકારની રૂએ સજ્જનોને પૂજા અને દુર્જનોને સજા મળે, એવા જ કાર્યમાં અગ્રેસર થવાની નીતિમત્તા હતી, એથી એ અધિકાર એમના તરફ ધિક્કાર નહિ, સત્કારની ભાવના જગવવામાં નિમિત્ત બનતો. એથી જ રાજ્યસભા જ્યારે ભરાતી અને નગરશેઠની બેઠક પર જ્યારે એઓ બેસતા, ત્યારે એમ લાગતું કે, તાજ વિનાના રાજા તો આ જ છે.

નગરશેઠને એક દીકરી હતી. એનું નામ શ્રીદેવી હતું. યોગ્ય વય થતા સંસ્કારી ઘર ને સદ્ગુણી વર શોધવા શેઠની નજર આખા પાટણમાં ઘૂમી વળી. પણ શેઠની નજર કોઇ સ્થાને બરાબર ઠરી નહી. એ કાળમાં વર-કન્યા વચ્ચે જ્યોતિષ-શાસ્ત્રની દૃષ્ટિએ લેણાદેણીનો વિચાર પણ થતો. એથી શેઠે રાજ-જોશીને તેડાવીને કેટલીક કુંડલિઓ રજૂ કરવા પૂર્વક શ્રીદેવીના વિવાહ અંગે માર્ગદર્શન માંગ્યું. થોડી ઘણી કુંડલિઓ જોયા બાદ પણ જોશીનું મન ન માન્યું, એથી એમને એકાએક કંઇક યાદ આવ્યું અને એમણે કહ્યું :

'શેઠ ! આ બધી કુંડલિઓ બાજુ પર મૂકો. મને બીજો જ એક વિચાર આવે છે. આ વિચારની યોગ્યાયોગ્યતાનો નિર્ણય તો આપે જ કરવાનો છે. મારો અધિકાર તો માત્ર વિચારને વ્યક્ત કરવા પૂરતો જ છે !'

શેઠે ઉત્સુકતા બતાવી, ત્યારે જોશીએ કહ્યું : વિમલનું નામ તો સાંભળ્યું જ હશે ? મંત્રીવીરનો પુત્ર વિમલ ! એની જન્મ-કુંડલિ મેં

બનાવી હતી, અત્યારે એ પૈસે ટકે ભલે સમૃદ્ધ ન હોય, પણ એનું ભાવિ ભારે બળવાન છે અને એની કુંડલિ સાથે શ્રીદેવીની કુંડલિ સરખાવતા ખૂબ જ સારી લેણાદેણી જોવા મળે છે. માટે આપ જો વિમલ ઉપર પસંદગી ઉતારો, તો મારી દૃષ્ટિએ સર્વોત્તમ કુંડલિ એની છે.

શેઠ એકદમ હસી ઉઠ્યા : અરે ! જોશી રાજ ! આ તો કેડમાં છોકરું અને ગામમાં ગોતાગોત, જેવું થયું ! વિમલને તો હું સારી રીતે ઓળખું છું ! એના પિતા વીરમંત્રી સાથેનો સાધર્મિક તરીકેનોય સંબંધ આંખ સામે તરવરી આવે છે અને આજેય રોમાંચ ખડા થઈ જાય છે. ખરેખર વિમલ બધી રીતે યોગ્ય છે. અને તમારા કહેવા મુજબ પાછી લેણાદેણી પણ સારી છે. આ તો દૂધમાં સાકર પડી ગણાય. તમારા મોમાં સાકર ! બસ, વિમલ સાથે વિવાહની વાત કરવા આજે જ હું રવાના થાઉં છું. તમે મુહૂર્ત ગોતી રાખજો. મને ખાતરી છે કે, વીરમતિ મને નિરાશ નહિ કરે. વિમલની માતા વીરમતિ અને શ્રીદેવી વચ્ચે તો મા-દીકરી જેવો મીઠો સંબંધ છે.

સન્માની-સત્કારીને શેઠે જોશીને વિદાય કર્યા અને એ જ દિવસે વહેલ જોડાવીને શ્રીદત્ત શેઠે વિમલના મોસાળ તરફ પ્રયાણ કર્યું. થોડા જ સમયમાં એઓ ભટેવર-ગામમાં પહોંચી ગયા. મેઘાશાહનું મકાન શોધતા એમને વાર ન લાગી. વહેલમાંથી નીચે ઉતરીને એમણે પૂછ્યું : વીરમતિ અને વિમલ અહીં જ છે ને ? આ પ્રશ્નનો પડઘો ઘરમાં ઘૂમી રહ્યો, એ જ વખતે વીરમતિ, નેઢ અને વિમલ એક ઓરડામાં એકઠા મળ્યા હતા અને વિમલ પોતાની પર પ્રસન્ન થયેલા અંબિકા-માતાની પ્રસાદી રૂપે પ્રાપ્ત થયેલા અલંકારો દર્શાવી રહ્યો હતો. વીરમતિના શબ્દોનો એ ગુંજારવ 'વસમી-વેળાના વળામણા હવે થયા જ સમજો !' હજી શમ્યો ન હોતો, ત્યાં તો વીરમતિના કાને પોતાના ભાઈનો સાદ અથડાયો : બહેન ! બહાર આવો, પાટણમાંથી આવેલા શ્રીદત્ત શ્રેષ્ઠિ તમને યાદ કરે છે.

વીરમતિના આશ્ચર્યનો પાર ન રહ્યો, કેટલાય વિચારો એના મનના ગુંબજમાં ઘૂમવા માંડ્યા. એણે બહાર આવીને શેઠને આવકાર આપતા કહ્યું : આજે અમ-ગરીબની ઝૂપડી આપના પગલે મહેલ બની ગઇ ! પધારો, પધારો, ધન્ય ભાગ્ય અમારા કે, આપના અહીં પગલાં થયા !

નગરશેઠે સહર્ષ જવાબ વાળતા કહ્યું : હું તમને ધન્ય બનાવવા નથી આવ્યો, પણ તમારી પાસેથી ધન્યતા પામવા હું અહીં આવ્યો છું. ધન્યતાની ભિક્ષા એક તમે જ આપી શકો એમ છો, પાટણમાં જે ન પામી શક્યો, એ પામવા આ ગામડામાં આવ્યો છું. મને સંતોષશો ને ?

વીરમતિને હજી કંઇ સમજણ નહોતી પડતી કે, શેઠ શું પામવા આવ્યા હશે ! એથી એણે પોતાના કપાળે હાથ મૂકતા કહ્યું કે, શેઠ ! આપ જેવા સમજુ અને શાણા જ્યારે અમારી આ રીતે મશ્કરી કરી રહ્યા છે કે, હું અહીં ધન્યતાની ભિક્ષા પામવા આવ્યો છું ! ત્યારે એમ લાગે છે કે, આની પાછળ કોઇ રહસ્ય હોવું જોઇએ. કારણ કે સજ્જનોની વાત કદી એવી નથી હોતી કે, જેથી દરિદ્રના દિલને જખમ પહોંચે !

શેઠે સ્પષ્ટતા કરતા કહ્યું : હું શ્રીદેવી માટે આ વિમલનું માંગુ કરવા આવ્યો છું. વિમલ માટેની આ માંગણી પૂરી કરવા તમે જ સમર્થ છો! બોલો, હવે મારી વાત સાચી છે કે નહિ ? પાટણ જે ભિક્ષાપાત્રને ભરી ન શક્યું, એ ભિક્ષાપાત્ર તમે જ ભરી શકો એમ છો, આ વાત ખોટી હોય, તો કાનની બુટ પકડીને ભૂલનો એકરાર કરવા હું તૈયાર છું.

શેઠની રમૂજી આ રજૂઆતે સૌ ખડખડ હસી ઉઠ્યા. મેઘાશાહનું મકાન જાણે પ્રસન્નતાનો મંડપ બની ઉઠ્યું. પવિત્ર બનાવવા ગંગાનો પ્રવાહ સામે પગલે ચાલ્યો આવ્યો હોય અને ચાંલ્લો કરવા લક્ષ્મીદેવી સામેથી હસતા હૈયે પધાર્યા હોય, એના જેવી ધન્ય આ ઘડી હતી ! વીરમતિ અણસમજુ નહોતી કે, આવા અવસરે મોં ધોવા જવાનો પણ

વિચાર-વિલંબ કરે ! એણે કહ્યું : શેઠ આપની માંગણી સ્વીકારતા પૂર્વે મારે તો ક્યાં કંઈ વિચાર કરવા જેવું છે ? જે કંઈ વિચાર કરવાનો છે, એ આપે જ કરવાનો છે. અમારી સ્થિતિ-પરિસ્થિતિથી આપ પરિચિત છો, સંપત્તિના સાગર વચ્ચે ઉછરેલી શ્રીદેવી ક્યાં ? અને સંપત્તિના ખાબોચિયાનું દર્શન પણ અત્યારે જેના માટે દુર્લભ છે, એવો મારો આ વિમલ ક્યાં ? આ બધો વિચાર આપે કરવાનો છે, કાલે ઉઠીને લોકોને એવું બોલવાનો અવસર ન મળે કે....

શેઠે વીરમતિના વાક્યને અધૂરું રાખીને જવાબ આપ્યો કે, આ બધો વિચાર કરીને જ તો હું આવ્યો છું. સંપત્તિ-સંપત્તિ શું કરો છો ! વિમલ પાસે ભાગ્યની જે મૂડી છે, એ મૂડી મેળવવા તો અમારે ભવો કરવા પડશે. બોલો, વિમલનું નક્કી ને ? બોલ, વિમલ ! તારી શી ઈચ્છા છે ?

શેઠે વિમલ તરફ પ્રશ્ન-સૂચક નજર કરી. વિમલે લજ્જાથી નયન નીચા ઢાળી દીધા. વીરમતિએ તરત જ ગોળધાણા વહેંચીને જાણે ભાગ્યના ભાનુ પ્રકાશ વેરી શકે, એ માટે પૂર્વની બારીનું ઉદ્ઘાટન કર્યું.

મેઘાશાહનું ઘર હસી ઉઠ્યું. ને જે ચૂલે ઘેંસ રંધાતી હતી, એ ચૂલે આજે શીરો-કંસાર અને માલમિષ્ટાન્ન તૈયાર થવા માંડ્યા. ભટેવર-ગામમાં આ સમાચાર પહોંચતા ઘરે ઘરે આનંદ છવાઈ ગયો, એમાં વળી સૌના ઘરે મીઠાઈના પડિયા પહોંચ્યા, ત્યારે તો એ આનંદને કોઈ આરો-ઓવારો ન રહ્યો. સમી સાંજે શ્રીદત્ત શેઠે પાટણ જવાની તૈયારી કરવા માંડી, ત્યારે ખાનગીમાં વીરમતિએ શેઠની સાથે થોડી વાતચીત કરવાની તક ઝડપી લીધી. એ વાતચીત દરમિયાન વિમલ જરાક દૂર ઊભો હતો, છતાં એ વાતચીતમાં બે ત્રણ વાર ઉચ્ચરાયેલું પોતાના વડીલબંધુ નેઢનું નામ સાંભળીને, આજના આનંદના વાતાવરણમાં પણ જરાક ચિંતા અનુભવતા વિમલે સંતોષ અનુભવ્યો. શેઠ વિદાય થયા, પણ એ પૂર્વે તો જાણે ઘરની આખી સિક્કલ જ પલટાવતા ગયા.

મુહૂર્તના મંગલ-દિવસની વધામણી આવે, ત્યાં સુધી તૈયારી કરીને જાન લઇ પાટણ પહોંચવાનું હતું. મેઘાશાહનું મન ઉંડે ઉંડે ચિંતા અનુભવી રહ્યું હતું કે, મોટા ઘરની કન્યા સાથે લગ્ન તો લીધા છે, પણ ખરચને કઇ રીતે પહોંચી વળીશું ? પરંતુ આ ચિંતાનો ઉકેલ બીજે જ દિવસે મળી ગયો.

રોજની જેમ મામા-ભાણેજ ખેતરે ગયા. થોડી ઘણી જે જમીન હતી, એમાં આમ તો રોજ મામા હળ હલાવતા. પણ આજે વિમલે કહ્યું: મામા, હવે મને આ કામ કરવા દો ને, તમે તો રોજ કરો છો. અને વિમલે હળ હાથમાં લઇને જ્યાં ખેતર ખેડવા માંડ્યું ત્યાં જ હળ કોઇ નક્કર ચીજ સાથે અથડાતાં એક મોટો અવાજ થયો. મામાને થયું કે, ભાણિયાએ હળ તોડી નાંખ્યું લાગે છે ? એઓ દોડીને આવ્યા અને ધીરેથી હળ ઉંચું કર્યું, તો એમના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. એ હળ કોઇ પત્થર સાથે નહિ. પણ સોનામહોરોથી ભરેલા એક ચાંદીના ચરૂ સાથે અથડાયું હતું અને એથી જ એ ચરૂ જમીનમાંથી ખોદાઇને બહાર આવ્યો હતો. ભાણેજના ભાગ્યના ઓવારણાં લેતા મામા તરત જ ઘેર આવ્યા. ચરૂના ચળકાટ જોઇને, ઘરમાં વ્યાપેલા પ્રસન્નતાના પ્રકાશમાં ઓર ભરતી ચઢી આવી.ચરૂના એ ચળકાટમાં મામાના ઘરમાં છવાયેલ અંધકારનેય દૂર કરવાની તાકાત તરવરતી હતી. એથી ગઇકાલનો મેઘો બીજા જ દિવસથી મેઘાશાહના નામે સન્માન પામી રહ્યો.

થોડા વધુ દિવસ વીત્યા અને પાટણથી બીજી એક વહેલ ભટેવર આવી. એમાં શેઠ લક્ષ્મીપતિ પોતાની પુત્રી ધનશ્રી માટે નેઢનું માંગુ કરવા આવ્યા હતા. મંત્રીવીરના પરિવાર સાથે પહેલેથી જ એમને સારી ઓળખાણ હતી. એમાં વળી નગરશેઠે પોતાની પુત્રી માટે વિમલની પસંદગી કરી, એથી નેઢ પર પસંદગી ઉતારવાની એમની ભાવનાને વેગ મળ્યો હતો. શ્રીદત્ત શેઠે જ્યારે આ વાત જાણી, ત્યારે એમણે

લક્ષ્મીપતિશેઠના એ મનોરથ વધાવી લઇને એમને વધુ પ્રોત્સાહિત બનાવ્યા અને શેઠ લક્ષ્મીપતિ બનતી ઝડપે ભટેવર જઇ પહોંચ્યા.

વીરમતિએ લક્ષ્મીપતિ શેઠને આવકાર આપ્યો, એમણે પોતાની પુત્રી ધનશ્રી માટે નેઢનું માંગુ કર્યું અને સૌની પ્રસન્નતા વચ્ચે એનો સ્વીકાર થયો. લક્ષ્મીપતિ શેઠ સાથે શ્રીદત્ત શેઠે લગ્નપ્રસંગનું મુહૂર્ત પાઠવ્યું હતું. ૧૫ દિ' પછી સારો દિવસ આવતો હતો. એથી ભટેવર અને પાટણમાં લગ્નપ્રસંગની જોરદાર તૈયારીઓ ચાલુ થઇ. એક તો અંબિકાદેવીની પ્રસન્નતા પ્રાપ્ત થઇ હતી, બીજું ક્ષેત્ર-દેવતાએ પ્રસન્ન થઇને ચરૂની ભેટ આપી હતી. એથી ખૂબ જ ધામધૂમ પૂર્વક લગ્ન પ્રસંગની ઉજવણી કરવાના મેઘાશાહના મનોરથ હતા, એકીસાથે નેઢ અને વિમલના લગ્ન-મહોત્સવનો નિર્ણય લેવાતા એની તડામાર-તૈયારીઓથી આખું ભટેવર-ગામ ઉલ્લાસ ઉર્મિઓની છોળો વચ્ચે જાણે નખ-શિખ સ્નાન કરી રહ્યું !

ભાગ્ય આડેની ભીંત ખસી જતા, ભાગ્યના એ ભાનુને ફરી ઝગારા સાથે પ્રકાશી ઉઠતા વાર લાગતી નથી, એ આનું નામ ! આવી આવી વાતોથી ભટેવર ગામનું ગગન ગાજી ઉઠ્યું. એ ગર્જનાના પડઘા છેક પાટણ સુધી લંબાયા અને ભૂલાયેલા બચપણની સ્મૃતિની જેમ સૌની આંખ આગળ વીરમતિ, નેઢ અને વિમલની ત્રિપુટી પુનઃ ઉપસી આવી અને જાન લઇને આવનારા એમની પ્રતીક્ષા સૌ કરી રહ્યાં.

પાટણના સિંહાસને બેઠેલા ભીમદેવના કાને આ બધી વાતો અથડાય, એવો ઓછો સંભવ હતો. તેમ દામોદર મહેતાને આ વાતની ગંધ ન આવે, એ પણ સંભવિત નહોતું. મોટા ઠાઠમાઠ સાથે પરણવા આવવા ભટેવરથી નીકળી ચૂકેલા નેઢ અને વિમલની વાત એમણે સાંભળી, ત્યારે મનોમન એવું સમાધાન કરી લીધું કે, લોકોને તો વધારીને અને વધારીને વાત કરવામાં મજા આવતી હોય છે. બાકી સ્થિતિથી સાવ ઘસાઇ ગયેલા એમના લગ્નમાં આવી ધામધૂમ ક્યાંથી

સંભવી પણ શકે ? પણ પૂર્વની જેમ દામોદર મહેતાની આ માન્યતા અને હકીકત વચ્ચે આ વખતે પણ એવું વિરાટ અંતર હોવાની ખાતરી જ્યારે પાટણમાં નેઢ અને વિમલના નામના ગાજતા વાજાં સાંભળ્યા, ત્યારે જ એમને થવા પામી !

પાટણની પ્રજાને વીરમંત્રીએ જે પ્રેમ આપ્યો હતો, એથી પ્રજાના માથે જે ઋણ ચડ્યું હતું, એમાંથી આંશિક-મુક્તિ મેળવવા કાજે જાણે નેઢ અને વિમલના પાટણમાં થતા પુનરાગમનને અને પનોતાં એ પુનરાગમનના પગલે ઉજવાનારા લગ્ન-પ્રસંગને પોતાનો જ પ્રસંગ સમજીને એમાં ઉલટભેર ભાગ લેવાની અંતઃપ્રેરણાથી પ્રજા થનગની ઊઠી. એ ઘડી-પળ પણ આવી પહોંચ્યા, જ્યારે વરણાગી બનેલા નેઢ અને વિમલ પાટણમાં પ્રવેશ્યા, એમના દેહ પર છલકાઇ રહેલા રૂપ-રંગ જોઇને સૌ કોઇ આવો વર મળવા બદલ ધનશ્રી અને શ્રીદેવીના ભાગ્યની ઈર્ષ્યા કરી રહ્યાં. જે લોકોની આંખમાં ભવિષ્યને ભાળવાની થોડીઘણી પણ અગમ્ય-શક્તિ હતી, એઓ નેઢ અને વિમલના ભાલમાં પાટણનું ભાવિ મંત્રીપદ અંકાતું નિહાળી રહ્યાં.

મહારાજ ભીમદેવ રાજ્યગાદીએ બિરાજ્યા, ત્યારે પાટણે જે ઉલ્લાસ-ઉજમાશ માણેલ, એથી પણ અધિક ઉલ્લાસના તરંગો પર સહેલગાહ માણી રહેલ પાટણની પ્રજાને જોઇને જો કોઇએ વધુ દુઃખ અનુભવ્યું હોય, તો મહેતા દામોદરે ! એમના અંતરના ઊંડાણમાં એક એવી આશંકાએ મૂળ ઘાલ્યું કે, કાલે ઉઠીને પાટણની આ પ્રજા પોતાના પ્રેમની પાલખી પર બેસાડીને આ બે ભાઇઓને મંત્રીપદના મહેલમાં પધરાવવા તૈયાર થાય, તો નવાઇ નહિ ! આવી આશંકાના મૂળ વધુ ને વધુ ઊંડા ઉતરતા રહે, એવી ઘટનાઓ એક પછી એક બનતી રહી, ને એમની આશંકાના મૂળ ઉંડા ઉતરતા ચાલ્યા.

નેઢ અને વિમલનો લગ્ન પ્રસંગ અનેરા ઠાઠમાઠ સાથે ઉજવાઇ ગયો હતો. ઉલ્લાસના માંડવા આમ જો જોવા જઇએ, તો શ્રીદત્ત શેઠ

અને શ્રી લક્ષ્મીપતિ શેઠના આંગણે જ નંખાયા હતા. પણ આ પ્રસંગ પોતાનો જ હોય, એવો આનંદ ઉલ્લાસ ઘણી મોટી જનતાએ વ્યક્ત કર્યો હતો. વીરમંત્રીની દીક્ષા પછીના થોડા દિવસો બાદ બંધ થયેલી એ-મની હવેલીના દ્વાર હવે ખુલ્યા હતા ને થોડા જ દિવસોમાં એક કાબેલ વેપારી તરીકેની પ્રખ્યાતિના પ્રેમ-પૂર ચોમેરથી આવી-આવીને નેઢ અને વિમલની આબરૂને વધુ ને વધુ સમૃદ્ધ બનાવી રહ્યા હતા. ભાગ્યનો દેવ પણ હવે એમની પર જાણે ચારે હાથે રીઝ્યો હતો. એથી એઓ જ્યાં હાથ નાખતા કે જે વેપાર શરૂ કરતા, એ એમના માટે અખૂટ-સમૃદ્ધિના આગમનનો રસ્તો બની જતો હતો.

વીરમતિની આંખ આગળ હવે એ બધો જ ભૂતકાળ અને ભૂતકાલીન એ બધી જ વાતો તાજી થઇને એના રોમેરોમને રાજી બનાવી રહી. અંબિકાદેવીની કૃપા વરસી હતી, ભાગ્યનો ભંડાર ખુલ્લો થઇ જઇને ધનના ઢગલે ઢગલાં વરસાવી રહ્યો હતો. જનતાની લાગણીઓ ઘનઘોર આષાઢી-વાદળા બનીને વાત્સલ્યના જળ વહાવી રહી હતી. બુદ્ધિ અને બળના પ્રવાહો નેઢ અને વિમલની જીવન વાડીમાં ઠલવાઇને એને વધુ ને વધુ સમૃદ્ધિ આપી રહ્યા હતા. ધનશ્રી અને શ્રીદેવી એવા પનોતા પગલે આવ્યા હતા કે, એમના પગલે-પગલે ઘરમાં સંપ અને સંપત્તિ, સદાચાર અને સરસ્વતી, ધીરતા અને વીરતા જેવા અનેક દ્વન્દ્વો વૃદ્ધિ પામી રહ્યા હતા.

માતા-વીરમતિ વર્ષો પછી પાછી એક એવી સમૃદ્ધિ નિહાળવા બડભાગી બની હતી, જેવી એણે પોતાના પતિદેવના સમયમાં અનુભવી હતી. છતાં એની ધર્મ ભાવના દિવસે દિવસે વૃદ્ધિ પામી રહી હતી, એટલું જ નહિ, પોતાની આવી ભાવનાની પ્રભાવના ઘરમાં છૂટે હાથે કરવાની એક પણ તકને એ ગુમાવતી નહોતી, એથી ઘરમાં જૈનત્વની જાહોજલાલીનું દર્શન મોટા પ્રમાણમાં થતું હતું. આમ, પાટણમાં પડેલા પુનરાગમનના એ પગલે-પગલે નેઢ અને વિમલનું જીવન સમૃદ્ધિના શિખરો ભણી ઝડપી ચઢાણ ચડી રહ્યું હતું, ત્યારે પણ

દૂર દૂરનો એક ખૂણો આ ચઢાણને ભંગાણમાં પલટાવવા કાજેના વ્યૂહો રચીને મનોવ્યથા અનુભવતો હતો. એ ખૂણો હતો, દામોદર મહેતાનું મન !

સમગ્ર પાટણ જ્યારે નેઢ અને વિમલની પ્રગતિને પ્રસન્ન નજરે નિહાળી રહ્યું હતું, ત્યારે મહેતાનું મન બળીને ખાખ થઇ રહ્યું હતું. પણ એમનેય અંધારામાં રાખીને ભાવિ એક એવો વળાંક લઇ રહ્યું હતું કે, જે વળાંકની વાટ નેઢ અને વિમલના પગ નીચે ગોઠવાઈ જઇને,એમને ક્રમશઃ મંત્રી અને દંડનાયકના પદની પ્રગતિનું શિખર હાંસલ કરાવી જ જંપે !

□

# જેવી વાણી એવું પાણી !
# જેવું પાણી એવી વાણી !

## [૯]

**રાજાઓની** પ્રકૃતિને જે અનેક રસો વર્યા હોય છે, એમાં સંગ્રામ- ના રસની લગભગ સર્વોપરિતા હોય છે. આ સંગ્રામ બે ચીજ માટે થતો હોય છેઃ કાં તો એ સંગ્રામની સુરંગને દારૂગોળો ચાંપનારું તત્વ સ્વકીર્તિની ભૂખ હોય છે, કાં તો સામ્રાજ્યના વિસ્તારની લાલસા લાય બનીને એ સુરંગને ધણધણાવી મૂકતી હોય છે. અને આવા સંગ્રામો સારી રીતે ખેલીને વિજયી બની શકાય, એ માટે જાનને મુઠ્ઠીમાં લઇને ઝઝૂમવાની જવાંમર્દી ઉપરાંત શસ્ત્ર-કળાની નિપુણતા આવશ્યક ગણાતી હોવાથી, રાજાઓ સૈન્ય-દળને વધારવા લખલૂટ ખર્ચ કરતા હોય છે અને એમાં ભરતી થવા સૈનિકો તૈયાર થતા રહે, એ માટે જાહેરમાં શસ્ત્ર-કળા-સ્પર્ધા જેવા કાર્યક્રમો પણ આયોજાતા રહેતા હોય છે.

રાજા ભીમદેવ બિનહરીફ બાણાવલી હતા. એમની બાણકળા અને બળ-કળા ત્યારે કેટલાંય રાષ્ટ્રોમાં વિખ્યાત હતી. ગૂર્જરરાષ્ટ્ર સામે માલવામંડલ જેવા કેટલાય સમૃદ્ધ રાષ્ટ્રો તલવાર તાણીને ખડા રહેવામાં જ સ્વકર્તવ્ય અદા કર્યાનો આનંદ અનુભવતા રહેતા હતા, એથી ઉત્સાહ અને સાહસથી ભરપૂર સેનાનું સર્જન ને સંવર્ધન ભીમદેવ માટે પણ કર્તવ્ય બની જતું હતું. આ માટે એઓ અવાર નવાર શસ્ત્ર-સ્પર્ધાઓ યોજતા, એમાં શૂરવીરોનો જે મેળો જામતો, એમાંથી સૈનિકોની ચૂંટણી કરીને ભીમદેવ પોતાના સૈન્યને સમૃદ્ધ બનાવતા રહેતા.

નેઢ ને વિમલ પાટણમાં માત્ર એક વણિક તરીકે જ વધુ વિખ્યાત હતા. સૌ કોઇ એમ માનતા કે, આ વણિક પાસે વફાદારીની, વ્યવસાય -કૌશલ્યની કે આંટીઘૂંટીમાં માર્ગ કાઢી શકવાની કળાની સબળતા હોવાની આશા હજી રાખી શકાય, પણ વીરતા કે તલવારને હાથમાં ઝાલવાની હિંમત અંગે તો આશા ક્યાંથી રાખી શકાય ?

નેઢ અને વિમલની પાસે સમૃદ્ધિની સરવાણી તો સામેથી આવ્યા જ કરતી હતી, એથી એઓ હવે પોતાનું પાણી બતાવી શકાય, એવી જ કોઇ તકની શોધમાં હતા. અને એમને એ વાતની પૂરી શ્રદ્ધા હતી કે, ભીમદેવ આજે નહિ તો કાલે કોઇ શસ્ત્ર સ્પર્ધા યોજશે જ ! આવી શ્રદ્ધાના છોડવે ધાર્યા કરતાં ફળ જલદી બેઠા. થોડા જ દિવસો પછી શસ્ત્ર-સ્પર્ધાના સ્થળ-કાળ જાહેર થયા. એ દિવસ પણ આવી ગયો. માતા વીરમતિની રજા લઇને નેઢ અને વિમલ 'શસ્ત્ર-સ્પર્ધા'ના સ્થળે પહોંચી ગયા.

મહારાજા ભીમદેવ મુખ્ય સ્થાને બેઠા હતા. ચોમેર આશાભર્યા યુવા-વીરો પોત-પોતાની કળા અજમાવવા એકઠા થયા હતા. આ ભીડમાં નેઢ અને વિમલને જોઇને ઘણાએ એવું આશ્ચર્ય અનુભવ્યું કે, ત્રાજવાનો ભાર પણ ન ખમી શકનારી આ ભૂજાઓ તલવારના ભાર ઉઠાવવામાં પણ સફળ બને, તો માનવું પડે કે, ભાઇ ! આ યુગમાં મકોડો પણ ગોળનો રવો ઉપાડી શકે !

થોડી પળો પસાર થઇ ન થઇ, ત્યાં તો અનેક વીરો પોતાની કળાનું પ્રદર્શન કરવા મેદાને પડ્યા. દૂરદૂર રહેલા વૃક્ષની ડાળીઓ ઉપર નિર્ધારિત કરી રાખેલ ફળોને બાણ પ્રહારથી વીંધીને કોઇ પોતાની કળા બતાવતું, તો કોઇ વળી ચોક્કસ પાંદડાઓને પાડી બતાવીને જયજયકાર મેળવતું ! આમ, ભાતભાતની અને જાતજાતની બાણ-કળાઓના પ્રદર્શનનો રંગ જામ્યો, એટલામાં જ દામોદર મહેતાની નજર ટોળામાં દૂરદૂર ઉભેલા વિમલ પર પડી. મનોમન કંઇક મંત્રણા કરીને, એમણે વ્યંગમાં ભીમદેવને કહ્યું :

'મહારાજ ! મંત્રીવીરના પુત્ર વિમલ ભલે વણિક રહ્યા, પણ પોતાની બાણકળા અજમાવવા એ અહીં આવ્યા લાગે છે. માટે આ ક્ષત્રિયોને જરા બાજું પર રાખીને, એમને પહેલી તક આપો, તો એઓ એ વાત સિદ્ધ કરી આપે કે,ત્રાજવું ઝાલી જાણતો વણિક તલવાર પણ તાણી જાણે છે અને કટાક્ષના બોલથી કોઇને વીંધી જાણતા વણિકને માટે બાણથી કોઈને વીંધવા એ પણ રમત વાત છે.'

દામોદર મહેતાના આ શબ્દો પાછળ જે તેજોદ્વેષ ને ઈર્ષ્યાપ્રેરિત માયાસ્તુતિ હતી, એ ભીમદેવ ન સમજી શક્યા. એમણે પૂછયું : મહેતા ! શું વિમલ એવડો મોટો થઇ ગયો છે કે, ધનુષ પર બાણ ચડાવી શકે ? ભીમદેવને તો એમ જ લાગતું હતું કે, મંત્રીવીરની દીક્ષા હજી હમણાં જ થઇ છે,ને પોતે ગાદીએ હજી હમણાં જ બેઠાં છે. એટલામાં મંત્રીપુત્ર ક્યાંથી મોટો થઇ જાય ?

'મહારાજ ! આટલું જ શા માટે, વિમલ કુમાર તો એટલા પુખ્ત થઈ ગયા છે કે, કોઇ શત્રુને જીતવા જંગે ચડતી આપણી સેનાના દંડનાયક તરીકે વિમલકુમારને નીમવામાં આવે, તો એઓ જીત્યા વિના પાછા ન જ આવે !' દામોદર મહેતા માયાજાળને વળ ચડાવી જાણતા હતા.

ભીમદેવના આનંદનો પાર ન રહ્યો. એમણે વળતી જ પળે સાદ દીધો : વિમલ કુમાર ! બાણકળા બતાવવા આવ્યા છો કે માત્ર તમાશો જોવા જ ?

દામોદર મહેતાએ ભીમદેવના કાનમાં મોઢું રાખીને થોડી ઘણી જે કાનાફુંસી કરી હતી, એ વિમલની નજરે પકડી પાડી હતી. એથી ખરો ઘા કરવાની અત્યારની તકને ઝડપી લેતા એમણે રોકડું પરખાવ્યું :

'મહારાજ ! આવ્યો તો હતો, બાણકળા બતાવવા ! પણ થયું કે, આ તમાશામાં કળા બતાવવી, એના કરતા મૌન રહેવું સારું ! એથી ઉભો ઉભો છોકરાઓની રમત જેવો આ તમાશો નિહાળી રહ્યો છું.'

ભીમદેવના ભવાં ચડી ગયા : શસ્ત્ર સ્પર્ધા જેવી વીરોચિત આ

પ્રવૃતિને 'તમાશો' કહીને હડહડતું અપમાન કરનાર વિક્રમ જેવો વીર આ વાણિયો વળી કોણ ? એમણે જરા આવેશમાં પૂછ્યું : શું વીરમંત્રીના પુત્રનો આ જવાબ છે ? વિમલ !

વધુમાં રાજાએ કહ્યું : મહારથીઓના મેળાને 'તમાશો' સાબિત કરવાની અને ભલભલાના મોંમાંથી વાહવાહની પ્રશંસા મેળવી જતી આ 'શસ્ત્રકળા'ને છોકરમત પુરવાર કરવાની તાકાત હોય, તો તો મેદાનમાં આવી જઈને તમને તમારી 'વીરતા'નું દર્શન કરાવવાની તક આપતું આહ્‌વાન કરવામાં આવે છે. જો આ આહ્‌વાન સ્વીકારવાની તૈયારી ન હોય, તો આવી 'વીર-પ્રવૃત્તિ'ના અપમાન બદલ જાહેરમાં 'માફી' માંગવાનો તમને આદેશય આપવામાં આવે છે. વાણિયાભાઈને તો મૂછ નીચી કરવામાં ક્યાં કંઈ કલંક લાગે છે !"

દામોદર મહેતાને થયું કે, મેં જ આ ઈંધણને આગ પૂરી પાડી છે, એથી હવે જલી ઉઠેલા આ ઈંધણમાં ઘીની આહુતિ નાખવામાં મારે વળી શા માટે પાછી પાની કરવી જોઈએ, એમણે પણ વિમલને ઉતારી પાડવા કહ્યું:

'વિમલકુમાર ! આ કંઈ ઘી-ગોળનો બજાર નથી કે, અબી બોલા અબી ફોક કરવાના વાણિયાવેડા અહીં નભી શકે ! આ તો બહાદુરોનું બ્રહ્માંડ છે. અહીં બોલાયેલા એકએક શબ્દની સત્યતા સિદ્ધ કરવાની જવાબદારીનો ખ્યાલ હોત, તો મને લાગે છે કે, તમારો જવાબ કોઈ જુદો જ હોત. તો એમાં તમારી બડાઈ નહિ, પણ આ વીરોની વડાઈ છતી થતી હોત ! માટે ડાહ્યા થઈને નમતું તોળો. એમાં જ મજા છે. તો જ તમારી હાટ-હવેલી અને હમણા કમાયેલી કીર્તિ સચવાશે. આમેય બળવાનના પગ ચાટવામાં વાણિયો કઈ કલંક માનતો નથી. એને માટે તો જીવતા રહેવું, એ જ બહાદુરી ગણાય છે. અને અહીં તો મહારાજ ભીમદેવ સમક્ષ માફી માંગવાની છે, માટે સુખે જીવવું હોય, તો તમારી આ પાંચશેરીને ભીમદેવના પગમાં નમાવી દો.'

રાજા ભીમદેવ પણ મહેતાના સૂરમાં પોતાનો સૂર મિલાવવા જતા હતા. ત્યાં તો વિમલકુમાર નીડરતા-પૂર્ણ નમ્રતા સાથે ભીમદેવ સમક્ષ ઉપસ્થિત થઇ ગયા અને એમણે કહ્યું :

'મહારાજ ! મને એનું આશ્ચર્ય થાય છે કે, મને જે તમાશો અને છોકરમત લાગે છે, એને આપના જેવા બહાદુર બાણાવળી આમ આટલું બધું મહત્વ કેમ આપી રહ્યા છો ? હું જે કંઇ બોલ્યો છું, એની જવાબદારી જવાંમર્દી સાથે અદા કરવાની મારી તૈયારી છે. તોલ વિનાના બોલ બોલવાનું હું શીખ્યો નથી. મારા એક એક શબ્દને સિદ્ધ કરી બતાવવા માટે જરૂરી બળ-કળથી આ કાયા અને કાળજું કસાયેલ છે, માટે જ તો દુન્વયી દૃષ્ટિએ સૂતેલા સિંહની કેસરા સાથે અડપલું કરવા જેવી પ્રવૃત્તિ કર્યા પછી પણ મારા મનની મર્દાનિયત મોળી નથી પડી. બાકી આપને મારી માફી જ જોઇતી હોય અથવા દામોદર મહેતાને મને નમાવવામાં જ રસ હોય, તો આપ તો મારા માટે પિતા જેવું સ્થાન-માન ધરાવો છો, એથી આપના પગ પકડતા મારે શરમાવાનું હોય જ શાનું ? પરંતુ જો મારી શસ્ત્ર-કળાને જોવાની આપની ખરેખર ઇચ્છા જ હોય, તો એ ઇચ્છાને સંતોષવી, એ મારું કર્તવ્ય બની જાય છે અને આ બધા બહાદુરો પણ સાંભળી લે કે, શું વણિક વીર ન હોઇ શકે ? ત્રાજવું ઝાલનારો હાથ તલવાર ન જ તાણી શકે, એવો કોઇ નિયમ છે ખરો ? ક્ષત્રિય કંઇ માના પેટમાંથી તલવાર તાણવાની તાકાત લઇને પેદા થતો નથી, એમ વણિક કંઇ જન્મતાની સાથે ત્રાજવું ઝાલી શકતો નથી. આ બધું તો પુરુષાર્થને આધીન છે. અને એથી જ તો આ વસુંધરા બહુરત્ના અને વીરભોગ્યા ગણાય છે. માટે વણિકને 'વાણિયા' તરીકે વગોવનારાઓ આ એક વાત કાળજે કોતરી રાખે કે, ગૂર્જરેશ્વર વનરાજ ચાવડાથી માંડીને આજ સુધી પાટણની સત્તાને બળ અને કળથી સમૃદ્ધ મંત્રી-પરંપરાનું દાન કરનારા વણિકો જ રહ્યા છે, અને એય પાછાં જૈન !'

બહાદુરોના બ્રહ્માંડમાં વિમલના આ વીર-હાકોટાથી સન્નાટો

છવાઇ ગયો. બાણકળા જોવા આવેલી પ્રજા વિમલની વાક્‌કળા જોઇને મંત્રમુગ્ધ બની ગઇ. દામોદર મહેતાના કાળજાને વિમલની આ વાણીનો એક એક શબ્દ બાણ બનીને વીંધી રહ્યો. ભીમદેવ વિમલની બાણકળા જોવા તલપાપડ બની ગયા હતા. એમનો આવેશ તો ક્યારનો શમી ગયો હતો, અને એથી આનંદ સાથે અહોભાવ પૂર્વક વિમલની પીઠ થાબડતા એમણે કહ્યું :

'બાપ કરતા બેટા સવાયા, એ આનું નામ ! વિમલકુમાર ! તમે ખરેખર વીરમંત્રીનું નામ રાખશો, એમ તમારી વાણીમાં રેલાતી આ વીરતા અને ધીરતા પરથી લાગે છે. જેની વાણીમાં આવી વીરતા હોય, એનું પાણી પણ કંઇ કમ ન હોય ! મારે હવે તમારી પરીક્ષા કે તમારી બાળકળાની પરખ નથી કરવી, આ વાત પરથી જ તમારું પાણી પરખાઇ જાય છે ! પણ હું તો અત્યારે તમારી બાણકળાના પુણ્ય દર્શન મેળવવા ઉત્સુક બન્યો છું.'

રાજા ભીમદેવના આ શબ્દોને સૌએ તાળીના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધા. શું ધાર્યું હતું અને શું થઇ ગયું ? આ વિચારમાં ગરકાવ બનેલ દામોદર મહેતા પરિસ્થિતિનો થોડો ઘણો ક્યાસ કાઢવા જાય, એ પૂર્વે તો ભીમદેવના ચરણની રજ મસ્તકે ચડાવીને વિમલકુમારે નત મસ્તકે કહ્યુ :

'મહારાજ ! આપની આ આજ્ઞા મારે માટે શિરોધાર્ય છે. બાણ કળાનું પણ એક મોટું શાસ્ત્ર છે. આને કળા એટલા માટે કહેવાય છે કે, આ એક જ શસ્ત્ર એવું છે કે, જેના વપરાશમાં કળાને પણ સ્થાન આપી શકાય અને સામાન્ય-જનતા પણ આ શસ્ત્રના પ્રયોગો હોંશે હોંશે જોઇ શકે. મહારાજ ! બાણ-કળા અનેક રીતે વ્યક્ત કરી શકાય છે.'

વિમલનું વક્તવ્ય આગળ વધ્યું : મહારાજ ! આપ કહો, તો શય્યામાં સૂવડાવેલા બાળકના શરીર પર મૂકાયેલા ૧૦૮ પાનમાંથી ચોક્કસ કોઇ પાન વીંધી આપું ! વલોણું કરતી નવયૌવના-નારીના કાને ઝબકતી ઝાલને વીંધવાનું કહો, તો એ સ્ત્રીના ગાલને જરાય ઈજા

પહોંચાડ્યા વિના એ ઝાલને વીંધી આપું ! અને કહો, તો અહીંથી ગાઉના ગાઉ દૂર સુધી જઇને પડે, એ રીતે, એ રીતના વેગ પૂર્વક બાણને છોડી બતાવું ? મહારાજ ? આપ આમાંથી કહો, એ રીતની બાણ-કળા બતાવવા હું તૈયાર છું ! આપ આજ્ઞા ફરમાવો અને એક ધનુષબાણ હાજર કરો, એટલી જ વાર છે; હું બધી રીતે તૈયાર છું.

સૌને એમ થયું કે, મહારાજ ભીમદેવ કઇ રીત પર પસંદગી ઉતારશે ? કારણ કે એકથી એકમાં ચડિયાતી આ કળા હતી, ત્યાં તો ભીમદેવે હસતા હસતા કહ્યું : વિમલકુમાર ! બાણકળાના રસિયા આગળ તમે એકથી એક ચડિયાતી એવી વાનગીના નામ રજૂ કર્યા છે કે, એકને પણ નાપસંદ કરવાનું મન ન થાય. માટે મારી તો એવી ઇચ્છા છે કે, તમે આ બધી કળાઓ બતાવો, અને મારી ભૂખ સંતોષો !

ભીમદેવની આ અનોખી પસંદગી પર પ્રજાએ પ્રસન્નતાના પુષ્પો વેર્યા. ધનુષ અને બાણ વિમલના હાથમાં આપવામાં આવ્યા. ચોમેર નીરવશાંતિ પથરાઇ ગઇ. પહેલો પ્રયોગ બાળકનો હતો. એક બાળકને સુવડાવીને એની પર ૧૦૮ પાંદડા મૂકવામાં આવ્યા. ભીમદેવે કહ્યું : વિમલકુમાર ! બરાબર ૫૪મું પાન વીંધી બતાવો.

વિમલે મનમાં શ્રી અંબિકાદેવીનું સ્મરણ કર્યું અને ત્યાર પછી ધનુષની પણછ પરથી એવી રીતે નિશાન તાકીને બાણ મૂક્યું કે, બરાબર ૫૪મું પાન લઇને એ બાણ સડસડાટ પસાર થઇ ગયું.

આ પ્રયોગની પળે પ્રજાના મનમાં અનેક જાતના ભય સહિતની આતુરતા-જિજ્ઞાસા હતી. પણ બાળકને જરાય આંચ ન પહોંચી અને ૫૪મું પાન લઇને એ બાણ આગળ વધ્યું, એથી હવે પછીના પ્રયોગો અંગે વિમલની શક્તિ-કળા પર સૌને વિશ્વાસ બેસી ગયો.

બાળકના શરીર પર રચાયેલી એ પાનની ઉંચી હાર અકબંધ હતી અને બરાબર વચમાંનું પાન જ વીંધાયું હતું. ભીમદેવે વિમલની પીઠ થાબડીને કહ્યું કે, હવે ઝબકતી ઝાલ વીંધી બતાવો.

નિર્ધારિત જગા પર એક ભરવાડણને પોતાની વલોણાની

સામગ્રી સાથે હાજર કરવામાં આવી. થોડી જ પળોમાં ઘમ્મરવલોણાં ચાલુ થઇ ગયા. વિમલે બરાબર નિશાન તાકીને બાણ મૂક્યું. અને ભરવાડણનેય અંધારામાં રાખીને એના કાન પર ઝબુકતી ઝાલને સિફત પૂર્વક ઉઠાવી લઈને એ બાણ આગળ વધી ગયું.

ભીમદેવ સહિત પ્રજા આવી નીડરતા અને આવી નિશાનનિષ્ઠા પર ઓવારી ગઈ. રાજાએ કહ્યું : વિમલકુમાર ! 'તમાશા' અને 'છોકરમત' તમારા આ શબ્દો અપમાન સૂચક નહિ, હકીકત-સૂચક હતા, એમ હવે અત્યારે મને જણાય છે ! તમારી આ કલા જોતા અત્યારે તો મને પણ લાગે છે કે, ઝાડ પરનાં ફલને વીંધવું કે પાંદડાને નિશાન બનાવવું, એને બાણકળાની બારાખડીનો હજી કક્કો કહી શકાય, પણ સિદ્ધિ તો નહિ જ ! જે આવો બિનહરીફ બાણાવળી હોય, એને તો કક્કો જ ઘૂંટતાં બાળકો જેવા આ બહાદુરોમાં છોકરમત અને એને વખાણતા આ ટોળામાં તમાશાનું દર્શન થાય, એમાં આશ્ચર્ય પણ શું છે ? વિમલકુમાર ! હવે દૂર-વેધની છેલ્લી કળા બતાવો, જેથી તમને યોગ્ય ઇનામ-અકરામ આપીને હું કંઇક સંતોષ અનુભવી શકું !

પ્રજામાંથી 'ધન્ય-ધન્ય'ના પોકારોનો પ્રવાહ એકધારો ચાલુજ હતો, પણ વિમલના મોં પરની રેખાઓમાં તો એ જ ગંભીરતા અને એ જ ધીરતા અંકાયેલી જોવા મળતી હતી, ગર્વનો ત્યાં છાંટોય દેખાતો ન હતો. હવે પછીનો દાવ અજમાવતા વિમલને માનવ-મેદની ટીકી ટીકીને નિહાળી રહી.

વિમલ ઉભો થયો. કોઈપણ જાતની ઝાઝી મહેનત વિના બે ડગલાં પાછળ હઠી જઇને એણે એવી રીતે વેગપૂર્વક બાણ છોડ્યું કે, વેગના કારણે બાણની ગતિ પણ કોઇ કળી શક્યું નહિ. એથી સૌની આંખ હજી વિમલ ઉપર જ હતી, ત્યાં તો ધનુષબાણ હેઠા મૂકતા વિમલે કહ્યું : મહારાજ ! પવનવેગી સાંઢણીને આ પૂર્વ-દિશા ભણી દોડાવો, એના અસવારને કહેજો કે, વાવની પાસેના ઘેઘૂર-વડલા પાસે જ સાંઢણીને ઉભી રાખે ! ત્યાં વડની કોઇ શાખામાં ચકોર નજરે તપાસ

કરવાનું કહેશો, તો ત્યાં કોઇ શાખામાં ખૂંપેલું બાણ મળી આવશે !

ભીમદેવે વિસ્ફારિત હૈયે પૂછ્યું : વિમલકુમાર ! આ વાવ તો અહીંથી પાંચ ગાઉ દૂર છે. શું તમારા બાણનો વેગ આટલો બધો હોવાની શક્યતા છે કે, આંખના પલકારામાં એ પાંચ ગાઉના લાંબા અંતરને આંબી જાય !

વિમલે કહ્યું : મહારાજ ! પ્રશંસા ખાતર નથી કહેતો, પણ પુરુષાર્થથી કેવી 'બાણકળા' હાંસલ કરી શકાય છે, એની પ્રતીતિ કરાવવા કહું છું કે, આ પૂર્વ દિશા પણ મેં એટલા માટે જ પસંદ કરી કે, મારા બાણના વેગને વડલો ખાળી શકે અને શોધવા જનારને ઓછી મહેનતે બાણ મળી જાય ! બાકી વડલાની વજ્ર દીવાલ વચમાં ન હોય, તો બાણ કેટલું આગળ જાય અને એને શોધવા કેટલી મહેનત પડે, એ વાતની ખાતરી વળી કોઇ દહાડો આપીશ. પરંતુ આજે તો આટલું જ બસ છે !

ભીમદેવને થયું કે, આવા અતુલ-બળનો અને આવી અમૂલ-કળાનો માલિક આ વિમલકુમાર જો મારો દંડનાયક હોય, તો પછી કઇ તાકાત ગૂર્જરરાષ્ટ્રના વિજયને હરણફાળે આગે બઢતા રોકી શકે ? ભીમદેવ જેટલા પ્રમાણમાં ખીજ્યા હતા, એથી કેઇ ગણા વધુ પ્રમાણમાં આજે હવે એઓ વિમલ પર રીઝ્યા હતા. એથી એમણે કહ્યું : વિમલકુમાર તમને ઇનામ-અકરામમાં આપવા જેવી મારી પાસે જો યોગ્ય કોઇ ચીજ હોય, તો તે છે દંડનાયકનું પદ ! માટે...

ભીમદેવ આગળ કંઇ બોલે તે પૂર્વે તો પ્રજાએ ગગનના ગુંબજને ભરી દેતા વિરાટ સાદે વિમલનો વિજય-નાદ ગજવ્યો :

'દંડનાયક વિમલકુમારનો જય હો'

□

# દંડને બદલે દંડનાયકનું પદ

## [૧૦]

પુણ્યોદય અને પુરુષાર્થનું જ્યારે બેવડું પીઠબળ હોય છે, ત્યારે માણસને ઘણીવાર એવી એવી અતર્કિત-સિદ્ધિઓ પ્રાપ્ત થઇ જતી હોય છે કે,એ પ્રાપ્તિની પ્રક્રિયાનો પ્રત્યક્ષ-દર્શક પણ આશ્ચર્યથી ઘેરાઇ જઇને પછીની પળોમાં એ પ્રત્યક્ષ-દર્શન અંગે પણ અશ્રદ્ધા અને અચરિજથી ભર્યાભર્યા અંતરે એમ વિચારતો હોય છે કે, શું આવું પણ બની શકે ખરું ? શું મારી આંખ મને દગો તો નહિ દેતી હોય ને ?

દામોદરમહેતાની મનઃસ્થિતિ આવી જ હતી. કાલનો શસ્ત્ર-સ્પર્ધાનો પ્રસંગ એઓ ભૂલી શકતા ન હતા. વિમલને દંડ મળે, એવી બાજી ગોઠવીને, સોગઠીનાં ધાર્યા દાવ નાખવામાં સફળતા પામ્યાનો ગર્વ પોતે લઇ શકે, એવી મન-પસંદ પરિસ્થિતિના નિર્માણમાં વિમલ પોતે નિમિત્ત બન્યો હતો, ત્યાં એકાએક જ આખી એ બાજી ઊંધી વળી ગઇ અને બધા પાસાંઓએ પારોઠનાં પગલાં ભર્યા અને જોર કરી ગયેલા ભાગ્યે વિમલને દંડનાયકનું પદ આપી દીધું ! દામોદર મહેતા દાંત કચકચાવીને થોડીવાર સુધી તો ગણગણી રહ્યા કે, શું દંડના અધિકારીને દંડનાયકનું પદ ! મેં કેવી આબાદ બાજી ગોઠવી હતી.મારા પાસા પણ કેવા સવળા પડતાં હતા. પણ એના ભાગ્યનો દીવો ઝગ-મગતો લાગે છે, એથી જ દંડને બદલે એ દંડનાયકનું પદ ખાટી ગયો ! પણ કંઇ વાંધો નહિ, ફરી વાર બાજી માંડવાનું બળ મારા બાવડામાં છે, બુઝાવાની પળે પણ દીવો ક્યાં ઓછો ઝગમગે છે ! વિમલના ઝગારા આવા કેમ ન હોય ?

છેલ્લાં બે ત્રણ દિવસોમાં અણહિલ્લપુર પાટણમાં જે કોઇ

બનાવો બન્યા હતા, એની ખુશાલી-લાલી તમામ પ્રજા અનુભવી રહી હતી. શસ્ત્ર-સ્પર્ધાના એ દિવસની સમી સાંજે જે સાંઢણી-સવાર પાછો ફર્યો હતો, એના મોં પર પણ અગણિત આશ્ચર્ય ને આનંદ હતો. એણે રાજા ભીમદેવને કહ્યું : મહારાજ ! બરાબર એ જ વડલા પાસે જઇને હું ઊભો રહ્યો ! બાણનું સ્થાન શોધતા મને વાર ન લાગી, એ વડલાની સાવ ઠૂંઠા જેવી બની ગયેલી એક શાખામાં આ બાણ એટલું બધુ અંદર ખૂંપી ગયું હતું કે, એને બહાર ખેંચી કાઢતા મારા બાવડાં રહી ગયા ! આવો બાણાવળી તો કદી નિહાળ્યો નથી. મહારાજ ! આપે એને શિરપાવમાં શું આપવાનું નક્કી કર્યું ? પહેલાં આપે દંડ આપવાનો વિચાર કર્યો હશે, પણ હવે એમાં એક 'નાયક' શબ્દ ઉમેરી દેવાની મારી વિનંતી છે.

જવાબ વાળતા ભીમદેવે કહ્યું : મારા અંતરનો અભિપ્રાય જાણી જઇને દંડનાયક તરીકે વિમલકુમારને પ્રજાએ આજે એવા સાદે વધાવી લીધા કે, એથી ગગનનું ગુંબજ કદાચ ફાટી પડ્યું હશે ! હવે વિધિસર દંડનાયક પદે વિમલકુમારને બેસાડવાનો નિર્ણય મેં લઇ લીધો છે. સાથે સાથે એમના મોટાભાઇ નેઢને ય 'મહામાત્ય' તરીકેના મુકુટથી મંડિત કરવાના મારા મનોરથ છે.

પાંચ ગાઉ દૂર ઊભતા વડલામાંથી બાણ ખેંચી લાવનાર સેવકને ભીમદેવે જ્યારે પોતાનો આ મનોભાવ કહી બતાવ્યો ત્યારે એના આનંદની કોઇ અવધિ ન રહી. બીજે જ દિવસે મહારાજે મંત્રણાખંડમાં પોતાની ભાવના રજૂ કરતાં કહ્યું : તમે બધાએ ગઇકાલના વિમલના પરાક્રમ જોયા જ છે અને મારા અંતરના ભાવ કળી જઇને 'દંડનાયક' તરીકે પ્રજાએ વિમલને વધાવી જ લીધા છે ! હવે હું વિમલના ભાઇ નેઢને મંત્રીમુદ્રા આપવા પૂર્વક વિમલને દંડનાયકનું પદ આપવા વિચારું છું. મને વિશ્વાસ છે કે, મારો આ વિચાર તમને સૌને ગમશે જ.

ગઇકાલના બનાવથી વિમલની કીર્તિનું જે એકછત્રી સામ્રાજ્ય પાટણમાં ફેલાયું હતું, એ જોઇને ઘણા ખરા મંત્રીઓના મનમાં એવો વિચાર ઝબૂકી ગયેલો કે, જો આ બે ભાઇઓને મહત્ત્વના પદ પર

સ્થાપવામાં આવે, તો આ રાજ્ય પ્રજાની વધુ ચાહના મેળવી શકે અને એથી વધારે પ્રભાવશાળી બની શકે ! દામોદાર મહેતા જેવા ગણ્યા-ગાંઠ્યા માણસોને જો કે આ વિચાર સામે, ઘણો ઘણો બળાપો ઠાલવવો હતો ! પણ અત્યારે એ માટે સાનુકૂળ સમય નહોતો. તેથી ઉપરછલ્લી પ્રસન્નતા વ્યક્ત કરીને એ બધા મૌન રહ્યા. આ મૌનની મૂક સંમતિ તેમજ બીજા મંત્રીઓની સહર્ષ સંમતિ મળતા ભીમદેવના આનંદનો પાર ન રહ્યો અને થોડા જ દિવસો પછીની મંગળ ઘડીએ નેઢ અને વિમલ અનુક્રમે મહામાત્ય અને દંડનાયકના પદને શોભાવવા માંડ્યાં. આ પ્રસંગે પણ પ્રજાએ મંત્રીવીરના આ પુત્રોને લાગણીના જેટલા ફૂલોથી વધાવી શકાય, એટલા ફૂલોથી વધાવવામાં જરાય કચાશ ન રાખી. કારણ કે ખૂબ જ મહત્વનું આ પદ હતું. હાથી, ઘોડા, રથ અને પાયદળ-આ ચતુરંગી સેનાના નાયકપદે રહીને દંડનીતિ પૂર્વક જે દેશનું સંચાલન કરે, એ દંડનાયક ગણાતો. એના હાથમાં રાજ્યનું વસૂલીખાતું પણ રહેતું, સર્વેસર્વા સૂબા જેવું મહત્ત્વ ધરાવતા આ પદનું સ્થાન રાજ્યમાં બીજા નંબરનું ગણાતું. રાજા પછી દંડનાયક અને ત્યારબાદ રાણા, માંડલિક, સામંત આદિનો ક્રમ રહેતો.

માતા વીરમતિનું સ્વપ્ન સાકાર થયું હતું, પણ હવે એમની જવાબદારીય વધતી જતી હતી, એથી મંત્રી અને દંડનાયકનું પદ ગ્રહણ કરીને બે દીકરાઓ ઘરે આવ્યા, ત્યારે એમણે હિતોપદેશ આપતા કહ્યું :

'બેટાઓ ! તમારા પિતાજીની ભવિષ્યવાણી આજે અક્ષરશઃ સાચી પડી છે. પણ એથી હવે આજથી મારી અને તમારી જવાબદારી વધી જાય છે. રાજેશ્વરી એ નરકેશ્વરી આ સત્યને હરપળે નજર સામે રાખીને પછી જ કોઈ પણ પ્રવૃત્તિ કરજો. પેલી શિખામણ ભૂલતા નહિ કે, રાજકાજ એ કંઈ આ માનવજીવનનું ધ્યેય નથી. ધર્મપ્રભાવના કરવાના એક સાધન તરીકે આ માધ્યમનો જેટલો ઉપયોગ કરશો, એટલા તમે તરશો અને બીજાને તારવામાં સહાયક થઈ શકશો ! નહિ તો મરવા અને મારવાનાં સાધન તરીકે આનો દુરુપયોગ કરનારાઓનો તો તોટો નથી અને અધિકાર હાથમાંથી ગયા પછી તો એમના ભાગે

ધિક્કાર જ વેઠવાનો રહેતો હોય છે. આ એક એવું પગથિયું છે કે, સાવધ રહેનારને એ પ્રગતિ-યાત્રામાં સહાયક થાય અને અસાવધ રહેનારને એ નીચે પટકાવા માટે જરૂરી પરિબળ પૂરું પાડે ! ધર્મનો આ બધો પ્રભાવ છે. માટે આ પ્રભાવથી પ્રભાવિત બનીને ધર્મને ધંક્કો મારશો, તો સ્વામીદ્રોહીમાં ખપશો અને વધુને વધુ ધર્મ-સેવા આદરશો, તો ધર્મસ્વામીના વફાદાર સેવક તરીકે નવે ખંડ તમારી નામના પોકારશે.'

મહામંત્રી નેઢ અને દંડનાયક વિમલની આંખમાં હર્ષના આંસુ હતા. ગદગદ કંઠે એમણે કહ્યું : એક ધર્મમાતા તરીકેના તારા આવા બધા ઉપકારોમાંથી અમે ક્યાંથી-કયારે મુક્ત થઇ શકીશું ? દેહને ઘડનારી માતાઓનો ક્યાં દુકાળ છે. દિલને ઘડનારી માતાઓના કારમા-દુકાળના કાળમાં અમને તારો ભેટો થયો, એ અમારું જેવું તેવું ભાગ્ય નથી. મા ! એટલું તો અમે હરપળે યાદ રાખીશું કે, અમારા પિતા શ્રમણ છે અને અમને મળેલી માતાની સંસ્કાર સમૃદ્ધિ સાથે મુકાબલો લઇ શકે, એવી માતાઓ આ પાટણમાં આંગળીના વેઢે ગણાય, એટલી સંખ્યામાં પણ મળવી સુલભ નથી ! ધર્મે આ બધું આપ્યું છે, તો આનો ધર્મમાં જેમ થાય, એમ વધુ ઉપયોગ કરવાની અમે ખાતરી આપીએ છીએ. .

એ દહાડો મા-દીકરાઓનો આ ધર્માલાપ સાંભળીને નેઢની પત્ની ધનશ્રી અને વિમલની પત્ની શ્રીદેવીએ જે આનંદ અનુભવ્યો, એ નિરવધિ હતો. આવા ધર્મીઓની વચ્ચે વસવાટ મળવા બદલ એઓ પોતાની પુણ્યાઇને પ્રશંસી રહી.

મધ્યાહ્ન થવા આવ્યો હતો. એથી સૌ ભોજનકાર્ય પતાવીને બનતી ઝડપે બહારના આરામખંડમાં આવ્યા. કારણ કે વધામણી અને ખુશાલી વ્યક્ત કરવા આવી રહેલા નગરના અગ્રગણ્યોની એક લાંબી કતાર મંત્રી અને દંડનાયકની પ્રતીક્ષા કરી રહી હતી. એ કતારમાં નજીકના-દૂરના સગાથી માંડીને, આંખનીય ઓળખાણ ન હોય, એવા

ઘણા ઘણા માણસો હોય, એ અસંભવિત નહોતું. તેમજ એમાં નગરશેઠ શ્રીદત્ત તેમજ લક્ષ્મીદત્ત શેઠની હાજરી તો હોય જ ને ?

આ ઘટના પર જેમ દિવસો વીતતા ગયા, એમ એમ દંડનાયક વિમલની કીર્તિ તો વધુને વધુ વિસ્તરતી ચાલી. એમની બાણ કળાની વાતો પણ કોઇ પરીકથાની જેમ ઠેરઠેર ગવાવા માંડી. ગૂર્જરરાષ્ટ્રને આવા સબળ દંડનાયક મળ્યા, એથી ઘણા ઘણા શત્રુ-રાજ્યોના પેટમાં ખળખળતું તેલ પણ રેડાયું.

મંત્રી અને દંડનાયકે થોડા જ દિવસોમાં પોતાના બળ-કળનો પરચો બતાવીને ભીમદેવની એવી તો કૃપા મેળવી કે, એમના ચલણ-વલણના ચમકારા આગળ જૂના જૂના મંત્રીઓ સાવ નિસ્તેજ જણાવા માંડયા. દંડનાયકનું પદ મળ્યા પછી પણ વિમલે જૈનસંઘની ધર્મ-પ્રવૃત્તિઓમાં પહેલાની જેમ જ ભાગ લેવાનું ચાલુ રાખ્યું હતું. ધર્માનુષ્ઠાનોમાં એમની હાજરી રહેતી, શાસન પ્રભાવક પૂ. આચાર્યાદિ સાધુવરોની સ્વાગત યાત્રા એમની હાજરી-માત્રથી ઓર દીપી ઉઠતી. પ્રવચન સભાઓમાં જ્યારે એ નમ્રતાથી બેસતા, ત્યારે કોઇને એવો ખ્યાલ પણ ન આવતો કે, આ બંને ભાઇઓ મહામાત્ય અને દંડનાયક તરીકેની જવાબદારી અદા કરતા હશે ?

એક દિવસની વાત છે. આબુ તરફના પ્રદેશમાંથી વિહાર કરીને શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજા પોતાના વિશાળ મુનિ-પરિવારની સાથે પાટણમાં પધાર્યા હતા. એમની અદ્ભુત સ્વાગતયાત્રા સંઘે યોજી હતી. પ્રવચનમાં એમણે વહાવેલ ધર્મ-ધારાનું આચમન કરીને સૌના અંતર આનંદથી તરબતર બની ગયા હતા. દંડનાયક વિમલ પણ એમાં હાજર હતા. આચાર્યદેવનું વ્યક્તિત્વ એમને અનોખી રીતે આકર્ષી રહ્યું. જાણે કે પૂર્વભવના કોઇ ઋણાનુબંધના સંબંધ જ તાજા થઇ રહ્યા હોય, એવી અનુભૂતિ પૂ. આચાર્યદેવ ને દંડનાયક બંનેને થંઇ રહી ! થોડા દિવસની એમની સ્થિરતામાં બંને વચ્ચે ધર્મનો ગાઢ સંબંધ બંધાઇ ગયો.

એક દિવસ પૂ. આચાર્યદેવ શ્રી સાથેની વાતમાંથી એક એવી

વાત નીકળી કે, એ વાતનું પ્રેરણાબીજ ભાવિમાં કોઇ વિશાળ વડલા તરીકે વિસ્તરવાના ભાગ્યલેખ સાથે દંડનાયકના દિલમાં ધરબાયું!

આબુ તરફથી પૂ. આચાર્યદેવ વિહાર કરીને આવ્યા હતા, એથી એ બાજુના તીર્થોની ભવ્યતાની તેમજ ગામનગરોમાં રહેલા મંદિરોનેય વરેલી તીર્થ જેવી પ્રભાવિકતાની વાત એઓશ્રીએ જ્યારે દંડનાયક સમક્ષ વર્ણવી બતાવી, ત્યારે વિમલે પણ તીર્થ યાત્રા જેવો અનેરો આલ્હાદ અનુભવ્યો. આબુનું નામ આવતા જ એમના અંતરમાં આબુ પ્રત્યે રહેલું કોઇ અગમ્ય અને અકળ આકર્ષણ એકાએક જાગૃત થઇને પૂછી બેઠું :

'ભગવન્ ! આજે અજૈનોને માટે તીર્થધામ ગણાતા આબુના ઇતિહાસમાં કોઇ એવું ભૂતકાલીન પ્રકરણ પણ વાંચવા મળે છે ખરું કે, જેમાં આબુનો જૈનતીર્થ તરીકે ઉલ્લેખ હોય ! કેવો રળિયામણો એ ગિરિરાજ ! પણ જ્યાં વીતરાગ પ્રભુના બેસણાં ન હોય, એવી રમ્યતાને શું કરવાની ! જે રમ્યતાને પૂજ્યતા વરેલી હોય, એ જ રમ્યતા પર રાજીપો અનુભવાય !'

દંડનાયકે દિલના દ્વાર ખોલી દઇને, ભીતરની ભાગોળે આબુ તરફનું જે આકર્ષણ રમતું હતું, એને ખુલ્લું કરી દીધું. વિમલની આ વાત સાંભળતાં જ આચાર્યદેવ શ્રી ધર્મઘોષસૂરિજી કોઇ ઊંડા વિચારમાં ગરકાવ બની ગયા. હજી થોડાક જ મહિનાઓ પૂર્વે આબુની ગોદમાં નિહાળેલી એક સ્વપ્ન સૃષ્ટિ, એમની આંખ સામે તાજી બની ઉઠી.

વાત એમ હતી કે, સંયમ-યાત્રાની સાથે સાથે જીરાપલ્લી-તીર્થ (જીરાવલા) આદિની યાત્રા કરીને પૂ.આ. શ્રી ધર્મઘોષસૂરિજી આબુનો ગિરિપંથ ઓળંગીને પ્રલ્હાદનપુર આદિ એ વખતની પ્રખ્યાત નગરી-ઓમાં ધર્મલાભ આપીને પાટણ તરફ આવવા નીકળ્યા, ત્યારે પહેલી જ વાર આબુની ગિરિભોમ નિહાળીને, આબુનો ભવ્ય ભૂતકાળ એમને સાંભરી આવ્યો અને થયું કે, ઇતિહાસકાલીન જૈનતીર્થ આબુની એ આભા કયાં ! અને આજે એક પણ જિનપ્રતિમા વગરનો આ આબુ

ક્યાં ? આવા વિચારમાં નિદ્રાધીન બનેલા એમની આંખમાં રાતે એક સ્વપ્નસૃષ્ટિ ઉતરી આવી, એમાં શ્રી અંબિકાદેવીએ એમને એવો સંકેત આપ્યો કે, આપ ગુજરાત તરફ પધારી રહ્યા છો, એ ખૂબ આનંદની વાત છે. કારણ કે ત્યાંની ભૂમિ પર શક્તિ-ભક્તિના સૂર્યતેજ ધરાવતી એક એવી વ્યક્તિ અત્યારે ઉદય પામી રહી છે કે, જે આપની પાસેથી ઉપદેશનું પાન કરીને, આબુને જૈનતીર્થ તરીકે ફરીથી ઇતિહાસનાં પાને સોનાના અક્ષરે આલેખશે !

દંડનાયકનો પ્રશ્ન સાંભળીને, આ સ્વપ્ન સજીવન થતા જ શ્રી ધર્મઘોષસૂરિજી વિચારી રહ્યા કે, અંબિકાદેવીનો એ સંકેત, દંડનાયક વિમલને ઉદ્દેશીને તો નહિ હોય ને ? કારણ કે ગુજરાતમાં અત્યારે ઉગતા સૂર્યની જેમ અનેકના નમસ્કાર ઝીલતી વ્યક્તિ તરીકે વિમલ સિવાય બીજા કોઇ પર દૃષ્ટિ ઠરે એવું નથી ! એથી એમણે આશાભર્યા અંતરે આબુના ઇતિહાસના સુવર્ણપૃષ્ઠો ઉથલાવતા કહેવા માંડ્યું :

'દંડનાયક ! આબુનો પણ એક ગૌરવવંતો સમય હતો, જ્યારે અર્બુદાચલ તરીકે આ તીર્થ પ્રખ્યાત હતું. આના ઇતિહાસનો આદિકાળ શ્રી ઋષભદેવ પ્રભુ અને એમના ચક્રવર્તી પુત્ર શ્રી ભરત મહારાજા સુધી લંબાયેલો છે. પ્રભુના ઉપદેશથી શ્રી ભરત ચક્રવર્તીએ આબુમાં ભવ્ય જૈનમંદિરનું નિર્માણ કરાવ્યું હતું. ચાર દ્વાર ધરાવતા એ સુવર્ણચૈત્યનો વિનાશ ક્યારે થયો, એનો કોઇ ચોક્કસ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. ઘણાં સાધકો અહીં અનશન કરીને મોક્ષે ગયાના ઉલ્લેખો શાસ્ત્રાંકિત છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ચરણ કમળથી મંડિત આ આબુ પર આદિનાથ પ્રભુના નિર્વાણ પછી એમની દશમી પાટે આવેલા શ્રી સુસ્થિતાચાર્યના સમયમાં જિનમંદિરો હતા, કારણ કે શ્રી સુસ્થિતાચાર્ય આબુની યાત્રા કરીને અષ્ટાપદની યાત્રાએ ગયાની નોંધ મળે છે. વિક્રમની પહેલી શતાબ્દીમાં થયેલા પૂ.આ. શ્રી પાદલિપ્તસૂરિજી રોજ આકાશગામિની-વિદ્યાથી જે પાંચ તીર્થોની યાત્રા કરતા હતા, એમાં એક તીર્થ તરીકે આબુનું પણ નામ મળે છે. શ્રી મહાવીર પરમાત્માની

૩૩મી પાટે થયેલા વડગચ્છના સ્થાપક શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજા વિ.સં. ૯૯૪માં આબુની યાત્રાએ આવ્યા હતા. શ્રી ભદ્રબાહુ સ્વામીજી વિરચિત શ્રી બૃહત્કલ્પસૂત્રમાં આબુ-તીર્થનો ઉલ્લેખ આવે છે.'

દંડનાયક શ્રી વિમલ આ ઈતિહાસ સાંભળીને રોમાંચ અનુભવી રહ્યા. એમણે આ બધી વાતનો સાર ગણિતની ભાષામાં રજૂ કરતાં કહ્યું : ભગવન્ ! તો તો હજી નજીકના કાળમાં જ આબુ ઉપર જિનમંદિરોનું અસ્તિત્વ ચોક્કસ હોવું જોઈએ. આપે છેલ્લો ઉલ્લેખ વિ. સં. ૯૯૪નો કર્યો. એથી શું એમ ન કહી શકાય કે, લગભગ ૮૦/૮૫ વર્ષો પૂર્વે આબુ એક જૈનતીર્થ તરીકે જ્વલંત-જયજયકાર સાથે જૈન જગતમાં ગાજતો હોવો જોઈએ ? આ પ્રશ્નનો જવાબ સ્મિત સાથે વાળતા પૂ.આ. શ્રી ધર્મઘોષસૂરિજીએ વળી જુદી જ વાત કરી : અને ભાવિનું એવું પણ એક કાળગણિત કેમ માંડી ન શકાય કે, કદાચ ચાર પાંચ સદીમાં આબુ પુનઃ જૈનતીર્થ તરીકે જાહોજલાલીભર્યું સ્થાન-માન પામીને પુનઃ પ્રતિષ્ઠિત બની જાય ! વીરમંત્રીના તમારા જેવા ધર્મિષ્ઠ-પુત્રના હાથમાં ગૂર્જર રાષ્ટ્રનું 'દંડનાયક' જેવું પ્રતિષ્ઠિત-પદ શોભી રહ્યું હોય, ત્યારે કોઈ પણ તીર્થ-પ્રેમીને આવી આશા સૃષ્ટિનું સર્જન કરતા કેમ રોકી શકાય ?

દંડનાયક વિમલ શ્રી ધર્મઘોષ સૂરિજીના ચરણમાં પોતાનું મસ્તક ઝૂકાવીને આશીર્વાદ યાચી રહ્યા : ભગવન્ ! આપની વાણી સફળ બનાવવાની ભક્તિ-શક્તિ મારામાં વહેલી તકે જાગૃત થાય, એવો કૃપા-પાત કરવામાં શું આપ મારી વિનંતિની અપેક્ષા રાખવા જેટલી પણ ઢીલ કરશો ખરા ?

શ્રી ધર્મઘોષ સૂરિજીનો વરદ-હાથ દંડનાયક વિમલના મસ્તક પર અનેરી કૃપાના કિરણો વેરી રહ્યો, એ કિરણોમાં જૈનજગત માટે અંધકારાચ્છાદિત બનેલા આબુ ઉપર અજવાળાનો અભિષેક કરીને, જૈનતીર્થ તરીકે એને પુનર્ધ્વનિત કરવાનું કેવું બળ હતું ? આનો જવાબ મેળવવા તો કાળ-પુરુષની સામે ટગરટગર જોયા કરીને, સમયયાપન કરવા પૂર્વક આ કથા-પ્રવાહમાં આગળ ને આગળ ધપવું જ રહ્યું !

□

# ભક્તિની ભાગોળે
# શક્તિ ત્રિવેણીનું અવતરણ
# [૧૧]

વીણાના તાર તૂટી જાય, પછી પણ ઘણી ઘણીવાર સુધી એનો ગુંજારવ ચાલુ રહેતો હોય છે ! ઘંટ વગાડ્યા બાદ પણ એનો નાદ લાંબા સમય સુધી ગુંજીત રહેતો હોય છે અને આના શ્રવણની મજા વળી ઓર જ હોય છે !

દંડનાયક વિમલ આવી ધન્ય અનુભૂતિ માણી રહ્યા હતા. પૂ. આ. શ્રી ધર્મઘોષ સૂરિજીના મંગલ-મુખે શ્રી અર્બુદાચલનો જૈન-મહિમા સાંભળ્યા પછી તો એમના અંતરનું આબુ પ્રત્યેનું આકર્ષણ કેઇ ગણું વધવા પામ્યું હતું. આબુનું માત્ર નામ જ સાંભળ્યું હતું, એને નજરે નિહાળવાનો કોઇ પ્રસંગ હજી આજ સુધી સાંપડ્યો નહોતો, છતાંય પોતાના દિલમાં આબુ પ્રત્યે જે અકથ્ય-આકર્ષણ અકબંધ સચવાઇ રહ્યું હતું. એનું કારણ દંડનાયકને આ મહિમાગાન સાંભળતા-સાંભળતા હાથવગું થઇ ગયું અને દરિયાકિનારે રમતું બાળક જેમ રેતમાં ઘર ચણે, એમ એઓ કલ્પનાના ચણતર કરવા મંડી પડ્યા :

‘દેવગુરુની કૃપાનો પુણ્યપાત થાય, તો હું શું એક જૈનતીર્થ તરીકે આબુની આબરૂના એ તોરણ ફરી પાછા ઘરે ઘરે, નગરે નગરે અને દેશે દેશે બાંધવામાં સફળ ન થઇ શકું ? પિતા-મુનિનો વિદાય સંદેશ આમ કરવામાં મને પ્રોત્સાહક બને એવો છે, માટે એકવાર જો મારામાં આબુને તીર્થમાં પલટાવવાની ભક્તિની ભરતી ચડી આવે, પછી તો શક્તિના રત્નઢગ એમાં ખેંચાઇને આવ્યા વિના નહિ જ

રહે !'

દંડનાયક વિમલની આંખ સામે અંબિકાદેવીની પ્રસન્નતા તરવરી ઉઠી. એઓ વિચારી રહ્યા : આ દૈવી શક્તિ આમે ય મારી સહાયમાં છે. એમાં પણ હું જો ધર્મકાર્ય માટે એમની વધુ સહાયની અપેક્ષા રાખું, તો ચોક્કસ એઓ કૃપાની અનરાધાર વર્ષા કર્યા વિના નહિ જ રહે ! દંડનાયક વિમલ એ હકીકતથી પૂરા પરિચિત હતા કે, આબુ ઉપર જિનમંદિરો ઊભા કરવાનો પોતાનો વિચાર, અત્યારે સૌ કોઇને રેતીના ઘર રચવામાં રાચતા બાળકની રમત જેવો જ જણાય, એ સાવ સંભવિત હતું. કારણ કે આબુની ઊંચાઇ, ત્યાં પહોંચવાના રસ્તાઓની દુર્ગમતા, અજૈન-પૂજારીઓનું વર્ચસ્વ અને ત્યાં જૈનમંદિર હોવાના કોઇ પુરાવાનો અભાવ : આ બધી પરિસ્થિતિ એવી વિકટ હતી કે, આબુ ઉપર જૈનતીર્થની સૃજનાનું સ્વપ્ન પણ આંખમાં ટકી શકવુંય મુશ્કેલ હતું, ત્યાં સાક્ષાત્-સર્જન તો સહેલું ક્યાંથી હોઇ શકે ? એકલી માનવીય-શક્તિથી આ સર્જન થવું અશક્ય પ્રાયઃ હતું, દૈવી શક્તિની સહાય એમાં પૂરેપૂરી અપેક્ષિત હતી. એથી આવી કોઈ સહાય પછી જ તીર્થસ્થાપનાના ક્ષેત્રે પગલું ઉઠાવવું યોગ્ય ગણાય.

દંડનાયક વિમલની આંતર-સૃષ્ટિમાં આવા આવા અનેક વિચારો કલાકોનાં કલાકો સુધી ઘૂમતા રહ્યા. આ વિચાર-સૃષ્ટિ એટલી બધી સોહામણી હતી કે, ઊંઘને પણ ભૂલી જઇને આખી રાત સુધી દંડનાયક-વિમલ એ સહેલગાહ માણી રહ્યા ! સવારના કામ કાજ પતાવીને, શ્રી ધર્મઘોષ સૂરિજી પાસે પહોંચી જઇને માર્ગ દર્શન મેળવવાનાં મનોરથને સફળ બનાવવા, એઓ સમયસર ઉપાશ્રયે પહોંચી ગયા. પ્રવચન-શ્રવણ પછી એકાંત મેળવીને એમણે કહ્યું :

'ભગવંત ! આપે તો મને આબુનું ખરું આકર્ષણ પેદા કરી દીધું ! એથી મારી આખી રાત આબુનાં સ્વપ્નો જોતા જોતા જ વીતી ગઇ ! એથી તીર્થસર્જનનું કાર્ય કેટલું કપરુ છે ? આમાં શક્તિ કરતા ભક્તિની મૂડી કેટલા બધા મોટાં પ્રમાણમાં જરૂરી છે ? તેમજ ત્યાંનું વાતાવરણ

આ કાર્ય માટે કેટલું વિપરીત છે ? આ બધાનો પૂરો તાગ પામી શક્યા પછી પણ મારો ઉત્સાહ ઓસર્યો નથી.'

સૂરિભગવંતે આ સાંભળીને સસ્મિત કહ્યું : મનસ્વી પુરુષોની આ જ વિશેષતા હોય છે. માયકાંગલા માણસો કાર્યની વિકટતા જાણીને જ્યાં પાણીમાં બેસી જતા હોય છે, ત્યાં મનસ્વી-પુરુષો કાર્યની વિકટતા જાણીને વધુ ઉત્સાહ અને વધુ તાકાતને કામે લગાડીને કાર્યસિદ્ધિ માટે કટિબદ્ધ બનતા હોય છે. આબુનું વાતાવરણ આવું જ છે, અરે ! તમે કલ્પના કરી, એથીય એ વિકટતા વધુ હોવાની સંભાવના છે. વળી આ ગિરિ-ટોચ એટલી બધી ઊંચી છે કે, ત્યાં ઘાટ કરતા ઘડામણ મોંઘી ! આ કહેવતનો તો પગલે પગલે અનુભવ થાય એવું છે. પણ તમારી પાસે તો ભક્તિની મોટી શક્તિ છે ! એથી આવી વિકટ વાટને પણ સપાટ બનવાની ફરજ પાડતી, કોઈ અદૃશ્ય સહાય તમને મળ્યા વિના નહિ જ રહે !

અદૃશ્ય-શક્તિની વાત આવતા જ દંડનાયક વિમલે આજ સુધી જે વાત ઘર સિવાય કોઈને જણાવી નહતી, એને ખુલ્લી કરતા કહ્યું કે, ભગવંત ! અંબિકાદેવીની થોડીઘણી પ્રસન્નતાનું પાત્ર બનવાની પુણ્યાઈ જો કે આ સેવક પાસે છે, પણ કોઈ વિશિષ્ટ આરાધના કરવાની અને સવિશેષ કૃપાપાત્ર થવાના મારા મનોરથ છે, એ જો સફળ થાય, તો પછી મને લાગે છે કે, આબુ જ્યારે જૈનતીર્થ તરીકે વિખ્યાતિ પામી રહ્યું હોય, એ દિવસો દૂર નહિ હોય !

આટલી ભૂમિકા બાંધીને પછી દંડનાયક વિમલે મોસાળ-વાસ દરમિયાન બનેલો આકરી કટોકટી અને કસોટીનો પ્રસંગ પૂરેપૂરો કહી સંભળાવ્યો. જેના શ્રવણ પછી આવી સદાચાર નિષ્ઠા પર ઓવારી ઉઠતા આચાર્યદેવે કહ્યું : જેના પુણ્યથી આ રીતે દૈવી-શક્તિ સામેથી આકર્ષાતી હોય, એ વ્યક્તિ જો જિનશાસનની પ્રભાવનાના એકમાત્ર આશયથી વિધિપૂર્વક આરાધના કરે, તો શાસનની અધિષ્ઠાયક-શક્તિઓ સહર્ષ સામે આવે, એ કોઈ અસંભવિત વાત નથી !

દંડનાયકના રોમરોમમાં આબુના દર્શનની પ્રતીક્ષાના દીવા જલી ઉઠ્યા હતા. એથી એમણે વિનંતી કરી : ભગવન્ ! આપ શ્રી જો નિશ્રા આપવાની મારી વિનંતિ સ્વીકારતા હો, તો જીરાપલ્લી આદિ તીર્થોનો યાત્રાસંઘ કાઢવાની મારી ભાવના છે. આ નિમિત્તે આબુની સ્પર્શનાય થઇ જાય અને હું જ્યાં એક ભાવના-સૃષ્ટિનું અવતરણ કરવાનું સ્વપ્ન સેવી રહ્યો છું, એ સ્વપ્ન-વિહાર વધુ વેગીલો બને !

શ્રી ધર્મઘોષ સૂરિજી માટે તો આ વિનંતિ, ધર્મના ઘોષને વધુ વેગીલો અને વ્યાપક કરવાનો એક અણમૂલો અવસર હતો. એથી એમણે કહ્યું : ચીજ ભાવતી હોય અને એને વળી લેવાની સૂચના વૈદ આપે, તો પછી એનો સ્વીકાર કોણ ન કરે ?

વિનંતિ સ્વીકારાઇ જતા દંડનાયક આનંદી ઉઠ્યા. પાટણના પાડે-પાડે, નીકળનારા આ સંઘની વાતો ચર્ચાવા માંડી. દંડનાયક અનેરા ઠાઠ-માઠ સાથે યાત્રા કરવા-કરાવવાના મનોરથ સેવતા હતા' અને મહારાજા-ભીમદેવના પોતાના માથે ચાર હાથ હતા, પછી તડામાર તૈયારીઓ થવામાં શી કમીના રહે ! થોડા જ દિવસોમાં સંઘયાત્રાની પૂર્વ તૈયારી પૂર્ણ થઇ અને પ્રયાણના શુભ ઘડી પણ આવતા વિરાટ-સંઘે પ્રસ્થાનનું પગલું ઉઠાવ્યું. દંડનાયકના સંઘને વિદાય આપવા ઉમટેલી માનવ-મેદની અને એના દ્વારા થઇ રહેલો 'જૈનશાસન'નો જયનાદ, પાટણમાં એક નવો જ ઉલ્લાસ રચવામાં નિમિત્ત બની જતા, દામોદર-મહેતાના દિલમાં ભારેલો ઇર્ષાગ્નિ ફરી ભડભડ કરતો ભડકી ઉઠયો ! એ વિચારી રહ્યા :

'આ સંઘયાત્રાને બીજા બધા ભલે ધર્મયાત્રા તરીકે વખાણે, પણ મને તો લાગે છે કે, વિમલે આ સંઘયાત્રાના બહાને પોતાની કીર્તિયાત્રા આરંભી છે. ગામડે ગામડે આ રીતે જઇને વિમલ પોતાની કીર્તિના પડીકાં વહેંચશે અને 'દંડનાયક'ના પદની પ્રતિષ્ઠાના પાયા ગામે-ગામની પ્રજાના મનમાં ઊંડા ઉતારશે ! હાય ! ભાગ્ય અને ભીમદેવ :

આ બંને જ્યાં વિમલની ભેરમાં હોય, ત્યાં મારા જેવાની બાજીઓ જીતના પાદરે આવીને, પરાજયના પાતાળમાં પટકાઇ જાય, એમાં આશ્ચર્ય શું છે?

દામોદરમહેતાની ચિંતાના ચગડોળની ગતિમાં ભંગ પાડતો, સંઘયાત્રાનો હાલતો ચાલતો એ મહાસાગરીય ઘૂઘવાટ મહેતાના મકાન પાસે આવતા જ મહેતા નિરાશ હૈયે ઊભા થયા. બારીમાંથી ડોકિયું કરીને એમણે નીચે નજર કરી, તો જાણે માનવોનો મહેરામણે ચડેલો મહાસાગર દેખાયો, એના ઘૂઘવાટને સાંભળવા મહેતાએ કાન સરવા કર્યા, તો જૈનશાસન અને દંડનાયક વિમલના જયજયકાર સિવાય ત્યાં કશું જ સાંભળવા ન મળ્યું. ભીમદેવ સ્વયં જ્યાં દંડનાયકની વિદાય યાત્રામાં જોડાયા હોય, પછી કોણ ગેરહાજર રહેવામાં રાજી હોય!

દામોદર મહેતા થોડી વાર પછી પોતાની ખોવાઇ ગયેલી એ સ્વસ્થતાને પાછી મેળવવા હવાતિયાં મારતા વિચારી રહ્યા: આવા દબદબાભર્યા માન-સન્માન સાથે વિમલ જઇ રહ્યો છે, આ હકીકતનું બીજી બાજુનું પાસું મારામાં કંઇક આશાનો સંચાર કરે, એવું નથી શું? વિમલની ગેરહાજરી, એની વિપરીત વાતોને મહારાજના મનના ઊંડાણ સુધી ઉતારવામાં મને સહાયક બની જાય, એમ પણ કેમ ન બની શકે? અને દામોદર મહેતા આશાના ઝુલે ઝુલતા ઝુલતા, હસતા હૈયે કોઇ વિચારના વનમાં ઉંડા ઉંડા વિહરી રહ્યા!

●

જૈનશાસનના જયજયકાર જગવવા પૂર્વક દંડનાયક વિમલની કીર્તિકથાનેય ફેલાવતી એ સંઘયાત્રા આગળને આગળ વધતી જ્યારે આબુનાં શિખરોનું દર્શન મેળવવા બડભાગી બની, ત્યારે દંડનાયકનું દિલ અનેરી આનંદની લાગણીઓથી ઉભરાઇ ગયું. એ લાગણીની લહેરો ત્યારે તો ગગનને ચુંબતી ગતિએ નાચી ઉઠી, જ્યારે સંઘયાત્રા આબુના એ ગિરિપથને ઓળંગીને આગળ વધી રહી! આ નૃત્યના

રહસ્યની માત્ર બે જ જણા પાસે જાણકારી હતી : એક પૂ. આ. શ્રી ધર્મઘોષસૂરિજી અને બીજા દંડનાયક વિમલ !

અનેકાનેક મનોરથો સેવતા દંડનાયક વિમલ એ ગિરિપથ વટાવીને જીરાપલ્લી પહોંચ્યા. ત્યાં તો અદ્‌ભુત માનવ-મેળો રચાયો અને અનોખી શાસન પ્રભાવનાના શંખ ત્યાં બજી ઉઠ્યા. શ્રી ધર્મ-ઘોષસૂરિજીની વિહાર દિશા જુદી હોવાથી, જરૂરી માર્ગદર્શન મેળવીને, એક વહાલસોયા ધર્મપિતાથી વિખૂટા પડવા જેવી વેદના અનુભવતા વિમલ દંડનાયકની સંઘયાત્રા પાટણ તરફ પાછી ફરી. પાછા વળતા આરાસણ-કુંભારીયા થઈને પાટણ જવાનો નિર્ણય ક્યારનોય દંડનાયકે લઈ જ લીધો હતો. આ નિર્ણય લેવા પાછળ મહત્વનું કારણ હતું : દૈવી-શક્તિની આરાધના !

દંડનાયક વિમલ અર્બુદાચલ પર જે રીતે એ આબુની પૂર્વ જાહોજલાલીની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું વિક્રમસર્જક કાર્ય કરવાના મનોરથો સેવી રહ્યા હતા, એમાં દૈવી શક્તિની સહાય વિના પગલુંય આગળ વધાય એમ નહોતું. એથી અંબિકાદેવીના ધામ ગણાતાં આરાસણમાં વિશિષ્ટ આરાધના કરવા દ્વારા એઓ તીર્થોદ્ધારક બનવાની સક્ષમતા મેળવવા માંગતા હતા અને એથી જ એમણે જીરાપલ્લીથી પાછા ફરતા આ રસ્તો સ્વીકાર્યો હતો. એઓ એક દિ, આરાસણમાં આવી પહોંચ્યાં. અને અઠ્ઠમના પ્રત્યાખ્યાન પૂર્વક, જૈનશાસનની પ્રભાવનાના મુદ્રાલેખ સાથે, પલાંઠી લગાવીને એઓ ધ્યાનમાં બેસી ગયા. એ પલાંઠી એવી મજબૂત હતી કે, ગમે તેવી લાઠીની બીક પણ એને ચલિત કરવા સમર્થ ન હતી. મુખ્યત્વે અંબિકાદેવીને ઉદ્દેશીને પ્રારંભાયેલી એ આરાધનાની ત્રીજા દિવસની રાતે એકાએક વાતાવરણે પુણ્ય પલટો લીધો :

પવનની પાંખ પર બેસીને આવેલા પ્રચંડ-પ્રકાશ અને પરિમલે એ સાધના-ભૂમિમાં અવતરણ કર્યું, એથી ઘોર અંધકારની વચ્ચે એ સાધના-ભાગ મલક મલક મરકી રહ્યો. અને વાતાવરણ સુગંધથી

સભર બની ઉઠ્યું. દંડનાયક વિમલ તો પથ્થરમાં કંડારેલ શિલ્પની અદાથી નિશ્ચલ જ હતા. ત્યાં તો એમની સમક્ષ એક શક્તિનું પ્રાગટ્ય થયું. જાણે વીણા વાગતી હોય, એવી અનુભૂતિ કરાવતી વાણી એ શક્તિના મોંમાંથી રેલાઇ રહી : વિમલ ! માંગ, જે જોઇએ એ માંગ ! હું અંબિકા દેવી આજે તારી પર ફરીવાર સંતુષ્ટ થઇ છું, આબુના તીર્થોદ્ધારમાં તો હું તને સહાયક થવાની જ છું. માટે એ સિવાય તું બીજું કંઇ માગે, એમ હું ઇચ્છુ છું.

'દેવી મા ! આ સિવાયનું મારે બીજું જોઇએ પણ શું ! આબુના શિખરો પર જૈનશાસનનો જયધ્વજ રોપવા સિવાયની કોઇ ઇચ્છા મારા મનમાં અસ્તિત્વ ધરાવતી નથી !'

શ્રી અંબિકા દેવીએ કહ્યું : જે માંગણ નથી બનતો, એને બેવડું દાન મળે છે. હું તને 'સિંહનાદ'ની એવી શક્તિનું પ્રદાન કરું છું કે, જેના પ્રભાવે સિંહના દર્શને હરણિયાના ટોળા જીવ લઇને પલાયન થઇ જાય, એમ શત્રુઓ તારાથી થરથર કંપતા ક્યાંય ભાગી જશે !

દંડનાયક વિમલ ઉભા થયા અને અંબિકા દેવીના પગ પકડી લઇને ધન્યતા અનુભવી રહ્યા. થોડી પળો પછી મસ્તક ઊંચું કરીને એમણે આંખ ખોલી. તો બીજી એક દૈવી શક્તિનું દર્શન થયું. એઓ કંઇ વિચાર કરે, ત્યાં તો ઝાંઝણના ઝણકારા જેવા રવથી વાતાવરણમાં સ્વરમાધુરી બિછાવતો રણકાર સંભળાયો : વિમલ ! હું પદ્માવતી છું અને તારી પર આજે પ્રસન્ન થઇ છું. બોલ, તારી ઈચ્છા શી છે ? માંગવામાં તને દેર થશે, પણ આપતાં હું દેર નહિ કરું !

દંડનાયક વિમલના આશ્ચર્યનો તેમજ આનંદનો પાર ન રહ્યો. એઓ બોલ્યા : અર્બુદાચલને નાના પાયા પર વિમલાચલ જેવી કીર્તિનું પુનર્દાન કરવાના મારા મનોરથો છે. આ મનોરથમાં ગતિ પૂરવા માટે આપના આશીર્વાદના અજોડ-અશ્વો મેળવવા મેં આ સાધના આરંભી છે.

પદ્માવતી દેવીએ કહ્યું : આ કાર્ય કાંઇ તારા એકલાનું જ નથી.

આ પુણ્ય કાર્ય તો અમારું પણ છે. અર્બુદાચલને તું જ્યારે વિમલાચલ બનાવવા કટિબદ્ધ બનીશ, ત્યારે અમે તારી સહાયમાં જ હોઈશું. માટે તું એવું કંઈક માગ કે, જેમાં તારો લાભ સમાયેલો હોય !

વિમલે નમ્રતાથી કહ્યું : મા પદ્માવતી ! અત્યારે મારી નજર લાભ તરીકે આ જ મનોરથોને નિહાળી શકે છે. બીજો કોઇ લાભ આ નજરને દેખાતો જ નથી. અને આમાં તો આપ સહાયક થવાના જ છો, પછી મારે બીજું શું માગવાનું બાકી રહે ?

પદ્માવતીએ કહ્યું : વિમલ ! જે ત્યાગે એને આગે ! આ કહેવત સાંભળી છે ? દેવદર્શન અમોઘ હોય છે. એથી હું તારા કાંડામાં અને કાળજામાં એવા બળ-કળનો અનુપાત કરું છું કે, તને કોઇ કદિ જીતી નહિ શકે અને તું જ્યાં જઇશ, ત્યાં જીત મેળવ્યા વિના નહિ જ રહે !

વિમલ પદ્માવતી દેવીના ચરણમાં નમી પડ્યા. થોડી પળો બાદ એમણે મસ્તક ઉઠાવ્યું, તો ત્રીજી એક દૈવી-શક્તિ એમની ભક્તિથી ખેંચાઇને ત્યાં હાજરાહજૂર બની હતી. કોયલના ટહુંકાર રેલાવતી એ શક્તિને વાચા ફૂટી :

'વિમલ ! તારી ભક્તિની શક્તિથી ખેંચાઇને અહીં આવેલી હું ચક્રેશ્વરી છું. તને કંઈક આપવા હું અહી આવી છું. તું તારું ભિક્ષાપાત્ર લંબાવ !'

વિમલના ભિક્ષાપાત્રને ભક્તિ સિવાય કોની ભૂખ હોય ? ત્યાં કદી ભિખારી વેડા જોવા મળે ખરા ? લંબાયેલા એ ભિક્ષાપાત્રને જોઇને ચક્રેશ્વરીએ કહ્યું : વિમલ ! આબુને તીર્થ બનાવવાનું તારું સ્વપ્ન સાકાર થાય, એમાં વગર કહ્યે મદદ કરવાની ભક્તિ શું અમારામાં નહિ હોય ! માટે આ સિવાય બીજું કઇ માગ.

વિમલનો જવાબ એ જ હતો : મા ચક્રેશ્વરી ! ચિંતામણિ મળી જાય, પછી માંગવાનું બીજું શું બાકી રહે ! મારી મનોકામના આ જ છે.

પદ્માવતીએ કહ્યું : માગણને બિંદુ જેટલું આપવામાંય થકાવટ

અનુભવાતી હોય છે અને નિસ્પૃહના આંગણે સંપત્તિના સિંધુ ઠાલવ્યા પછી પણ એવો અનુભવ થતો હોય છે કે, આપી આપીને મેં હજી આટલું જ આપ્યું ! વિમલ ! તું નિસ્પૃહ જ રહેવા માગતો હોય, તો મારી પ્રસન્નતા તારા લક્ષ્મીભંડારો પર એવો હાથ ફેરવી જાય છે કે, એ કદી ખૂટશે જ નહિ ! જેમ એમાંથી વપરાશ વધશે, એમ એમાં આવક વધશે !મારું તને આ વરદાન છે.

વિમલે ઉભા થઈને ચક્રેશ્વરી દેવીના ચરણ પકડી લીધા. થોડી પળો બાદ એ જ્યારે ઊભા થયા અને એમની દૃષ્ટિ ખુલ્લી, ત્યારે આસપાસ જે આભામંડળ રચાયું હતું, એને વર્ણવવા એમની પાસે વાણી નહોતી, એને આલેખવા એમની પાસે અક્ષરો નહોતા અને એને ચિત્રાંકિત કરવા એમની પાસે રંગો નહોતા.

આબુ ઉપર જે સ્વપ્ન-સૃષ્ટિનું અવતરણ કરાવવાની ભાવનાની ભાગીરથી હેલે ચડી હતી, એની પૂરી પૂર્વભૂમિકા રચાઇ ગયાના સંતોષ સાથે દંડનાયક વિમલ જ્યારે એ સાધના-ભૂમિમાંથી ઉભા થયા, ત્યારે મધરાત મંદમંદ ગતિએ આગળ વધી રહી હતી. આ સિદ્ધિને વધાવવા ત્યારે જાણે આકાશી સુંદરી તારલાઓથી ભરેલા થાળને લઇને, અને ચંદ્રનો કળશ હાથમાં રાખીને પ્રકાશનો અભિષેક કરવા થનગની રહી હતી.

દંડનાયક વિમલની પ્રતીક્ષામાં એમનો અંગત પરિવાર ત્રણ ત્રણ દિવસથી ખડે પગે ઊભો હતો. ત્રીજા દિવસની આ મધરાતે તો એમને ખાતરી જ હતી કે, સિદ્ધિની વરમાળા પહેરીને દંડનાયક આવવા જ જોઇએ ! પ્રતીક્ષા પછીની પ્રાપ્તિ કેટલી પ્રસન્નતાદાયક હોય છે, આની અનુભૂતિ કરતા સૌ એકઠા થયા, ત્યારે આજે પહેલી જ વાર દંડનાયકે પોતાની સાધનાની પૃષ્ઠભૂમિ ખુલ્લી કરી. શ્રીદેવી આદિ પરિવારે દંડનાયકની ભાવનાને વધાવતા કહ્યું કે, આપણે ખરેખરાં ભાગ્યશાળી કે, આપણી લક્ષ્મી આબુની ગિરિટોચે રાત-દિવસ ખુલ્લી પડી રહેશે, અને દેવાલયોના રૂપમાં પરિવર્તન પામીને પ્રેક્ષકોને લક્ષ્મી છોડવાનું

પ્રેરણાગાન, જેનો સીમાડો આંકી જ ન શકાય, એટલા સમય સુધી એ લલકારતી જ રહેશે.

આરાસણનો ત્યાગ કરતી વખતે બીજા દિવસની પ્રભાતે પોતાના મનની મંજૂષામાં ભાવનાના ભાતીગળ-રત્નાલંકારો લઈને દંડનાયક વિમલ યાત્રિકો સાથે પાટણની દિશા તરફ આગળ વધી ગયા. દિવસો વીતવા માંડ્યા, એમ પાટણ નજીક આવવા માંડ્યું ! અંતે એ દિવસ પણ આવી પહોંચ્યો કે, જ્યારે પાટણના દરવાજે દંડનાયક વિમલ આવી ઊભા, ત્યારે એમને સત્કારવા ખુદ ભીમદેવ હાજર હતા અને એમના પગલે-પગલે પાટણનો માનવ-મહેરામણ વિમલને વધાવવા આવી રહ્યો હતો !

□

# પરિસ્થિતિનું પર્યાવલોકન
## [૧૨]

**મહાસાગરની** જે જળરાશિ પોષમહિને પણ તાગ ન પામી શકાય, એવી અગાધ હોય, એનો તાગ વૈશાખ-મહિને ભરતીની પળોમાં તો કોણ પામી શકે ? દંડનાયક વિમલના જીવનની ભાગોળે લહેરાઇ ઉઠેલો કીર્તિ-સાગર આમે ય અમાપ-અગાધ હતો. એમાં વળી એમણે સંઘયાત્રા દ્વારા અનેકાનેક જીવોને ધર્મયાત્રામાં જોડ્યા અને વધારામાં વળી શ્રી અંબિકાદેવી, શ્રી પદ્માવતીદેવી અને શ્રી ચક્રેશ્વરી-દેવી. આ શક્તિ-ત્રિવેણીનું, ભક્તિની એ ભોમ પર અવતરણ થયું, પછી તો એ કીર્તિસાગરની અગાધતા અજોડ અને અનુપમેય બને, એમાં આશ્ચર્ય શું હતું ?

મંહામંત્રી નેઢના માથે તો વિશિષ્ટ જવાબદારીઓ હતી, એથી એઓ સંઘયાત્રામાં સામેલ નહોતા થઇ શક્યા. આ કારણે એક દિવસ એકાંત મેળવીને દંડનાયક વિમલે શક્તિ-ત્રિવેણીના અવતરણ સુધીની તમામ વિગત રજૂ કરીને કહ્યું : વડીલબંધુ ! આમ આપણાં ભાગ્ય બંને રીતે અણધાર્યા અને એકીસાથે ખુલી ગયા છે. એથી આપણા સૌની જવાબદારી પણ હવે વધી જાય છે, મારી ભાવના તો હવે વહેલી તકે આબુની ગોદમાં પહોંચી જઇને તીર્થોદ્ધારના વિરાટ-કાર્યના શ્રી ગણેશ કરવાના છે. પણ અહીં આવ્યા બાદ અહીંની જે પરિસ્થિતિનું મેં પર્યાવલોકન કર્યું, એની પરથી એમ લાગે છે કે, આ કાર્યારંભનો કાળ હજી પાક્યો નથી !

''એટલે ?'' મહામંત્રી નેઢના આ સાશ્ચર્ય-પ્રશ્નનો જવાબ વાળતાં દંડનાયક કવિ વિમલે કહ્યું : ગૂર્જર-રાષ્ટ્ર અત્યારે જે ઝડપથી

વિકાસની અને વિખ્યાતિની વાટે હરણફાળ ભરી રહ્યું છે, એના પ્રત્યાઘાત રૂપે ઘણા ઘણા રાષ્ટ્રો આપણી સામે યુદ્ધ જાહેર કરવાનાં વ્યૂહો ઘડી રહ્યા છે, કદાચ એવું પણ થાય કે, એકી સાથે ચારે સીમાડા સંગ્રામ જાહેર કરવા દ્વારા ગુજરાતને મુઝવી મારીને, આપણી હિંમત હરી લેવાનો પણ વ્યૂહ ગોઠવે ! આમાંય સૌથી મોટો ભય તો માલવ મંડલનો છે. માલવા કઇ ઘડીએ પોતાના સંગ્રામની સુરંગનું મોં ગુજરાત તરફ ફેરવે, એ કહેવું મુશ્કેલ છે. અને રાજા ભીમદેવ તો હજીય પોતાના કાકા અને પિતાનું થયેલું અપમાન ભૂલી શક્યા નથી. કાશીની યાત્રા કાજે માલવામાં થઇને આગળ વધતા શ્રી દુર્લભરાજ અને નાગરાજના માર્ગમાં માલવપતિ મુંજે અપમાન-મૂલક જે અવરોધ ઉભો કર્યો હતો, એની સ્મૃતિ થતા આજે પણ ભીમરાજનું હૈયું એ વેરની વસૂલાત લેવા બળવો પોકારી ઉઠે છે. એથી માલવા જો ગુજરાતને લડાઇ માટે લલકારે, તો મને ચોક્કસ ખાતરી છે કે, ભીમદેવ પળનોય વિલંબ કર્યા વિના તોફાની સાગરની ભરતી જેવી ગતિથી માલવને ઘેરી લે.

દંડનાયક વિમલની કુશાગ્ર-બુદ્ધિએ પાટણમાં આવતાની સાથે જ પરિસ્થિતિનું પર્યાવલોકન કરી લઇને તારણ કાઢી લીધું હતું. તાપણું કરવા બેસતી વખતે જો અગ્નિથી બહુ દૂર જતા રહીએ, તો ટાઢને ઉડાડતી ઉષ્મા ન મળે, જો બહુ નજીક બેસીએ, તો એ અગ્નિ ક્યારેક ભરખી ગયા વિના ન રહે ! તાપણાથી બહુ દૂર પણ ન રહેવાય અને બહુ નજીક પણ ન જવાય ! બરાબર આ જ રીતે દુર્જનો સાથે વર્તવું પડતું હોય છે.

મંત્રી નેઢે કહ્યું : આપણો પુણ્ય-પ્રતાપ જેમ વધતો રહે છે, એમ આપણા વિરોધીઓના અંતરમાં અસૂયાનો અંધકાર વધુ ને વધુ ફેલાતો જાય છે, બરાબર ઘૂવડ જેવી એમની દશા છે. એથી આપણો તેજોવધ કરવાના પ્રયાસોમાં એ જેમ જેમ પાછા પડતા જાય છે. એમ એમ હાર્યા જુગારીની જેમ બમણા દાવ નાખીને બગડેલી બાજીને સાજી બનાવી

લેવાની એમની ધૂતારી મનોદશા વધુ સક્રિય બનતી જાય છે. પણ રાજવી ભીમદેવનો સાથ ન મળતા, એ સક્રિયતા ઉપરથી ઉલટું પરિણામ આણવામાં નિમિત્ત બની જાય છે અને આપણા પુણ્ય-પ્રતાપનો ફેલાવો વિસ્તાર પામતો જાય છે.

દંડનાયક વિમલે ટૂંકો જવાબ વાળતાં કહ્યું કે, માટે જ ઈર્ષ્યાથી અળગા રહેવાનો ઉપદેશ અપાય છે : આ એક એવો વિચિત્ર અગ્નિ છે કે, જે પેટાયા પછી લગભગ બુઝાતો જ નથી અને પોતાના આધારને હંમેશા બાળ્યા કરે છે. સામાની સંપત્તિ આ અગ્નિને વધારવા ઘી બની જાય છે, અને સામા પર ત્રાટકતી વિપત્તિ પણ પાણી બનીને એ આગને ઠારી શકતી નથી. ત્યારે એ એમ જ વિચારે છે કે, વિપત્તિનું આ પ્રમાણ વધે તો સારું !

જૈનતીર્થ તરીકે આબુને જ્વલંતતા આપવા અંગેની થોડીઘણી વિચારણા કરીને મંત્રીશ્વર ને દંડનાયક છૂટા પડ્યા, કારણ કે મધ્યાહ્નની જિનપૂજાના સમય સૂચક ડંકા વાગી ચૂકયા હતા !

માતા વીરમતિ જીવન-સાગરનો ઠીક ઠીક પ્રવાસ ખેડી ચૂકયા હતા. એથી એઓ દિવસનો ઘણો ખરો સમય ધર્મારાધનામાં જ વ્યતીત કરતાં હતાં. પુત્રવધૂઓ તરીકે ઘરમાં આવેલ ધનશ્રી અને શ્રીદેવી. આ બે સ્ત્રી રત્નો દરેકે દરેક વાતમાં કુશળ હતાં, એથી ઘરની કોઇ ચિંતા વીરમતિને સતાવે એમ ન હતી. બે દીકરાઓને જે માન-સન્માન મળી રહ્યા હતા, એ જરૂર માતાનું હૃદય ધરાવતી વીરમતિને ગૌરવાન્વિત બનાવે એવા હતા, પણ એ ધર્મમાતાને મન તો આ માન-સન્માનની ઝાઝી કિંમત નહોતી. આ પદના માધ્યમે પોતાના બે દીકરાઓ જે ધર્મ-પ્રભાવના કરતા હતા, એ જ એમને મન મહત્વની વાત હતી.

વીરમતિ એક નારી હોવા છતાં એમની નજરમાં દૂરંદેશી અને હૈયામાં હિંમતનો વારસો હતો. એથી પોતાના દીકરાઓને મળી રહેલા માન-સન્માનનાં બીજા પાસા રૂપે નેઢ અને વિમલ તરફ હંમેશા ઈર્ષ્યાગ્નિ ઠાલવતી રહેતી વ્યક્તિઓ-શક્તિઓથી પણ એ પૂરેપૂરા

પરિચિત હતાં. એથી દીકરાઓના જીવનની સુરક્ષાની દૃષ્ટિએ કોટ-કિલ્લા જેવા જે ચણતર જરૂરી હતા, એના માનસિક ચિત્રની રૂપરેખા નક્કી કરીને વીરમતિએ એક દહાડો દીકરાઓ સમક્ષ દિલ ખોલતાં કહ્યું :

''તમારા પિતાજી જ્યારે મંત્રી હતા, ત્યારના ને અત્યારના વાતાવરણ વચ્ચે જે વિરાટ અંતર છે, એથી તો તમે પરિચિત જ છો, એથી આ અંગે મારે કશું કહેવાનું રહેતું નથી. ત્યારે આ ઘરના માથે એકલા 'મંત્રીપદ'ની સુરક્ષાની જવાબદારી હતી, આજે 'મંત્રીપદ'ની સાથે 'દંડનાયક'ના પદની સુરક્ષાની જવાબદારી પણ આ મકાનના માથે છે. અને મને લાગે છે કે, આ જવાબદારી સુપેરે અદા કરવા આ મકાન, કાયાપલટની અપેક્ષા રાખે, એ વધુ પડતું ન ગણાય.'

નેઢ મંત્રી અને વિમલ દંડનાયક માતાના આટલા ઈશારા પરથી બધું સમજી ગયા. એમણે કહ્યું : આપની વાત સાચી છે. રીઝેલા રાજાઓ ક્યારે ખીજે, એ કહેવાય નહિ અને ઈર્ષ્યાળુઓનો તો ક્યારે ય દુષ્કાળ પડતો જ નથી ! આ દૃષ્ટિએ આ ઘરની 'કાયાપલટ' અંગે અમે વિચારી જ રહ્યા હતા, ત્યાં આપનું સૂચન મળતા અમે વધુ ઉપકૃત થયા છીએ. આપ નિશ્ચિંત રહેશો, નવું મકાન અમે એ રીતનું કરાવવા માંગીએ છીએ કે, જે આપણા વૈભવને અનુરૂપ હોય, જેમા ભવ્ય ગૃહ-મંદિર હોય, સાધર્મિકોની સારી રીતે ભક્તિ થઈ શકે, એવી સગવડતા હોય, પાટણની પ્રતિષ્ઠા જે વધારે એવું હોય તેમજ સુરક્ષાના તમામ પાસાનો જેમાં ખ્યાલ રખાયો હોય, એવું નવું મકાન તૈયાર કરાવવાની અમારી ધારણા છે.

માતા વીરમતિએ જરૂરી સૂચનાઓ આપીને દીકરાઓની દૂરંદેશી અંગે સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો. અને થોડા જ દિવસોમાં શુભ લગ્ને નવા મકાનનું કામકાજ ધમધોકાર શરૂ થઈ ગયું ! આ નિર્માણનો પ્રારંભ ગૃહમંદિરથી કરવામાં આવ્યો ! જેમની ઉપર રાજાના ચાર હાથ હોય અને પ્રજા જેમને પોતાના પ્રેમની પાલખીમાં

પધરાવીને ફરવામાં ગૌરવ અનુભવતી હોય; તદુપરાંત અંબિકાદેવી, પદ્માવતીદેવી અને ચક્રેશ્વરીદેવીની કૃપાત્રયીના કિરણો જેમના માર્ગને અજવાળી રહ્યા હોય, એવા મંત્રી-દંડનાયકના મહેલના આગળ વધતા નિર્માણમાં શી ખામી હોય ? દિવસો વીતવા માંડ્યા, એમ એ નિર્માણકાર્ય વેગ પકડતું ચાલ્યું.

●

એ મંત્રણા-ખંડમાં ભાગ લઈ રહેલા તમામે તમામના ચહેરા પર ગંભીરતાની રેખાઓ અંકિત થયેલી હતી. મહારાજ ભીમદેવની અધ્યક્ષતામાં પ્રારંભાયેલી એ મંત્રણામાં મંત્રીશ્વર નેઢ, દંડનાયક વિમલ, સેનાપતિ સંગ્રામ સિંહ, દામોદર મહેતા, નગર શેઠ શ્રી દત્ત શ્રેષ્ઠિ આદિ ઘણા ખરા અગ્રગણ્યો જોડાયા હતા. વિચારણાનો વિષય હતો : અવંતિપતિ ભોજ તરફથી આવેલી એક ગાથા !

આમ તો ત્યારે ગૂર્જર અને માલવ વચ્ચે સંધિના કોલકરારનું પાલન થઈ રહ્યુ હતું, એથી યુદ્ધનો પ્રશ્ન ઉપસ્થિત થવાની તો સંભાવના નહોતી, પણ આવી શાંત પરિસ્થિતિમાં એ કાળે કરાર-ભંગ કરવાની પૂર્વભૂમિકા સર્જવા માટે દૂતો દ્વારા એવી સંસ્કૃત-ગાથાઓ મોકલવામાં આવતી, જેમાં સામી સત્તા તરફ કટાક્ષો કરાયા હોય ! આવા કટાક્ષ-બાણો છોડવા દ્વારા શત્રુપક્ષની સભાનું પાંડિત્ય તેમજ પરાક્રમના પાણીનું માપ કાઢી લેવાનો પણ પ્રયાસ સિદ્ધ થતો !

મંત્રણાસભાની ગંભીર શરૂઆત કરતા દંડનાયક વિમલે કહ્યું: અવંતિપતિ ભોજ તરફથી એક દૂત આવ્યો છે, એની સાથે ભોજરાજાએ એક ગાથા પાઠવી છે, ગૂર્જરપતિ ભીમદેવ તરફનું અપમાન એના શબ્દે-શબ્દમાંથી ધ્વનિત થાય છે. આ શ્લોક કઈ પરિસ્થિતિ સરજવા પાઠવવામાં આવ્યો છે, એ તો સૌ કોઈ સમજી શકે એમ છે. અત્યારના સુલેહ સંધિના શાંત સરોવરને ડહોળવા શિલાના ઘા રૂપે આવી પડેલો આ શ્લોક ગૂર્જર-રાષ્ટ્ર માટે જે આહ્‌વાન કરવા માંગે છે, એનો વિચાર અત્યારે કરવાની જરૂર નથી. અત્યારે તો આ શ્લોકનાં જવાબ રૂપે જે

પ્રતિ-શ્લોક પાઠવવાનો છે, એ અંગે વિચારવા જ આપણે સૌ ગૂર્જર-પતિની અધ્યક્ષતામાં એકઠા થયા છીએ.

વિમલે ટૂંકમાં પણ સંપૂર્ણ પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. દામોદર મહેતા આવા અવસરે મૌન રહે ખરા ? એમણે કહ્યું : ભોજનો એ શ્લોક શું કહેવા માંગે છે, એની સૌને પહેલા જાણ થવી જરૂરી છે, જેથી એનો સણસણતો જવાબ વાળી શકાય.

વળતી જ પળે દંડનાયકે એક લખોટો ખોલ્યો અને એમાંનો સૂતેલા સિંહને જગાડવા જેવો એક શ્લોક સંભળાવવા માંડ્યો:

'ઐરાવણ જેવા હાથીઓની ઘટાના કુંભસ્થળ જેણે પોતાના પંજાથી ક્ષણ માત્રમાં ચીરી નાખ્યા છે, એવા સિંહરાજને માટે હરણિયાઓ સાથે સંધિય શોભતી નથી, સંગ્રામ પણ શોભતો નથી. કારણ કે સંધિ અને સંગ્રામ : આ બંને પણ સરખે સરખા બળિયા વચ્ચે જો હોય, તો જ શોભે છે !'

ભોજના આ કટાક્ષ-બાણ સૌના કાળજાને વીંધી ગયા અને સૌ સમસમતા બોલી ઉઠ્યા કે, ગુજરાતને હરણિયા જેવું સમજનારા એ ભોજને ભાન નથી કે, માત્ર સિંહનું ચામડું ઓઢી લેવાથી ગધેડો સિંહ બની શકતો નથી. એ સિંહને આપણે મેદાનમાં તાણી લાવીને બતાવી આપવું જોઇએ કે, તેં માની લીધેલા આ ગુજરાતી હરણિયા હાથી કરતાય કેટલા બધા વધુ બળવાન છે ! ગુજરાત પાસે બળ-કળ ધરાવતા વણિકો ઉપરાંત વીરોની કેવી તાકાત છે, એ બતાવી આપવાનો અવસર પૂરો પાડતી આ ગાથાનો એવો સણસણતો જવાબ વાળવો જોઇએ કે, જે વાંચીને ભોજનું કાળજું કપાઇ જાય !

વિમલે કહ્યું : આ મંત્રણા સભા બોલાવવાનો હેતુ જ આ છે ! અત્યારે સૌથી પહેલું આપણું કર્તવ્ય અવંતિને જવાબ પાઠવવાનું છે.

મનમાં બાજી રચી રહેલા દામોદર મહેતાએ ધીમે રહીને વાત મૂકી : અવંતિ 'વાણિયા' કહીને જેની મશ્કરી ઉડાવે છે, એવા વર્ગનું વલણ-ચલણ ગુજરાતમાં વધ્યું છે. એનો જ આ અંજામ છે કે, ભોજ

આમ નફફટ થઈને આપણને હરણિયાથીય હલકા ચીતરી શકે છે. આજ સુધી આવો એકેય આક્ષેપ ગુજરાત સામે થયો નથી, આજે પહેલી જ વાર ગુજરાતની આબરૂ આ રીતે ઊઘાડે છોગે લૂંટવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એની પાછળના કારણોનો મૂળ-ગામી વિચાર નહિ કરવામાં આવે, તો ગુજરાતને બોડી-બામણીનું ખેતર સમજીને સૌ ફાવે એવા આક્ષેપ કરવામાં કચાશ નહિ રાખે.

દામોદર મહેતાના દિલનો ડંખ સમજી જતા શાણા-આગેવાનોને જરાય વાર ન લાગી. કેમકે આ વાત કરતાં કરતાં મહેતા વારંવાર વાંકી નજરે વિમલને જોઈ લેવાનો પ્રયાસ કરતા હતા. ભીમદેવને થયું કે, મહેતા વાતને બગાડી મૂકશે. એથી એમણે કહ્યું કે, આપણે જે માટે ભેગા થયા છીએ, એ વાતની વિચારણામાં આ મુદ્દો સાધક નથી. બાકી વનરાજથી માંડીને આજ સુધી ગૂર્જર-રાષ્ટ્રને બધી રીતે સમૃદ્ધ બનાવવા વણિકના કળ-બળનું કેવું ચિરસ્મરણીય પ્રદાન રહ્યું છે, એ તો સૌ જાણે જ છે, એથી અજુગતી અને અપ્રાસંગિક આ વાતને બાજુ પર મૂકીને આપણે મૂળ મુદ્દા પર આવીએ. બોલો, આનો જવાંમર્દીભર્યો જવાબ કોણ કોણ તૈયાર કરી-કરાવી શકે એમ છે?

આ પ્રશ્નનો જવાબ ગોતવા સૌ એક બીજાના મોં જોઈ રહ્યાં. થોડી પળો સુધી છવાઈ રહેલા મૌનનો પડદો ઊંચકતા દંડનાયક વિમલે કહ્યું : મહારાજ ! સૌને કાલ સવાર સુધીની મુદત આપવામાં આવે તો સારું ! પાટણમાં વિદ્વાન્ જૈનાચાર્યો અને પંડિતો સિવાય બીજો પણ મોટો વિદ્વદ્વર્ગ છે. એથી ભોજનું માથું ભાંગી નાખે, એવો જવાબ તૈયાર કરવા માટે આટલી મુદત તો ઘણી થઈ પડશે !

આ વાત સૌએ સ્વીકારી લીધી અને મંત્રણા સભા વિસર્જિત થઈ. પાટણના પંડિત વર્ગમાં જાણે યુદ્ધ જેવી ઉત્તેજના આવી ગઈ. કોઈ શબ્દના શરસંધાન કરવા માંડ્યું. કોઈ અનુપ્રાશના અટાપટા ખેલી રહ્યું, તો કોઈ સાહિત્યના વીરરસને શબ્દોમાં ઢાળવા મથી રહ્યું.

બીજા દિવસની મંત્રણા-સભા સમય કરતા વહેલી મળી, કારણ

કે શાબ્દિક-યુદ્ધમાં કોણ વિજયી બને છે ? એ જાણવાની તાલાવેલીમાં સૌએ માંડમાંડ આટલો સમય પણ પસાર કર્યો હતો. એક પછી એક ગાથાઓ રજૂ થવા માંડી અને વિજય-પરાજય તેમજ આશા-નિરાશાની એ પતંગ-રમત વધુ ને વધુ રસાકસી ભણી ઝડપથી આગળ વધવા માંડી. ભીમદેવ સૌને સાંભળી રહ્યા ! પરંતુ જેના શ્રવણે કાન અને કાળજુ હસી ઉઠે, એવી એક પણ રચના સાંભળવા ન મળતા અંતે ભીમદેવે કંઈક ઉદાસ બનીને નિર્ણય જાહેર કરતા કહ્યું : જેને સાંભળવા માત્રથી ભોજ સળગી ઉઠે, એવી આગ કોઈ કાવ્યમાં મને તો જણાતી નથી ! શું પાટણમાં પંડિતો ખૂટી ગયા છે કે વીરરસનો કૂવો સૂકાઈ ગયો છે ? દંડનાયક વિમલ ! તમે જ કહો કે, લડાઈમાં બુઠ્ઠા બાણ ન ચાલે, એમ આ લખોટામાં આવી હાડપિંજર જેવી પ્રાણ વિનાની શબ્દરચના શોભે ખરી ?

દંડનાયક વિમલે વળતી જ પળે કહ્યું : પાટણનાં પંડિતો તેમજ વીરરસના કૂંપા અંગે આપે જે પ્રશ્નો કર્યા, એનો જવાબ તો દામોદર મહેતા જેવા વર્ષોના અનુભવી જ આપી શકે. બાકી હું તો એટલો જવાબ છાતી ઠોકીને આપવા સમર્થ છું કે, પાટણમાં ભલે કદાચ વિદ્વાનો અને વીરરસનો દુકાળ પડયો હોય, પણ પાટણના જૈન ઉપાશ્રયોમાં વિદ્વાનો અને વીરરસ : આ બંનેનો જરાય દુકાળ નથી. વનરાજ ચાવડા જેવા રાજવીને આશ્રય આપીને સંસ્કાર-સમૃદ્ધ ગૂર્જર-રાષ્ટ્રની સ્વપ્ન-સૃષ્ટિ સેવનારા શ્રી શીલગુણ સૂરિજી જેવા જૈનાચાર્યોની એ પરંપરા પાટણમાં અક્ષુણ્ણ-પ્રવાહે હજી આજેય આગળ વધી જ રહી છે ! માટે એ જૈનાચાર્યોની વિદ્વત્તાનો લાભ લઈએ તો કેમ ?

નગરશેઠ શ્રીદત્ત, સેનાપતિ સંગ્રામસિંહ આદિ સૌએ હર્ષ સાથે દંડનાયકના આ સ્વરમાં પોતાનો સૂર પુરાવ્યો. વિમલની આ વાણીથી દામોદર મહેતા મનમાં બળી ઉઠ્યા હતા, પણ આની સામે એ કંઈજ બોલી શકે એમ ન હતા, છતાં એમને ખાતરી હતી કે, પાટણના મોટા મોટા પંડિતો જ્યાં ભીમદેવને પ્રસન્ન બનાવી શક્યા નથી, ત્યાં જૈન-

આચાર્યોનું તો શું ગજુ કે, આ વાગ્-યુદ્ધમાં એઓ વિજેતા બની જાય !

ભીમદેવને દંડનાયકની આ વાત ગમી ગઇ. તરત જ નગર શેઠ આદિ આગેવાનો પાટણમાં બિરાજતા શ્રી ગોવિંદસૂરિજી પાસે જવા રવાના થયા. એમની નિશ્રામાં શ્રીદ્રોણાચાર્ય અને શ્રી સૂરાચાર્ય જેવી પ્રકાંડ પાંડિત્ય ધરાવતી શક્તિઓના હાથ હેઠળ બીજી આવી ઘણી ઘણી શક્તિઓ/વ્યક્તિઓ તૈયાર થઇ રહી હતી. ભીમદેવના સમયમાં 'ચૈત્યવાસ'ના પાયામાં પોલાણ પેઠું હતું ખરું. એથી પાટણમાં સાવ સ્થગિત થઇ ગયેલું સુવિહિત સાધુઓનું ગમનાગમન પણ પુનઃ ચાલુ થયું હતું, પરંતુ એ 'ચૈત્યવાસ' સાવ ઊખડીને નિર્મૂળ નહોતો બન્યો. શ્રી ગોવિંદસૂરિજી આદિ એ 'ચૈત્યવાસ'ની જ પેદાશ હતી. એથી નગરશેઠની વિનંતિ સ્વીકારીને શ્રી ગોવિંદ સૂરિજીએ તરત જ શ્રી સૂરાચાર્યજીને કહ્યું કે, ભીમદેવનું તેડું આવ્યું છે. મને વિશ્વાસ છે કે, તમે ફત્તેહ મેળવીને જ આવશો.

નગર શેઠે સામાન્ય પરિસ્થિતિનો ખ્યાલ આપીને પછી કહ્યું કે, મહારાજ ! હવે આ વાગ્યુદ્ધમાં વિજયી બનીને જૈન શાસનનો પણ જયજયકાર ગજવવાનો આ અવસર છે અને એથી અમારા સૌની નજર આપની પર ઠરી છે.

શ્રી સૂરાચાર્યજી તો આશુ-કવિ તરીકે પ્રસિદ્ધ હતા. એથી થોડી ઘણી પરિસ્થિતિનો આ રીતે ખ્યાલ ન મળ્યો હોત, તોય ભોજના માથામાં વાગે, એવો પ્રતિ-શ્લોક રચી દેવા એઓ સમર્થ હતા, પછી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયા બાદની એમની રચનામાં કોઇ ખામી હોય જ શાની ?

ભીમદેવની મંત્રણા સભાને ઝાઝી પ્રતીક્ષા ન કરવી પડી, કયા વિદ્વાનનું આગમન થશે, એવી વિચારણા હજી ચાલી રહી જ હતી, ત્યાં તો મેઘ જેવા ગંભીર ધ્વનિથી 'ધર્મ-લાભ'નો ઘોષ ગજવતા શ્રી સૂરાચાર્યજીએ એ મંત્રણા-ખંડમાં પ્રવેશ કર્યો. એમનાં દર્શને ભીમદેવ વધુ હર્ષિત બનીને બોલી ઉઠ્યા : અરે ! આ તો મારા ઉપકારી અને

સંસારી સંબંધે સગા પણ છે. મેં પહેલેથી જ આમને યાદ કર્યા હોત, તો તો આ પ્રશ્ન ક્યારનોય ઉકલી ગયો હોત !

ભીમદેવે નિર્દેશેલા સુવર્ણના સિંહાસન પર બેઠક લેતા શ્રી સૂરાચાર્યજીના હાથમાં લખોટો આપતા દંડનાયક વિમલે સવિનય કહ્યું : લમણામાં તીરના વેગે વાગે, એવો આનો સણસણતો જવાબ આપ જ આપી શકશો, એવો અમારો સૌનો વિશ્વાસ છે.

શ્રી સૂરાચાર્યજીએ લખોટો વાંચીને હસતા હસતા કહ્યું કે, જાતને સિંહ માની લેવાથી સિંહ જેવું સામર્થ્ય આવી જતું હોત, તો જોઇતું હતું શું ? તેમજ બીજાને હરણ કહી દેવાથી બીજાની સિંહ-શક્તિ ગાયબ થઇ જતી હોત, તો આજે માલવાની ગુફાઓ સિંહોની ગર્જનાઓથી જ ગાજતી હોત ! ભીમદેવ ! ભોજરાજાને પાઠવવાનો સંદેશ લખી લો કે-

'વિધાતાએ ભીમનું નિર્માણ અંધકના સંતાનોના સંહાર માટે જ કર્યું છે. જે ભીમે રમત રમતમાં સો અંધકોને યમના મંદિરે પહોંચતા કર્યા, એ ભીમ માટે એક અંધકનો સંહાર કરવો, એ તો કઇ મોટી વાત ગણાય ?'

ભીમદેવ સહિત આખી મંત્રણા સભાએ શ્રી સૂરાચાર્યજીના કટાક્ષ અને કૌવતથી ભરપૂર કાળજાવેધી આ જવાબને એકી સાથે વધાવી લીધો. દામોદર મહેતા જેવા પણ આવી વિદ્વત્તા અને આશુ-કવિતા પર એક વાર તો આફ્રિન થઇને એ શ્રી સૂરાચાર્યજીને સન્માનની નજરે જોઇ રહ્યા.

આ જવાબમાં જેવી વેધકતા હતી, એવી જ વિદ્વત્તા હતી. અંધક શબ્દનો પ્રયોગ આમાં ખૂબ જ બંધ બેસતો હતો. મહાભારત કાલીન ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી 'અંધક' વિશેષણને એ યોગ્ય હતો, ત્યારે ભીમે આ અંધકના સો પુત્રોને ખતમ કરી નાંખ્યા હતા. અવંતિપતિ ભોજ પણ અંધક પુત્રના વિશેષણને યોગ્ય હતો, કારણ કે એના પિતા સિંધુલ પણ અંધ હતા. આમ 'અંધ' શબ્દ દ્વારા રજૂ થયેલા શ્લોકથી આ કવિતાનાં શબ્દે શબ્દમાં બાણની વેધકતા, તલવારની તીક્ષ્ણતા અને

મર્મ પર ચોંટ પહોંચાડતા કોઇ શસ્ત્ર જેવી માર્મિકતા ખળભળી રહી હતી.

એ મંત્રણા-સભા વિસર્જિત થઇ. સૌના મોઢામાં શ્રી સૂરાચાર્યજી જેવા વિદ્વાનોને જન્મ આપનાર જૈનશાસન ઝળકી રહ્યું હતું. આ શ્લોક એક દહાડો અવંતિપતિ ભોજની સભામાં પહોંચ્યો. એ શ્લોકે અવંતિની એ સભાના રોમરોમને સળગાવી મૂક્યા . પણ ભોજરાજની વિદ્વત્તાએ લીધેલો વિચારવળાંક તો કોઇ અજબ-ગજબનો હતો !

□

# વિજિગિષાની સામે વિદ્વત્તાનો વિજય

## [૧૩]

અવંતિપતિ ભોજની રાજસભા એ કાળમાં વિદ્વાનોની એક મંડળી ગણાતી. રાજા ભોજની વિદ્વત્તા વખાણવી કે વીરતા વખાણવી, એ મુઝવી નાખે, એવો સવાલ હતો. એથી એમની વિદ્વત્તા અને વીરતા આ બંનેને અજોડ તરીકે ભલભલા શત્રુ રાજાઓ પણ બિરદાવતા. એથી એમની વિદ્વત્-સભાને જીતવામાં ત્યારે ઇડરીયો ગઢ જીતવા કરતાં ય વધુ વિક્રમની અપેક્ષા રહેતી.

માલવ પ્રદેશનું ત્યારનું વિખ્યાત-નામ 'અવંતિ' હતું. બાણું લાખ ગામોના દેશ તરીકે પ્રસિદ્ધ આ માલવ માટે 'રાંકનો માળવો' એમ પણ બોલાતું. એનું રહસ્ય એ હતું કે, માળવામાં કદી દુકાળ ડોકાતો નહિ, એથી આસપાસના દેશોમાં વરસ જ્યારે નબળું હોય, ત્યારે માલધારીઓ અને ભરવાડો પોતાના ઢોર-ઢાંખર સાથે માળવામાં ચાલ્યા જતા. માળવાની ધરતી એ પશુઓને ઉદારતાથી ઘાસચારો પૂરી પાડતી.

ગુજરાતની ગાદી પર જ્યારે ભીમદેવનું સામ્રાજ્ય હતું, ત્યારે માલવદેશની પાટનગરી ઉજ્જયિનીથી ફેરવાઇને ધારા બની હતી. અને ધારાનગરીમાં રાજા ભોજનો પ્રખર સૂર્ય તપી રહ્યો હતો. એમનો ભૂતકાળ ભાગ્યની પ્રબળતા, કર્મની વિચિત્રતા અને રાજપાટની ખટપટ-પ્રધાનતાનો સૂચક હોવાથી ખૂબ જ પ્રસિદ્ધ હતો. ધારેલી ધારણાઓ કઇ રીતે માટીમાં મળી જતી હોય છે અને અણધારેલું કઇ

રીતે એકાએક આકાર લઇ લેતું હોય છે, એના હૂબહૂ ચિતાર તરીકે ત્યારે મુંજ-સિંધલ અને ભોજના નામ-ઠામ વિશ્વપ્રસિદ્ધ હતા.

•

અવંતિની પાટનગરી જ્યારે ઉજ્જયિની હતી, ત્યારે ત્યાં પરમારવંશીય રાજવી સિંહભટનું રાજ્ય તપતું હતું. એની પટરાણી શૃંગારમંજરીને એકે પુત્ર ન હતો. એનું અંતઃપુર ખૂબ જ વિશાળ હતું. શિકારનો ભારે શોખીન હોવાથી એકવાર એ મુંજના વનમાં શિકારે ગયો. ત્યાં આગળ વધતા મુંજના પુંજ નીચે એક તેજસ્વી બાળક જોઇને એ એની પર મોહી પડ્યો. અદ્ભુત એનું રૂપ હતું, હજી એ તાજો જ જન્મ્યો હોય, એવું લાગતું હતું. રાજા એ બાળકને ઉઠાવીને છાતી સરસો ચાંપીને બોલ્યા : શૃંગારસુંદરીના પુત્ર તરીકે તને જાહેર કરીને એનું વાંઝિયામેણું હવે હું જરૂર ટાળીશ.

સિંહભટ મહેલે આવ્યો. નવજાત બાળકને શૃંગારસુંદરીના હાથમાં સોંપતા એણે કહ્યું : વનદેવની આ ભેટ છે. આને તારા પુત્ર તરીકે જાહેર કરીને હું તારૂં વાંઝિયામેણું મીટાવવા માંગું છું. શૃંગારસુંદરી ખુશ ખુશ થઇ. એ જ દિવસે રાજા તરફથી જાહેરાત થઇ કે,પટરાણી ગૂઢગર્ભા હતા. એમણે એક પુત્રને જન્મ આપ્યો છે. એનો જન્મોત્સવ રાજ્ય તરફથી ઉજવાશે.

રાજાએ એ બાળકનું નામ મુંજ રાખ્યું. જેથી એની પ્રાપ્તિનો પ્રસંગ ભૂલાય નહિ. મુંજ નામક ઘાસના પુંજ વચ્ચે તરછોડાયેલો એ મુંજ ભાગ્યનો બળિયો હતો, એથી એ રાજપુત્ર તરીકે વધવા માંડ્યો. બીજી પટ્ટરાણીએ થોડા મહિના બાદ એક પુત્રને જન્મ આપ્યો. એનું સિંધુલ નામ રાખવામાં આવ્યું.

થોડા વર્ષો બાદ સિંહભટે પહેલી પટરાણીના પુત્ર મુંજનો રાજ્યાભિષેક કર્યો અને બીજી પટ્ટરાણીના પુત્ર સિંધુલને યુવરાજ પદે સ્થાપ્યો. થોડો કાળ વીત્યો. રાજા સ્વર્ગવાસી થયા. મુંજનું પ્રારબ્ધ જોરદાર હતું, એથી સિંધુલ એની ઈર્ષ્યા કર્યા કરતો, ઘણીવાર એ

રાજાજ્ઞાની સામો પણ થતો. એકવાર અવસર જોઇને મુંજે એની સંપત્તિ પડાવી લઇને એને દેશનિકાલ કર્યો.

*સિંધુલ પાસેથી તો મુંજે બધું લૂંટી લીધું, પણ એનું ભાગ્ય થોડું લૂંટાયું હતું ? સિંધુલ આબુની તળેટીમાં આવેલા કાસહ્રદ ગામમાં જઇને* પલ્લીપતિ બન્યો. એના હાથ નીચે ઘણા ચોરો કામ કરવા લાગ્યા. એક રાતે સિંધુલ આબુ પર ચિત્રક વેલીની શોધ માટે અપૂર્વ સાહસ સાથે નીકળ્યો, ત્યાં વચમાં જ એક વિચિત્ર ઘટના બની.

વચમાં એક પ્રેતભૂમિ આવતી હતી. ત્યાં અપરાધીઓને ફાંસીના માંચડે ચડાવવાનો એક વધસ્તંભ હતો. એની નીચે સૂઇ રહેલા એક મોટા ભૂંડને જોઇને સિંધુલે એની પર બાણ છોડ્યું. એટલામાં જ બાજુમાં પડેલું એક શબ ભયંકર અટ્ટહાસ કરવા માંડ્યું. પણ સિંધુલ જરાય ગભરાયો નહિ, એ શબમાં પ્રવિષ્ટ કોઇ પ્રેતે જ્યારે સિંધુલને બીવરાવવા કરેલા અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા, ત્યારે એણે કહ્યું કે, સિંધુલ ! માંગ, તને જે જોઇએ એ માંગ ! તારા સાહસ પર હું સંતુષ્ટ થયો છું.

સિંધુલે શબ્દવેધી બાણકલા માંગી, પ્રેતે આવી કળા આપવા ઉપરાંત એને ચિત્રકવેલી આપીને કહ્યું : તું હવે માલવમંડલમાં જજે. તારું ભાગ્ય જોર કરે છે, ત્યાં તારી સંતતિને અપૂર્વ સામ્રાજ્ય મળશે ! સિંધુલે આ પછી થોડી ઘણી સેના એકઠી કરી ને એ માલવમંડલમાં આવ્યો, મુંજરાજને આ વાતની ખબર મળતાં જ એણે સિંધુલને સન્માનભેર તેડાવીને પોતાના રાજ્યમાં સ્થાન આપ્યું. પણ એનો ઉદ્ધત સ્વભાવ હજી ગયો ન હતો. એથી એની શક્તિ ખતમ કરવાના મનસૂબા મુંજ ઘડી રહ્યો. એમાં એકવાર મર્દન-કળાના અદ્‌ભુત જાણકારો એની પાસે આવ્યા. શરીરના સાંધા ઢીલા કરીને એઓ માણસને મૂર્ચ્છિત પણ બનાવી શકતા. તેમજ એ સાંધા પાછા ઠેકાણે લાવીને સચેતન પણ બનાવી શકતા.

મુંજે મર્દન-કળાના એ જાણકારોને ખાનગીમાં બધી સૂચના

આપીને સિંધુલની સેવા કરવા મોકલ્યા. એમણે સિંધુલના સાંધેસાંધા ઢીલા કરી નાખીને એને મૂર્ચ્છિત બનાવી દીધો. બરાબર આ જ વખતે સિંધુલની આંખ શસ્ત્ર-પ્રયોગ દ્વારા બહાર કાઢી નાખવામાં આવી અને એ સચેતન બને એ પૂર્વે જ એને કાષ્ટ-પિંજરામાં પૂરી દેવામાં આવ્યો. સાંધા પાછા ગોઠવાઇ ગયા. થોડીવાર પછી એની ચેતના પાછી ફરી. એનું સિંહ જેવું સાહસ ખળભળી ઉઠ્યું. પણ પાંજરામાં પડેલો સિંહ શું કરી શકે ?

થોડા દિવસો વીત્યા, સિંધુલની પત્ની ગર્ભવતી હતી, એણે એક પુત્રને જન્મ આપ્યો. એનું નામ ભોજ ! એની જન્મકુંડલિ તૈયાર કરાવાઇ, મુંજ એ કુંડલિ જોઇને છક્ક થઇ ગયો. એમાં ભોજના ભાવિ અંગે ફલાદેશ ભાખવામાં આવ્યો હતો કે,આ બાળક ૫૫ વર્ષ, ૭ મહિના અને ૩ દિવસ સુધી દક્ષિણાપથનું એકછત્રી વિશાળ સામ્રાજ્ય ભોગવશે.

આ વખતે ભોજની વય માત્ર આઠ વર્ષની હતી. મુંજને વિચાર આવ્યો કે, આ ભોજ જો જીવતો રહેશે, તો તો મારી વંશપરંપરા રાજ્યાધિકારી નહિ બને, ભોજની ભાગ્યરેખા બળવાન છે, માટે આને મારાઓ પાસે મારી નંખાવીને મારે ઉગતા શત્રુને ડામી જ દેવો જોઇએ.

મુંજે મારાઓને ધનની લાલચ આપીને ભોજની હત્યાનું કાર્ય સોંપ્યું. મારાઓ ભોજને એક જંગલમાં લઇ ગયા. અને મુંજનો આદેશ સંભળાવતાં એઓ રડી પડ્યા. ભોજ ભણેલો હતો. એણે કહ્યું કે, તમારે તો રાજાજ્ઞા જ પ્રમાણ છે ! માટે તમે મારો વધ કરી શકો છો. પણ મારો આટલો સંદેશો રાજાને આપજો. એમ કહીને ભોજે વડના પાંદડા પર, લોહીથી એક સુભાષિત લખી આપ્યું. એમાં લખ્યું હતું કે, મહારાજા મુંજ ! સત્યયુગના અલંકાર સમો રાજવી માંધાતા ચાલ્યો ગયો ! રાવણના સંહારક શ્રી રામચન્દ્રજી પણ આજે ક્યાં જોવા મળે છે. યુધિષ્ઠિરથી માંડીને આપના પિતાજી સુધીના રાજાઓનાં પદચિહ્ન પણ

આજે જોવા મળતા નથી. આ બધા રાજાઓ હાથ ઘસતા ગયા, આમાંથી તસુભર જમીનને ય કોઇ સાથે ન લઇ શક્યા. પણ મને ચોક્કસ એમ લાગે છે કે, આ ધરતી જરૂર પરભવમાં આપની સાથે તો આવશે, આવશે ને આવશે જ !

આવી નીડરતા જોઇને મારાઓના મન પીગળી ઉઠ્યા. એમણે ભોજને સંતાડી દીધો, અને અળતાના રસથી લેપાયેલી છરી સાથે મુંજ પાસે જઇને એમણે ભોજનો સંદેશો આપતા કહ્યું કે, મહારાજ ! છરી વડે પોતાના શરીરમાંથી લોહી કાઢીને, એ લોહીથી ભોજે આ સંદેશો લખી આપ્યો છે.

સંદેશો વાંચતા જ મુજરાજની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા. ગદ્‌ગદ્‌ કંઠે એ બોલ્યા : હાય ! હાય ! રાજ્યના લોભે હું બાળહત્યારો બન્યો ! હવે આવા પાપી-જીવનનો ભાર વેંઢારવાથી શું ? મને અગ્નિની જ્વાળાઓ સિવાય બીજું કોણ શુદ્ધ કરી શકશે ?

મારાઓએ મુંજનું મનપરિવર્તન જોઇને હકીકત રજૂ કરી અને રાજાજ્ઞા થતા જ ભોજને હાજર કર્યો. થોડા વર્ષ પછી મુંજે ભોજનો રાજ્યાભિષેક કર્યો. એકવાર મુંજના મન ઉપર કર્ણાટક દેશ તરફના રાજ્યો પર વિજય મેળવવાની ધૂન સવાર થઇ. પોતે જેને છ છ વાર જીત્યો હતો, એ કર્ણાટકાધિપતિ તૈલપદેવ આજે અવંતિની આજ્ઞા સ્વીકારવા તૈયાર ન હતો, એથી એની પર પણ જીત મેળવવાની મુરાદ મુંજે ભોજ સમક્ષ વ્યક્ત કરી. પણ અત્યારે એ યુદ્ધ છેડવા જેવું નહોતું, એથી ભોજે કહ્યું : વધુમાં વધુ ગોદાવરી નદીને ઓળંગીને આગળ વધવાનું સાહસ ન ખેડવાની આપ પ્રતિજ્ઞા સ્વીકારો, તો જ આપને યુદ્ધ માટે જવા દઇશું. કારણ કે આથી આગળ વધવામાં સાર નથી, અને શાણપણ પણ નથી.

મુંજ ભોજ સમક્ષ વચન બદ્ધ બનીને યુદ્ધ માટે નીકળ્યો. રાજ્યો જીતાતા ગયા, એમ એની પ્રદેશ-ભૂખ વધતી ગઇ, એથી પ્રતિજ્ઞાનો ભૂક્કો બોલાવી દઇને પણ ગોદાવરીની મર્યાદા તોડીને એણે તૈલપદેવની

સામે યુદ્ધ જાહેર કર્યું. પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિ જેવું જ પરિણામ આવ્યું. એ યુદ્ધમાં મુંજરાજ ભૂંડી રીતે કર્ણાટકનો કેદી બન્યો. પણ આ કેદના પડદા પાછળ પ્રેમનું એક વિચિત્ર નાટક થોડા દિવસ બાદ ભજવાવા માંડ્યું.

તૈલપદેવને મૃણાલવતી નામની એક બહેન હતી. એ મુંજ પર મોહિત બની અને થોડા જ દિવસો પછી મુંજ માટે જેલ પણ મહેલ જેવી મજા કરવાનું સ્થાન બની ગઇ ! મુંજ અને મૃણાલવતીનો પ્રેમ એ કેદમાં ગાઢ બનવા માંડ્યો અને બંને વચ્ચે પતિ-પત્નીનો સંબંધ બંધાયો. થોડા વધુ વર્ષ વીત્યા. કર્ણાટકની કેદથી મુંજ હવે કંટાળ્યો હતો. એણે ગુપ્ત-સંદેશો પાઠવીને, પોતાની મુક્તિનો માર્ગ તૈયાર કરવા અવંતિપતિ ભોજને સૂચવ્યું.

જબરી માયાજાળ રચાઇ. એક ગુપ્ત માર્ગ તૈયાર થયો અને અવંતિના માણસોની સહાયથી મુંજે ભાગી છૂટવાનું નક્કી કર્યું, એની બધી યોજના પણ તૈયાર થઇ ગઇ. પણ મૃણાલવતી સાથે બંધાયેલ સ્નેહના તાણાવાણા લોખંડી બેડી બનીને, મુંજને જકડી રહ્યા, એથી કામાંધ બનીને એણે મૃણાલવતીની આગળ બધો ભેદ ખોલી નાખીને જાણે પોતાના કમોતને જ નોતર્યું ! મૃણાલવતીએ સ્ત્રી-સુલભ માયાના દાવ નાખતા કહ્યું : મુંજ ! તમને છોડવા હું તૈયાર નથી, ભલે આ જન્મભૂમિ છોડવી પડે. પણ થોડીવાર થોભો. હું અલંકારોનો મારો એક દાબડો લઇ આવું.

કામાંધ મુંજ ભાન ભૂલ્યો, એણે થોડો એ વિલંબ સ્વીકારી લીધો. મૃણાલવતી સીધી જ પોતાના ભાઇ તૈલપદેવ પાસે પહોંચી ગઇ, એણે રહસ્યનો ભાંડો ફોડતા કહ્યું : શું આમ જંપીને બેઠા છો ! મુંજ ભાગી છૂટવા તૈયાર થયો છે, મુક્તિનો માર્ગ તૈયાર થઇ ગયો છે. માટે દોડો અને મુંજને પકડી પાડો !

તૈલપદેવની સેના છૂટી અને મુંજના બધા મનોરથ માટીમાં મળી ગયા. એની પર તૈલપદેવની આંખ વધુ તરડાઇ. એમણે હુકમ કર્યો :

મુંજ ! મારી સામે માયા !હવે તું નહિ છટકી શકે ! તારી પરના બંધનો હવે મજબૂત બનશે ને શેરીએ શેરીએ, ઘરે-ઘરે તારી આબરૂના લીરે-લીરાં ઉડે, એ માટે હાથમાં ચપણિયું પકડાવીને તને ભીખ મંગાવીશ, ત્યારે જ મને શાંતિ મળશે. તેં છટકવા છટકું ગોઠવ્યું, એથી સાત દિવસ તને ભૂખ્યો મારીશ અને પછી ભીખ મંગાવીશ.

પોતાના ભાઇ સિંધુલને એકવાર કેદ કરનાર મુંજને હવે ધોળે દહાડે તારા દેખાવા માંડ્યા, એ વિચારી રહ્યો કે,-મારું પાપ જ મને નડ્યું ! એમાં વળી વધારામાં હું કામાંધ બન્યો, એથી પાપનો એ સાપ હવે સાતફણો બનીને મને ડંખવા આવ્યો છે ! હાય ! જો મેં સિંધુલને કેદ ન કર્યો હોત, અને ભોજની સમક્ષ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યો હોત, તો મારે આ દુઃખના દહાડા જોવાનો વખત આવત ખરો ?

સાત દિવસના ઉપવાસ પછી હાડપિંજરમાં પલટાઇ ગયેલા મુંજની ફજેતીના ફાળકા થવા શરૂ થયા. ચારે તરફ ખુલ્લી સમશેરો સાથે ઘેરાયેલો મુંજ હાથમાં ચપ્પણિયું લઇને ઘરે ઘરે ભીખ માટે આજીજી ગુજારી રહ્યો. મુંજના ચપ્પણિયામાં એંઠવાડ નાખનારા લોકો પણ એના અંગેઅંગમાં આગ પેટાઇ જાય, એવા વાંકા વેણ સંભળાવીને ઘા પર મીઠું ભભરાવવા લાગ્યા. આ રીતે મહિનાઓ નહિ, વર્ષો વીતી ગયા. મુંજને થયું કે, આવું દુઃખ તો નરકમાં પણ નહિ હોય !

એક દિવસ પ્રધાનોએ તૈલપદેવને કહ્યું : મહારાજ ! હવે ખમૈયા કરો. મુંજની આબરૂ ઘણી લૂંટી. માટે કાં હવે એને પહેરામણી આપીને માલવના મંદિરે મોકલી આપો, કાં ફાંસીએ ચડાવીને મૃત્યુના મંદિરે મોકલી આપો. તૈલપદેવનું હૈયું હજી વેરની વસૂલાત લેવાના ખૂન્નસથી ખળભળતું જ હતું એ બોલ્યા : મુંજને વળી પહેરામણી કેવી ? એના ગળામાં ફાંસીના ફાંસલા સિવાય શોભે એવું આભૂષણ મને તો બીજું કોઇ જ દેખાતું નથી. માટે એને ફાંસીને માંચડે ચડાવીને એના માથે દહીં ચોપડજો, જેથી કાગડાઓ ચાંચ મારીમારીને એના માથાને ફોલી ખાય ! એના માથે કાગડા બેસશે, તો જ મને સંતોષ થશે.

મુંજને વધાવવા કમોત નજીક આવ્યું અને એક દિ' ફાંસીના માંચડે લટકાવેલા મુંજના દેહ પર દહીનો ઘડો ઠાલવવામાં આવ્યો, થોડી વારમાં જ એક વખતનાં માલવપતિ મુંજનો દેહ કાગડાઓ માટે ઉજાણી બની ગયો. રાજ્યાંધતા, કામાંધતા અને સ્ત્રી પર મૂકાયેલો આંધળો-વિશ્વાસ આ બધું કદીક કેવો કરપીણ અંજામ સરજી જાય છે, એનો નાદર નમૂનો પૂરો પાડતા મુંજરાજનો જીવ એક ગોઝારી-પળે તરફડી-તરફડીને કાયાની કેદમાંથી બહાર નીકળી ગયો ! ત્યારે એને વળાવવા કાગડાઓનાં ટોળાં સિવાય ત્યાં કોઇની હાજરી કળાતી નહોતી !

●

શ્રી સૂરાચાર્યની વિદ્વત્તાએ જેના શબ્દોમાં વેગીલા બાણ જેવી વેધકતા ઠાંસી ઠાંસીને ભરી હતી, એ ગૂર્જરાધિપતિ ભીમદેવનો એ સંદેશ રાજા ભોજની સભામાં પહોંચ્યો. ગુજરાતનો જવાબ સાંભળવા, માલવપતિ અને એમની સભાના સભ્યો ખૂબ ખૂબ આતુર હતા. સૌના મનમાં એક એવી જ છાપ હતી કે, વિદ્વાનો અને વીરોને તો માળવા જ જન્મ આપી શકે, ગુજરાત પાસે તો વાણિયા અને વૈશ્યો સિવાય બીજું છેજ શું ! પરંતુ જ્યાં ગૂર્જરેશ્વરનો સંદેશ સૌના કાને અથડાયો, ત્યાં જ બધાના મનની ભ્રમણાઓનો ભાંગીને ભૂક્કો થઇ ગયો, દાંત કચકચા-વીને સૌ બોલી રહ્યા : રે ! કેવો આ કટાક્ષ ! શું આપણે કૌરવના કુળના પક્ષપાતી ! 'અંધક' આ વિશેષણ જ કેટલું બધુ ખારભર્યું અને ઝેર પાયેલા બાણ જેવું વેધક છે !

કોઇ હાથ પછાડીને રોષથી બોલ્યું : પોતાને યુધિષ્ઠિરના વંશજ મનાવતા ભીમદેવની આંખ પોતાની ગર્વિષ્ઠતાના ભડકાથી જ્યાં અંજાઇ ગઇ હોય, ત્યાં એને બીજા બધા આંધળા દેખાય, એમાં નવાઇ નથી. કારણ કે આંધળો દેખતાનેય આંધળો ગણવાની ભૂલનો ભોગ બને, એ અશક્ય નથી. પણ જ્યારે યુદ્ધના મેદાનમાં શસ્ત્રો સામે અફળાતા શસ્ત્રોમાંથી વેરાતા તેજતણખા ભીમદેવની આંખને આંજી નાખશે, ત્યારે જ એને સાચી સ્થિતિનું ભાન થશે કે, ખરેખર-અંધકનાં વિશેષણ માટે તો ગુજરાત જ યોગ્ય છે !

અંધક ! આ શબ્દ સૌને ખૂબ જ ખાઇ ગયો અને એથી ઘણાની આંખ સામે મુંજ સિંધુલના જીવનમાં ઘટેલી દુઃખદ ઘટનાઓ ઉપસી આવી અને એ કરુણાન્ત જીવન પર કાતિલ કટાક્ષ કરીને, એ દુઃખદ સ્મૃતિઓને તાજી કરાવતા 'અંધક' વિશેષણના પ્રયોજક ગુજરાત સામે રણ-ઝાલરીનો નાદ ઘેરો બનાવવા સૌ સમસ્વરે સમસમી ઉઠ્યા. પરંતુ ભોજદેવની મનઃસ્થિતિ તો જુદી જ હતી. સભામાં વ્યાપી ગયેલા સન્નાટાની જ્વાળાઓને ઠારી દેતી પાણી જેવી વાણીમાં એમણે કહ્યું :

'કવિ ધનપાલ! ગુજરાતની આ ગાથાએ અવંતિની સત્તાના સિંહરાજની કેસરાં સાથે અડપલું કર્યું છે, એમાં કોઇ ઇન્કાર કરી શકે એમ નથી ! પણ ગાથામાં ગુંથાયેલા વેધક વીરત્વને હાલ બાજુ પર રાખીને, આમાં શબ્દે શબ્દે ગુંથાયેલી વિદ્વત્તા અને કલ્પનાનું કૌશલ્ય શું આરતી ઉતારવા જેવું ભવ્ય નથી લાગતું ? ગાથામાં ગુંથાયેલા શ્લેષ પાછળ એક ભૂતકાળને વર્તમાન સાથે જોડી દેવાની કેવી અદ્ભુત કરામત છતી થાય છે ! શું ગુજરાતમાં આવી પણ વિદ્વત્તાનો વસવાટ છે ખરો ? જો હોય, તો એના મારે દર્શન કરવા છે અને આ વિદ્વત્-સભામાં એને આમંત્રીને મારે મારી સભાના પંડિતોનું પારખું કરવું છે. માટે અત્યારે ગુજરાતને છંછેડવાનું પગલું ભરવા હું તૈયાર નથી, એકવાર આ ગાથાના સર્જકને ધારાની આ ધરતી પર આમંત્રીને પછી ભવિષ્યમાં જે પગલા ભરવા જેવા લાગશે, એ ભરીશું. પણ હાલ તો ગૂર્જરપતિ સાથેની સંધિને દૃઢ બનાવીને, આ વિદ્વાનને પાઠવવાના આમંત્રણનો સંદેશ બનતી ઝડપે પાટણ મોકલવાનો મારો આદેશ છે.

સૌ કોઇ ભોજરાજાની મનસ્થિતિના આ વિચિત્ર-વળાંકને નીરખી રહ્યા. ઉગામાયેલી સમશેરો મ્યાન થઇ ગઇ. વિજિગિષાની સામે વિદ્વત્તાએ એ દહાડે ભવ્ય-વિજય મેળવ્યો. અને ભોજરાજાનો એક સંદેશવાહક ગુજરાત તરફ રવાના થયો. એ સંદેશમાં બે વાત લખવામાં આવી હતી : એક, ગુજરાત સાથેની સંધિની દૃઢતા ! બે, ગાથાના સર્જક વિદ્વાનને ધારાની રાજસભામાં પધારવાનું ભાવભીનું નિમંત્રણ !

□

# વાત વિજયની ! પ્રત્યાઘાત પરાજયના !

# [૧૪]

ગુજરાતના ગૌરવ ધ્વજને અવંતિની માત્ર એક જ ગાથા દ્વારા અણનમ રાખીને, એને વધુ વિખ્યાતિ અપાવવામાં નિમિત્ત બની જનારા શ્રી સૂરાચાર્ય પૂર્વાવસ્થામાં રાજકુમાર હતા. શ્રી ગોવિંદાચાર્યના શિષ્ય શ્રી દ્રોણાચાર્ય એમના ગુરુસ્થાને બિરાજતા હતા. ભીમદેવની સભામાં આ બધા જૈનાચાર્યોનું અપૂર્વ માન હતું.ભીમદેવ સાથેના સંસારી સગપણ કરતાય, આ ગુરુત્રયીને વરેલી વિદ્વત્તાનો જ એ પ્રભાવ હતો કે, ભીમદેવ જેવો માંધાતા પણ એમની આગળ નમ્રતા દાખવવામાં ગૌરવ અનુભવતો.

ભીમદેવની માતાનું નામ લક્ષ્મીદેવી હતું. લક્ષ્મીદેવીનો ભાઇ સંગ્રામસિંહ જૈન ધર્માનુરાગી હતો. એના મોટાભાઇ સંયમી બનીને શ્રી દ્રોણાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. સંગ્રામસિંહનું સ્થાન એક સફળ-સેનાપતિ તરીકે રાજવી ભીમદેવની રાજ્ય સભામાં અગ્રગણ્ય હતું. સંગ્રામસિંહના પુત્ર મહીપાલે પણ સંયમ સ્વીકાર્યું હતું. અને એઓ શ્રી દ્રોણાચાર્યના ઉદ્ભટ-વિદ્વાન શિષ્ય તરીકે શ્રી સૂરાચાર્યના નામે ખૂબ જ પ્રસિદ્ધ હતા. આમ, શ્રી ભીમદેવના મામા અને મામાઇ ભાઇ તરીકે પણ શ્રી દ્રોણાચાર્ય તથા શ્રી સૂરાચાર્યનું નામ ગુજરાતમાં પ્રસિદ્ધિ પામે, એમાં નવાઇ નહોતી, એમાં વળી એઓને પ્રકાંડ-પાંડિત્ય વર્યું હતું, એથી એ પ્રસિદ્ધિ ને વધુ સમૃદ્ધિ વરે, એ સહજ હતું.

શ્રી દ્રોણાચાર્યના ગુરુ શ્રી ગોવિંદસૂરિજી પણ વિશિષ્ટ વિદ્વાન

હતા. એમની નિશ્રામાં પાટણના એ જૈન ઉપાશ્રયમાં અનેક વિદ્વાનો તૈયાર થતા હતા, એમનું અધ્યયન કાર્ય મુખ્યત્વે શ્રી સૂરાચાર્ય કરતા હતા. આ બધા 'ચૈત્યવાસ'ની પરંપરામાં પેદા થયેલા વિદ્વાનો હતા.

નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીનો કાળ પણ આ જ હતો. એટલું જ નહિ, એમણે આગમ-ગ્રંથો પર જે નવાંગી ટીકા રચી હતી, એના સંશોધનાદિ કાર્યમાં પ્રમુખ સહાયક શ્રી દ્રોણાચાર્ય રહ્યા હતા. શ્રી દ્રોણાચાર્યે પિંડનિર્યુક્તિ આદિ ટીકા-ગ્રંથોનું નિર્માણ કરીને, પોતે ચૈત્યવાસી હોવા છતાં સિદ્ધાંત-નિષ્ઠાને ઉની આંચ આવવા દીધી નહોતી.

શ્રી સૂરાચાર્યની નિશ્રામાં અનેક વિદ્વાનો તૈયાર થઇ રહ્યા હતા. એમની અધ્યયન કરાવવાની શૈલી એટલી બધી સુગમ હતી કે, ગમે તેવો કઠિન વિષય પણ એમની વિવેચન-શૈલી આગળ સાવ સહેલો બની જતો. એમનો સ્વભાવ જરા ઉગ્ર હતો, એથી ભણનારા શિષ્યો એમનાથી થરથરતા, પણ આનું સુપરિણામ એ આવતું કે, વિદ્યાર્થીઓ અભ્યાસમાં તલ્લીન થઇને પાઠ આદિ બરાબર કરી આવતા અને એથી થોડા જ સમયમાં તૈયાર થઇ જતા.

એક વાર શ્રી સૂરાચાર્યજી જરા વધુ કડક બન્યા. 'સોટી વાગે ચમ-ચમ'માં માનનારા એમણે એક દહાડો પોતાના પરિચારકને એવો આદેશ આપ્યો કે, આ સોટી તો રોજે રોજ તૂટી જાય છે, એના કરતા એક લોહદંડ વસાવી લઇએ, તો પછી તૂટવાની ચિંતા જ ન કરવી પડે !

આ આજ્ઞા સાંભળીને વિદ્યાર્થી-શિષ્યો થરથર ધ્રૂજી ઉઠ્યા. સૌ શિષ્યો ભેગા થઇને શ્રી ગોવિંદસૂરિજી પાસે પહોંચી ગયા, અને કહ્યું કે, ગુરુદેવ ! શ્રી સૂરાચાર્યજીની અધ્યાપન-કુશળતાનો તો જોટો જડવો મુશ્કેલ છે. પરંતુ એમનો સોટી-માર પણ અમે ખમી શકતા નથી, ત્યાં આજે લોહદંડની આજ્ઞા છૂટી છે. માટે આપ યોગ્ય કરશો, નહિ તો આ જ્ઞાન-શાળા કાલથી ધીમેધીમે ખાલી થવા માંડશે.

શ્રી ગોવિંદ સૂરિજી બધી જ વાત પામી ગયા. એમણે કહ્યું : તમે

અપ્રમત્ત બનીને અભ્યાસ કરો, એ માટે જ શ્રી સૂરાચાર્ય આવું કરે છે. એને કંઇ તમારા પ્રત્યે દ્વેષ નથી. તમે બધા બરાબર અભ્યાસ કરતા હો, તો આ પ્રશ્ન જ ઉભો ન થાય. છતાં હું જરૂર યોગ્ય સૂચના આપીશ.

થોડીવાર પછી શ્રી ગોવિંદસૂરિજીએ શ્રી સૂરાચાર્યજીને બોલાવીને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે, તે લોહદંડ મંગાવ્યો છે. વત્સ ! આવો કોપ શ્રમણને શોભે ખરો ?

શ્રી સૂરાચાર્યે કહ્યું : ગુરુદેવ આ બધા શિષ્યો તૈયાર થઇને દેશ-પરદેશના વાદીઓને જીતવા દ્વારા જૈનશાસનનો જયજયકાર ગજવે, આ જ એક આશયથી મારે કડક થવું પડે છે. બાપ કરતા બેટો સવાયો પાકે એમાં જેમ બાપની શોભા છે, એમ આપણાં બધાં કરતા આ વિદ્યાર્થી-શિષ્યોને સવાયા બનાવવાની મારી ઈચ્છા છે, એથી જ ધાક બેસાડવા માટે મેં લોહદંડ મંગાવ્યો છે.

શ્રી ગોવિંદસૂરિજીએ કહ્યું : હજી આ બધા તો અલ્પમતિ બાળકો ગણાય, એથી આમના માટે આવી મોટી આશા અત્યારે ને અત્યારે ફળી જાય, એવી ઉતાવળી અપેક્ષા રખાય ખરી ? ધાક બેસાડવા માટે જ રખાયેલો લોહદંડ કદીક આવેશમાં આવી જઇને તું કોઇની પર ઝીંકી દે, તો કબૂતરની જેમ આ બધા વિદ્યાર્થીઓ ઊડી જઇને બીજે આશ્રય શોધી લે કે બીજું કંઇ ? એમાં તારીય શી શોભા અને મારીય શી શોભા !

શ્રી સૂરાચાર્યજીએ સ્વબચાવ કરતા કહ્યું : ગુરુદેવ ! આમાં શોભાનો સવાલ જ ક્યાં છે ! આ બધાને તૈયાર કરવાની મને ચિંતા છે, એટલે જ આવી કડકાઇ બતાવવી પડે છે !

શ્રી ગોવિંદસૂરિજીને થયું કે, ટોણો માર્યા વિના કામ નહિ થાય, ટકોરને હવે અવકાશ નથી. એથી એમણે ઠાવકાઈથી કહ્યું : વત્સ ! શું તું ભોજરાજાની વિદ્વત્-સભાને જીતી આવ્યો છે કે, આ વિદ્યાર્થીઓ પર આવી કડકાઇ કરે છે ! તું ભોજની સભાને જીતી આવ, પછી જરૂર લોહદંડ વાપરજે !

ઉપાશ્રયમાં સન્નાટો છવાઇ ગયો. શ્રી સૂરાચાર્યજીએ વળતી જ

પળે ગુરુદેવના પગમાં માથું મૂકતા કહ્યું કે, ગુરુદેવ મને પ્રતિજ્ઞા કરાવો. જ્યાં સુધી ભોજરાજાની સભાને જીતીને અવંતિની એ વિદ્વત્ સભામાં 'જૈનં જયતિ શાસનમ્' નો ઝંડો લહેરતો ન મૂકી શકું, ત્યાં સુધી મારે છ વિગઈનો ત્યાગ.

શ્રી સૂરાચાર્યની પ્રતિજ્ઞાના આ બોલ સાંભળીને સૌએ આઘાતની લાગણી અનુભવતા કહ્યું : ગુરુદેવ ! ગુરુદેવ ! આવો તે વળી નિયમ હોઇ શકે ખરો ? પછી અમને કોણ ભણાવશે ? અને અહીંની સભામાં અવસરે અવસરે જૈનશાસનના સિદ્ધાંતોને અણનમ રાખવા કોણ આગળ આવશે ?

સમજાવટના આ પ્રયત્નો પાછળ ઘડી વીતવા આવી, પણ સત્યપ્રતિજ્ઞ શ્રી સૂરાચાર્યજી પોતાના સંકલ્પને દૃઢતાથી વળગી રહ્યા. ગુરુદેવો કંઇક ખિન્ન બનીને એમને વધુ સમજાવવા તૈયાર થયા, ત્યાં તો રંગમાં ભંગ પાડતું દંડનાયક શ્રી વિમલ, સેનાપતિ શ્રી સંગ્રામસિંહ અને નગરશેઠ શ્રીદત્ત આદિનું આગમન થયું. એમના મોં પર હાસ્ય હતું. ઉપાશ્રયમાં છવાયેલા ગંભીર-વાતાવરણને એકાએક પલટો આપતી ખુશાલી વ્યક્ત કરતા એમણે કહ્યું :

''રાજા ભોજ શ્રી સૂરાચાર્યજીના દર્શન કરવા ઝંખી રહ્યા છે, એથી ભોજનો નિમંત્રણ-પત્ર મહારાજ ભીમદેવ પર આવ્યો છે કે, ગુજરાતના ગૌરવની ગાયક ગાથાના એ સર્જક-વિદ્વાનને વહેલી તકે અવંતિમાં મોકલવા ઘટતું કરશો. આવા વિદ્વાનને આવકારતા અમારી પંડિત-સભા જરૂર ગૌરવ અનુભવશે. માટે આ ગાથાના સર્જક જે કોઇ વિદ્વાન હોય, એ વિદ્વાનને મારું આ નિમંત્રણ પહોંચતું કરીને આભારી કરશો.''

આગમનની ભૂમિકા ટૂંકમાં રજૂ કરીને દંડનાયકે રાજા ભોજનું એ આમંત્રણ શ્રી ગોવિંદસૂરિજીના હાથમાં મૂક્યું. એના વાંચનથી એમનું રોમેરોમ નાચી ઉઠ્યું. આટલા બધા પ્રગટ હર્ષનું કારણ સમજાવતા એમણે સૌની સમક્ષ આજની જ તાજી ઘટના અને પળ

પહેલા જ શ્રી સૂરાચાર્યજીએ સ્વીકારેલી પ્રતિજ્ઞાની વાત કહી બતાવી.

'જૈનં જયતિ શાસનમ્' નો નાદ ગજવતા સૌ બોલી ઉઠ્યા કે, આ પ્રતિજ્ઞાનું ભાવિ ભવ્ય હશે, એટલે જ કાર્ય-કારણના આ બધા અંકોડાઓ આજે અણધાર્યા જોડાઇ જવા પામ્યા છે. માટે આપ અનુજ્ઞા ફરમાવો, એથી રાજા ભીમદેવ આ આમંત્રણની સ્વીકૃતિની ખુશાલીના સમાચાર અવંતિ પાઠવી શકે !

આગળ-પાછળનો દીર્ઘ-વિચાર કરીને શ્રી ગોવિંદસૂરિજીએ અવંતિનું એ આમંત્રણ સ્વીકારવા સંમતિ આપી. રાજા ભોજ વિદ્વાન હોવા છતાં ગૂર્જર-રાષ્ટ્રના પાકા વિરોધી હોવાથી જે કોઇ વિકટ પરિસ્થિતિઓ પેદા થવાની શકયતા હતી, એ તરફ સૌનું ધ્યાન શ્રી ગોવિંદસૂરિજીએ કેન્દ્રિત કર્યું. કારણ કે પોતાના શિષ્યોની અવિજેય વિદ્વત્તા પર એમને પૂરેપૂરો વિશ્વાસ હતો.

દંડનાયક આદિ વિદાય થયા, થોડાક દિવસો પછી આવતા શુભ-મુહૂર્તે શ્રી સૂરાચાર્યજીનું અવંતિ-પ્રયાણ નક્કી થયું. બીજે જ દિવસે રાજા ભીમદેવ પોતે જ સામે પગલે ઉપાશ્રયમાં આવ્યા, એમણે શ્રી સૂરાચાર્યજીને કહ્યું : આપની વિદ્વત્તાએ ખરેખર રાજા ભોજની વિજિગિષા પર જ્વલંત વિજય મેળવ્યો ! જો આ ગાથા અમને ન મળી હોત, તો આજે જે ગૂર્જરરાષ્ટ્રમાં આપના અવંતિ પ્રયાણને અભિનંદવા કાજે મહોત્સવ જેવું વાતાવરણ રચાયું છે, ત્યાં યુદ્ધના ભીષણ ભણકારા ગાજતા થઇ ગયા હોત ! હવે આપ જ્યારે સાક્ષાત્ સ્વદેહે ભોજની સભામાં પધારી રહ્યા છો, ત્યારે ગુજરાતની ત્યાં ગુંજી ઉઠનારી ગૌરવ-ગાથાની માત્ર કલ્પનાથી પણ અમને સૌને આજે પૌરસ ચડી રહ્યું છે. જ્યારે ગૌરવના એ ગાન, અવંતિના સીમાડા વટાવીને પાટણના પાદરે આવી પહોંચશે, ત્યારે તો મને લાગે છે કે, પ્રત્યેક ગુજરાતી ગાંડો થઇને વિજયનૃત્ય મણાવશે.

રાજા ભીમદેવને આના જવાબમાં એટલું જ સાંભળવા મળ્યું કે, રાજન્ ! આ બધો પ્રભાવ દેવ-ગુરુની કૃપાનો છે. જે કૃપા મારા જેવા

બાળકને અહીં સુધી આંગળી ઝાલીને ચડાવી ગઇ, એ જ કૃપા મને અવંતિમાં હેમખેમ પહોંચાડીને ગુજરાતના અને જૈનતત્વના ઝંડાને દિગદિગંતમાં લહેરાવવામાં સહાયક થયા વિના નહિ જ રહે, એવો મને પૂરેપૂરો વિશ્વાસ છે.

સ્મિત સાથે આવેલા ભીમદેવ, મલક મલક હસતા વિદાય થયા. અવંતિ પ્રયાણના એ ઘડી-પળ આવ્યા અને કોઇ રાજવી વિજયયાત્રાએ સંચરતો હોય, એવા ઉલ્લાસ અને એવી શુભકામનાઓ સાથે શ્રી સૂરાચાર્યજીને પાટણે વિદાય આપી.

●

મહાકવિ શ્રી ધનપાલની ધારણા સાવ સાચી પડી. પાટણ અને ગુજરાતમાં ગાજતા શ્રી સૂરાચાર્યજીના નામકામના પડઘા એમણે એક જૈનત્વના નાતેય ખૂબ જ અહોભાવથી સાંભળેલા હતા. એથી જે દિવસે પ્રતિ-ગાથા રૂપે ગુજરાતે વાળેલો જવાબ એમણે સાંભળ્યો હતો, ત્યારથી જ એમણે એવું અતૂટ અનુમાન કરેલું કે, આવો સુંદર જવાબ વાળનાર શ્રી સૂરાચાર્યજી જ હોવા જોઇએ !

ગુજરાતનો જવાબ આવ્યા બાદ ભોજરાજાએ જે પ્રતિપગલાં લીધા હતા, એથી ધનપાલ-કવિએ તો ખૂબ જ આનંદ અનુભવેલો અને એઓ મનોમન એવી ભાવના-સૃષ્ટિ પણ રચતા રહેલા કે, શ્રી ગોવિંદસૂરિજી રાજા ભોજનું આ આમંત્રણ સ્વીકારી લે તો સારું. !

મહાકવિ ધનપાલ ચુસ્ત જૈન હતા. ને ધારામાં જ શા માટે, પૂરા અવંતિ દેશમાં ત્યારે જૈનત્વની જ્યોત એવી જ્વલંતતા સાથે નહોતી પ્રકાશતી કે, એની પર ગૌરવ અનુભવાય ! આ દૃષ્ટિએ પણ શ્રી સૂરાચાર્યજીનું અવંતિ આગમન મહાકવિને અત્યંત જરૂરી જણાતું હતું.

એક દિવસ રાજા ભોજ ઉપર ગૂર્જરાધિપતિ ભીમદેવનો પત્ર આવ્યો, પત્રના સમાચાર ધારામાં ફેલાતા ફેલાતા અવંતિમાં આગળ વધવા માંડ્યા અને સમગ્ર અવંતિના પંડિતો વાગ્યુદ્ધની તડામાર તૈયારીઓ કરવા મંડી પડ્યા. કેમકે અવંતિના જ્ઞાન-ધ્વજને અણનમ

રાખવામાં યોગદાન આપવાનો આવો અવસર પહેલ વહેલો જ આવતો હતો, એથી એની ભરપૂર તૈયારીઓથી આખો દેશ હલબલી ઉઠ્યો. ગુજરાતથી પ્રયાણ કરી ચૂકેલા શ્રી સૂરાચાર્યજીના આગમન પૂર્વે જ એમની કીર્તિકથાઓ આગળ આગળ આવીને અવંતિમાં ફેલાવા માંડી અને એથી પંડિતોને વધુ ને વધુ પૌરસ ચડવા માંડ્યું, અને એ શુભ દિવસ પણ આવી પહોંચ્યો, જ્યારે ભોજરાજાએ સામે પગલે જઇને શ્રી સૂરાચાર્યજીનું અદ્‌ભુત સ્વાગત કર્યું, ભોજરાજાની હકડેઠઠ ભરાયેલી સભામાં શ્રી સૂરાચાર્યજી બિરાજ્યા, ત્યારે પોતાની કવિતા અને કલ્પના શક્તિનો પ્રારંભિક પ્રકાશ પાથરતા એમણે ભોજરાજાને ઉદ્દેશીને ગાંભીર્યથી ભરીભરી વાણીમાં કહ્યું કે,

રાજન્ ! તમારી કીર્તિ-સુંદરી જળજીવોથી ભયંકર સમુદ્રને એકલી જ ઓળંગી જાય છે, આધાર વિનાના આકાશમાં કોઇનોય આધાર લીધા વિના એ એકલી જ ઘૂમે છે, પંખીઓ પણ ન પહોંચી શકે, એવા ગગનચુંબી પહાડો પર એ એકલી જ ચડી જાય છે, અરે ! આથીય આગળ વધીને સર્પોના સમુદાયથી ભીષણ એવા પાતાલલોકમાં પણ એ એકલી જ નિર્ભયતાથી હરેફરે છે. એથી મને લાગે છે કે, સ્ત્રી જાતિમાં ભયની જે બહુલતા પ્રસિદ્ધ છે, એ સાવ ખોટી છે, જો આમ ન હોય, તો આ કીર્તિસુંદરી આ રીતે નિર્ભયતાથી અપૂર્વ સાહસ સાથે બધે ઘૂમી શકે ખરી ?

વિદ્વત્તાના વિલાસનો આ તો હજી પહેલો જ ચમકારો હતો, પણ એના તેજથી ભોજરાજા અંજાઇને આભા જ બની ગયા. ત્યારબાદ પ્રાસંગિક ઉપદેશ પછી સભા વિખરાઇ. ધનપાલ કવિના આનંદનો પાર ન રહ્યો, ધાર્યા કરતાય વધુ વિદ્વત્તાના તેજનું અપૂર્વ આભામંડળ શ્રી સૂરાચાર્યજીની આસપાસ રચાયેલું જોઇને એમના આનંદનો પાર ન રહ્યો. ધારાનગરીમાં ચોરે અને ચૌટે ગુજરાતથી આવેલા આ વિદ્વાન જૈનાચાર્યની જ ગૌરવ-ગાથાઓ ગવાવા માંડી. વિદ્વાનોને એથી વધુ પૌરસ ચડ્યું. પણ જેના બંને પડખે સ્યાદ્‌વાદ-સિદ્ધાંતનું અને વાગીશ્વરી

શ્રી સરસ્વતી-દેવીનું કૃપા-બળ હાજરાહજૂર હોય, એ શ્રી સૂરાચાર્યજીને કોણ જીતી શકે ? થોડા દિવસોમાં તો રાજા ભોજથી માંડીને ધારાના ગાંગાતેલીનેય એ વાતની ખાતરી થઇ ગઇ કે, બૃહસ્પતિ અને સરસ્વતી હજી જીતાય, પણ આ જૈનાચાર્યને તો કોઇ જીતી શકે નહિ !

થોડા વધુ દિવસો વીત્યા બાદ એકવાર રાજાભોજે ભરી સભામાં સૂરાચાર્યજીને કહ્યું કે, મહારાજ ! આ ષડ્‌દર્શનો અલગ અલગ ચોકો જમાવીને બેઠા છે, એથી બિચારા ભોળા જીવો મુઝાઇ જાય છે, માટે આપને હું વિનંતિ કરું છું કે, બધાને ભેગા કરી બતાવો, તો માનું કે આપને મળેલી બુદ્ધિ પ્રમાણ છે !

સૌની ઉત્કંઠા વધી ગઇ. આ પ્રશ્નનો શો જવાબ હશે ? ત્યાં તો વળતી જ પળે શ્રી સૂરાચાર્યજીએ કહ્યું : રાજન્ ! આ ધારાનગરીમાં ચોરાશી ચૌટા છે, એને પહેલા આપ એક સ્થાને ભેગા કરી બતાવો, પછી હું ષટ્‌દર્શનને ભેગા કરવાનો પ્રયાસ કરીશ.

ભોજે કહ્યું : મહારાજ ! આ ચોરાશી ચૌટાઓનું તો મેં જ અલગ-અલગ નિર્માણ કરાવ્યું છે, જેથી લોકો પોતપોતાની રુચિ મુજબ સહેલાઇથી માલ-ગ્રહણ કરી શકે. લોકોની રુચિ હંમેશા જુદી જુદી હોય છે, એથી અલગ અલગ ચૌટા-દુકાનોની એકતા કઇ રીતે થઇ શકે ?

શ્રી સૂરાચાર્યજી માટે ધારેલો જ જવાબ આવ્યો હતો, એથી વળતી પળે આ જ જવાબ ભોજને પાછો સોંપતા એમણે કહ્યું : રાજન્ ! તો ધર્મોમાં પણ આ જ ન્યાય સમાન છે. જો હજી થોડા વર્ષો પહેલા જ નિર્માણ પામેલા આ ચૌટાઓની એકતા શક્ય નથી, તો પછી કેટલાય કાળથી ચાલ્યા આવતા આ ષડ્‌દર્શનોનો એક જ ધર્મમાં સમાવેશ કઇ રીતે શક્ય બને ? કારણ કે લોકોની રુચિ હંમેશા જુદી જુદી જ હોવાની ! કોઇ દયાના અર્થી હોય, તો કોઇને રસનાના રસના લોલુપી હોય, તો કોઇને વ્યવહાર સાથે ઝાઝો પ્રેમ હોય, એથી આવા લોકો પોતાના રસ મુજબ જૈન, કૌલ અને વેદ આદિ દર્શનોનો આશ્રય કરવાના. હવે આપ જ કહો, બધાની રુચિ અલગ અલગ હોય, ત્યાં સુધી આ દર્શનોની પણ

વિભિન્નતા કોણ ટાળી શકે ? મોક્ષનું સાચું સ્વરૂપ સમજીને, બધા જ્યારે 'મોક્ષરુચિ' ધરાવનારા બની જશે, ત્યારે ષડ્દર્શનો પણ સાચા દર્શનમાં ભળી જશે.

રાજા ભોજના મનનું સચોટ સમાધાન થઇ ગયું અને છએ છ દર્શનવાળા સભ્યોય રાજી બની ગયા. ત્યાં તો કોઇએ પૂછ્યું : આ સ્યાદ્વાદ તે કંઇ વાદ છે ! વિપરીત માન્યતાઓના શંભુ મેળા તરીકે એથી જ તો સ્યાદ્વાદની સુપ્રસિદ્ધિ છે. એક જ ચીજમાં નિત્યત્વ-અનિત્યત્વ જેવા વિરોધી-ગુણોને સમાવવાની વિચિત્ર-શક્તિનો જેવો દાવો સ્યાદ્વાદ ધરાવે છે, એવો તો કોઇ ધરાવતું નહિ હોય ?

વ્યવહારને આગળ કરીને આ કટાક્ષનો જવાબ આપતા શ્રી સૂરાચાર્યજીએ કહ્યું : રાજન્ ! સમજવા જેવી આ વાત છે. કારણ કે ઘણા ઘણા દર્શનોના દિગ્ગજ-વિદ્વાનો પણ આ સ્યાદ્વાદને સમજવામાં છક્કડ ખાઇ ગયા છે. એક નાનું બાળક પણ સમજી શકે, એવી વાતને સમજવામાં પંડિતો ભીંત ભૂલે, ત્યારે તો માનવું જ પડે કે, પૂર્વગ્રહ-પ્રેરિત કોઇ ધારણાઓ-ભ્રાંતિઓના ભૂલાવ્યા એઓ ભૂલતા હોવા જોઇએ !

પૂર્વ ભૂમિકાનો આટલો પાકો પાયો રચાઇ ગયા બાદ શ્રી સૂરાચાર્યજીએ મૂળ-વાતને રજૂ કરતા કહ્યું કે, સ્યાદ્વાદ એક એવી અનિવાર્ય-ચીજ છે કે, સંસારના વ્યવહારોમાં પણ એનો પ્રવેશ સૌ કોઇને માટે અનિવાર્ય છે. દા. ત. એક માણસમાં જગતની દૃષ્ટિએ વિરૂદ્ધ ગણાતા કેટકેટલા સગપણો એકી સાથે રહી શકે છે ! એક માણસ પિતા અને પુત્ર પણ હોઇ શકે છે, મામો અને ભાણેજ પણ એ સંભવી શકે છે. શું આ સંબંધોના સમાવેશને કોઇ શંભુ-મેળો કહેવા તૈયાર છે ખરું ? ના. કારણ કે એ દરેકે દરેક સગપણની સિદ્ધિ અલગ-અલગ અપેક્ષાથી થાય છે. એથી જ વિરૂદ્ધ સંબંધો પણ એ માણસમાં હળીમળીને રહી શકે છે. એ માણસ જે અપેક્ષાએ પિતા છે, એ જ અપેક્ષાએ પુત્ર નથી. જો એક જ અપેક્ષાએ પિતાપુત્રનો સંબંધ કોઈ

એનામાં ઠોકી બેસાડવા માંગે, તો એ શંભુ મેળો ગણાય, બાકી બીજી બીજી અપેક્ષાએ આવા વિરુદ્ધ સંબંધોનો કોઇ ઉલ્લેખ કરે, તો એ શંભુમેળો નહિ, સુમેળ-મેળો ગણાય ! જે 'અપેક્ષા-તત્વ' આમ વ્યવહારમાં ડગલે-પગલે અનિવાર્ય છે, એને જ જૈન દર્શને 'સ્યાદ્‌વાદ'નું સાર્થક નામ આપ્યું છે. આ અપેક્ષાનો દૃષ્ટિકોણ બરાબર સમજી જવાય, તો એક જ ઘડામાં નિત્યત્વ-અનિત્યત્વ આ બે ધર્મોનો સુમેળ સમજાઇ જાય અને ઉપરથી એમ થાય કે, આવી અપેક્ષા વિના તો વસ્તુનું સ્વરૂપજ્ઞાન અધૂરું જ ગણાય અને એથી 'સ્યાદ્‌વાદ' વિના તો જ્ઞાનની ધરતી પર પગલું પણ આગળ ન વધી શકાય ! ઘડામાં નિત્ય તરીકેનો વ્યવહાર એની પુદ્‌ગલ-સ્થિતિની અપેક્ષાએ થાય છે, ઘડો નહોતો બન્યો ત્યારે પણ માટી હતી, ઘડો ફુટી જશે, પછી પણ માટીનું સ્વરૂપ રહેવાનું જ છે. એથી 'પર્યાય'ની આ અપેક્ષાએ ઘડો ફુટી જતા જે માટી ઘડાના આકારે પરિણમન પામી હતી, એ પરિણમન, એ આકાર નાશ પામે છે, આ અપેક્ષાથી ઘડો અનિત્ય પણ છે. બોલો, હવે આવા સંબંધને શંભુ મેળો માનનારને, ઢોર ચારનારા ગોવાળ કરતા પણ વધુ મૂર્ખ કેમ ન માની શકાય ?

આ પ્રશ્નાર્થ સૌના કાળજે સણસણતા બાણની જેમ વાગ્યો. અને સૌ ગંભીર બની ગયા, ત્યાં જ એક વ્યાકરણ ગ્રંથ સૂરાચાર્યજીના હાથમાં રાજા ભોજે આપ્યો. એના રચયિતા સ્વયં ભોજ હતા, પણ રાજાને ધાર્યા કરતા જુદો જ પ્રતિભાવ સાંપડ્યો, એ વ્યાકરણનો મંગલાચરણનો પ્રથમ શ્લોક વાંચીને જ શ્રી સૂરાચાર્ય હસી પડતા બોલ્યાઃ આ વ્યાકરણના રચયિતાની સરસ્વતીદેવી કોઇ જુદા જ સ્વર્ગમાં સંચરનારી લાગે છે ! નહિ તો આમાં સરસ્વતીનો 'વધૂ' તરીકે ઉલ્લેખ ન હોત ! આખી દુનિયા જાણે છે કે સરસ્વતી બ્રહ્મચારીણી છે. પણ આના રચયિતાએ આમાં સરસ્વતીનો વધૂ તરીકે ઉલ્લેખ કર્યો છે, તો આ વધૂનો વર કોણ છે ? એનો ખુલાસો થાય, તો આ વિદ્વત્ સભાને કોઇ જુદું જ તત્વજ્ઞાન પ્રાપ્ત થાય ?

એ વ્યાકરણના રચયિતા ભોજ રાજા સ્વયં હતા, સૂરાચાર્યના આ ટોણાથી એમનું મોઢું પડી ગયું અને બધા વિદ્વાનોના મોં સિવાઈ ગયા. સૂરાચાર્યજીની વાત સાવ સાચી હતી, કારણ કે એ વ્યાકરણના પ્રારંભમાં જ મંગલાચરણ રૂપે સરસ્વતીનું એ રીતે સ્મરણ કરવામાં આવ્યું હતું કે, બ્રહ્માના મુખ કમળ રૂપી વનમાં હંસવધૂની જેમ વિલાસ કરનારી ને શુદ્ધવર્ણવાળી સરસ્વતી મારા મનમાં હંમેશા વિલાસ કરો !

અંદરથી કોપાભિભૂત થયેલા રાજા ભોજે તરત જ સભાને વિસર્જિત કરી. મહાકવિ ધનપાલ ભોજના મોં પર અંકાયેલી રોષની રેખાઓ જોઇને મનોમન ધ્રૂજી ઉઠ્યા. ધારાની સભામાં વિજયી બનનારને, આ વિજયના વિપાક રૂપે કેવો પરાજય વેઠવો પડતો હતો, એ વાતનો એમને બરાબર ખ્યાલ હતો. એથી જૈનશાસનના આ વિજયના પ્રત્યાઘાત રૂપે આવી પડનારા પરાજયની કલ્પના એમનાં કાળજાને કંપાવી ગઇ, એઓ અધ ઘડી પછી તરત જ સચિંત હૈયે શ્રી સૂરાચાર્યજી પાસે ઉપાશ્રયમાં જઇ ઉભા. પ્રાપ્ત થયેલા વિજયના ભયંકર-ભાવિ અંગે કવિ શ્રી સૂરાચાર્યજીને હજી વાકેફ કરે, એટલામાં રાજદૂતનું આગમન થયું. એણે વિનંતિ કરી કે, શ્રી સૂરાચાર્યજી ! રાજા ભોજ આપને અબઘડી જ 'જયપત્ર'નું સમર્પણ કરવા આમંત્રે છે !

મહાકવિ ધનપાલે ઉપાશ્રયની બહાર નજર કરી, તો ચારે તરફ સૈનિકોની અભેદ્ય-દીવાલ રચાઇ ગઇ હતી. દરેક સૈનિકના મોં પર ઉમટેલી રોષ અને જોશની રેખાઓ જોઇને મહાકવિ ધનપાલ, સૂરાચાર્યજીની સુરક્ષા અંગે સાવધ બનીને ગંભીર-પગલું લેવા અંદર જઇ પહોંચ્યા !

□

# ધારાની ધારણા ધૂળમાં ધમરોળાઈ

## [૧૫]

કેટલાક વિજય એવા હોય છે કે, એને ખરીદવા એવી કિંમત ચૂકવવી પડતી હોય છે કે, એ વિજય કરતા તો પરાજય સારો અને સોંઘો લાગે ! જેની પર વિજય મેળવ્યો હોય, એ પાત્ર કદીક એવું વિચિત્ર હોય છે કે, મેળવેલા એ વિજય કરતા પરાજય ઓછો આનંદપ્રદ ન લાગે ! આ નીતિવાણી મહાકવિ ધનપાલના અંતર આગળ તાજી થતી હતી. શ્રી સૂરાચાર્યજીને મળેલો વિજય એમને પરાજય કરતા જરાય ખરાબ જણાતો નહોતો. પણ હવે તો વિજય મળી ચૂક્યો હતો, એથી ભાવિની સુરક્ષા જ વિચારવાની હતી. કવિએ સૂરાચાર્યજીને કહ્યું :

મહારાજ ! આપ અમારા રાજા ભોજને બરાબર ઓળખતા નથી, નહિ તો આજની સભામાં આપ આપનું પાણી બતાવવા તૈયાર થાત જ નહિ ! આ સભા તો એવી છે કે, અહીં વિજય મેળવનારને પરાજયથી ય વધુ પીડા સહવાનો વારો આવે છે અને પરાજય પામનારો પોતાનું જીવન બચાવી શકતો હોવાથી, વિજયથી પણ સવાઈ ક્રીડા માણી શકે છે. આજે તો આપે ગજબની હિંમત બતાવી. પ્રશ્નોત્તરોમાં સૌની બોબડી બંધ કરીને, છેલ્લે છેલ્લે વ્યાકરણની જે ભૂલ તરફ આપે ઠેકડી ઉડાડી, એ તો ગજબનું સાહસ ખેડાઈ ગયું ગણાય, કારણ કે એ ભોજ-વ્યાકરણ અહીંની અનેક પાઠશાળાઓમાં ભણાવાય છે, કોઈએ આજ સુધી આ ભૂલ કાઢી નથી. એથી જ રાજાએ 'જયપત્ર' ના નામે બીજા જ કોઈ ઈરાદે આપને બોલાવ્યા છે. માટે ધારાની ધારણાને ધૂળમાં મેળવવા હવે કોઈ બાજી રચવી જ રહી !

સૂરાચાર્યની આંખમાં આશ્ચર્યનો ઉભરો હતો : આવી ઈર્ષ્યા !

વિદ્વત્તાનું આવું મિથ્યા-ઘમંડ ! કવિએ કાનમાં કહ્યું : મહારાજ ! અત્યારે તો આ રાજતદૂને કોઇ બાનું કાઢીને રવાના કરો. પછીની બાજી આપણે ગોઠવી કાઢીશું ! વળતી જ પળે શ્રી સૂરાચાર્યે રાજદૂતને જવાબમાં જણાવ્યું કે, રાજવી ભોજને કહેજો કે, સભામાંથી હું હજી હમણાં જ આવ્યો છું, ગોચરી-પાણી હજી બાકી છે, એથી મોડેથી આવવું ફાવશે. અમારે વળી 'જયપત્ર'ની શી જરુર ? છતાં રાજાનો આગ્રહ જ હોય, તો બપોર પછી રાજ્યસભામાં આવવાનું બનશે.

આ સંદેશો લઇ રાજદૂત રવાના થયો. એ ઉપાશ્રયમાં ઘણા ઘણા સાધુઓ હતા, એથી એક ગુપ્તખંડમાં શ્રી સૂરાચાર્ય અને ધનપાલ વચ્ચે મંત્રણા પ્રારંભાઇ, જેમાં દાળમાં જે કાળું હતું. એનો તાગ કાઢીને શ્રી સૂરાચાર્યજીને બતાવવા કવિરાજ કટિબદ્ધ બન્યા.

●

સૈનિકે રાડ પાડી : મહારાજ ! ક્યાં જઇ રહ્યા છો ? ખબર નથી, અમે આપને સૌને સસ્વાગત રાજ્યસભામાં લઇ જવા ક્યારનાંય તૈયાર ઊભા છીએ !

મેલા-ઘેલા કપડામાં સજ્જ અને હાથમાં પાણીનો ઘડો લઇને બહાર નીકળવા તૈયાર થયેલા એ વૃદ્ધ મુનિએ શાંતિથી સમજાવતા કહ્યું : ભાઇ ! રાજસભામાં તો શ્રી સૂરાચાર્યજી અને એમના જેવા વિદ્વાનો જ શોભે. અમારા જેવા ઠોઠ ત્યાં આવીને શું ઉકાળવાના હતા ! અહીં રહીશું, તો આ મુનિઓની સેવાભક્તિનો કંઇક લાભ લઇ શકીશું. માટે મને જવા દો, પાણી લાવવાનો સમય થઇ ગયો છે.

વૃદ્ધમુનિની આ સીધી વાતને પણ સૈનિકોએ માન્ય ન રાખી, એઓ પોતાની જીદને છોડવા તૈયાર ન જ થયા, એટલામાં મહાકવિ-ધનપાલ ઉપાશ્રયમાંથી બહાર જવા નીકળ્યા. વૃદ્ધમુનિએ કવિને કહ્યું : આ તમારા સૈનિકોને સમજાવો, એ મને પાણી લેવા જવા દેતા નથી. રાજ્યસભામાં આવીને અમારા જેવા ઘરડા શું કરવાના હતા ! એ તો

સૂરાચાર્યજી જેવા વિદ્વાનનું કામ ! આમ સમજાવ્યું, તોય આ માનતા નથી. તમે વચમાં પડશો, તો જરૂર માની જશે.

કવિ ધનપાલે સૈનિકોને કહ્યું : આ વૃદ્ધ મુનિને બહાર જવા દો ને ! રાજાજ્ઞાનો કઈ આવો જક્કી અર્થ કરવાનો ન હોય ! શ્રી સૂરાચાર્યજી આહાર-પાણી કરીને તૈયાર થઇ જ રહ્યા છે.

સૈનિકોએ કવિના કથનને માન્ય રાખ્યું. કવિએ મુનિને કહ્યું : મહારાજ ! આજે મારા ઘરે વહોરવા પધારો, હું આપની સાથે સાથે આવું, જેથી કોઇ સૈનિક આગળ જતા ફરીવાર આપને રોકે નહિ!

ને એ વૃદ્ધમુનિની સાથે સાથે ધનપાલ પોતાના ઘરે પહોંચ્યા. અંદરના ઓરડામાં એ વૃદ્ધમુનિને લઇ જઇને પછી ધનપાલે કહ્યું : શ્રી સૂરાચાર્યજી ! અડધો જંગ જીતાઇ ગયો છે, ધારાની ધારણા હવે ધૂળમાં મળી ગઇ છે. આપ મારા આ ભૂમિગૃહમાં પધારો. હવે કોઇની તાકાત નથી કે, આપનો વાળ પણ કોઇ વાંકો કરી શકે !

ધનપાલના દિગ્દર્શન મુજબ વૃદ્ધમુનિના વાઘા સજનારા શ્રી સૂરાચાર્યજી ભૂમિગૃહમાં ઊંડા ઉતરી ગયા અને 'જયપત્ર'ના નાટકમાં ભાગ લેવા ધનપાલ એ ઉપાશ્રયના દ્વારે જઇ પહોંચ્યા. ત્યાં તો હોહા મચી ગઇ હતી અને વાતાવરણ તંગ બની રહ્યું હતું. પરિસ્થિતિ જાણી લઇને ધનપાલે કહ્યું : શું સૂરાચાર્યજી હજી ગોચરી-પાણી પતાવીને બહાર નથી આવ્યા ? ચાલો, હું એમને લઇ આવું. જયપત્ર મેળવવાના આવા અવસરનું મહત્વ એમને સમજાવીને હું અબઘડી જ પાછો આવું છું. ધારાની ધારણાને ધૂળમાં થોડી જ મળવા દેવાય !

વાતાવરણ શાંત થઇ ગયું. સૈનિકોને સાથે રાખીને ધનપાલ ઉપાશ્રયમાં પ્રવેશ્યા. એમણે પૂછ્યું : શું સૂરાચાર્યજી હજી ગોચરી પાણી કરી રહ્યા નથી ? ભોજ એમને 'જયપત્ર' આપવા યાદ કરે છે અને એઓએ બપોરે આવવાનું આમંત્રણ સ્વીકાર્યું પણ છે. સંભવ છે કે, આ વાત એમનાથી ભૂલાઇ ગઇ હોય !

બધા મુનિઓએ કહ્યું : આ સામેની ઓરડીમાંથી શ્રી સૂરાચાર્યજી

હજી બહાર જ નીકળ્યા નથી ! બે કલાક થવા આવ્યા, દરવાજો પાછો અંદરથી બંધ છે, માટે અમે પણ ચિંતામાં પડ્યા છીએ.

સભામાં જવા તૈયાર થઇને બેઠેલા મુનિઓની આ વાત સાંભળીને ધનપાલે આશ્ચર્યની લાગણી વ્યક્ત કરી કે, જયપત્ર સ્વીકારવાની આ ધન્ય-પળે વળી આ શું ? શું ઓરડીના દ્વાર અંદરથી બંધ છે ?

ધનપાલે સૈનિકોને આદેશ આપ્યો કે, આ બારણા ઉપર ચડી જઇને અંદર તપાસ કરો. શ્રી સૂરાચાર્યજી શ્રમિત બનીને સૂઇ તો નથી ગયા ને ?

સૈનિક બારી ઉપર ચડ્યો, એણે ઉપરની એક નાની જાળીમાં થઇને અંદર ડોકિયું કર્યું અને એનાથી ચીસ પડી ગઇ : કવિજી ! દગો,દગો, ભારે દગો ! અંદર શ્રી સૂરાચાર્યજીનો પડછાયો પણ નથી ! શું ધારાની ધારણા ધૂળમાં ઘમરોળાઇ જશે ?

આખા ઉપાશ્રયનું વાતાવરણ વળી પાછું ગંભીર અને તંગ બની ગયું. એ ઓરડીનું મુખ્ય-દ્વાર તો અંદરથી બંધ જ હતું, પણ બીજા એક દ્વારે બહારથી તાળું લટકતું હતું. એને ખોલાવીને સૌ અંદર પહોંચ્યા, તો કપૂરની ગોટીની જેમ અદૃશ્ય બનેલા શ્રી સૂરાચાર્યજીની કરામત પર સૌ ભાતભાતની કલ્પનાદોડ મચાવી રહ્યા. કવિ ધનપાલની ચબરાક આંખ ભીત પર પડી. ત્યાં સૂરાચાર્યજીના હસ્તાક્ષરમાં અંકિત એક સંદેશો હતો. એમાં લાલ લીટી તાણીને લખ્યું હતું :

જયપત્રના નામે મને પકડવાનું કાવતરું રચનારા રાજા ભોજને મારું ખુલ્લું આહ્વાન છે કે, બુદ્ધિના બળથી મને પકડવામાં બાયલા પૂરવાર થનારા તમે બધા મને બહાદુરીના બળથી કેવી રીતે કેદ કરો છો, એ હું જોઇ લઉં છું ! મંત્ર શક્તિના પ્રભાવે ગુજરાતની વાટે ગયેલા મને પકડવા જે શૂરા હોય, એ દોડ્યા આવજો ! જે મારો પીછો નહિ કરે, એના કપાળે આપો-આપ જ અંકિત થઇ જનારા 'કાયર-બાયલા' ના કલંકને હું તો કઇ રીતે ભૂંસી શકું ?

શ્રી સૂરાચાર્યજીની મંત્રશક્તિની આ વાત ફેલાતા જ આખી નગરીમાં એટલીબધી વાતો થવા માંડી કે, પ્રજાનો ઘણો મોટો ભાગ જૈનાચાર્યની આવી અનેક-વિધ શક્તિને બે મોઢે વખાણી રહ્યો. રાજા ભોજના કાને, આ રીતે હાથતાળી આપીને છટકી ગયેલા શ્રી સૂરાચાર્યની વાત આવતા, એઓ પોતાના બીજા ગાલે પણ ચમચમતો તમાચો વાગતો અનુભવી રહ્યા, એક ગાલ પર તો સવારે બરાબરની થપ્પડ લાગી જ ચૂકી હતી.

રાજા ભોજની મનઃસ્થિતિ બે બાજુથી વિચિત્ર હતી, એક તો 'વિદ્વત્ પ્રિયતા'ની એની કીર્તિ ધૂળમાં મળી હતી, બીજું ગૂર્જરેશ્વર-ભીમદેવના પાટણમાં આ પગલાના પડનારા પ્રત્યાઘાતો અવંતિ માટે સારા હોવાની શક્યતા નહિવત્ હતી. ફાળ ચૂકી ગયેલા સિંહ જેવો પશ્ચાતાપ અનુભવતા રાજા ભોજે કવિ ધનપાલને પૂછ્યું : શું સૂરાચાર્યજી મંત્ર શક્તિનાય સ્વામી છે ?

કવિએ જવાબમાં સવિનય જણાવ્યું કે, મહારાજ ! આ વિષયમાં આપના કરતા વધારે તો હું પણ જાણતો નથી !

સંધ્યાનાં રંગ વિલાઇ જાય, એ પૂર્વે તો કવિ ધનપાલ પોતાના મહેલના ભૂમિગૃહમાં જઇ પહોંચ્યાં. ખેલાઇ ગયેલા પ્રહસનની બધી વાત સાંભળીને શ્રી સૂરાચાર્ય પણ ખડખડ હસી રહ્યા. કવિએ કહ્યું : મહારાજ ! હસવાના સ્થળ-સમય આ નથી ! ગુજરાતની સરહદમાં પ્રવેશ કર્યા પછી જેટલું હસવું હોય, એટલું આપ હસી શકો છો. આજનો અત્યાર સુધીનો સમય તો હેમખેમ પસાર થઇ ગયો છે, પણ રાજાઓને હજારો આંખ અને પગ હોય છે, એથી બહુ જ સાવચેતી પૂર્વક આપની વિદાયનો વ્યૂહ મેં ઘડી કાઢ્યો છે.

શ્રી સૂરાચાર્યજીને થયું કે, ખરેખર મને આ પરમાર્હત્ મહાકવિ ધનપાલનું પીઠબળ પ્રાપ્ત ન થયું હોત, તો પૂ. ગુરુદેવે ખાનગીમાં કહેલા અને દંડનાયક વિમલ આદિની સમક્ષ રજૂ કરેલા ભયસ્થાનોના ભરડામાં હું આબાદ ભીંસાઇ જાત ! એથી એમણે ગંભીરતાથી કહ્યું :

મહાકવિ ! બોલો, તમારો વ્યૂહ શો છે ?

કવિએ ચોમેર નજર ફેરવી લઈને ખૂબ જ ધીમા સ્વરે કહેવા માંડ્યું : જુઓ, મહારાજ ! અહીંથી લગભગ રોજ તંબોળીઓ મોટા જૂથમાં ગુજરાત તરફ જતા હોય છે, રોજની એમની એ અવરજવર ચાલુ હોય છે, એથી ગુપ્તચરો આદિના સંદેહનો વિષય એઓ ભાગ્યે જ બને છે. માટે આપે આ તંબોળીઓના જૂથમાં ભળી જઈને માલવાની સરહદ પૂરી કરી નાખવાની છે. કાલથી આઠમે દિવસે આપ ગુજરાતની સરહદમાં પ્રવેશી જશો, ત્યાંથી પછી આપે શ્રી સૂરાચાર્યજી તરીકે આગળ વધવાનું છે. મારા એક વિશ્વાસુ-માણસ સાથે આ ઘટનાના અને અઠવાડિયા પછી ગુજરાતની સરહદે આપની સેવામાં ઉપસ્થિત રહેવાના સમાચાર કાલે જ દંડનાયક વિમલ પર રવાના થઈ જશે.

કવિએ વાત પૂર્ણ કરીને માફી માંગતા કહ્યું : મહારાજ ! આપને અમે જેટલા ઠાઠમાઠથી અહીં લાવ્યા, એટલા જ અસંતોષ સાથે પાછા મોકલીએ છીએ. એ બદલ અત્યારે તો હું જ ક્ષમા યાચું છું. આપનું આગમન ખરેખર જૈનશાસનનો જયજયકાર જગવવામાં પ્રબળ-નિમિત્ત બની ગયું છે, એમાંય આજના પ્રસંગે તો એમાં જબરો જુવાળ આણ્યો છે. અને રાજા જેવા માણસોના થોડાક અપવાદને બાદ કરતા સૌના મોં પર એક પ્રભાવક જૈનાચાર્ય તરીકે આપના નામ-કામ રમી રહ્યા છે. પણ આ જૈન શાસનનો વિજય આપની જાત માટે પરાજય કરતાય વધુ પીડાદાયક બની રહેશે, એનું દુઃખ વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી !

મહાકવિની આંખે ઝળઝળિયા આવી ગયા, એમનું ગળું રુંધાઈ ગયું. સૂરાચાર્યજીએ કહ્યું : કવિ ! તમારે આઘાત અનુભવવાનો હોય કે કર્તવ્ય અદા કર્યાની સંતોષાનુભૂતિ માણવાની હોય ! તમે આ પળે એક એવું સુરક્ષા-પુણ્ય ઉપાર્જી રહ્યા છો કે, ભવિષ્યમાં જે પુણ્યનો પ્રભાવ, શત્રુ સેનાથી ઘેરાઈ ગયેલા તમે એકલવાયા અને અસહાય હો, તોય તમારો વાળ પણ જે વાંકો થવા ન દે !

મહાકવિ અને સૂરાચાર્ય છૂટા પડ્યા. કારણ કે ધનપાલના માથે આશંકાના વાદળો ઘેરાય, એવી પૂરી-સંભાવના હતી. એઓ બહાર એક લટાર મારી આવ્યા, તો જણાયું કે, આકાશ સાવ નિરભ્ર છે, વાદળના આગમનની કોઇ સંભાવના નથી ! એ નિરભ્રતાનો લાભ લઈ ને સૂરાચાર્યજી ગુજરાત ભણી ગુપ્ત રીતે ચાલી નીકળ્યા. પરંતુ થોડા દિવસો પછી નિરભ્ર એ આકાશમાં આશંકાનું વાદળ એકાએક ટપકી પડ્યું અને રાજા ભોજે કવિ ધનપાલને એકાંતમાં પૂછ્યું : કવિરાજ ! મને હજી એ શંકાનું સમાધાન થતું નથી કે, સૂરાચાર્યજી કેવી રીતે જતા રહ્યા ! મંત્રની વાત મનમાં બરાબર ઉતરતી નથી. જો આવી કોઇ શક્તિ એમની પાસે હોત, તો બંધનમાં બદ્ધ બનીનેય એઓ સૌની સમક્ષ ઉઘાડે-છોગે મુક્ત બની શક્યા હોત ! ગુપ્તચરોની તપાસ હજી ચાલુ જ છે. એમાં એક એ કડી વિચારણીય જડી આવી છે. એ દહાડે જ્યારે સૈનિકોનો પહેરો ગોઠવાઇ ગયો, ત્યારે એક વૃદ્ધ અને મેલા-ઘેલા મુનિ સિવાય બહાર કોઇ નીકળ્યું નહોતું અને એ મુનિનું નિર્ગમન તો તમારી સાથે સંકળાયેલું છે. સૈનિકોને અત્યારે હવે બરાબર યાદ આવે છે કે, એ મુનિ ઉપાશ્રયમાં પાછા ફર્યા નહોતા ! તો શું...

કવિ ધનપાલે હસતા-હસતા વાક્ય પૂર્ણ કર્યું કે, હું સૂરાચાર્યજીને ભગાડી ગયો એમ આપનું કહેવું છે. તો ચાલો, એમ માની લો !

ગુજરાતની સરહદમાં પહોંચ્યા બાદ દંડનાયક શ્રી વિમલની પ્રગટ-અપ્રગટ દેખરેખ નીચે શ્રી સૂરાચાર્યજી પાટણ પહોંચી ગયાના પાકા સમાચાર ક્યારનાય આવી ગયા હતા, એથી કદાચ હવે રહસ્ય ખુલ્લું થાય, તો કંઇ વાંધા જેવું નહોતું. એમાં વળી અનુકૂળ પળ મળી ગઇ, પછી કવિ ધનપાલ એ પળને વધાવ્યા વિના રહે ખરા ?

રાજા ભોજ પણ આજે મોજમાં હતા. એમણે કહ્યું : કવિ ! હું આક્ષેપ ક્યાં કરું છું ! શું આશંકા વ્યક્ત કરવાનો પણ મારો અધિકાર નહિ ! એ મુનિ નીકળ્યા આ પૂર્વે પણ અને પછી મોડેથી પણ તમારી હાજરીની સૈનિકોએ નોંધ લીધી છે.

'મહારાજ ! સાચું કહી દઉં !એકદમ સાચું ?' કવિએ બાળ-રમત આદરી.

ભોજે કવિને કહ્યું : તમને શું મારાથી ભય છે કે, આટલું બધું તાણીને મારી ઉત્કંઠાને વધારો છો ?

ના, મહારાજ ! ના. અભયદાતા સમા આપની છત્રછાયામાં મને ભય વળી કેવો ? જ્યારથી આપની સેવા સ્વીકારી છે, ત્યારથી જ આપના 'અભય-વચન'નું કવચ દિવસ રાત મને રક્ષી રહ્યું હોય, એમ મને લાગ્યા જ કરે છે. મહારાજ ! આપ જ અત્યારે સ્વસ્થતાથી વિચારો કે, જો એ દહાડે શ્રી સૂરાચાર્યજી જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા હોત, તો સર્વત્ર સ્વૈર-વિહાર માણતી આપની કીર્તિ-સુંદરીના કદમમાં પણ લોખંડી બેડી પડી જાત કે નહિ ? આપની કીર્તિ કલંકિત ન બને અને ગૂર્જરાધિપતિ ભીમદેવ જેવા રાજવીને ભડકો કરવાની કોઈ ખોટી તક ન મળે, એ દૃષ્ટિએ પણ સૂરાચાર્યજીની સુરક્ષા જરૂરી નહોતી શું ?

ભોજે ફાટી આંખે પૂછ્યું : કવિજી ! એટલે શું મંત્રશક્તિની વાત મિથ્યા ? શું તમારી શક્તિથી જ શ્રી સૂરાચાર્યજી સુરક્ષિત રહી શક્યા ? માંડીને વાત કરો, તો કંઈ ખ્યાલ આવે. તમે તો અભયના કવચથી સુરક્ષિત જ છો , પછી ડરવાની જરૂર શી છે ?

ધનપાલને થયું કે, હવે તો પ્રતીક્ષાના તાંતણાને તાણીને લાંબો કરવામાં મજા નથી ! એથી એમણે બધી જ વાત કહી સંભળાવી. કવિએ એવી ભૂમિકા રચ્યા બાદ બધી વાત કરી હતી કે, ભોજ બળજબરીથીય ગુસ્સાને બહાર ખેંચી લાવવા સફળ નીવડે એમ નહોતા !

શ્રી સૂરાચાર્યજીની આ માયાજાળની વાત ધારા નગરીમાં ફેલાતા કુલચંદ્ર નામના એક સાહસવીર સેનાપતિએ ખૂબ જ મર્માઘાત અનુભવ્યો અને એક દિવસે એમણે ભરી સભામાં પ્રતિજ્ઞા કરી કે, મહારાજ ભોજ ! આપ આજ્ઞા કરશો, તો હું ગુજરાત પર વિજય મેળવીને એ ભીમને બતાવી આપીશ કે, અવંતિનો એક સેનાપતિ પણ

ગુજરાતને જીતવા કેવો સમર્થ છે !

રાજા ભોજે કુલચંદ્રની પીઠ થાબડીને કહ્યું કે, યુદ્ધ જીતવા માટે જરૂરી ઉત્સાહ અને સાહસઃ આ બે જરૂરી ચીજ તમારી પાસે છે, માટે તમારા વિજય માટે મને કોઈ શંકા નથી. તમે જણાવશો, ત્યારે તમારી ઈચ્છા મુજબના વિશાળ સૈન્ય સાથે ગુજરાત-વિજય માટે તમને વિદાય આપવામાં આવશે. મને વિશ્વાસ છે કે, ધૂળમાં ધમરોળાઈ ગયેલી ધારાની ધારણાને તમે પાછી સફળ બનાવશો.

રાજા ભોજ અને સેનાપતિ કુલચન્દ્ર છૂટા પડ્યા. પોતાના ગુપ્તચરો દ્વારા કુલચન્દ્રે ગુજરાતની રાજકીય પરિસ્થિતિને પામવાના પ્રયાસો પ્રારંભી દીધા. થોડા મહિના પછી એકવાર ગુપ્તચરો દ્વારા જે સમાચાર મળ્યા. એથી પ્રોત્સાહિત થઈને સેનાપતિ કુલચન્દ્રે રાજા ભોજને કહ્યું : રાજન્ ! આ સેવકને આજ્ઞા આપો, ગુજરાતના વિજય માટે આવી અનુકૂળ-તક ફરી પાછી નહિ મળે. રાજા ભીમદેવે પોતાના તમામ બળ સાથે સિંધ પર સંગ્રામ લઈ જવાનો અત્યારે નિર્ણય કર્યો છે ! આમ, પાટણનું પાંજરું અરક્ષિત જેવું બનશે, એથી એમાં રહેતા સ્વતંત્રતાના પક્ષીને કેદ કરતા હવે શી વાર લાગવાની હતી !

ભોજને થયું કે, કુલચન્દ્રે ખરો અવસર સાધ્યો ! એક તો ઢીલી ખીચડી ખાનારુ ગુજરાત ને એમાં વળી રાજાના રક્ષણ વિનાનું પાટણ !

કુલચન્દ્ર સેનાપતિએ ગુજરાત તરફ વિજય-યાત્રા કાજે પગલું ઉઠાવ્યું, ત્યારે ધારાનગરીનો હર્ષ જાણે છલકાઈ-ઉભરાઈ જઈને નીચે વેરાઈ રહ્યો હતો.

□

# સંગ્રામની સવારી વિજયની વાટે

## [૧૬]

**ગૂર્જર રાષ્ટ્રની** ભૌગોલિક સીમાઓ જ્યારે ખૂબ જ વિસ્તૃત હતી અને એની પાટ-નગરી તરીકે જ્યારે અણહિલ્લપુર પાટણના નામ-કામ ગાજતા હતા, ત્યારે એની આસપાસમાં ગૂર્જર-રાષ્ટ્ર સાથે બાકરી બાંધનારા મુખ્ય રાજ્યો ત્રણ હતાઃ એક માળવા. બીજું સિંધ. અને ત્રીજું ચેદિ. આ ત્રણે દેશોની સત્તાઓ પર વિજય-ધ્વજ રોપીને ગૂર્જર-રાષ્ટ્રની આણ સ્થાપિત કરવાના મનોરથો સેવનારા પાટણના પ્રતાપી રાજવીઓમાંના એક રાજા ભીમદેવ પણ હતા. અવારનવાર એમની વિજિગિષા આ ત્રણે રાજ્યોને જીતી લઈને, ગૂર્જર-રાષ્ટ્રનો વિજયધ્વજ અણનમ રાખવાના મનોરથ સેવ્યા કરતી, એ જાણતા હતા કે, આ જીત સહેલી નથી ! પણ મંત્રીશ્વર નેઢ અને દંડનાયક વિમલની સેવાઓ મળ્યા બાદ એમનામાં એવી શ્રદ્ધાનો ફરી સંચાર થયો હતો કે, એક દિવસ આ વિજિગિષા જરૂર ગૂર્જર રાષ્ટ્રનો જયધ્વજ લહેરાવીને જ સંતોષનો શ્વાસ લેશે.

છેલ્લાં થોડા સમયથી જે સમાચારો આવી રહ્યા હતા, એ રાજવી ભીમદેવની વિજિગિષાને ઉશ્કેરે એવા હતા. માલવપતિ ભોજરાજે શ્રી સૂરાચાર્ય સાથે જે વર્તન કર્યુ હતું, એને એઓ ગૂર્જર-રાષ્ટ્રનું હડહડતું અપમાન સમજતા હતા, સિંધપતિ હમીરસુમરો વારંવાર ગુજરાતની સામે બાંયો ચડાવી રહ્યાના સમાચારો મળતા રહેતા હતા. ચેદિરાજ પણ ગુજરાતના વધતા જતા ગૌરવને જોઈને બળ્યા કરતો હતો અને બેઠો બળવો જગાવવાની ઠંડી-તાકાત એકઠી કરી રહ્યો હતો.

આમ, માળવા, સિંધ ને ચેદિનો ત્રિભેટો ધરાવતું ગૂર્જર-રાષ્ટ્ર,

મહા સાહસિક ભીમદેવ જેવા રાજવીને પામીને પોતાની સરહદોને સુવિશાળ બનાવવાના દિવાસ્વપ્નમાં રાચે એ કોઇ નવી કે નવાઇની વાત નહોતી ! એક દિવસ રાજા ભીમદેવે, ગૂર્જર-રાષ્ટ્રની આવી હાકલ મનોમન સાંભળીને કર્તવ્ય કાજે કટિબદ્ધ થઇ જવાના અવસરને વધાવી લેવાની વાત મંત્રીઓ સમક્ષ રજૂ કરતા કહ્યું :

'વનરાજ ચાવડાથી માંડીને આજ સુધી થઇ ગયેલા, પાટણના પ્રતાપી-પૂર્વજો ગૂર્જર-રાષ્ટ્રના ગૌરવની વૃદ્ધિ કાજે કટિબદ્ધ રહ્યા છે, એનો જ આ પ્રભાવ છે કે, ગૂર્જરની આ ધરતીના સીમાડાઓ વિસ્તરતાં આજે છેક માલવ, સિંધ ને ચેદિના ત્રિભેટોની ક્ષિતિજ સુધી પહોંચી ગયા છે. એથી પણ પૂર્વજોની આ એક પરંપરાને આગળ વધારવી, એ આપણી પણ એક ફરજ બને છે.'

ભીમરાજની આ ભૂમિકાનું હાર્દ પામી જઇને દંડનાયક વિમલે કહ્યું : મહારાજ ! માલવાને મુઠ્ઠીમાં સમાવવું, એ તો સાવ સહેલી વાત છે, એથી માલવા સામે તો ક્યારે પણ મુકાબલો કરી શકાય એમ છે. એથી આપની નજરે જો મારા જેવાની એક વાત યોગ્ય લાગતી હોય, તો અત્યારે સિંધ તરફ સંગ્રામની સવારી લઇ જવા જેવી છે. ત્યાંથી ચેદિ તો નજીક જ છે. એથી જો વિધિ અને વાતાવરણ અનુકૂળ રહે, તો તો સંગ્રામની આ એક જ સવારી બંને દેશો પર વિજયનો વાવટો ફરકાવવામાં સફળ બની શકે, એવી આશા રાખવી, અસ્થાને નહિ જ ગણાય.

રાજા ભીમદેવ સહિત સૌને આ વ્યૂહ પસંદ પડી ગયો. એક સિંધ પર વિજય મેળવી લેવાય, તો ચેદિ તો ચાકરનો ચહેરો ધરીને સામે પગલે શરણે આવે એમ હતું.આવો વ્યૂહ બતાવીને યશના ભાગીદાર બનનારા દંડનાયક વિમલ સામે અણગમો હોવા છતાં દામોદર મહેતાની સામે સિંધ-સંગ્રામથી વધુ સારો કોઈ વિકલ્પ નહોતો, એથી એમણેય વિમલની આ વાત વધાવી લીધી. અને થોડા જ દિવસોમાં વ્યૂહરચનાઓ વિચારાઇ જતા 'સિંધ સામે સંગ્રામ' જાહેર થઇ ચૂક્યો.

આ જાહેરાતના પગલે પગલે પાટણની પ્રજામાં કોઇ નવી જ ચેતના રેડાઇ અને યુદ્ધને લગતી અનેકવિધ તડામાર તૈયારીઓથી પાટણ જ નહિ, સમગ્ર ગુજરાત ધમધમી ઉઠ્યું. યુદ્ધના વ્યૂહ તૈયાર કરવાથી માંડીને, સુસજ્જ-સૈનિકોની ચૂંટણી કરવા સુધીની સર્વેસર્વા સત્તા દંડનાયક વિમલને સોંપવામાં આવી હતી. આ જવાબદારી નાનીસૂની નહોતી ! આ જવાબદારીની સફળતા જેમ ભારોભાર જશ અપાવવા સમર્થ હતી, એમ અસફળતા-અપજશનો ટોપલો માથે ઝીંકી દીધા વિના રહે એમ નહોતી ! પરંતુ મનસ્વી-પુરુષોની એ જ વિશેષતા હોય છે કે, મોટામા મોટી જવાબદારી પણ એમને વ્યગ્ર બનાવી શકતી નથી. માળી એક બગીચાને જળથી સિંચવામાં જયારે થકાવટ અનુભવે છે, જ્યારે મેઘરાજાના માથે આખા જગતને નીરથી નવડાવવાની મોટી જવાબદારી હોવા છતાં આ જવાબદારી અદા કરતા કરતા પણ વીજળીના બહાને પ્રસન્નતા વ્યક્ત કરતા એ મેઘરાજા ગર્જનાના બહાને ખડખડાટ હસી પણ લેતા હોય છે. દંડનાયક વિમલના માથે અનેકવિધ જવાબદારીઓ હતી. આબુને જૈનતીર્થ બનાવવાનું મહાસ્વપ્ન તો આંખમાં ઘેરાયેલું હતું જ. તદુપરાંત જિનમંદિરથી મંડિત નવા મહેલનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું ને યુદ્ધની આ જવાબદારી તો ખૂબ જ મોટી હતી ! છતાં દંડનાયક વિમલ જરાય વ્યગ્ર બન્યા વિના બધી જવાબદારીઓને બરાબર અદા કરી રહ્યા અને એ ઘડીપળ આવી પહોંચ્યા, જ્યારે રણઝાલરીના નાદેનાદે રાજવી ભીમદેવે પોતાની સંગ્રામ સવારીને સિંધની સરહદ સુધી દોરી જવાનો આદેશ આપ્યો.

ગૂર્જરેશ્વર પાટણપતિ શ્રી ભીમદેવે એકી સાથે બે મોરચે યુદ્ધ લઇને પ્રયાણ કર્યાના સમાચાર ધીમે ધીમે બધે ફેલાવા માંડ્યા. એથી મિત્રરાજ્યોમાં આનંદની અને સહાયક થવાની લાગણી ફેલાઇ રહી, તો શત્રુરાજ્યોમાં વિષાદની તેમજ સ્વ-સુરક્ષાની ચિંતા ઘેરી બની રહી. ભીમદેવની આણ મુજબ સિંધ તરફ કૂચ કરતા સાગર સમા સૈન્યના સેનાધિપતિ તરીકે દંડનાયક શ્રી વિમલને અને ચેદિદેશ તરફ આગળ

વધતા સૈન્યના સેનાપતિ શ્રી સંગ્રામસિંહને જોવા ગામેગામ લોકોના ટોળેટોળાં ઉમટવા માંડ્યા. બંને સૈન્યોનો લગભગ ઘણો ખરો રસ્તો તો એક જ હતો. સિંધના સીમાડા નજીક આવ્યા બાદ જ ચેદિ દેશનો રાહ અલગ ફંટાતો હતો.

દામોદર મહેતા મનમાં મલકાયા કરતા હતા અને વિચારતા હતા કે, વણિકોનું વીરત્વ હવે મપાઇ જશે. સિંધના હમીર સુમરાના હલ્લાને મારી હઠાવવો, એ વાદળથી વિખૂટી પડી ચૂકેલી વીજળીને પાછી વાળવા જેવો ખેલ છે અને ચેદિરાજ કર્ણના સૈન્યની સામે પડવું, એ મહાસાગરની ભરતીને બાહુના બળથી હંફાવવા જેવી વાત છે ! ખરેખર મારા મનોરથ હવે ફળવાની અણીએ આવીને ઉભા લાગે છે, જેથી જ વિમલ અને સંગ્રામસિંહને વાઘની બોડમાં હાથ નાખવા જેવી આ જીવલેણ જવાબદારી અપાઇ છે !

●

ઇતિહાસનાં પાને સિંધે રોકેલા પ્રકરણો ખૂબ જ થોડા છે. ઇ.સ. ૭૧૧માં મહંમદ કાસીમની સરદારી હેઠળ આરબોએ સિંધ સામે આક્રમણ કર્યું હતું, ત્યારે ત્યાં દાહિરરાયનું રાજ્ય ચાલતું હતું. પણ આ આક્રમણ સામે સિંધ ટકી શક્યું નહોતું, ત્યારથી એની પાયમાલી પ્રારંભાઇ હતી. આરબો સાથે ઝઝૂમતો દાહિરરાય પોતાના જ સેનાધિપતિઓના વિશ્વાસઘાતનો ભોગ બનીને એ યુદ્ધમાં મરાયો અને સિંધ પર આરબ-સત્તાનો સૂર્યોદય થયો. પણ મધ્યકાળમાં સુમરા રજપૂતોએ માથાભારે બનીને એ મધ્યાહ્નને અસ્તાચલને આરે લાવી મૂક્યો, આરબોને એમણે હાંકી કાઢ્યા અને સિંધનું સિંહાસન એમણે કબજે કર્યું.

સિંધમાં સુમરા-રજપૂતોએ સરજેલી ક્રાંતિના આ પાયા આગળ જતા જ્યાં સ્થિર થવાની આશા બંધાઇ, ત્યાં જ ગુજરાતના આક્રમણનુ એ ભોગ બન્યું. ભીમદેવની સાથે જ્યારે દંડનાયક વિમલે મોટી સેના લઇને સિંધની સરહદ તરફ સંગ્રામની સવારી આગળ વધારી, ત્યારે

સિંધના સિંહાસન પર હમીર સુમરાની હકૂમત હતી.

આ સમયે હમીર સુમરાએ કચ્છની થોડી ઘણી ભૂમિ પડાવી લઇને સિંધની કીર્તિ વધારી હતી ખરી ! પણ એથી કચ્છના રાણા કેશર મકવાણા સાથે જે વેરવિરોધ પેદા થયો હતો, એ હમીર સુમરા માટે પેટ ચોળીને શૂળ ઉભું કરવા જેવો કારમો નીવડી રહ્યો હતો. કારણ કે કેશર મકવાણો બહુ બળિયો હતો અને પડાવી લેવાયેલી એ પૃથ્વીનો રોષ વ્યક્ત કરવા એ સિંધની સરહદમાં ઘૂસી જઇને અને નાના મોટા છમકલાં કરતો રહીને, મોટા પ્રમાણમાં પશુધનને પડાવી લેતો હતો. રોજની આ લડાઇથી કંટાળીને એકવાર હમીરે પૂરી હિંમત સાથે કેશર મકવાણાને પડકાર્યો, એમાં મોટી જાનહાનિ થઇ, છતા સિંધનું ભાગ્ય જાગતું હશે, એથી કેશર મકવાણો મરાયો, હમીર જીત્યો, અને કચ્છના કીર્તિગઢ પર સિંધ-સામ્રાજ્યનો ધ્વજ ફરકી ઉઠ્યો.

આ યુદ્ધ ખેલાયાની હજી કળ ઉતરી નહોતી, ત્યાં જ ગુજરાત તરફથી યુદ્ધનો લલકાર આવી પડવાના એંધાણ મળતા હમીર સુમરો એકવાર તો મુઝાયો, પણ એય મર્દનો બચ્ચો હતો, એથી યુદ્ધમાં જેની કિંમત છે, એ હિંમતને હૈયાથી જરાય વેગળી રાખ્યા વિના હમીર સુમરાએ ભીમદેવની સામે યુદ્ધના મેદાનમાં ઝંપલાવવાનો આખરી નિર્ણય કર્યો અને ગુજરાત તરફથી આવતી એ સંગ્રામ-સવારીનું સ્વાગત કરવા કાજે સજ્જ બનવા સિંધે કેડ કસી.

વર્ષાનું આગમન સૂચવવા જેમ વીજળી આગળ આવે, સૂર્યનો ઉદય કાળ જેમ પ્રભાતના પગલે સૂચિત થાય, એમ સંગ્રામનું સૂચન દૂત દ્વારા થાય ! જ્યાં જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજના નામે આજે ઓળખાતી નદીઃ આ પાંચ નદીઓ સિંધુ નદીમાં મળતી હતી અને સિંધુને સાગર જેવું સામ્રાજ્ય બક્ષતી હતી, એ પંચનદ-પંજાબની નજીકના પ્રદેશમાં છાવણી નાખી રહેલા ભીમદેવે એક દહાડો સંગ્રામની સુરંગમાં દારૂગોળો ચાંપવા એક દૂતને હમીર-સુમરાની સભામાં મોકલ્યો. એની સાથે પાઠવેલો સંદેશ દંડનાયક વિમલે તૈયાર

કરાવ્યો હતો. એમાં લખ્યું હતું કે, સિંધના સામ્રાજ્યથી જ જો સંતોષ હોય, તો ગૂર્જરાધિપતિ ભીમદેવ સાથે સંધિ કરો અને સ્વર્ગલોકનું સામ્રાજ્ય મેળવવાનો જો લોભ હોય, તો સંગ્રામને સ્વીકારો ! સિંધરાજ ! અત્યારે તો ગુજરાતની આ બે જ વાત છે.

ગુર્જરેશ્વરનો આ સંદેશો લઈને દૂત મારતે ઘોડે હમીર સુમરાની સભામાં જઈ પહોંચ્યો. પોતાના બળનું ઘમંડ ધરાવતી સિંધ-સભા એમ જ ધારતી હતી કે, ગભરાઈ જઈને ભીમદેવે સંધિ કરવા આ દૂત મોકલ્યો હોવો જોઈએ, પણ એ સંદેશો વાંચીને ગુસ્સે ભરાઈ ગયેલા અને ભ્રકુટિ ચડાવીને ચહેરાને ભીષણ બનાવનારા હમીર સુમરાને જોતા જ સૌને ખ્યાલ આવ્યો કે, આ તો સંગ્રામનો સંદેશો આવ્યો લાગે છે! હમીર સુમરાએ ગુજરાતના એ દૂતને એટલું જ કહ્યું કે, રાજ્યનો લોભ તો તારા રાજાને લાગ્યો છે, એથી જ તો છેક ગુજરાતમાંથી રખડતો રખડતો એ અહીં આવ્યો છે. અહીંથી સ્વર્ગના સામ્રાજ્ય તરફ ટૂંકી કેડી જાય છે, ભીમદેવ ભલે અહીં આવે, હું એને જરૂર આ કેડીએ વળાવી આવીને એના લોભને સફળ બનાવવામાં સહાય કરીશ. તું દૂત છે, તને તો વધુ શું કહેવાનું હોય, તારા સ્વામીને તું કહેજે કે, આ સિન્ધુપતિએ કચ્છના કેસરી સામે જે કેસરિયા કર્યા, એનાથી ગુજરાત અજાણ લાગે છે અને એથી જ આમ વિચાર્યા વિના આવીને સિંધની સામે સંગ્રામનો પડકાર ફેંકવાની પાગલતા કરી છે. પણ સિંધ આ સંગ્રામને બધી રીતે પહોંચી વળવા તૈયાર છે. માટે તમે જીવવા માંગતા હો, તો સંધિ કરી લો. નહિ તો તમને સ્વર્ગે પહોંચાડવા સિંધને સંગ્રામ કર્યા વિના થોડું જ ચાલવાનું છે ?

ગુજરાતના ગૌરવ સામેના આ અપમાનને ગળી જાય, એવો દૂબળો એ દૂત નહોતો. એણે કહ્યું : સિંધરાજ ! વિનાશ-કાળે વિપરીત-બુદ્ધિ, આ લોકવાણીનો હું પૂરો શ્રદ્ધાળુ નહોતો, પણ આજે જ્યારે ગુજરાત તમારી પર દયા ગુજારીને તમને બચવાની તક આપવા ઉદાર બન્યું છે, ત્યારે પણ તમે આ રીતે સંગ્રામની જ હઠ પકડીને બેઠા છો,

એથી મને હવે તો ચોક્કસ એ લોકવાણી સાચી જણાય છે કે, વિનાશ નજીક આવે છે, ત્યારે બુદ્ધિમાં વિપર્યાસ આવી જાય છે અને માણસ જીવવા માટે મરણનો માર્ગ સ્વીકારવાની છેલ્લી હદ સુધીની પાગલતાનો ભોગ બની જાય છે. સિંધરાજ ! હું જાઉં છું, હવે તો ફરી પાછા યુદ્ધના મેદાનમાં જ મળીશું !

ગૂર્જરેશ્વરની ધારણા મુજબનો સંદેશ લઇને એ દૂત ભીમદેવની છાવણીમાં આવે, એ પૂર્વે જ પ્રયાણની અને થોડાક જ દિવસો પછી ખેલાનારા જંગની જંગી તૈયારીઓ ચાલુ થઇ ચૂકી હતી. એ દૂતનું આગમન થતા સુધીમાં તો એ તૈયારીઓને આખરી-ઓપ અપાઇ ચૂક્યો હતો, એથી બનતી ઝડપે પ્રયાણ થયું અને સિંધ-રાજ્યની પાટનગરીના પાદરે આવી જઇને, અજગર વૃક્ષને ભરડો લે, એમ ભીમદેવની સેના એ પાટનગરને ઘેરી વળી. યુદ્ધના સૂર્યોદયની ઘડીઓ ગણાઈ રહી. બીજા દિવસની સવાર થતા જ રણ વાદ્યો વાગવા માંડ્યા અને યુદ્ધનો પ્રારંભ થોડી જ વારમાં થઇ ચૂક્યો. દંડનાયક વિમલના અતિ આગ્રહથી ભીમદેવે આજ પછીના યુદ્ધમાં પાણી બતાવવાનો નિર્ણય કર્યો હતો. એથી એ દહાડે ગૂર્જર-સૈન્યનું સુકાન હાથમાં ઝાલીને, પહાડ પરથી પડતા ધોધની અદાથી દંડનાયક વિમલ પોતાના સૈન્ય સાથે સિંધની સામે ધસી ગયા.

હમીર સુમરાની ધારણા હતી કે, પહેલો માર મારે, એ કદી ન હારે ! એથી આજે એ સ્વયં સંગ્રામમાં ઉતર્યો હતો. પોતાની સામે જુવાનજોધ રૂપરૂપના અંબાર સમા અને જોતા જ દુશ્મનને પણ પ્યાર કરવા વિવશ બનવું પડે, એવા રૂડાં-રૂપાળાં વિમલને ઊભેલા જોઇને દયા કરતા એણે કહ્યું : મને તારી પર દયામાયા જાગે છે. મજા કરવાની તારી આ વય છે, સજા ભોગવવાની તારે હજી વાર છે, અને તારા રાજાની નિષ્ઠુરતા અને નબળાઇ પર ખીજ ચડે છે કે, મરવા માટે બીજું કોઇ ન મળ્યું કે આવા બત્રીસ લક્ષણા પુરુષને મોતનાં મોમાં ધકેલી દીધો !

વિમલ પાસે તો વીરરસનો ભંડાર જ ભરેલો હતો.એથી એણે કહ્યું : સિંધરાજ ! જો વાતોના વડા તળવાથી જ યુદ્ધ જીતાતા હોત, તો આ યુદ્ધના મોરચા બાયલાઓથી અને બાયડીઓથી જ ઊભરાઈ ઉઠત ! મારી દયા ખાવાની જરાય જરૂર નથી. જો દિલમાં દયા-માયા જાગતી જ હોય, તો સૈનિકને છાજે એવા આ વાઘાં ઉતારી દઈને, ભગવાં ધારણ કરતા તમને કોણ રોકે છે ? નિષ્ઠુરતા અને નબળાઇના આક્ષેપોની સત્યાસત્યતાનો ફેંસલો કરવા તો આપણે ભેગા થયા છીએ. અમારા રાજા ભીમદેવ જેવી સમજણ અને સંગ્રામશક્તિ પામવા માટે તો ન જાણે, તમારે હજી કેટલા ભવ કરવા પડશે, સોયની અણીથી કામ પતી જતું હોય, તો ત્યાં સમશેરની શક્તિનો ઉપયોગ ન થાય, આટલી સાદી અને સીધી વાત પણ શું તમને સમજાવવી પડશે ? બોલો, સિંધરાજ ! તલવાર તૈયાર છે ને કે હજી સરાણે ઘસીને તલવારને તેજસ્વી બનાવવાનું મુહૂર્ત કઢાવવા જોષીને તેડું મોકલવાનું બાકી છે ?

સિંધરાજે સણસણતો જવાબ વાળ્યો : સોયની અણીથી જ મને ખતમ કરવાના મિથ્યા ઘમંડમાં રાચનારો આ બિચારો કોઇ વણિક લાગે છે. એથી મારે બતાવી આપવું પડશે કે, હાથમાં ત્રાજવું ઝાલવું એ જુદી વાત છે અને તલવાર તાણવી એ જુદી વાત છે.!

વળતી જ પળે વિમલે જવાબ આપ્યો : સિંધરાજ ! આજે તમે આંખ ફાડી-ફાડીને એ બરાબર જોઇ લેજો કે, ત્રાજવું ઝાલનારા મારા હાથ તલવારને કેવી શોભાવી જાણે છે ! જો તમે રાજી હો, તો આપણે બન્ને જ આજે જંગ ખેલી લઇએ, આ સૈનિકોના લોહી વહાવવાની શી જરૂર છે.

સિંઘરાજ વધુ આનંદમાં આવી ગયા. એમને થયું : એકલા જ લડવાનું હોય, તો તો આ વાણિયાને ચપટીમાં ચોળી નાખું ! એમણે સમશેર ઘૂમાંવતા કહ્યું : વિમલ ! તમે તમારું ત્રાજવું લઇને હાજર થઇ જાંવ.

વિમલે વીરતાથી તલવાર તાણીને કહ્યું : મારી આ તલવાર જ

તમારી કાયરતા જોખવા આજે ત્રાજવું બનવાની છે !

બંને સૈન્યના વીર-સૈનિકો જોતા જ રહ્યા અને પથ્થર જેવા સિંધરાજ તેમજ લોહ જેવા વિમલ વચ્ચે ખરાખરીનો જંગ પ્રારંભાઇ ગયો. બંને બળિયા હતા, છતાં વિમલના બાહુને વરેલ કળ-બળ સૌને વધુ આશ્ચર્ય મુગ્ધ બનાવતા હતા. વિજયની આવન-જાવન બંને પક્ષે થતી જ રહી. પણ કોઇ હાર સ્વીકારે, એમ ન હતું. વિમલે બળ-કળના પ્રયોગો અજમાવીને સિંહ જેવા સિંધરાજને સસલા જેવા બનાવી દીધા. સાંજ થવા આવી. ધાર્યું હોત તો વિમલ કયારનો ખેલ ખતમ કરી શક્યા હોત. પણ પોતાની પર 'વણિક' તરીકે કરેલા જૂઠા આક્ષેપોની સરાસર અસત્યતા પૂરવાર કરવા જ વિમલે જાણે બાલ-રમતનો આશરો લીધો હતો. અને યુદ્ધ લંબાવ્યું હતું.

વિમલે ચોમેર નજર કરી, સૌ પોતાને ફાટી આંખે નિહાળી રહ્યા હતા. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. વિમલે એક એવો દાવ અજમાવ્યો કે, સિંધરાજની ચોટી પોતાના હાથમાં આવી ગઇ. હર્ષની કીકીયારી અને શોકની ચિચિયારીથી એકી સાથે એ મેદાન ઉભરાઇ ઉઠ્યું. વિમલે તલવાર તાણીને કહ્યું :

સિંધરાજ ! આ તલવારને ત્રાજવું સાબીત કરી આપવાની અને આમાં તમારી કાયરતાનો તોલ કરવાની પળ મારા હાથમાં જ છે. પણ આ યુદ્ધ આટલું જલદી પૂરું થઇ જાય, તો લોક મને બાયલો ગણે કે- આવા કાયરની સાથે બાખડ્યો અને એક કીડી પર કટક લઇ ગયો ? એથી હાથમાં આવેલા શિકારને છોડવાની અદાથી હું તમને છોડી મૂકું છું. અમારા રાજવી ભીમદેવના સાક્ષાત્ દર્શન કરીને, પુણ્ય કમાવાની તક તમને મળે, એ માટે જ આજે હું તમને જવા દઉં છું, કાલે ફરી મળીશું. તૈયાર થઇને આવશો, તો આજ કરતા કાલે રમવાની વધારે મજા પડશે.

સંગ્રામને સમેટી લેવાની સૂચના આપતું રણવાદ્ય વાગતા જ બંને પક્ષીય-સૈન્ય પોતપોતાની છાવણીમાં જઇ પહોંચ્યું. પણ સૌનાં મોમાં

વિમલ સિવાય કોઈનું નામ મમરાતું નહોતું. ભીમદેવ વિમલની વીરતાની વાતો સાંભળીને ખુશખુશ થઈ ગયા.

બીજા દિવસની સવારે રણ-ઝાલરીનો નાદ થતાની સાથે જ બંને પક્ષો મેદાનમાં ઉતરી આવ્યા. આજે ભીમદેવ પોતાનું ભીમ-સ્વરૂપ બતાવીને સિંધરાજને ગુજરાતનું ગૌરવ બતાવી દેવા થનગની રહ્યા હતા. એથી ખરાખરીનો જંગ જામ્યો. બંને પક્ષના સૈનિકો પણ આજે મેદાનમાં ઉતરી આવ્યા હતા. થોડી જ પળો પછી જ સૌને લાગવા માંડ્યું કે, વિજયનો વાવટો ગુજરાત તરફ જ નમશે.

ભીમદેવ માટે વિમલની વીરતા જોવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો, એઓ એક વણિકની વીરતાનું સાક્ષાત્-દર્શન પામીને પોતાની જાતને કૃતાર્થ-ધન્ય માનતા સમશેર ઘૂમાવી રહ્યા. સૂર્ય મધ્યાકાશે આવે, એ પૂર્વે તો સિંધરાજનો સૂર્ય અસ્તીય ક્ષિતિજે ઢળી પડ્યો. ગુજરાતના જયજયકારથી ગગનનું ગુંબજ ફાટી પડ્યું. સિંધરાજના બધા ખંડિયા-રાજ્યો ભીમદેવ આગળ નમી પડ્યા, ગુજરાતના એક સેનાધિપતિને સિંધનું સુકાન સોંપીને ભીમદેવ ચેદિ-પતિ કર્ણને જીતવા એક દિ' પ્રયાણ કરી ગયા, ત્યારે સંગ્રામસિંહ પોતાની સેના સાથે ચેદિની રાજધાનીમાં પહોંચવા આવ્યો હતો.

□

# મનના મિનારા માટીમાં મળ્યા

## [૧૭]

**રાજનીતિ** કહે છે કે, નબળા સાથે લડવામાં શોભા નથી. કેમકે આ યુદ્ધમાં બળ બતાવવાનો અવસર જ આવતો નથી ! એકદમ સબળા સાથે લડવું, એ ય શોભાસ્પદ નથી. કેમકે આમાં મૃત્યુ નક્કી છે અને પોતાના પરાક્રમને વ્યક્ત કરવાની કોઈ જ પળ નથી મળતી. એથી સમોવડિયા સાથે સંગ્રામ ખેલવામાં જ ખેલદિલી અને શાણપણ છે ! કારણ કે આમાં પુરુષાર્થનો પૂરેપૂરો પ્રયોગ કરવાની અને તાકાતના ત્રાજવે જોખીને વિજયને પોતાનો કરવાની વાતને અવકાશ રહે છે.

ભોજની રાજધાની ધારામાંથી નીકળીને ગુજરાત તરફ આગે બઢતો કુલચન્દ્ર આ રાજનીતિને વિસારે મૂકીને, ગુજરાતને જીતવાની ઘેલછાનો ભોગ બન્યો હતો અને ખૂબ જ ઓછી મહેનતે તેમજ કૌવતની નજીવી કિંમતે, અરે ! પડતર ભાવે વિજયને ખરીદીને એ વીરત્વના વૈભવથી સમૃદ્ધ બનવા માંગતો હતો. એનામાં સાચું વીરત્વ હોત, તો આટલા સસ્તા ભાવે, વિજયની ખરીદી કરવાનું સ્વપ્ને પણ એને સુઝત નહિ.

સિંધપતિ હમીર-સુમરાને હરાવીને રાજવી ભીમદેવની વિજયી સેના ચેદિ તરફ વધી ગઈ હતી. હવે તો સૌને વિશ્વાસ બેસી ગયો હતો કે, ચેદિપતિ કર્ણમાં જો બુદ્ધિનો છાંટોય હોય, તો એ સંધિ કર્યા વિના નહિ રહે અને એક સર્વ-સમૃદ્ધ રાષ્ટ્રની આજ્ઞા નીચે આવીને પોતાનું ગૌરવ વધારવાની આ પળને પ્રસન્નતાથી પોંખ્યા વિના નહિ રહે.

પંચનદની સીમાથી ચેદિ-દેશમાં પહોંચતા ૧૫-૨૦ દિવસ તો ઓછામાં ઓછા થઈ જ જાય એમ હતા. વિજયનો ઉલ્લાસ અનુભવતું

ભીમદેવનું સૈન્ય ઉત્સાહ સાથે એ પંથ કાપી રહ્યું હતું, ત્યારે બીજી બાજુ પાટણમાં અણધારી રીતે એક વિચિત્ર પરિસ્થિતિ પેદા થઈ હતી.

ઘણા બધાને અંધારામાં રાખીને સેનાપતિ કુલચન્દ્ર એક દહાડો પાટણના પાદરે આવ્યો, અને અનેરા ઉત્સાહ સાથે એણે પાટણને યુદ્ધ કાજે હાકલ કરી. વાતાવરણ વિકટ હતું, પરિસ્થિતિ પ્રતિકૂળ હતી. કારણ કે રાજા ભીમદેવ સાગર જેવી સેના સાથે વિજયયાત્રાએ ગયા હતા અને પાટણમાં નગર રક્ષા પૂરતું જ સૈન્ય હતું. એથી કુલચન્દ્રની સામે બાંયો ચડાવવાનો અર્થ હાથે કરીને સ્વનાશને નોતરવામાં પરિણમતો હતો.

કુલચન્દ્રને ખાતરી હતી કે, પાટણને સંધિ કર્યા વિના ચાલે એમ જ નથી, છતાં એણે થોડીક લૂંટ ફાટ ચલાવીને પોતાનું પોત પ્રકાશ્યું. એથી ત્યારે પાટણનું સુકાન જેના હાથમાં હતું, એ મહામંત્રી નેઢ આદિ આગેવાનો ભેગા થયા અને સર્વનાશ સમુપસ્થિત થયો હોય, તો બચાવાય એટલું બચાવી લેવાના, અગમ-ચેતીના પગલાં લેવા રૂપે, સંધિ કરી લઈને કુલચન્દ્રને વિદાય કરવાનો નિર્ણય લેવાયો.

કુલચન્દ્ર તો પડતાને પાટુ મારવાની કાયરને યોગ્ય કળામાં પૂરો નિષ્ણાત હતો. એણે પાટણ સામે પોતાની માંગણીઓ મૂકતા કહ્યું કે, જયપત્ર લખી આપો, દંડની અમુક રકમ ભરપાઈ કરો અને માલવાના વિજયની સ્મૃતિ રાખવા આ રાજમહેલના આંગણે મને મારું પરાક્રમ દાખવવાની છૂટ આપો, તો જ હું વિદાય થાઉં, નહિ તો પાટણને લૂંટવાની આવી મજા મને ફરી ક્યાં પાછી મળવાની હતી?

કુલચન્દ્રની માંગણીઓ પાટણની પ્રતિષ્ઠા સામે પડકારરૂપ બની જાય એવી હતી, છતાં આ પળે પાટણને હેમખેમ રાખવાની વાતને અગ્રિમતા આપવી જરૂરી હતી, એથી કુલચન્દ્રની આ માંગણીઓ પણ સ્વીકારાઈ ગઈ.

પાટણે 'જયપત્ર'માં લખ્યું કે, અવંતિ ખરેખર મહાન છે, એથી સિંધ પરની વિજયની સવારીમાં ઝળહળતો વિજય મેળવીને ચેદિરાજને

જીતવા કટિબદ્ધ બનેલા પાટણપતિ શ્રી ભીમરાજ, દંડનાયક શ્રી વિમલ, સેનાપતિ શ્રી સંગ્રામસિંહ આદિ કોઇની રજા લીધા વિના જ અમે માલવાની મહાનતા સામે માથું ઉઠાવવાં માંગતા નથી !

ઘણી બુદ્ધિથી લખાયેલા અને અવંતિની મહાનતા માનવા કાજે કેવા વિકટ-સંયોગો પાટણને ફરજ પાડી ગયા, એનો અણસાર સૂચવતા એ 'જયપત્ર'ને વિજયના મદમાં ઘેલા બનેલા કુલચન્દ્રે ખૂબ જ ભવ્ય માનીને સ્વીકારી લીધું, એણે થોડોક દંડ લીધો અને રાજ્યભવનનું આંગણું ખોદાવીને ત્યાં કોડીઓનું વાવેતર કરીને એ ચાલ્યો ગયો. આવી રીતે વિજિત-દેશોની આબરૂ લૂંટવા, એની કિંમતી જમીન ખેડીને ત્યાં કંઇક વાવવાનો રિવાજ એ વખતે પ્રચલિત હતો.

કુલચન્દ્ર એવી ગર્વાનુભૂતિ કરતો અવંતિ તરફ ગયો કે, મારી સોયની પણ તાકાત કેવી કે, શૂળીનો ઉપયોગ કરવાનો વખત જ ન આવ્યો ! પાટણના તત્કાલીન આગેવાનો એવી સંતોષાનુભૂતિ કરી રહ્યા કે હાશ ! શૂળીની સજા સોયથી પતી !

વિજય એક એવો નશો છે કે, એની અવળી અસર, વિજેતા વિવેકી ન હોય, તો એના અંગે અંગને ઘેરી લેતી હોય છે. ઘણીવાર ઘણી સહેલાઇથી, ખૂબ જ ઓછા પ્રયત્ને કોઇ મહાન સફળતાની પ્રાપ્તિ થઇ જતી હોય છે, તો પણ એ સફળતાનું પાચન થઇ શકતું નથી અને અભિમાનનો આફરો અનુભવનાર સિદ્ધિનો એ સ્વામી એવા અજુગતા અને ઉતાવળિયા પગલા ભરતો હોય છે કે, પ્રાપ્ત સફળતાથી ય હાથ ધોઇ નાખવાનો અંજામ વેઠવો, એને માટે અનિવાર્ય થઇ પડે !

ચિત્રમાં ચિતરાયેલા પાટણના વિજય જેટલું ય જેને સ્થાન-માન ન આપી શકાય, એ જાતનો પાટણ-વિજય મેળવીને નીકળેલા મદાંધ કુલચન્દ્રને આવો અંજામ ચખાડીને બોધપાઠ આપવા સ્તંભનપુર ખંભાત તૈયાર જ હતું. એમાં વળી કુલચન્દ્રે સામે ચડીને નિમિત્ત આપ્યું, પછી તો પૂછવાનું હોય જ શું ?

પાટણથી અવંતિ તરફ પાછા ફરતા કુલચન્દ્રે વિચાર્યું કે, દાળ

ભેગી ઢોકળી પણ ચડી જતી હોય, તો શા માટે ન ચડાવવી ! સ્તંભનપુર નજીકમાં જ છે. તો શા માટે ત્યાં પણ અવંતિનો વિજયવાવટો ન ફરકાવવો !

વિજયાંધ કુલચન્દ્રે આમ અવિચારી નિર્ણય કરીને સ્તંભનપુરને સંગ્રામ-ભૂમિમાં ખડા થઇ જવાની હાકલ કરી. પરંતુ સ્તંભનપુરના સામાન્ય-ગણાતા સૈનિકોનો સામનો કરતાં ય કુલચન્દ્રને ધોળે દિવસે તારા દેખાયા, અને સ્તંભનપુરે વધુ પરાક્રમ બતાવીને, પાટણની કહેવાતી જીતનો નશો ઉતારી નાખ્યો, અને કુલચન્દ્ર પાસેથી લૂંટ અને દંડની તમામ લક્ષ્મી કબજે કરીને અંતે એને નસાડી મૂક્યો.

કુલચન્દ્રે ગુજરાતનું પાણી જોઇ લીધું, એથી એ સીધો જ માળવાના માર્ગે થઇને ધારા પહોંચ્યો. પણ આ પૂર્વે જ પાટણ અને સ્તંભનપુરના બધા સમાચાર રાજા-ભોજે મેળવી લીધાં હતા, અને એથી એઓને ખૂબ આઘાત લાગ્યો હતો. એમણે કહ્યું : કુલચન્દ્ર ! તેં તો રાજનીતિનો વિદ્રોહ કરીને મને કલંકિત બનાવ્યો ! આ રીતે વળી કોઇ દહાડો વિજય મેળવાતો હશે ? અને પાટણનાં રાજ આંગણે કોડીઓ વાવી ! તને બીજું કંઇ ન મળ્યું, જેથી તેં કોડીઓને પસંદ કરી ! કોડી પણ એક જાતનું નાણું જ ગણાય ! કોડીનું વાવેતર કરવાની તને દુર્બુદ્ધિ જાગી, એની પરથી એક એવી ય આગાહી તારવી શકાય કે, માળવાનો કર પાટણના ચોપડે જમા થાય, એવા દહાડા હવે દૂર ન હોવા જોઇએ !

કુલચન્દ્રે જીવની જેમ જયપત્ર જાળવી રાખ્યું હતું. એને વિશ્વાસ હતો કે, આ જયપત્ર વાંચતા જ રાજાનો ક્રોધ શમી જશે અને કૃપા ઉછળવા માંડશે. એથી એણે ભૂલ બદલ ક્ષમાનો ભાવ વ્યક્ત કરીને કહ્યું: મહારાજ ! લૂંટ ને દંડને ભલે સ્તંભનપુરના સંગ્રામમાં હું જાળવી ન શક્યો, પણ પાટણ પાસે નાક ઘસાવીને લખાવેલું આ 'જયપત્ર' તો બરાબર જાળવ્યું છે !

રાજાએ 'જયપત્ર' વાંચીને કહ્યું : માલ વિનાના આ ભરતીયાને શું કરવાનું ? આને તું 'જયપત્ર' સમજે છે ? ખરેખર ગાંડો ગણાતો

ગુજરાતી ડાહ્યો નીકળ્યો અને મેધાવી ગણાતો માળવી એવો તું ગાંડાનો ગોર જ નહિ, ગાંડાઓમાં શિરમોર સાબિત થયો ! જયપત્રમાં ગૌરવ લેવા જેવું છે જ શું ? આનો ભાવ ચોખ્ખો એવો છે કે, ગુજરાત બળવાન છે,પણ અત્યારે રાજા ભીમદેવ ન હોવાના કારણે માળવા પોતાને મહાન મનાવવા માંગતું હોય, એમાં અમારું મત્તુ લેવા માંગતું હોય તેમજ માત્ર આવું મત્તુ મારવાથી પાટણ હેમખેમ ઉગરી જતું હોય, તો આવું મત્તુ મારનારો કંઇ નાનો ગણાતો નથી તેમજ એને જયપત્ર તરીકે સ્વીકારનારામાં કંઇ મોટાઇ આવી જતી નથી !

કુલચન્દ્રને ચડેલો વિજયનો નશો ઉતરી જતા હવે એને સમજાતું હતું કે, પોતે કેવો ભોટ અને ભોળો સાબિત થયો હતો અને ગાંડો ગણાતો ગુજરાતી કેવો ડાહ્યો પુરવાર થયો હતો !

●

સિંધુ-નદીની પેલે પાર વસેલા ચેદિદેશ પર વિજયનો વાવટો ફરકાવવામાં ઝાઝી જવાંમર્દી બતાવવાની જરૂર જ ન પડી ! એક તો સિંધરાજ પર મેળવાયેલા વિજયની રોમાંચક વાતો ત્યાં પહોંચી ગઇ હતી, આથી ચેદિરાજ કર્ણને પોતે ભીમદેવ સામે ટકી શકે, એવી આશા નહોતી જણાતી, એમાં વળી યુદ્ધના પ્રથમ ખેલમાં જ ભીમદેવનું બળ અને દંડનાયક શ્રી વિમલની કળ આ બે જોઇને ચેદિરાજે શરણાગતિ સ્વીકારી લેવાનું આત્મ-સંરક્ષક પગલું લઇ લીધું અને એક મોટા માનવ-સંહારની બિભિષિકામાંથી ચેદિ દેશ આબાદ ઉગરી ગયો !

ચેદિદેશ પર ગૂર્જર-રાષ્ટ્રનો ધ્વજ ફરકી ઉઠ્યો, ત્યાનાં કર્ણને ખંડિયો રાજા બનાવીને વચમાં-વચમાં આવતા, નાના-મોટા રાજાઓને પણ નમાવતું ભીમદેવનું સૈન્ય પાટણ તરફ પાછું ફર્યું, ગૂર્જર-રાષ્ટ્રની સરહદ બહુ દૂર નહોતી, ત્યારે એક દિવસ પાટણથી આવેલા એક સંદેશવાહકે ભીમદેવની છાવણીમાં વિવિધ-રંગી વાતાવરણ સરજી દીધું. એ સંદેશો જ એવો હતો કે, એના કારણે વાતાવરણમાં વિવિધ રંગો વિસ્તરે. એક તોફાની બાળકની જેમ આવીને ઘડીનું છમકલું કરી

ગયેલા, માલવ-સેનાપતિ કુલચન્દ્રના આગમને પાટણમાં સરજાયેલી પરિસ્થિતિનું અને એના પ્રતિકાર માટે લેવાયેવા પગલાંઓનું બ્યાન એ સંદેશામાં હતું તેમજ પરિસ્થિતિ ગમે તે પળે પ્રવાહી બની જવાની શક્યતા આગળ કરીને વહેલી તકે પાટણ પધારી જવાની વિનંતી એ સંદેશમાં ભીમદેવ સમક્ષ મહામંત્રી નેઢે રજૂ કરી હતી.

આમ, તો ભીમદેવની વિજિગિષા કદાચ એમને અન્ય અન્ય નજીકના પ્રદેશો ભણી વિજય માટે ઉત્સાહિત કરી જાત, પણ જ્યાં પાટણની હાકલ આવી પડી, ત્યાં એમણે ઝડપી દડમજલ કરીને પાટણ પહોંચી જવાનો નિર્ણય કર્યો.

ભીમદેવ એ નહોતા સમજી શકતા કે, માલવ સેનાપતિ કુલચન્દ્રે પાટણ પર ચડાઇ કરી કે પાટણના પૂતળા પર ! દંડની ભરપાઇ, જયપત્રનું લખાણ અને બીજી બીજી પણ એ સંદેશામાં લખાયેલી વિગતો ભીમદેવ માટે વિચારણા-ચિંતાનો વિષય બને એવી હતી, મનમાં અનેક પ્રશ્નો પ્રેરતી એ વિગતોની પૂરી જાણકારી મળ્યા વિના મહામંત્રી નેઢની આગેવાની નીચે લેવાયેલા એ પગલાં અંગે અત્યારે કોઇ પણ જાતનો અભિપ્રાય બાંધવાની ઉતાવળી-વૃત્તિની ભીમદેવમાં તો સંભાવના હોય જ ક્યાંથી ? પરંતુ દામોદર-મહેતાને આ સમાચાર મળ્યા અને એમણે ખણખોદ શરૂ કરી દીધી.

મહામંત્રી નેઢને માથે પાટણની જવાબદારી સોંપીને ભીમદેવની વિજય-યાત્રા પ્રારંભાઇ હતી અને દંડનાયક વિમલ તેમજ સેનાપતિ સંગ્રામસિંહ અંગે મહેતાએ ધારેલી બધી ધારણાઓ તો ક્યારની ય ધૂળમાં ધમરોળાઇ ગઇ હતી, એટલું જ નહિ, આ બંને જૈનમંત્રીઓને આ સંગ્રામે જે લખલૂટ કીર્તિની કમાણી કરી આપી હતી, એની કલ્પનાથી જ દામોદર મહેતાનું દિલ ઇર્ષ્યાના તાપથી બળી ઉઠતું હતું. એથી એને ઠારવા ઝાંવા મારતા મહેતા વિચારી રહ્યા હતા કે, વિમલ નહિ, તો વિમલનો ભાઇ નેઢ ! નેઢને વાઢી નાખવાની આ તક સારી છે. નેઢ વઢાશે, એટલે વિમલની કીર્તિમાં થોડી તો ઝાંખપ લાગશે ને ?

એક દિવસ એકાંત સાધીને મહેતાએ ભીમદેવના કાનમાં ઝેર રેડતાં કહ્યું:

'મહારાજ ! આ બે વિજયો તો આપણને ઝળહળતા મળ્યા એમાં તો કોઇ ઇન્કાર કરી શકે એમ નથી. પણ મને પેલી કહેવત યાદ આવે છે : 'હવેલી લેતા ગુજરાત ખોયું !'

ભીમદેવ વાત પામી જઇને બોલ્યા : મહેતા ! પાટણથી જે કંઇ સમાચાર આવ્યા છે, એના અંગે અત્યારે કંઇ પણ કહેવું કે કોઇપણ ધારણા બાંધવી, એ ખૂબ વહેલું ગણાશે ! મહામંત્રી નેઢના બુદ્ધિબળ પર વિશ્વાસ ન હોત, તો એમના હાથમાં પાટણના સુકાનને સોંપવાની વાતને વિમલે વધાવી લીધી હોત ખરી ? માટે ગુજરાત ખોવાની વાત કરવી રહેવા દો. પણ આજે આપણે હવેલીને હાંસલ કરી શક્યા છીએ, એ તો દીવા જેવી ચોખ્ખી વાત છે અને એમાં દંડનાયક વિમલ તેમજ સેનાપતિ સંગ્રામસિંહનો જે અજોડ વિશાળ -ફાળો છે, એ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણના અક્ષરે લખાઇ જાય એવો છે.

મહેતાના બધા મનસૂબા પર ભીમદેવની આ એક જ વાત વેગીલા વાવાઝોડા રૂપે ત્રાટકી અને મહેતાના મનના મિનારા માટીમાં મળી ગયા. પણ આશાના અમૃત ઘૂંટ પી-પીને ઉછરેલા મહેતા ગમે તેવી પરિસ્થિતિમાં પણ નિરાશ થવાનું સમજ્યા જ નહોતા, એમણે મનને મનાવ્યું કે મામાનું ઘર કેટલે ! દીવો બળે એટલે ! પાટણ હવે ક્યાં દૂર છે. નેઢને પ્રશ્નોની એવી ગુંચમાં મુઝવી મારીશ કે, બિચારો ઊભો જ થઇ ન શકે. જયપત્ર પર મત્તુ મારીને તો એણે એવી ભૂલ કરી નાંખી છે કે, જેનો વિપાક વેઠવા કદાચ આ મંત્રી મુદ્રા ય એને છોડવી પડે ! આ રીતે શત્રુને કદી કાંડા કાપી અપાતા હશે ખરા ? ભલે ને ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય, પણ લખાણમાં તો લઘુતા લવાય જ કેમ ? લખેલું તો લાંબા કાળે ય વંચાય !

ભીમરાજના મક્કમ જવાબથી પછડાટની પીડા અનુભવનાર મહેતાના મનોરથ આ રીતના કલ્પનાઓના અશ્વોનો સહારો પામીને

ફરી દોડાદોડ કરવા મંડી પડ્યા. એથી પાટણનું પાદર ક્યારે આવી લાગ્યું, એનો એમને ખ્યાલ પણ ન રહ્યો, એ તો આશાની તંદ્રામાં જ મોજ માણતા હતા, પણ જ્યાં રાજા ભીમદેવ અને દંડનાયક વિમલના જયજયકારના ગગનને ગજવતા ધ્વનિ સંભળાયા, ત્યાં એઓ સફાળા જાગી ગયા, અને મહારાજની સાથે વિમલને ય જે કીર્તિ મળી રહી હતી, એ જોઇને એઓ અંતરમાં પુનઃ બળવા માંડ્યા.

●

પાટણના પાદરે વહેતી સરસ્વતી તો એક નદી જ હતી, કોઇ સાગરનો કિનારો વસવા માટે પાટણને મળ્યો નહતો. પણ આજે ભીમદેવની વિજય-યાત્રામાં જે માનવો ઉમટ્યા હતા, એ જોતા એમ જ લાગતું હતું કે, આવા માનવ-સાગરની વચ્ચે વસવાનું પુણ્ય તો પાટણને જ મળ્યું હશે ? એ વિરાટ માનવ સાગરની પીઠ પર સવાર થઇને ભીમદેવની વિજયયાત્રા રાજભવનમાં પહોંચી, એ દિવસથી હવે ચોરે અને ચૌટે ચર્ચાતી વાતનો વિષય બદલાયો હતો, ભીમદેવ, વિમલ અને સંગ્રામસિંહના પ્રચંડ-પરાક્રમને નજરોનજર નિહાળનારા સૈનિકોનો સહારો પામીને વાટે ને ઘાટે, ચોરે ને ચૌટે આ વિજય-યાત્રાની પ્રશસ્તિઓ જ ચર્ચાવા માંડી.

પાટણ આ વિજયનો ઉલ્લાસ ઉજવવામાં પડ્યું હતું, ત્યારે એનો રાજકીય રંગમંચ મંત્રણાઓના પડદા પાછળ કોઇ બીજી જ ગુંચને ઉકેલવા-વિચારવા ઉત્સુક હતો, પણ બે ત્રણ દિવસ સુધી એ ઉત્સુકતાને પ્રતીક્ષા કરવી પડી, ત્યાર પછી એક બપોરે મંત્રણા પ્રારંભાઇ.

ગંભીરતાથી સભર એ ચહેરાઓ વચ્ચે પણ દામોદર મહેતા ખુશખુશાલ જણાતા હતા. કારણ કે મંત્રી નેઢનો તેજોવધ કરવાની તક આજે એમના હાથમાં પહેલવહેલી જ આવી હતી અને એઓ એનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવાના ઉત્સાહમાં હતા.

શાંતિથી પ્રારંભાયેલી એ મંત્રણામાં કશી જ નબળી કડી ન મળતા, થોડીવાર પછી તક સાધીને દૂધમાંથી પોરા કાઢવાની અદાથી

દામોદર મહેતાએ એ શાંતિને ખળભળાવી મૂકવા પથ્થરો નાખ્યો :

'મંત્રીશ્વર નેઢ ! પણ કાંડા કાપી આપવાની શી જરૂર હતી ? લખેલું લાખો વર્ષ પછી ય વંચાય. દંડમાં તમે થોડું વધુ આપ્યું હોત, તો કોઇનેય એ ખૂંચત નહિ. પણ જયપત્ર પર મત્તુ મારીને તો તમે હવેલી લેતા ગુજરાત ખોવું પડ્યું હોય, એવો ઘાટ ખડો કર્યો છે.'

મંત્રી નેઢના જવાબની સૌ પ્રતીક્ષા કરી રહ્યા. મંત્રી નેઢે એ જ સ્વસ્થતા સાથે કહ્યું : મહારાજ ! આપ એકવાર આ જયપત્રને બરાબર વાંચી જાવ અને પછી મને કહો કે, મેં પાટણની પ્રતિષ્ઠા પર પાણી ફેરવ્યું છે કે કર્તવ્ય-ધર્મનું બરાબર પાલન કર્યું છે ?

મહારાજા ભીમદેવ એ જયપત્રનો અક્ષરે અક્ષર ધારી-ધારીને જોયો અને પછી એમણે સહર્ષ-સગર્વ કહ્યું કે, ગુજરાતને રોવું પડે અને માળવા જેથી હસી શકે, એવો એક અક્ષર પણ આમાં ક્યાં છે ! આપણી જ્વલંત વિજયયાત્રાનો આડકતરો ખ્યાલ ભોજ-રાજાને આપતો આ જયપત્ર એમ સ્પષ્ટ કહી રહ્યો છે કે, પાટણની શક્તિઓ વિજયયાત્રાએ સંચરી ન હોત, તો એ માળવાના દાંત ખાટા કરી નાખત !

દંડનાયક વિમલે મૌન તોડતાં કહ્યું કે, આનો અર્થ એમ પણ નીકળે કે, માળવા જેવું બીકણ કોણ ? સામાના હાથમાં હથિયાર ન હોય, ત્યારે હથિયાર ઉગામનારને હિંમતવાન કોણ કહે ? સામે કોઇ લડનાર ન હોય, ત્યાં સસલું પોતાને સિંહ માને , તો કોણ એને રોકે ? જો ભીમદેવ હાજર હોત, તો માળવાની શી ગુંજાશ હતી કે, એ ગુજરાત સામે નજર પણ કરી શકે ? આમ, દેખીતી રીતે માળવાની મહાનતા પર મત્તુ મારતો જણાતો આ જયપત્ર, માળવાની માયકાંગલી મનોવૃત્તિ પર જ મત્તુ મારે છે.

મંત્રીશ્વર નેઢની ઠરેલ અને છતાં અવસરે માર્મિક ઘા કરવામાં કાબેલ વૃત્તિનો આજે જ સૌને પહેલવહેલો પરિચય થયો. અને સૌ રાજીરાજી થઇ ગયા. છતાં આ રીતે પણ પાટણનું અપમાન કરી જનારા માળવા પાસે જવાબ માંગવાની વાત પણ એ મંત્રણામાં ઠીક ઠીક

ચર્ચાઈ. પણ એ લાંબાગાળે અમલમાં મૂકવાનો વ્યૂહ હતો.

મંત્રીશ્વર નેઢ ને દંડનાયક-વિમલ એક દહાડો એકાંત મેળવીને કોઈ ગંભીર-વિચારણા કરવા એકઠા મળ્યા. કારણ કે એવા એવા અનેક કારણોની શ્રૃંખલાઓ નજરે ચડતી હતી, જે એક બીજામાં જોડાઈને સાંકળ બની જાય અને પગમાં આવી પડે, એ પૂર્વે જ સ્વ-રક્ષા અંગેનો કોઈ વ્યૂહ વિચારી લેવો આવશ્યક હતો, જેથી આગ ભભૂકી ઉઠે, એ વખતે કૂવો ખોદવા જવું ન પડે ! એ ગંભીર મંત્રણાનો વિષય શો હશે ? આમ જો જોવા જઈએ, તો આ બાંધવ-બેલડીની કીર્તિ-ગાથા ગાતા ગાતા છેલ્લા ઘણા દિવસોથી પાટણની પ્રજા જરા પણ થાક અનુભવતી નહોતી, ત્યારે આ ગંભીર વિચારણાનું પ્રેરક બળ કયું હશે ?

□

# ગુજરાતની ગૌરવ રક્ષા
# [૧૮]

**એકાંતના** ઓવારે મહિનાઓ પછી મળેલા મહામંત્રી અને દંડનાયક વચ્ચે ઘણી ઘણી વાતો-વિચારણાઓ થઇ. વાતનો મુખ્ય વિષય, દામોદર મહેતા જેવી વ્યક્તિ-શક્તિઓની આંખમાં કણાંની જેમ ખૂંચતી પોતાની પુણ્યાઇ હતી. સિંધ અને ચેદિના વિજય પછી તો દામોદર મહેતાના અંતરમાં જલતી રહેતી ઈર્ષ્યાની એ આગ ખૂબ વધુ ભભૂકી ઉઠી હતી અને કાંકરી પણ ઘડો ફોડવા સમર્થ હોય છે, આ વાતને એ બાંધવ-બેલડી સારી રીતે સમજતી હતી. એમાં વળી પોતાનો મહેલ તૈયાર થવા આવ્યો હતો, એની ઋદ્ધિ-સમૃદ્ધિના પાટણમાં ચાર મોઢે થતા વખાણ મહેતાના મનની એ આગમાં ઘી હોમવાનું કામ કરતા હતા.

બંને બંધુઓએ ભાવિના વળાંક વિગતે વિચારી લીધા અને અંતે માતા વીરમતિ પાસે આવીને એમણે કહ્યું : માતાજી ! જીવનની ખરી સાર્થકતા આપ માણી રહ્યા છો ! રાજકારણમાં ગુંચવાયેલા અમે એની તો ગંધ પણ ક્યાંથી પામી શકીએ ? દેવ-ગુરુ અને અંબિકાદેવી આદિની કૃપાના બળે ગુજરાતને ભવ્ય-વિજય અપાવવામાં અમે નિમિત્ત માત્ર પણ સારી માત્રામાં બન્યા ! પણ એમ લાગે છે, આ વિજય અમારા માટે પરાજયની કોઇ અદૃષ્ટ ભૂમિકા સરજી જાય, તો નવાઈ નહિ !

''એટલે ?'' માતા વીરમતિ તો આત્મસાધનામાં મસ્ત રહેતા હતા. એથી પાટણની રાજ-ચોપાટ પર ખેલાઇ રહેલી કોઈ અવનવી બાજીઓથી એ ક્યાંથી પરિચિત હોય ? એથી એમના દ્વારા સાશ્ચર્ય પૂછાયેલા આ પ્રશ્નના જવાબમાં દંડનાયક વિમલે બધી જ વાતો

વિગતવાર જણાવીને છેલ્લે કહ્યું કે, માતાજી ! એ ભાવિ હજી ઘણું દૂર દૂર જણાય છે, પણ ક્યારેક આપણને આ પાટણ છોડવાનો વખત આવે, તો એ સાવ અઘટ ઘટના ન ગણાય ! કારણ કે વરસતી બાણની ઝડીઓ વચ્ચે રહીને જીવનને રક્ષવું, એ હજી સહેલું છે. પણ ઈર્ષ્યા-અસૂયાના આવા તણખા વચ્ચે સાવધાનીથી વસવા છતાં આબરૂને અણદાગ રાખવી, એ જરાય સહેલું નથી ! કારણ કે એ તણખાં મૂકી જનારા માણસો મૈત્રીનો મહોરો ચડાવીને આવતા રહે છે !

વિમલની આ વાત સાંભળીને જરાય ગંભીર બન્યા વિના વીરમતિએ કહ્યું : આ પાટણ છોડવું પડે તોય શું વાંધો છે ? હંસો જ્યાં જતા હોય છે, ત્યાં એમના અવતરણને આરે સરોવર રચાઇ જતું હોય છે ! મને લાગે છે કે, આબુનો ઉદ્ધાર-કાળ નજીક આંવી રહ્યો હશે !

બંને ભાઇઓ પૂછી બેઠા : માતાજી ! આબુના ઉદ્ધાર અને પાટણના ત્યાગ વચ્ચે વળી આપ કયો સંબંધ નિહાળી રહ્યા છો ? આ બે વાત વચ્ચે કોઇ મેળ ખરો ?

'કેમ નહિ ? એક ને એક બે જેવો સહેલો ને સરળ મેળ છે ! તમને એમ લાગે છે ખરું કે આ લડાઇઓ, આ કાવાદાવા અને આ ખટપટમાં રચ્યાપચ્યા રહેતા તમે આબુના તીર્થોદ્ધારની રૂપરેખા પણ તૈયાર કરી-કરાવી શકો ?'

વીરમતિનો આ પ્રશ્ન વેધક હતો. માતાના હૃદયને પામી જતા વિમલે કહ્યું કે, એટલે આપ એમ કહેવા માંગો છો કે, આવા કોઇ બહાને પાટણ છૂટશે, તો જ અમે અમારી સમગ્રતાને આબુના ઉદ્ધાર પાછળ કેન્દ્રિત કરી શકીશું ? આપની આ વાત સાચી જ નહિ, સાવ સાચી છે. માતાજી ! રાજસેવા સ્વીકારી, એટલે સંગ્રામોમાં જોડાવું જ પડે. એમાં એક વિજય મેળવીએ, એટલે નવી વિજિગિષા જાગે, પાછું એ વિજય-યાત્રામાં આગેવાન બનવું પડે. વિજય અને વિજિગિષાનું વિષચક્ર આમ ચાલુ જ રહે ! જુઓ ને, સિંધ અને ચેદિ તરફ વિજય મેળવ્યો, હવે ભીમદેવ માલવા સામે લડાઇ લઇ જવાની તૈયારીઓ

છૂપી રીતે કરી રહ્યા છે. આબુના ઉદ્ધારનું સ્વપ્ન જોયાને આજે વર્ષો વીતવા આવ્યા, પણ આ બધામાંથી નવરા પડીએ, તો એ સ્વપ્ન સાકાર થાય ને?

મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો, દેવપૂજાનું કર્તવ્ય અદા કરવા નેઢ અને વિમલ ઊભા થયા. પાટણના પરિત્યાગની સંભાવનાનું સ્વપ્ન બંનેના દિલને જરાક બેચેન બનાવી ગયું હતું. પણ માતા વીરમતિએ જે પ્રેરક દૃષ્ટિકોણ આપ્યો હતો, એથી તો એમના દિલ સાવ નિર્બીજ બની ગયા હતા, અને કદાચ આજે ને આજે પાટણનો ત્યાગ કરવાની ઘડી ઉપસ્થિત થાય, તો પણ મોજથી એને વધાવી લેવાનું મનોબળ બંનેમાં ઉભરાઈ ઉઠ્યું હતું, એટલું જ નહિ, દંડનાયક વિમલ તો મનોમન એવી પરિસ્થિતિનું ઝડપી નિર્માણ ઇચ્છી રહ્યા કે, જેથી પાટણનો ત્યાગ અનિવાર્ય બને, અને આના પ્રભાવે પોતે આબુના ઉદ્ધારનું કાર્ય ઝડપથી આરંભી શકે !

દંડનાયક વિમલ તો મનના માંડવે આવી મનોરથ માળા સેવી રહ્યા, પણ ભાવિની ભીતરમાં શું છૂપાયું હતું અને આ મનોરથ સફળ થવાનો કાળ ક્યારે પાકવાનો હતો? એને તો કેવળજ્ઞાની સિવાય બીજું કોણ જાણી શકવા સમર્થ હતું?

●

માનવીનો અધિકાર તો માત્ર મનના માંડવે મનોરથની સૃષ્ટિનાં અવતરણ પૂરતો જ છે. મનોરથના એ રથને અશ્વો સાથે જોડીને ગતિ આપવાની સંપૂર્ણ-સત્તાની સ્વાધીનતા અંગેનો માનવનો દાવો કદી ટકી શકતો નથી.

સિંધુ અને ચેદિના ભવ્ય-વિજય પછી રાજા ભીમદેવ અવંતિ પર વિજય મેળવવાની મનોરથ માળા રચી રહ્યા હતા, પણ એ મનોરથ જ રહ્યા, અને ગુજરાત દુકાળની અગન-જાળમાં સપડાયું. એ આગની ઝપટમાં આવીને કણ અને તૃણના ભંડારોથી સમૃદ્ધ ગુજરાતનો કણનો એ પુરવઠો ખલાસ થવા આવ્યો. આમ, એક તરફ દુકાળ ચાલી રહ્યો

હતો, ત્યાં દુકાળમાં અધિક મહિનાની કહેવતને સાચી પાડવા રાજા ભોજે ગુજરાત સામે યુદ્ધ જાહેર કર્યું.

કુલચન્દ્ર ગુજરાત પાસેથી જે જયપત્ર ઝૂંટવી લાવ્યો હતો, એને તો રાજા ભોજ એક રમકડું જ સમજતા હતા, એમને થતું હતું કે, આમ કરીને તો કુલચન્દ્રે મારી આબરૂને બટ્ટો લગાડ્યો ! એથી એઓ વહેલી તકે ગુજરાત પર વિજય મેળવીને પોતાની આબરૂને અણદાગ બનાવવા માંગતા હતા. એમાં ગુજરાતમાં ડોકાઈ રહેલા દુકાળના સમાચાર મળતા જ રાજા ભોજે આક્રમણ જાહેર કર્યું. એમની દૃષ્ટિએ દુષ્કાળથી જ દુબળા બનેલા ગુજરાત પર વિજય મેળવવાની આ સુંદર તક હતી.

રાજા ભોજે ગુજરાત તરફ પેતાથી વિજય-યાત્રાને લંબાવી, આ સમાચાર મળતા જ ભીમદેવ, નેઢ, વિમલ આદિ સૌએ ગંભીર-મંત્રણાઓ કરી, એમાં અંતે એવું તથ્ય તારવવામાં આવ્યું કે, ગુજરાતમાં વ્યાપેલી દુષ્કાળની પરિસ્થિતિને કારણે અવંતિને હંફાવવું અશક્ય હોવાથી ગમે તે ઉપાયે ભોજરાજની વિજય-યાત્રાને વિદિશામાં વળાંક આપવાનો પ્રયત્ન કરવો જરૂરી ગણાય. જો આમાં સફળતા મળે, તો જ ગુજરાતનું ગૌરવ અખંડ રહે !

ભીમરાજની સભામાં ડામર નામનો એક સંધિવિગ્રહિક (એટલે એલચી) રહેતો હતો. દેખાવમાં એ જરા કદરૂપો હતો, પણ બુદ્ધિમાં એના જેવો બળિયો કોઇ ન હોવાથી એક રત્ન તરીકેની પ્રતિષ્ઠા એને મળી હતી. એ જરા આખાબોલો હતો, પણ એની બુદ્ધિમાં સૌને શ્રદ્ધા હોવાથી દૂધાળા ઢોરની પાટું ખાઇ લેવાની જેમ એના આ દોષને સૌ સહી લેતા. લડાઈના જ્યારે ગંભીર મામલા ઊભા થતા, ત્યારે ગુજરાતના હિતમાં પરિસ્થિતિનું નિર્માણ કરવા ડામરનો આશ્રય લેવામાં આવતો અને એ ગમે તેવી વિકટ-પરિસ્થતિને પણ એકદમ અનુકૂળ બનાવવાના દાવ ખેલવામાં વિજયી નીવડતો. રાજા ભીમદેવે ડામરને યાદ કરીને કહ્યું : તારા બુદ્ધિબળની જરૂર પડી છે. ભોજ ગુજરાત તરફ યુદ્ધ લઈને આવી રહ્યા છે અને અહીં ગુજરાતમાં તો

ભયંકર દુકાળ છે. આવા વાતાવરણમાં સૈન્ય લડે કઇ રીતે ? અને વિજય કઇ રીતે મેળવાય ? માટે તું કોઇ કરામત કરે અને ભોજની વિજય-યાત્રાને તું બીજી જ કોઇ દિશા પકડાવે, તો ગુજરાતનું ગૌરવ જળવાય એમ છે !

ડામરે કહ્યું : ઓહ ! આટલી જ વાત છે ને ? આપ મજા કરો, ભોજને રમાડીને, એના યુદ્ધને બીજી દિશા પકડાવીને અને ઉપરથી ભોજ પાસેથી દંડ વસૂલ કરીને હું ન આવું, તો મારું નામ ડામર નહિ!

ડામરની વાતમાં શ્રદ્ધાનો જે રણકો રેલાઇ રહ્યો હતો, એથી ભીમદેવ ખુશખુશ થઇ ગયા. એમણે કહ્યું : ડામર ! એમ કરજે કે...

ડામરે અધવચ્ચે જ પોતાની આખાબોલી તાસીરનો પરિચય આપતા કહ્યું : મહારાજ ! આપને પાડાપાડીથી કામ છે કે દૂધથી ! મને ત્યારે જે યોગ્ય લાગશે, એ કરીશ, પણ આપ એટલું નોંધી રાખો કે, ટાઢા પાણીએ આ ખસ કાઢીને જ આવીશ.

ભીમદેવ ગમ ખાઇ ગયા. કારણ કે અત્યારની આ પળે મિજાજ ગુમાવવામાં જરાય મજા નહોતી. જરૂરી તૈયારીઓ કરીને એક દહાડો સંધિવિગ્રહિક ડામર અવંતિ ભણી રવાના થયો, અને રાજા ભોજની છાવણીમાં જઇ પહોંચ્યો. ભોજે ડામરને માનથી બોલાવ્યો : બોલો, ડામર ! કેમ આવવાનું થયું ?

ડામરે વળતો જ જવાબ વાળ્યો : કેમ આવવું થયું એટલે વળી શું ? આ તે કંઇ પ્રશ્ન છે ? આપે ગુજરાત તરફ જે વિજય યાત્રા લંબાવી છે, એનું સ્વાગત કરવાની મારી ફરજ નથી શું ? આપની આ વિજયયાત્રા રસ્તો ભૂલીને ગુજરાતના બદલે બીજા કોઇ પ્રદેશમાં પહોં-ચી ન જાય, એટલે ભોમિયા તરીકેની જવાબદારી અદા કરવા મને રાજા ભીમદેવે આપની પાસે મોકલ્યો છે. તડ અને ફડ કરવાના સ્વભાવનો ભોજને પણ સારામાં સારો પરિચય હતો. એથી જરાય મિજાજ ગુમાવ્યા વિના એમણે પૂછ્યું : શું ગુજરાતની આટલી બધી જોરદાર તૈયારી છે ! સાંભળ્યું છે કે, ગુજરાતમાં તો દુકાળની ફાળ

આગળ ને આગળ વધી રહી છે !

'અરે ! મહારાજ ! દુકાળ છે, એની તો ક્યાં કોઈ ના પાડી શકે એમ છે ! પણ ગુજરાતના સમૃદ્ધ કોઠારો અને સરોવરો સામે આવા દુકાળનું શું ગજું કે, એ દેશને દુબળો બનાવી જાય ! ગુજરાત પાસેની સમૃદ્ધિની માળવાને તો કલ્પનાય ક્યાંથી આવી શકે ? આવા એક નહિ, દસ દસ દુકાળો એક સામટા આવે, તોય ગુજરાત ગૌરવભેર ખડું રહેવા સમર્થ અને સજ્જ છે ! માટે આપ દુકાળની ચિંતા કરીને, આ વિજય-યાત્રાની વાટને બદલવાના કોઈ વિચારને જરાય અવકાશ ન આપતા ! આપ છાતી પર હાથ મૂકીને, મને પૂરેપૂરો વિશ્વસ્ત બનાવો કે, આ વિજયયાત્રાની વાટ નહિ જ બદલાય, તો જ મને સંતોષ થાય કે, ગુજરાતના કાંડામાં લડાઈ લડી લેવાની જે ચળ ઉપડી છે, એ હવે જરૂર વિના વિલંબે સંતોષાશે !

ગુજરાતના આવા અણનમ ગૌરવપર ભોજ મનોમન અહોભાવ અનુભવી રહ્યા, એમણે કહ્યું કે, ગુજરાતનું રણાતિથ્ય માણવા તો હું આ કાફલા સાથે ઉપડ્યો છું, એથી વાટને બદલાવાનો તો કોઈ સવાલ જ ક્યાં રહે છે !

'તો તો સારું, ભોજરાજ ! બાકી રાજાઓનું કંઈ કહેવાય નહિ, આથી ય મોટો વિજય મેળવવાની આશા બંધાય, તો એમને રણવાટ બદલી લેતા કોણ રોકી શકે ? જેનું આતિથ્ય સ્વીકારી લીધું હોય, એના પીરસેલાં ભાણાં પડ્યા રહે, એનો વિચાર પણ એમને ન આવે ! આ આપની વાત નથી હો; ખોટું લાગ્યું હોય, તો માફ કરજો. બાકી રાજ-સ્વભાવ આવો હોય છે, એવો મારો અનુભવ છે.'

ડામરે ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું. રાજા ભોજ પણ આજે મોજમાં હતા. એમણે કહ્યું : એક વાત પૂછું ?

'એક જ શા માટે હજાર પૂછો ને ? આ ડામર જવાબ આપવા તૈયાર છે. આવા જંગલમાં વાતો સિવાય સમય પસાર કરવા વળી બીજો કોનો આશરો લઈ શકાય ?

ડામરે જ્યારે પૂરી તૈયારી બતાવી, ત્યારે ભોજે કટાક્ષના બાણ છોડતો પ્રશ્ન પૂછ્યો : સાંભળ્યું છે કે ગુજરાતનું રાજ્ય બહુ વિશાળ છે, તો 'સંધિવિગ્રહિક'ના વિભાગમાં તમારા જેવા કેટલાને ભીમરાજે ભેગા કર્યા છે ?

રાજાનો કટાક્ષ એવા ભાવનો હતો કે, ભીમરાજે શું આવા કદરૂપા સંધિવિગ્રહિકો જ ભેગા કર્યા છે ? આ કટાક્ષને સમજી જઈને ડામરે જવાબ વાળતા કહ્યું :

'મહારાજ ! ભીમદેવે પોતાના સંધિવિગ્રહિકોને અધમ, મધ્યમ અને ઉત્તમ :આ વિભાગમાં વિભાજિત કર્યા છે અને જેવો રાજા હોય, એવી કક્ષાના સંધિવિગ્રહિકોને એઓ મોકલતા હોય છે. આમ, અમારા રાજાના સંધિવિગ્રહિકો તમારા જેવા રાજાઓને પોતાનું સ્વરૂપ જોવા અરીસાની ગરજ સારે એવા હોય છે. બોલો, હવે બીજું કંઈ પૂછવું છે ?

ડામરના આ જવાબમાં જબરો કટાક્ષ હતો. ભોજ વિચારી રહ્યા કે, આ ડામરે તો મને અધમ-કક્ષાનો સાબિત કર્યો. શું હું રૂપમાં કદરૂપો છું કે, મારી સામે આવા કદરૂપા ડામરને રવાના કર્યો !

ભોજ મૌન થઈ ગયા. વધુ બોલીને બંધાવામાં મજા નહોતી. વિજય કાજે અવંતિથી રવાના થયેલ એ યાત્રા ત્યાં લગી આવી પહોંચી, જ્યાંથી ગુજરાતના મુખ્યમાર્ગથી અન્ય અન્ય દેશો તરફ જવાના રાહ ફંટાતા હતા. આ સ્થળે બે દિવસનો મુકામ નક્કી થયો. બીજા દિવસની રાતે એકાએક એક નાટકમંડળીનું આગમન થયું. એણે રાજા ભોજ સમક્ષ 'તિલંગાધિપતિ'નામનું નાટક ભજવવાની અનુજ્ઞા માંગી. તિલંગનું નામ સાંભળતા જ ભોજરાજની સમક્ષ તૈલપ અને તૈલપે પોતાના કાકા મુંજરાજને કેદ કરીને ગુજારેલા સિતમો યાદ આવ્યા. એથી આ નાટક જોવાની ઉત્કંઠા એઓ રોકી શક્યા નહિ. અનુજ્ઞા મળતા જ નાટક શરૂ થયું. ડામરને ભોજરાજાની પાસે જ બેઠક મળી હતી.

રાત જેમ આગળ વધવા માંડી, એમ નાટકનો રસ બરાબર

જામવા માંડ્યો : મુંજરાજ અને તૈલપ વચ્ચેનું ખૂનખાર યુદ્ધ ! મુંજરાજના સાહસનું ભવ્ય-દર્શન ! જંગ જામતા જ તૈલપની મુઠ્ઠીમાં પકડાયેલાં મુંજરાજ ! એમનો કેદવાસ ! સુરંગ દ્વારા થયેલા મુક્તિના પ્રયાસને, તૈલપની બહેન અને મુંજની પ્રેમિકા મૃણાલવતીની કપટલીલાએ અપાવેલી કારમી નિષ્ફળતા અને ત્યાર બાદ ઘરઘરમાં ભીખ માંગતા ભિખારી રૂપે મુંજરાજનું ચિત્રણ: અંતે ફાંસીના માંચડે મુંજરાજનું મરણ !

આ બધી દૃશ્યાવલિ જોતાની સાથે જ ભોજરાજા વીર અને વેરના રસથી ઘેરાઇને વિચિત્ર લાગણીઓ અનુભવી રહ્યા. એમાંય છેલ્લે તૈલપદેવનું જે હૂબહૂ દર્શન નાટકિયાએ કરાવ્યું, એ જોઇને ભોજ બોલી ઉઠ્યા : ડામર ! નાટક મંડળીએ આ પાત્ર તો આબાદ ભજવ્યું !

ડામરે તરત છણકો કરતા કહ્યું : મહારાજ નાટકમંડળી આપની દૃષ્ટિએ હોશિયાર હશે ? પણ એણે એક મોટી ભૂલ કરી છે. તૈલપદેવ ત્યારે જ બરાબર ચિત્રિત થયા ગણાય કે, જ્યારે એમના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં મુંજદેવનું ધડથી અલગ કરાયેલું માથું હોય ! મુંજના માથા વિનાના તૈલપને ઓળખતા જરા મુશ્કેલી પડે છે, જો આ રીતે મુંજનું માથું હાથમાં મૂકવામાં આવ્યું હોત, તો તો તૈલપનો આ અભિનય ખરેખરે હૂબહૂ ગણાત !

ડામરે ખરો ટોણો માર્યો, હતો ! આમ કહીને એણે રાજાભોજની નસેનસમાં વેર લેવાના ખુન્નસને વહેતું કરી દીધું.

રાજાભોજને એ ઘડી ક્ષણ યાદ આવ્યા, જ્યારે એમણે પોતે ભરી સભામાં કાકા મુંજરાજને કેદ કરનાર તૈલપને તલવારના વારે ઉડાડી મૂકવાની પ્રતિજ્ઞા સ્વીકારી હતી ! પણ એક પછી એક સંજોગો એવા આવ્યા કે, એ પ્રતિજ્ઞા વીસરાતી ગઇ ! આ નાટક અંગે ડામરે કરેલી ટકોરથી એ પ્રતિજ્ઞાનો શબ્દેશબ્દ પુનઃ તાજો થઇ ગયો અને વેરની વસૂલાત લેવાના ખુન્નસથી ખળભળી ઉઠતા ભોજ વચારી રહ્યા કે, તો

''મારો ખરો દુશ્મન તો તૈલપ છે, ગુજરાતે મારો કોઇ મોટો ગુનો કર્યો નથી. માટે મારે પહેલા તૈલપની ખબર કાઢી નાખવી

જોઇએ. જેથી મારી પ્રતિજ્ઞા પૂરી થાય અને એ પુરાણા વેરની વસૂલાત પણ થાય.'

ભોજરાજાના લોહીનું બુંદેબુંદ 'વેર-વેર' ના પ્રચંડ પોકારોથી ખળભળી ઉઠ્યું હતું. એથી એમણે તરત જ આદેશ આપી દીધો કે, આપણી વિજય-યાત્રાને સૌ પ્રથમ તિલંગદેશ તરફ વાળો !

સંધિવિગ્રહિક ડામર ત્યાં હાજર હતો. એણે કહ્યું : મહારાજ ભોજ ! આપના આ નિર્ણયની અનુચિતતા અંગે તો મારાથી કેમ કંઇ કહી શકાય ? કારણ કે સાંભળવા મુજબ હજી પણ તૈલપે મુંજરાજનું એ મસ્તક ફાંસીના માંચડે લટકાવેલું રાખ્યું છે. રોજ એની પર એ દહી રેડાવે છે, એથી રોજ એની પર કાગડાઓ આવીને બેસે અને ઉજાણી ઉડાવે. માટે આપ કાકાના વેરની વસૂલાત લેવાના જે વિચાર પર આવ્યા છો, એને મારાથી અનુચિત કે અયોગ્ય તો કેમ જ કહેવાય ? પણ ગુજરાતની અમારી તૈયારીનું શું ? ગુજરાતી બચ્ચો, તલવારના તોરણ બાંધીને સમરાંગણમાં આપને સત્કારવા થનગની રહ્યો છે એનું શું ? આ સંગ્રામ માટે તો સૌ એટલા બધા ઉત્સુક છે કે, આપ તિલંગ તરફ જાવ, તો અપયશનો ટોપલો સૌ મારી પર ઢોળે કે, આ ડામરે કંઇ અડપલું કર્યું હશે, તેથી રાજાભોજે રણવાટ બદલી હશે ?

રાજાભોજે મંત્રીમંડળ સામે પ્રશ્નસૂચક નજર કરી, તો જવાબ મળ્યો કે, મહારાજ ! અત્યારે તો તૈલપ સામે જ તલવાર તાણવા જેવી લાગે છે. સંધિવિગ્રહિક આ ડામર હાજર છે, અને અહીંથી જ હવે તિલંગની વાટ ફંટાય છે. માટે સંધિના જૂના કોલ-કરારને દૃઢતાથી વળગી રહેવાનો નિર્ધાર લેખ અને મૈત્રી-સૂચક ભેટણું, આ ડામરને આપીને આપણે કાલે જ તિલંગ તરફ પ્રયાણ કરી દઇએ !

ભોજરાજે આ વાતને વધાવી લીધી. ડામરે દિલગીરીનો ભાવ વ્યક્ત કરતા કહ્યું : મહારાજ ! આપની સમક્ષ પરિસ્થિતિ જ એવી ઉભી થઇ છે કે, રણવાટ બદલવી પડે ! બાકી આ સમાચાર લઇને ગુજરાત જતા મારું મન માનતું નથી. ગુજરાતના બધા મનોરથો આ સમાચાર

સાંભળતા જ માટીમાં મળી જશે. પણ મિત્રરાજ્ય તરીકે આટલી સહાનુભૂતિ દાખવવા અંગે ગુજરાતને સમજાવવા પ્રયાસો કરવા જ પડશે, એ કરીને પણ હું અવશ્ય ગુજરાતને મનાવી લઇશ.

બીજા દિવસની સવારે રાજાભોજની વિજય-યાત્રાની વાટ બદલાઇ અને ડામર ગુજરાત તરફ રવાના થયો. ત્યારે એ મૂછમાં હસી રહ્યો હતો. આ નાટકનું નાટક રચવામાં ડામરનો હાથ હતો, એ તો માલવપતિ ભોજરાજ સિવાય કોઇને પણ વિના કહ્યે સમજાઇ જાય એવી વાત નહોતી શું?

□

# બુદ્ધિર્યસ્ય બલં તસ્ય

## [૧૯]

**જીવનના** અગણિત-ક્ષેત્રોમાં વિવિધ ખેડાણ કરનારી વ્યક્તિઓના હાથમાં ક્યારેક એકાદ તક એવી આવી જતી હોય છે કે, એ તકે કરાવી આપેલી કીર્તિ કમાણીનું પ્રમાણ એટલું બધું મોટું હોય છે કે, એમાંથી આજીવન-નિર્વાહ ચાલી શકે અને ઘણીવાર એ કમાણી એવી એવી નવી કમાણીને આકર્ષતી રહે કે, એના દ્વારા પેઢીની પેઢીઓ સુધીની વંશ-પરંપરા સુખેથી જીવન-નાવ હંકારી શકે.

સંધિવિગ્રહિક ડામરના જીવનમાં ભોજની વિજયયાત્રાને તિલંગ તરફ વળાવી આવવાની બુદ્ધિકળાના દ્વારેથી આવી તકે પ્રવેશ મેળવ્યો અને એથી મહારાજ ભીમદેવ એની પર એટલા બધા ખુશ થયા કે, કીર્તિ અને કંચનના બે હાથથી એમની કૃપા ડામર પર વરસી રહી. થોડા વખતમાં તો ડામરનું આ પરાક્રમ ગુજરાતના ગામડે ગામડે પ્રસિદ્ધિ પામી ગયું.

મંત્રી નેઢ અને દંડનાયક વિમલ જેવા અગ્રણીઓ પણ ડામરની કપટ-કુશળતા પર વારી ગયા અને આ બનાવ પછી ડામરનું સ્થાન-માન ભીમદેવની રાજ્યસભામાં પણ વધી ગયું. આ વાતને વરસો વીતી ગયા. આ ગાળામાં પોતાની બુદ્ધિના બળથી ડામરે ગુજરાતની ઘણી સેવા બજાવી તેમજ દેશોદેશમાં ગુજરાતનો ગૌરવ-ધ્વજ અણનમ લહેરાતો રાખવામાં ખૂબ યશસ્વી ફાળો આપ્યો.

ભીમદેવ ડામરના બુદ્ધિબળ પર જેટલા ખુશ હતા, એટલા જ એના આખા બોલાપણાના અવગુણ પર નાખુશ હતા. પણ આ નાખુશી

વ્યક્ત કરાય, એવી નહોતી, કારણ કે વાતે વાતે ડામરની જરૂર પડતી હતી, છતાં પણ એવો કોઇ બોધપાઠ મળે, અને આ અવગુણ ડામરમાંથી વિદાય થઇ જાય, એવી તક તો ભીમદેવ ગોતતા જ હતા.

એકવાર ડામરને અવંતિની રાજ્યસભામાં મહત્વના કારણોસર મોકલવાનું નક્કી થયું. આ અંગેની બધી સમજાવટ આપીને ભીમદેવે ડામરને રજા આપી. પણ ભીમદેવની દૃષ્ટિએ અવંતિ-ગમન પાછળનું પ્રયોજન ખૂબ જ મહત્ત્વનું હતું, એથી કંઇક યાદ આવતા ડામરને ફરી બોલાવીને એમણે પુનઃ જરૂરી સલાહસૂચના આપી. ડામરને થયું કે, આટલી સામાન્ય સૂચના શું હું ન સમજી શકું? છતાં એ મૌન રહ્યો અને વિદાય થયો. થોડી પળો બાદ ભીમદેવે એને બોલાવીને ફરી કંઇક સૂચવ્યું. આવું બે ત્રણ વાર બનવા પામ્યું, એથી ડામરને ભીમદેવની બાળબુદ્ધિ પર હસવું આવ્યું .એણે કહ્યું : મહારાજ ! હવે કંઇ શીખામણ આપવાની બાકી રહેતી હોય, તો આપી દો. જેથી હું જલદી માળવા તરફ પ્રયાણ કરી શકું.

રાજાએ જ્યારે કંઇ ન જણાવ્યું, ત્યારે પોતાના કપડાં ખંખેરીને ડામર ઊભો રહ્યો રાજાએ સાશ્ચર્ય પૂછ્યું : આમ કપડા ખંખેરવાનું કંઇ કારણ?

ડામર જરા ગુસ્સામાં હતો, એણે કહ્યું : મહારાજ ! શેઠની શીખામણ તો ઝાંપા સુધી લઇ જવા જેવી પણ હોય છે, પણ આપે આપેલી આ બધી સલાહ-શીખામણો જો સાથે લઇને જાઉં, તો આપનું પ્રયોજન જ સિદ્ધ ન થાય, માટે આપે સમજાવેલું-સંભળાવેલું બધું અહીં ખંખેરીને જ મારે જવું પડે એમ છે. શીખવેલું ત્યાં કામ ન લાગે, એ તો ત્યાં ત્યારે જે યોગ્ય લાગે, એ બોલવું પડે. પડશે એવા દેવાશે,આ વાતનો જાણકાર જ એલચી તરીકે શોભી શકે !

તીખા તમતમતા કટાક્ષ-બાણ છોડીને રાજાના હૈયામાં રોષાગ્નિ પેટાવીને ડામર રવાના થયો. એણે આટલું કહીને રાજાને કહેવામાં કંઇ બાકી રાખ્યું નહોતું. રાજા કરતા કોઇ શેઠની શીખામણ વધુ ગ્રાહ્ય

હોવાનું જણાવીને તો એણે ભીમદેવનું હડહડતું અપમાન જ કર્યું હતું, એથી સળગી ઉઠેલા રાજાએ તરત જ એક બીજા દૂતને ટૂંકા રસ્તે માળવા તરફ રવાના કરીને, એની સાથે એક વિચિત્ર સંદેશો ભોજ પર લખીને મોકલ્યો. ભીમદેવ એવા ગુસ્સામાં હતા કે, પોતાના પ્રયોજનની અગત્યતા ભૂલી બેઠા અને ડામરને બોધપાઠ આપવાનો મુદ્દો મુખ્ય બની બેઠો.

ડામર થોડા દિવસની મુસાફરીને અંતે રાજા ભોજની સભામાં જઇ ઊભો. ગુજરાતની કોઇ વાત એ રજૂ કરે, એ પૂર્વે તો પોતાની પર ભીમદેવનો આવી ગયેલો એક વિચિત્ર સંદેશો, ડામરના હાથમાં આપતા ભોજે સાશ્ચર્ય પૂછ્યું કે, આ સંદેશો રાજા ભીમદેવનો જ લાગે છે ને ? ડામર એ સંદેશ વાંચીને ખુશખુશ થઇ ગયો. એમાં લખ્યું હતું કે, રાજવી ભોજ ! અમારી આજ્ઞાથી એક અગત્યના પ્રયોજન માટે ડામર ત્યાં આવવા રવાના થઇ ગયો છે. પણ અમે એની પર રોષે ભરાયા છીએ, એથી આ સંદેશ દ્વારા જણાવીએ છીએ કે, તમે એનો વધ કરી-ને, એક મિત્રરાજ્ય તરીકેનું આ કર્તવ્ય અવશ્ય અદા કરજો !

આંખમાંથી આંસુઓની સરવાણી ખેંચી લાવે, એવું આ ફરમાન હોવા છતાં ડામરે ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરીને કહ્યું : મહારાજ ભોજ ! પ્રાણપ્યારી જન્મભૂમિની સેવા કાજે શહીદ થવાનો આવો અવસર મને ફરી ક્યારે મળવાનો હતો ? માટે હું ઇચ્છું છું કે આપ આ ફરમાનનો અમલ જેટલો વહેલો કરશો, એટલો હું વહેલો કૃતાર્થ અને ધન્ય બનીશ. માટે આપ તલવાર તાણો, હું મારું માથું આપને આધીન કરવા અધીરો બન્યો છું.

આખી સભામાં આશ્ચર્ય ફેલાઇ ગયું કે, ડાહ્યો આ ડામર આજે આવો પાગલ કેમ થઇ ગયો ? આની વાત આજે મોં-માથા વિનાની કેમ લાગે છે ! આ રીતે મરવાને અને જન્મભૂમિની સેવાને શો સંબંધ હોઇ શકે ? સૌની આંખ અને સૌના અંતર આશ્ચર્યના તરંગો પર તરી રહ્યા હતા. ત્યાં તો ડામરે નવો ગપગોળો ગબડાવતા સાવ સહજ ભાવે કહ્યું

કે, નક્કી મારા જન્માક્ષર ભીમદેવને મળી ગયા હોવા જોઇએ ! ઓ મારા જન્માક્ષર ! તને પણ ઝાઝાં જુહાર ! કેમકે તારા પ્રભાવે જ મારે માટે આજે જન્મભૂમિની જાહોજલાલી કાજે ફના થઇ જવાની અને એથી જ મોતને મહોત્સવ માનીને માણવાની ધન્ય-ઘડી ઉપસ્થિત થઇ !

રાજા ભોજ હવે મૌન ન રહી શક્યા. એમણે ડામરને કહ્યું : તમે જરા વિગતવાર વાત કરો. તો કંઇ સમજણ પડે. તમારી વાતના અંકોડા અમારા મનમાં જોડાવા જોઇએ ને ? માટે પહેલાં બધી વાત કરો, પછી આ ફરમાન અંગે વિચારીશું !

ડામરે કહ્યું : મહારાજ ! આમ નહિ. પહેલા આપ મને આ ફરમાનનો વહેલી તકે અમલ કરવાની બાંહેધરી આપો, પછી હું આ બધી વાતનો બરાબર મેળ બેસાડી આપું ! મારે મન આજે મરવાનું મહત્વ વધુ છે, માટે આપ આ વાત કબૂલો, પછી હું મારા મૃત્યુના રહસ્યને ખુલ્લું કરીશ !

ભોજને તો ગમે તે રીતે આ રહસ્ય જાણવું હતું. એમણે કહ્યું : એમ તો એમ, પણ તમે એકવાર આ બધી ચોખવટ કરો.

ભોજ તરફથી આવી બાંહેધરી મળ્યાથી સંતોષનો ભાવ વ્યક્ત કરતા ડામરે કહ્યું : મહારાજ ! વાત જાણે એવી છે કે, મારા જન્માક્ષરમાં એવું લખ્યું છે કે, આ માણસનું લોહી જ્યાં રેડાશે, ત્યાં બાર વર્ષનો દુકાળ પડશે. એથી રાજા ભીમદેવે ગુજરાતની સામે વાતેવાતે અડપલાં કરનારા માલવની મહત્તાને વિના સંગ્રામે, માટીમાં મેળવવા આ યુક્તિ અજમાવી લાગે છે. અહીં મારું લોહી પડશે, એનો મને આનંદ છે, કારણ કે ગુજરાતની માભોમ કાજે આવું મૃત્યુ તો કોકને જ મળે. આ રીતે મરવા માટે તો ભાગ્ય જોઇએ. બોલો, રાજાભોજ ! હું મોજથી મરવા તૈયાર થયો છું અને વધેરાઇ જવા અધીરો બન્યો છું, એ યોગ્ય છે કે નહિ ?

એક ગુજરાતીની આવી વતન-ભક્તિ જોઇને ભોજ મોજમાં

આવી ગયા. એણે કહ્યું : ધન્ય છે ગુજરાતને કે, જેણે મા-ભોમ કાજે મરી ફીટનારા આવા મહારથી-મર્દોને જન્મ આપ્યો ! ડામર ! તમારી આવી આદર્શ ભક્તિમાંથી માલવાએ ઘણું ઘણું શીખવા જેવું છે.

ડામરે કહ્યું : મહારાજ ! હવે મીઠી મીઠી વાતો કરવી રહેવા દો. મેં મારું વચન બરાબર પાળ્યું, હવે આપ તલવાર તાણો, પળનોય વિલંબ હવે મને પાલવે એવો નથી. ભવોભવના ભાગ્ય જાગ્યા પછી આવી પુણ્ય-તક મળી છે. એને આવકારવામાં પળનોય વિલંબ કેમ સહી શકાય ?

રાજા ભોજની સ્થિતિ તો સૂડી વચ્ચે સોપારી જેવી થઇ ગઈ! વચન પાળવા જાય, તો માળવાની ધરતીને દુકાળની કાળઝાળ આગમાં ઝીંકવાનું થાય અને માળવાને આ આગથી બચાવવા જાય, તો ડામરને આપેલું વચન તોડવું પડે ! એથી એમણે કહ્યું : ડામરભાઇ ! તમારી બુદ્ધિ વખણાય છે. અને મારા માટે એક તરફ વાઘ અને બીજી તરફ નદી જેવો ઘાટ ઘડાયો છે. આમાંથી મને જો બચાવી શકો, તો તમે જ બચાવી શકો. તમને ન મારું તો ગુજરાતનો કોપ ઉતરે, મારું, તો માળવાની મહાનતા પર દુકાળનો કોપ ઉતરે ! માટે કંઇક રસ્તો કાઢો. જેમ તમને તમારી જન્મભૂમિ તરીકે ગુજરાતનું ગૌરવ હોય, એમ અમનેય માલવ તરફ માનની લાગણી હોય, એ તમે સમજી શકો એમ છો !

ડામરે હવે વાતને વળાંક આપતા કહ્યું : મહારાજ ભોજ ! આ વાતનો તો કોણ ઇન્કાર કરી શકે એમ છે ! અમે ગુજરાતના ગાણા ગાઇએ, એમ માલવીઓમાં માલવાની મહાનતા કાજેનું ગૌરવ તો હોવું જ જોઇએ, અને એક મિત્ર-રાજ્ય તરીકે માલવાની સાવ ઉપેક્ષા તો મારાથી પણ કઇ રીતે થઇ શકે ? જો આપની આવી જ ઈચ્છા હોય, તો આ બંદાને માટે ભીમદેવને સમજાવી લેવા, એ રમત વાત છે ! હું એવી બાજી રચીશ કે, જેથી લાકડી ભાંગે નહિ ને સાપ મરે નહિ !

રાજા ભોજે ખુશ થઇને ડામરને ઇનામ- અકરામથી લાદી દેતા કહ્યું કે, દાનો દુશ્મન તે આનું નામ ! ડાહ્યો દુશ્મન પણ સારો, ગાંડો

મિત્રય નકામો ! આ કહેવત આજે માળવા માટે તો અક્ષરશઃ સાચી પડી રહેલી જણાય છે !

આખી સભામાં આનંદ આનંદ છવાઇ ગયો. ડામર જે મુખ્ય કામ માટે આવ્યો હતો, એ કામ પતાવીને ચાર-પાંચ દિવસ પછી એણે ગુજરાતની વાટ પકડી. એને બરાબરનો ખ્યાલ આવી ગયો હતો કે, શેઠની શીખામણનું જે નાગું સત્ય મેં ભીમદેવને સંભળાવ્યું હતું, એનો ગુસ્સો જ ભીમદેવે આ રીતે ઠાલવ્યો હોવો જોઇએ. એથી પોતાની બુદ્ધિના પ્રભાવનું પ્રદર્શન કરાવવા ઝડપી-ગતિએ એ પાટણ પહોંચી ગયો. મોતના મોમાંથી ઇનામ-અકરામ લઇને છટકી આવેલા ડામરને, ભીમદેવ ફાટી આંખે જોઇ જ રહ્યા. અને એની બુદ્ધિ-ચાતુરી પર સૌ વારી ગયા. આખી ઘટના સાંભળીને તો સૌ છક્ક જ થઇ ગયા.

આ બનાવ પછી થોડા દિવસો સુધી તો ડામરે રાજા ભીમદેવની આમન્યા બરાબર જાળવી. પણ પાછા મૂળ સ્વભાવ પર આવી જતા એને વાર ન લાગી. એથી એકવાર બરાબરનો પાઠ ભણાવવાની મુરાદ સાથે એક ડબ્બી ડામરના હાથમાં સોંપીને ભીમદેવે કહ્યું કે, આ ભેટણું રાજા ભોજને પહોંચાડવાનું છે. તેમજ એઓ ભરી-સભામાં આને ખોલે, એવી મારી અગત્યની સૂચના પણ આપવાની છે.

ડામરના મનમાં થયું કે, શું આ એક ભેટણું પહોંચાડવા માટે મારે જવાનું ! પણ રાજાની સામે શું બોલાય ! ડામર દિવસોની મુસાફરીને અંતે ધારાનગરીમાં પહોંચ્યો અને ભરી-સભામાં ભીમદેવે પાઠવેલા એ ભેટણાને ભોજના હાથમાં મૂકતા એણે કહ્યું કે, મહારાજ ! ખાસ આ ભેટણું આપવા જ હું આવ્યો છું. ગૂર્જરેશ્વરે ખાસ જણાવ્યું છે કે, ભરી-સભામાં જ આ ભેટણું ખોલવું !

આખી સભાની આંખ એ ભેટણા તરફ ચોંટી ગઇ. રાજાએ ભેટણું ખોલ્યું, મખમલના બંધનમાં વીંટળાયેલી એક સુવર્ણ-ડબ્બી જોઇને સૌનું કુતુહલ ઓર વધી ગયું કે, અંદર શું હશે ? રાજાએ પણ

આશાભર્યા અંતરે એ ડબ્બી ખોલી, તો ડબ્બીમાં ભરેલી રાખ કપડા ઉપર પડતા એઓ એકદમ ઝંખવાણા પડી ગયા, સભામાં ક્રોધ વ્યાપી ગયો. શૂરાઓએ તલવાર તાણીને કહ્યું : ડામર ! આ તે કંઇ મુજરો છે કે મશ્કરી ? ગૂર્જરાધિપતિ આવી મશ્કરી કરે, એવી શક્યતા ઓછી છે. માટે તમારું જ આ અડપલું હોવું જોઇએ.

ભોજની આંખમાં પણ આગ ભભૂકી રહી હતી. એઓ બોલ્યા : ગુજરાતને હમણા ઘણા ઘણાએ છાપરે ચડાવ્યું છે.એથી ગર્વિષ્ઠ બનેલું ગુજરાત માલવાની આવી મશ્કરી કરીને સ્વનાશ નોંતરવા બેઠું હોય એમ લાગે છે : રાજાએ તો આવી મશ્કરી કરી, પણ આ ડામરનો પણ આમાં હાથ લાગે છે, નહિ તો એ આવું ભેટણું આપવા માટે જ અહી આવવાની વાત સ્વીકારે ખરો ?

ડામરની આંખમાંય ઊંડે ઊંડે આશ્ચર્ય હતું. છતાં થોડી જ પળોમાં પરિસ્થિતિનો તાગ પામતા એને વાર ન લાગી. એને થયું કે, મને ફજેત કરવાની અથવા તો ભોજના ક્રોધની આગમાં મને હોમી દેવાનું નકકી આ એક કાવતરું જ હોવું જોઇએ. પણ આ બંદાને કોણ પહોંચે એમ છે ? એણે વળતી જ પળે હસતા હસતા કહ્યું કે, મહારાજ ! આ બાળકોની સભા છે કે બુદ્ધિમાનોની ? એક રાજા બીજા રાજાને આવી ચીજ ભેટણા રૂપે મોકલતા હોય, તો એની પાછળ કોઇ રહસ્ય હોવું જ જોઇએ. એટલો વિચાર તો એક નાનો બાળક પણ કરી શકે છે. મારો આ પ્રશ્ન છે જ્યારે અહીં તો તલવાર તાણીને બધા ઊભા થઇ ગયા છે ! આ કંઇ તલવાર તાણવાનું રણમેદાન થોડું જ છે ?

સૌ ઠંડાગાર થઇ ગયા. પોતાની ઉતાવળી વૃત્તિ પર બધા ભોઠપ અનુભવી રહ્યા, રાજા ભોજે સાહજિકતાથી પૂછ્યું : ડામર ! આ રાખ પાછળનું રહસ્ય જાણવા સૌ આતુર છે.

''મહારાજ ! રાખ નહિ, પણ ભસ્મ બોલો ! અમારા મહારાજાએ થોડા સમય પહેલા 'કોટિહોમ' યજ્ઞ કરાવ્યો હતો. આજે આવા યજ્ઞો જવલ્લેજ યોજાતા હોય છે. એથી એક મિત્ર-રાજ્ય તરીકે

મહારાજ ભીમદેવે આપને ખાસ યાદ કરીને એ યજ્ઞની ભસ્મ આ સુવર્ણ-ડબ્બીમાં ભરીને પાઠવી છે. રાખને કોઇ આવી રીતે શણગારે ખરું ? આટલોય વિચાર આ સભામાં કોઈને ન આવ્યો ?

ડામરે જબરો ટોણો માર્યો. થોડીવારમાં તો એ ભસ્મને માથે ચડાવવા મેળો જામી ગયો અને આવી પવિત્ર-ભસ્મ આણવા બદલ ભોજે ડામરના શરીરને આભૂષણોથી ભરી દીધું. થોડા દિવસ રહીને ડામર ગુજરાત જવા નીકળ્યો. પાટણ પહોંચીને ભીમદેવના ચરણ ચૂમતા એણે કહ્યું : આપનો આ ચાકર, ભોજ રાજાને આપનું ભેટણું આપીને અને એના બદલામાં આવું ઇનામ-અકરામ પામીને આવી પહોંચ્યો છે. હવે આવું કંઇ કાર્ય હોય, ત્યારે આ સેવકને જરૂર વિના સંકોચે યાદ કરવા વિનંતિ.

રાજા ભીમદેવ ડામરની વાત સાંભળીને વિમાસણ અનુભવી રહ્યા. પણ જ્યારે વિગતવાર આખી ઘટના જાણી, ત્યારે તેઓ ડામરની પીઠ થાબડ્યા વિના ન જ રહી શક્યા : ભાઇ ! આનું નામ જેની બુદ્ધિ, એનું બળ ?

●

પાટણના પાદરે સરસ્વતી નદીના જળ અવિરત વહી રહ્યા હતા, એથી વધુ ઝડપે સમયની સરિતા વહી રહી હતી. સિંધ અને ચેદિ પર જવલંત-વિજયો મેળવ્યા બાદ બીજા બીજા પણ અનેક યુદ્ધો જીતવામાં દંડનાયક વિમલે પોતાની અજોડ બાણવિદ્યાનું પરાક્રમ બતાવ્યુ હતું,અને ગુજરાતના ગૌરવને એક એવી ચરમ-સીમાએ પહોંચાડ્યું હતું કે, એથી ખુશ થઇને નાડોલપતિ ને દિલ્હીપતિ જેવા અન્ય અન્ય રાજાઓએ પણ દંડનાયક વિમલને સુવર્ણ જડિત સિંહાસન અને છત્ર આદિ ભેટ રૂપે આપ્યા હતા. આમ, તાજ વિનાના રાજા તરીકે દંડનાયક વિમલની કીર્તિનો ચાંદ બીજના ચંદ્રની જેમ દિવસે દિવસે વધુ ખીલી રહ્યો હતો.

ગૂર્જરપતિભીમદેવનું નામ-કામ ત્યારે એક પરાક્રમી-રાજવી

તરીકે ખૂબ જ મશહૂરતા પામી રહ્યું હતું. એમની પરાક્રમી-વૃત્તિ કથાઓ બનીને દેશભરમાં ફેલાઇ રહી હતી. દામોદરમહેતાના પૂરા પ્રયત્નો હોવા છતાં ભીમદેવના રાજ્ય દરબારમાં દંડનાયક વિમલનું સ્થાન-માન જરાય ઓછાશ નહોતું પામી શક્યું. ભીમદેવ અંતરથી માનતા હતા કે, ગૂર્જરનું ગૌરવ વધારવામાં મંત્રી નેઢ ને દંડનાયક વિમલનો ફાળો અમૂલ્ય છે. આમ છતાં ભીમદેવનું એક ચિરસેવિત-સ્વપ્ન હજી પણ અફળ જ રહેવા પામ્યું હતું. એ સ્વપ્ન હતું: 'અવંતિ-વિજય'નું ! એઓ એકવાર પણ ભોજરાજને હરાવીને અપ્રતિમ પરાક્રમીનું બિરૂદ પામવા માંગતા હતા. અને આ માટે માળવાનું વાતાવરણ અવાર-નવાર જાણવા મળ્યા કરે, એ માટે છેલ્લાં કેટલાંય વર્ષોથી તેઓએ સંધિવિગ્રહિક-ડામરને એલચી તરીકે લગભગ ધારાનગરીમાં જ રાખવાનું નક્કી કર્યું હતું.

ચિર-દૃષ્ટ આ સ્વપ્ન સાકાર થવાની, હૈયા ધારણ મેળવી શકાય, એવા સમાચાર એક દહાડો એકાએક જ આવ્યા : ડાહલ-દેશના રાજા કર્ણે અવંતિ સામે યુદ્ધ જાહેર કર્યું હતું. એણે ખુલ્લં-ખુલ્લી હાકલ કરી હતી કે, રાજવી ભોજ! તમે ૧૩૭ રાજાઓના સ્વામી છો અને અનેક બિરુદોના ધારક છો. માટે કાં આ બધાની માલિકી મને સોંપી દો, કાં મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ જાવ.

આ સમાચાર મળતા જ રાજા ભીમદેવે શત્રુના શત્રુને મિત્ર માનવાની નીતિ અખત્યાર કરવાનો વિચાર કર્યો અને ચતુર-દૂત દ્વારા કર્ણને કહેવડાવ્યું કે અવંતિ સાથે ગુજરાતને પણ બાપે માર્યા વેર ચાલ્યાં આવે છે. માટે તમે સંમત થતા હો, તો આપણે બંને ભેગા થઈને ભોજની સામે પડીએ.પછી અવંતિની તાકાત નથી કે, એ 'સ્વતંત્રતાના ધ્વજ'ની પક્કડ ટકાવી શકે ! માળવાને જીતીને આપણે અડધું વહેંચી લઇશું.

કર્ણને પણ સહાયની થોડીઘણી અપેક્ષા તો હતી જ. એથી એણે ભીમદેવનો આ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને સંયુક્ત-સંગ્રામ જાહેર

થયો. એટલામાં એક દહાડો ધારાનગરીમાં રહેતા ડામરે પણ એક સાંકેતિક-સંદેશો પાઠવ્યો કે, આમ્ર-ફળ પાકી ગયું છે, એના ડીંટા ઢીલા પડી ગયા છે અને હવા જોરશોરથી ચાલી રહી છે. હવે આનું ભાવિ પરિણામ શું આવશે. એની કોઇ ખબર નથી ! ભીમદેવને થયું કે, આ સમાચાર માળવાની વર્તમાન-દશા તરફ સંકેત કરી જાય છે. અત્યારે માળવાની દશા આવા આમ્રવૃક્ષ જેવી છે. અને વિગ્રહનો વાયરો જોરશોરથી વાઈ રહ્યો છે. એથી હવેના ભાવિના ઘડવૈયા આપણે બનવાનું છે.

ભીમદેવે દંડનાયક વિમલ આદિને ભેગા કરીને 'અવંતિ-વિજય' કાજેના ચિરદૃષ્ટ સ્વપ્નને સાકાર બનાવવા માટે આવી પહોંચેલી અનુકૂળ અને અણમૂલ તકની વાત કરી, સૌએ એને વધાવી લીધી અને એક દહાડો ગૂર્જર-સૈન્ય અવંતિ તરફ આગેકૂચ કરી ગયું. એ સૈન્યના દંડનાયકનું સ્થાન-માન વિમલ સિવાય કોણ શોભાવી શકે એમ હતું !

□

# તોફાનને તાણી લાવનારી શાંતિ

## [૨૦]

**'આમ્રફળ** પાકી ગયું છે ! એના ડીંટા ઢીલા પડી ગયા છે ! અને હવા જોરજોરથી ચાલી રહી છે !'

આ સંકેત-સમાચાર સાવ સાચા હતા. માળવાની પરિસ્થિતિ આથીય વધુ પ્રવાહી હતી. રાજા ભોજની ઉંમર થઇ હતી. અને એમાં વળી જ્યારથી એવા સમાચાર આવ્યા હતા કે, રાજા ભીમદેવ અને રાજા કર્ણ સંયુક્ત-સંગ્રામ લઇને આવી રહ્યા છે ! ત્યારથી એઓ હિંમત હારી બેઠા હતા. આ પૂર્વે પણ એક શરતમાં એમની કફોડી હાર થઇ હતી. કર્ણે એક શરત મૂકેલી કે, યુદ્ધ ખેલ્યા વિના બળા-બળનો નિર્ણય કરવો હોય, તો આપણે બંને એકજ સમયે પોતપોતાના ગામમાં એક મંદિર બંધાવવાનું શરૂ કરીએ. એમાં જે મંદિર પહેલું બંધાઇ જાય, એ મંદિરની પ્રતિષ્ઠા-વિધિમાં બીજા રાજાએ છત્ર, ચામર આદિ રાજચિહ્નોનો ત્યાગ કરીને ભાગ લેવો અને પોતાનો પરાજય કબૂલ રાખવો.

આ શરત રાજા કર્ણ જીતી ગયા હતા, કારણ કે સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સુધીમાં, હજારો માણસોને કામે લગાડી દઈને ૫૦ હાથ ઉંચુ મંદિર બંધાવવામાં એઓ સફળ થયા હતા, જ્યારે રાજા ભોજ તો આટલા સમયમાં મંદિરના પાયા પણ પૂરાવી શક્યા નહોતા. એથી શરત મુજબ ભોજરાજાએ કર્ણરાજા દ્વારા નિર્મિત મંદિરની પ્રતિષ્ઠામાં રાજચિહ્નોને મૂકીને હાજરી આપવી અનિવાર્ય બનતી હતી. પણ ભોજરાજાએ આ શરતને ફગાવી દીધી હતી. આથી પણ કર્ણરાજાની વિજિગિષાની આગ વધુ ભભૂકી ઉઠી હતી. એમાં વળી ગૂર્જરેશ્વરનો

સાથ-સહકાર મળી ગયો, પછી તો પૂછવાનું હોય જ શું ?

સંયુક્ત-સેનાનો ધસમસતો એ સાગર માલવામાં પેઠો, એની વિરાટતાના સમાચાર ગુપ્તચરો દ્વારા સાંભળીને જ રાજાભોજે અદમ્ય-આઘાત અનુભવ્યો. એઓ વિચારી રહ્યા કે, આજ સુધી રળાયેલી મારી આબરૂનાં હવે શું લીરેલીરાં ઉડી જશે ? શું આ આબરૂને છડે ચોક લૂંટાતી કોઇ જ નહિ બચાવી શકે ? આના કરતાં તો હું આ સંગ્રામ આવ્યો, એ પૂર્વે મૃત્યુને વર્યો હોત ,તો વધુ સારું થાત ! બસ, આ જાતનો આઘાત વધુ ઘેરો બનતો ચાલ્યો અને થોડા જ દિવસોમાં સાચેસાચ રાજાભોજનું પ્રાણ-પંખેરું ઉડી ગયું. માલવા પર ઉતરનારી ગુલામીને જોવાનો અવસર ન આવ્યો,એનો ભોજને મન સંતોષ હતો, એથી એ મોત રાજાભોજને ખૂબ જ મીઠું લાગ્યું.

રાજાભોજ ગયા અને એક સૂર્ય આથમી ગયો ! માલવાનું પતન હવે નક્કી હતું,બંને સેનાઓનો સાગર એક દહાડો ધસમસતો ધારામાં પેઠો, ધારા અને ગુજરાત વચ્ચે ઘમસાણ યુદ્ધ ખેલાયું. એમાં દંડનાયક વિમલે અતુલ પરાક્રમ દાખવ્યું. રાજા ભીમદેવ અને કર્ણ પણ અતુલ બળી હતા. દંડનાયક વિમલને દેવી અંબિકા અને પદ્માવતીએ વરદાન રૂપે આપેલી સિંહનાદ અને અજેય-વ્યક્તિત્વની શક્તિઓએ આ યુદ્ધમાં ખરેખરો પરચો બતાવ્યો, જેથી સિંહ જેવી અણનમતા માટે વિખ્યાત માલવદેશ એક દહાડો હરણિયું બનીને રાજા ભીમદેવ અને કર્ણના પગમાં પડીને જીવનની ભિક્ષા યાચી રહ્યો.

આ યુદ્ધમાં ચન્દ્રાવતીના રાજા ધંધૂક-પરમારને ભોજના પક્ષમાં ભળી ગયેલો જોઇને, ભીમદેવની આંખમાં ખરેખરું ખુન્નસ ધસી આવ્યું હતું અને એમણે રણસંગ્રામમાં જ ધંધુકને એવું રોકડું પરખાવ્યું હતું કે, એક વખત ગુજરાતને ખંડણી ભરનારો તું આજે શત્રુના પક્ષે ઊભો રહીને મારી સામે પડ્યો છે, પણ યાદ રાખજે કે, ચંદ્રાવતીને હવે થોડા જ સમયમાં ગુજરાતની આજ્ઞા નીચે ન લાવું, તો મારું નામ ભીમદેવ નહિ !

માલવામાં યુદ્ધ તો ખેલાઇ ગયું, અને વિજય પણ મળી ગયો ! પણ હવે રાજા કર્ણ 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી'ની કપટ-કળા રમવા માંગતો હતો, વિજય પછીનો અડધો ભાગ આપવામાં પણ એ હા-ના કરવા માંડ્યો. ભીમદેવને લાગ્યું કે, લાતથી માનનારની સામે વાત કરવાથી કંઇ જ સાર નહિ નીકળે. એથી દંડનાયક વિમલ અને સંધિવિગ્રહિક ડામર આદિને એમણે આજ્ઞા આપી કે, કાં કર્ણને હાજર કરો, કાં એની પાસેથી અડધો ભાગ કબૂલ કરાવો !

દંડનાયક વિમલની આગેવાની હેઠળની સેના માટે કર્ણને કેદ કરવો, એ કંઇ મોટી વાત નહોતી ! થોડા જ કલાકોમાં કેદી તરીકે કર્ણને ભીમદેવ પાસે હાજર કરાયો અને એની પાસેથી અડધો ભાગ કબૂલ કરાવાયો. પંચમહાલ, ખેડામંડળ આદિ ઘણો મોટો પ્રદેશ ગુજરાતને મળ્યો. (જો કે આ પછી થોડા કાળ બાદ માળવાધિપતિ જયસિંહ, ઉત્તરાધિકારી ઉદયાદિત્ય અને સેનાપતિ જગદેવ આદિએ ગુજરાતના કબજામાંથી  આ પ્રદેશને છોડાવવીને પુનઃ માળવામાં મેળવી દીધો. પણ પંચમહાલ ખેડામંડલ આદિ પ્રદેશો પર તો ગુજરાતનો જ કબજો રહ્યો, જે આજ સુધી એમનો એમ છે.)

●

અવંતિનો વિજય મેળવીને ઘણા દીર્ઘ-સમય બાદ પાછા ફરેલા ભીમદેવ જ્યારે પાટણમાં પ્રવેશ્યા, ત્યારે પ્રજાનો આનંદ હૈયામાં સમાતો નહોતો, એમાંય વારાંગના-બકુલાદેવીનો આનંદ તો અંતરના ઓવારા તોડીને બહાર વેરાઇ રહ્યો હતો.

બકુલાદેવી પાટણની એક પ્રખ્યાત વારાંગના હતી. એના દેહને વરેલી રૂપ-સંપત્તિની જેમ પવિત્ર જીવન જીવવાની ટેકની પણ જોડ જડવી મુશ્કેલ હતી. એ કાળમાં વારાંગનાઓ સાથેનો વ્યવહાર બે પ્રકારે ચાલતો : એક બંધીનો ! બે, છૂટીનો ! દ્રવ્યના પ્રમાણ મુજબ જે વારાંગના અમુક નિશ્ચિત સમય સુધી કોઇ એક જ પ્રેમીને પતિવ્રતા-નારીની જેમ સમર્પિત થઇને રહેતી, એ 'બંધી'ની મર્યાદા પાળનારી

ગણાતી હોવાથી ઉત્તમ ગણાતી. જ્યારે 'છૂટી'ની છૂટ ભોગવનાર વારાંગનાને માથે આવી ખાસ કોઈ મર્યાદા ન રહેતી, એના વ્યવહારમાં પૈસાની જ પ્રમુખતા રહેતી.

બકુલાદેવી 'બંધી'ની મર્યાદા પાળનારી વારાંગના હોવાથી, એક પતિવ્રતા-નારીની સમોવડી પ્રતિષ્ઠા મેળવી ચૂકી હતી. ભીમદેવના કાને આ વાત આવી અને એમણે બકુલાદેવીને સવાલાખ રૂપિયાની કટારી પાઠવીને બકુલાદેવીને ઘરેણે લીધી, બકુલાદેવી પણ ભીમદેવને ઈચ્છતી હતી. એથી એના આનંદનો પાર ન રહ્યો. પણ આ અરસામાં બન્યું એવું કે, અચાનક જ રાજવી ભીમદેવને 'અવંતિવિજય' ના સંયુક્ત સંગ્રામમાં જોડાવું પડ્યું, એથી ઘરેણે લીધેલી બકુલાદેવીને એકવાર પણ ભીમદેવ મળી ન શક્યા અને યુદ્ધ યાત્રામાં ઉપડી ગયા. બકુલાદેવીના બંધી-વ્રતની પૂરી પરીક્ષા કરતા રહેવા માટે એઓ પોતાના ગુપ્તચરોને આદેશ આપતા ગયા.

અવંતિ-વિજયમાં મહિનાઓ પસાર કરીને મહારાજ-ભીમદેવ જ્યારે પાટણમાં પ્રવેશ્યા, ત્યારે બકુલાદેવી હર્ષ અનુભવે એ સહજ હતું. કારણ કે એક પતિવ્રતા-નારીની અદાનો પોતાનો જીવન-વ્યવહાર આ વિજય-યાત્રાના દિવસો દરમિયાન એણે જાળવી જાણ્યો હતો. ગુપ્તચરો દ્વારા આ સમાચાર મળતાં જ ભીમદેવ બકુલાદેવીની આવી નિયમ-નિષ્ઠા પર ખૂબ જ ખુશ થયા અને શુભ-દિવસે એમણે પોતાની એક રાણી તરીકે બકુલાદેવીને અંતઃપુરમાં પ્રવેશ આપ્યો.

આ બકુલાદેવીની 'વંશપરંપરા' માં જ આગળ જતા પરમાર્હત્ શ્રી કુમારપાળ ભૂપાલ થયા, બકુલાદેવીના પુત્રનું નામ ક્ષેમરાજ. એનો પુત્ર દેવપ્રસાદ. એનો પુત્ર ત્રિભુવનપાળ અને એના ત્રીજા પુત્ર કુમારપાળ ભૂપાળ ! આમ, બકુલાદેવી એક મહાન રાજવીના જન્મમાં પરંપરાએ નિમિત્ત બનવાનું ભાગ્ય ધરાવતી હતી.

ભીમદેવની એક પટરાણીનું નામ ઉદયમતી હતું. એના પુત્રનું નામ કર્ણદેવ હતું,આ કર્ણદેવનો પુત્ર ભવિષ્યમાં જયસિંહ-સિદ્ધરાજ

તરીકે ખૂબ જ ઇતિહાસ પ્રસિદ્ધ બનવા પામ્યો.

કર્ણદેવની જેમ ભીમદેવને એક મૂળરાજ નામનો પુત્ર પણ હતો, એ ભારે દયાળુ હતો, એકવાર અનાવૃષ્ટિના કારણે ચિંતાતુર ખેડૂતો, રાજકર કઇ રીતે ભરી શકાશે, એ વિચારથી વધુ દુઃખી થતા હતા. બધા ખેડૂતોએ મૂળરાજ પાસે જઇને આ દુઃખ જણાવ્યું. એનું દિલ દ્રવી ઉઠ્યું કે, આ કેવી રાજ્ય વ્યવસ્થા ! ખેડૂતનો તો બધો આધાર મેઘરાજાની મહેર પર જ હોય છે. એક બાજુ મહેરનો અભાવ હોય અને બીજી બાજુ કરની ઉઘરાણી કરતા રાજ્યાધિકારીઓનો કાળો કેર ચાલુ હોય, આ તો પડતાને પાટુ મારવા જેવી પ્રવૃત્તિ ગણાય !

મૂળરાજ અશ્વનો જબરો ખેલાડી હતો. એક દિવસ પોતાની અશ્વવિદ્યાથી પિતા ભીમદેવને એણે ખુશખુશ કરી નાખ્યા. પછી એમણે વરદાન યાચવાનું જણાવ્યું, ત્યારે મૂળરાજે કહ્યું : અત્યારે આપની પાસે મારાં આ વરદાનની થાપણ ભલે રહી. મને જ્યારે લાગશે કે, મારી માંગણી પૂરી કરવા આપ સમર્થ છો, ત્યારે આ થાપણ, આ વરદાનનો હું ઉપયોગ કરીશ !

ભીમદેવને મૂળદેવ ઉપર બહુ જ પ્રેમ હતો. એથી એમણે કહ્યું : બેટા ! તું આમ કેમ બોલે છે ? શું તારી માંગણી પૂરી કરવા અત્યારે હું સમર્થ નથી, એમ તું માને છે ? તું અત્યારે આ સિંહાસનનું સ્વામીત્વ ઈચ્છતો હોય, તો આ ઈચ્છા પણ પૂરી કરવા હું સમર્થ છું, તો આથી વળી વધીને તારી બીજી કઇ મોટી ઈચ્છા છે કે, અત્યારે એને પૂરી કરવા હું અસમર્થ હોઉં ?

મૂળરાજને વિશ્વાસ બંધાયો. એણે કહ્યું : તો પિતાજી ! આ વરસે દુષ્કાળ છે, એથી ખેડૂતોનો બધો કર માફ કરી દો ! આ જ મારી માંગણી છે. દુકાળથી દાઝેલા ખેડૂતો પર કરની ઉઘરાણી કરવી, આ તો ઘા ઉપર મીઠું ભભરાવવા જેવી ક્રૂરતાની પ્રવૃત્તિ છે. આપના જેવા દયાળુને આ શોભે ખરી ! આપ ઉદાર બનીને આ કર માફ કરશો, તો આવતા વરસે વધુ ઉદાર બનીને આ ખેડૂતો કર ભરી જશે ! આ

સત્યની ખાતરી કરવી હોય, તોય એકવાર આ અખતરો કરવાની મારી વિનંતિ છે !

રાજાને પોતાના પુત્રની આવી પરગજુ-વૃત્તિ પર ખૂબ ખૂબ હર્ષ થયો. એમણે 'કર-માફી'ની જાહેરાત કરી દીધી. પૂરી પ્રજા આ માટે મૂળરાજના ઓવારણા લઈ રહી, પણ આ ઓવારણાના પ્રવાહને એકાએક આંસુઓના પૂરે ઘેરી લીધો. બન્યું એવું કે, આ પ્રસંગ બન્યા બાદ ત્રીજે જ દિવસે મૂળરાજનું એકાએક અવસાન થયું ! એ વર્ષે આકાશની આંખમાંથી તો આંસુની ધાર ન નીકળી, પણ મૂળરાજની અણધારી-વિદાયથી સંતપ્ત બનેલી પ્રજાની આંખમાંથી એવો આંસુપ્રવાહ વહી રહ્યો કે, જો એને ખેતરોમાં વાળવામાં આવ્યો હોત, તો કદાચ આંસુ ભીની એ ધરતી મબલખ પાકથી લચી ઉઠત !

●

તરવૈયો મહાસાગર તર્યા બાદ કિનારે આવીને સંતોષનો શ્વાસ લે, એમ ભીમદેવ સંગ્રામના અનેક સાગરો ડહોળીને આવ્યા બાદ મળેલા વિજયના મોતી જોઈ-જોઈને સંતોષ અનુભવી રહ્યા હતા. શરદનું આકાશ જેમ નિરભ્ર હોવા છતાં એકાદ વાદળી કોઈ વાર એ નિરભ્રતાનો આછોપાતળો નાશ કરી દે, એમ અનેક યુદ્ધોમાં વિજયી બન્યા બાદ ગુજરાતનું રાજકીય-આકાશ નિરભ્ર હોવા છતાં પરમાર ધંધૂક સામેના સંગ્રામની વાદળી અવારનવાર એ નિરભ્રતાનો ભંગ કરતી હતી.

અવંતિ-વિજયના સંગ્રામની એ પળોમાં રાજવી ભીમદેવ જ્યારથી પરમાર-ધંધૂકને ભોજના પક્ષે ઝઝૂમતો જોયો હતો, ત્યારથી જ એ ધંધૂકને ધોળે દહાડે તારા દેખાડવા, એઓ ચંદ્રાવતી પર ચડાઈ લઈ જવાના મનસૂબા રચ્યા કરતા હતા. માતેલો સાંઢ ચોમાસું ચરે, પછી એની ઉન્મત્તતામાં શી ઓછાશ રહે ! ધંધૂકની વર્તમાન સ્થિતિ કંઈક આવી હતી. એથી ભીમદેવની નજર એકમાત્ર દંડનાયક વિમલ પર જ ઠરતી હતી કે, ધંધૂકને નાથવાની એકમાત્ર તાકાત આ દંડનાયક જ

ધરાવે છે.

દંડનાયક વિમલનો નૂતન-મહેલ તૈયાર થઇ ચૂક્યો હતો. એના ભવ્ય-ગૃહમંદિરની પ્રતિષ્ઠા-વિધિ ખૂબ જ ઠાઠમાઠથી ઉજવાઇ હતી. એમનું આ નૂતન નિવાસસ્થળ પાટણ આવનારા પરદેશીઓ માટે જોવાલાયક એક સ્થાપત્યના રૂપમાં દિવસે-દિવસે વધુ વિખ્યાત બનતું જતું હતું.

પાટણમાં જાણે સુખ-શાંતિનો સૂર્ય ઝગારા મારી રહ્યો હતો. ગૂર્જરેશ્વર તરીકે ભીમદેવનો પ્રતાપ દેશોદેશમાં ફેલાઇ રહ્યો હતો. અને દંડનાયક વિમલની કીર્તિ-કથાઓ તો બધે ખૂબ જ હોંશેહોંશે બોલાતી - સંભળાતી હતી. આમ ઉપર ઉપરથી જોનારને તો એમ જ લાગતું કે, પાટણમાં શાંતિનું એકછત્રી સામ્રાજ્ય સ્થપાઇ ચૂક્યું છે ! પણ આ શાંતિ પૂર ઉતરી ગયા પછી મંદમંદ ગતિએ વહેતી નદીના વહેણ જેવી હતી ? કે ભરતીની પૂર્વ પળોમાં તોફાનને તાણી લાવવાની તાકાત એકઠી કરવા મંદ-મંદ મોજા સાથે લહેરાતા મહાસાગરની સોહામણી-સપાટી જેવી હતી ? એનો ફલાદેશ ભાખવો સહેલો નહોતો, કારણ કે, દામોદર મહેતા જેવી વ્યક્તિ-શક્તિઓ, તોફાનને તાણી લાવતી શાંતિની અદાનો અભિનય આબાદ ભજવી રહી હતી.

દામોદર મહેતાની નજરમાં વિમલ જ આંખના કણાની જેમ ખૂંચતા હતા. કારણ કે દંડનાયકના પદને એઓ શોભાવતા હતા. દંડનાયક ધારે તો સિંહાસને બેઠેલા રાજાને રખડતો ભિખારી અને રખડતા ભિખારીને મહાસામ્રાજ્યનો માલિક બનાવી શકે, એવી તાકાત ધરાવતા હતા. એથી મંત્રીનેઢની એમને કોઇ ચિંતા નહોતી, દંડનાયક જ એમની ઇર્ષ્યાનો વિષય હતા.

એક દહાડો ઠીકઠીક સાહસ એકઠું કરીને દામોદર મહેતા પોતાના સાગરીતો સાથે ભીમદેવ પાસે જઇ પહોંચ્યા. ખબર અંતર પૂછ્યા પછી એમણે કપટની જાળ પાથરતા કહેવા માંડ્યું. મહારાજ ! આ પાટણની પ્રતિષ્ઠા આજે તો એવી જામી છે કે ભલભલાને આની

ઈર્ષ્યા થાય ! અને આમાં દંડનાયકનો જે ફાળો છે, એને કોઈ જ વિસરી શકે એમ નથી.

વિમલનું નામ આવતા જ ભીમદેવનું મોઢું ભરાઈ આવતું હતું. એથી એમણે કહ્યું કે, ભાઈ ! આનું નામ જ પુણ્યાઈના પ્રકાશ ! ઢોર ચારતા એ દહાડાના વિમલને જોઈને કોઈને કલ્પના આવી હશે ખરી કે, આ આવતીકાલનો ગૂર્જર-રાષ્ટ્રનો નવસર્જક બનશે !

'મહારાજ ! આ તો બહુ આઘેની વાત ગણાય પણ વિમલે હજી થોડા મહિનાઓ પૂર્વે જે નવું મકાન બાંધવાનું શરૂ કર્યું હતું અને જ્યારે એના પાયા પૂરાયા હતા, ત્યારે કોઈને એવી કલ્પનાય પણ આવી શકી હશે ખરી કે, આ સ્થાપત્ય પાટણના સ્થાપત્યોમાં શિરમોર બની જશે.'

મહેતાએ ધીમેધીમે કપટની જાળ બિછાવવા માંડી. ભીમદેવ પણ આ સ્થાપત્ય અંગે પાટણમાં થતી વાતોથી પૂરા પરિચિત હતા, એથી એમણે પૂછ્યું : મહેતા ! લોકો વાતો કરે છે, એમાં સચ્ચાઈનો થોડોઘણો પણ અંશ તો હોવો જ જોઈએ ને ? શું ખરેખર એ સ્થાપત્ય આટલું બધું અદ્‌ભુત છે ?

''મહારાજ ! સચ્ચાઈના અંશની તો શી વાત કરો છો ! એ સ્થાપત્યનું જે અદ્‌ભુત નિર્માણ થયું છે. એનું સાવ આછું-પાતળું પ્રતિબિંબ પણ લોકોની વાતોમાં ઝીલાયું, હશે કે કેમ એ શંકા છે ? એથી પેલી કહેવતમાં જરા ફેરફાર કરીને એમ કહી શકાય કે, આપ મૂઆ વિના જેમ સ્વર્ગમાં ન જવાય, એમ જાતે પગ ઘસીને ગયા વિના એ નિર્માણની નજાકતતા ખરા સ્વરૂપમાં કલ્પી ન શકાય ! આ ભવનનું નિર્માણ ન થયું હોત, તો પાટણમાં પણ આવા શિલ્પવિશારદો છે,એનો આપણને મરતા સુધી ખ્યાલ પણ ન આવત ! આવા નયનરમ્ય એ નિર્માણની ભવ્યતા લોકોની વાતોમાં તો ઝીલાઈ ઝીલાઈ ને કેટલી ઝીલાય !

'શું વાત કરો છો, મહેતા ! વિમલે આટલી બધી શિલ્પકલા ત્યાં ઠાલવી દીધી છે ! તો તો આ સ્થાપત્યને જોવા જવું જોઈએ. જાણ્યા કરતા જોયું ભલું !

'ભીમદેવના દિલમાં એ સ્થાપત્યનું બરાબરનું આકર્ષણ પેદા થઇ ગયું. મહેતાએ વળતો જવાબ આપ્યો : મહારાજ ! અમારે તો એ મહેલ જોવા જવું હોય, તો હજારવાર વિચાર કરવા પડે ! આપ તો ધણીનાય ધણી છો અને દંડનાયક આપના તો આજ્ઞાંકિત ચાકર છે, આપ ઇચ્છા વ્યક્ત કરશો, એટલે એઓ રાજીરાજી થઇ જઇને પોતાની પીઠની પાલખીમાં આપને પધરાવીને પોતાના એ મહેલમાં લઇ જશે. મહારાજ ! આવું કંઇ નક્કી થાય, તો આ સેવકોને સાથે લઇ જવાની કૃપા કરજો. જેથી અમારા જેવાની આંખ પણ ધન્ય બની જાય !

દામોદર મહેતા કપટની જાળ પાથરીને વિદાય થયા, બીજે જ દિવસે ભીમદેવે સાવ સાહજિક-ભાવ વ્યક્ત કરવા પૂર્વક વિમલને પૂછ્યું તમે એક દહેરૂં-દહેરાસર ચણાવવાનું અને એક નવું નિવાસસ્થાન બંધાવવાનું શરૂ કર્યુ હતું, એ કામ કેટલે પહોંચ્યું ? યુદ્ધની આ બધી યાત્રાઓથી એમાં ઠીકઠીક વિક્ષેપ પડ્યો હશે કેમ વારું ?

દંડનાયકે જવાબમાં બાળ-સુલભ સરળતાનો આશરો લેતા કહ્યું : મહારાજ ! આપની કૃપાથી આ કામ પૂર્ણ થઇ ચૂક્યા છે. દહેરાસરની પ્રતિષ્ઠા પણ થઇ ગઇ છે. હું આપની પધરામણી કરાવવા કયારનોય ઉત્સુક છું, ઝૂંપડી જેવા અમારા એ આંગણામાં પધારવાનું આપને કંઇ સામેથી કહેવાય ખરું? છતાં વિનંતિ કરું છું કે, મુજ રાંકની આ ઝૂંપડીમાં પધારશો, તો હું ધન્ય ધન્ય બની જઇશ.

રાજા ભીમદેવે એ વિનંતિ સ્વીકારી લઇને પોતાના મંત્રીમંડળ સમક્ષ મોં ફેરવતા કહ્યું : કાલે બધા તૈયાર થઈને આવજો. બરાબર આ જ સમયે આપણે સૌએ વિમલનું નવું નિર્માણ જોવા જવાનું છે !

મંત્રી નેઢ અને દંડનાયક વિમલની પ્રસન્નતાનો પાર ન રહ્યો. વાંભ વાંભ ઉછળતા સાગર જેવા વૈભવ વચ્ચેય, વિમલના તન-મનમાં તરવરતી આવી વિનમ્રતા જોઇને ભીમદેવ પોતાની જાતને ધન્ય ગણી રહ્યા. પાસા પોબાર પડવા બદલ દામોદર મહેતાય પ્રસન્ન જણાઇ રહ્યા હતા.

દિવસને વીતતા તો શી વાર ! બીજે દિવસે દંડનાયક શ્રીવિમલ અનોખા સાજ-શણગાર અને સાજનમાજન સાથે ભીમદેવને તેડવા સમયસર દરબારમાં જઇ પહોંચ્યા. પાટણમાં આ વાત વાયુવેગે ફેલાઇ ગઇ હતી, એથી પ્રજાનો ઘણો મોટો ભાગ, ભીમદેવને સત્કારીને વિમલને ત્યાં લઇ જવાની એ સત્કારયાત્રામાં સામેલ થયો.

એ સવારી વિમલના મહેલ આગળ જઇ પહોંચી. આંગણામાં જ એક નાનકડું છતાં દેવવિમાનની દિવ્યતા યાદ કરાવે, એવું ગૃહમંદિર નજરે પડ્યું.એના દર્શનનો લાભ લઇને પછી સૌ મહેલમાં પ્રવેશ્યા. પ્રવેશની એ પળે જ ભીમદેવને થયું કે, હું શું સ્વર્ગમાં તો પ્રવેશ કરી રહ્યો નથી ને ? સૌ ચોમેર નજર ફેરવી રહ્યા : આ બારણું સ્વર્ગનું બારણું તો નથી ને ?

જેનામાં પ્રાણ પૂરવાનો જ બાકી હોય, એવી પૂતળીઓ થાંભલે થાંભલે કંડારાયેલી હતી. કોઇ ઠેકાણે ભોંયતળિયું એવા અદ્ભુત-પથ્થરોથી જડવામાં આવ્યું હતું કે, ત્યાં થઇને આગળ વધનારી વ્યક્તિ, પાણી હોવાના ભ્રમથી એકવાર તો અટકી જ જાય અથવા કપડાં ઊંચા કરીને ચાલવાનો પ્રયાસ આદરે. ચિત્રશાળાની દીવાલોમાં, ઉપવનો, મૃગલાઓ, સરોવરો, સૂર્ય-ચંદ્ર અને આવી આવી રમણીય-સૃષ્ટિથી સભર કુદરતી વાતાવરણમાં જાણે સાક્ષાત્ કંઈ જિનમંદિરો-તીર્થોની દુનિયાએ અવતરણ કર્યું હતું. ચંદરવાઓમાં જાણે આકાશ પ્રતિબિંબિત થતું હતું. સંગીત-શાળાઓમાંથી ફેલાતો ધ્વનિ ગાંધર્વ-સૃષ્ટિને યાદ કરાવે એવો હતો. બહારના બગીચાઓમાંથી પરિમલ લઇને અંદર આવતો પવન વાતાવરણને સુંગધથી ભરી દેતો હતો.

ભીમદેવ સહિતની મોટી પ્રજાને સુખપૂર્વક સમાવતા એ મહેલના આંગણે હાથીઓ ઝૂલી રહ્યા હતા અને અશ્વો હેષારવ કરી રહ્યા હતા, ભીમદેવ મહેલના મધ્યખંડમાં આવીને બિરાજ્યા. વિમલે વિનંતી કરી : મહારાજ ! ભોજનિયા તૈયાર છે. આપ અહીં પધાર્યા, ચામડી, નાક, આંખ, કાનઃ આ ચાર ઇન્દ્રિયોને તો પોત-પોતાને યોગ્ય

ખોરાક મળ્યો. પણ આ બધામાં મહારાણીનું પદ ભોગવતી જીભને સંતોષ આપ્યા વિના તો હવે જવાય જ નહિ !

મહેતા દામોદરની એક પછી એક ધારણાઓ ટપોટપ ધરાશાયી બની રહી હતી. એમની ધારણાઓ તો એવી એવી હતી કે, વિમલ ભીમદેવને આમંત્રણ જ નહિ આપે, કદાચ આપશે તોય આટલા બધા મોટા પ્રધાન-પરિવારને જમાડવામાં એ ઊણો ઉતરશે અને લોકોને કંઈક હલકું બોલવાનો અવસર મળશે.

રાજાએ ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું. બત્રીસા પકવાન્ન અને તેત્રીસા શાક સાથે પીવાના પાણી પણ એવા સ્વાદિષ્ટ અને સુગંધી પીરસાયા હતા કે, એ પાણીથી જ પેટ ભરવાનું મન થાય ! રાજા ભોજન કરીને ઉભા થયા, તો એમને એવી અનુભૂતિ થઈ રહી કે, આટલાદિવસ તો હું એંઠવાડ જેવું જ ખાતો હતો અને ખાબોચિયાના પાણી જ પીતો હતો ! અન્ન-પાણીમાં પણ આવો અમૃતાસ્વાદ સંચારિત થઈ શકે છે, એ વાતનો તો આ ભોજનિયા ન લીધા હોત, તો મને સ્વપ્નેય ખ્યાલજ ન આવત !

સમીસાંજે રાજા ભીમદેવ પોતાના મહેલ તરફ પાછા ફર્યા ત્યારે એઓ મનોમન બોલી રહ્યા હતા કે, વિમલ જેને ઝૂંપડી માને છે, એજ સાચો મહેલ છે ! અને હું જેને મહેલ ગણું છું, એ તો ઝુંપડીથી વિશેષ કંઈ નથી ! મારા નગરમાં આવી પુણ્યાઈ પણ વસે છે, એ શું મારે માટે ગૌરવ લેવા જેવું નથી !

આવી અનેકવિધ વિચાર-સૃષ્ટિ ભીમદેવના મનમાં લાંબો વખત સુધી સફર ખેડતી જ રહી. બીજા દિવસે બપોરે લાગ જોઈને દામોદર મહેતા રાજભવનમાં આવ્યા.રાજા ભીમદેવે એમને સત્કાર આપીને બોલાવ્યા. કાશ ! તો કેવું સારું થાત કે, જો ભીમદેવની પાસે સંજય દૃષ્ટિ હોત, તો તોફાનની તાકાતને તાણી લાવતી શાંતિને આવકારવાની જેમ તેઓ મહેતાને આવકાર આપવાથી આઘા રહેત ! પણ પાટણની પ્રતિષ્ઠા માટે જોખમી બનનાર એક વાવાઝોડું જ્યાં ત્રાટકવાનું જ હોય, ત્યાં આવા વિચારને અવકાશ જ ક્યાંથી રહે !

# રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા
# [૨૧]

'રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા' સંસ્કૃત ભાષાનું આ એક સુભાષિત છે, આનો અર્થ એવો થાય છે કે, રાજા મિત્ર હોય, એમ કોણે જોયું છે અને કોણે સાંભળ્યું છે ?

આ સુભાષિતમાં વપરાયેલા 'રાજા' શબ્દથી કોઇ વ્યક્તિનો અર્થ તારવવા કરતા 'રાજકારણ'નો વ્યાપક અર્થ તારવવો વધુ યોગ્ય છે. એથી એમ તારવી શકાય કે, રાજકીય ખટપટની ચોપાટ એક એવી રમત છે કે, ત્યાં ઉંચે ચડનારના પગ પકડીને એને પછાડનારાઓનું હંમેશા પ્રાબલ્ય રહેતું આવ્યું છે,એથી રાજા ગમે તેવો ગુણિયલ હોય, તોય યોગ્ય વ્યક્તિ પર થતી એની કૃપા-વર્ષા કેટલો સમય ચાલે એ કહી ન શકાય, કારણ કે કાનમાં ઝેર રેડનારા તત્ત્વો એની આસપાસ ઘૂમતા જ રહેતા હોવાથી એની ભંભેરણીનો ભોગ બનેલો રાજા ક્યારે આગ વરસાવવા મંડી પડે, એ ન કહી શકાય અને ત્યારે શાણાઓના મોમાંથી એવો ભાવ ધ્વનિત થઇ જાય કે, રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુંતં વા ! ભાઇ, રાજા સાથેની મિત્રતા અખંડ રહે, એવું કોઇએ જોયું-સાંભળ્યું છે ખરું ?

રાજવી ભીમદેવ જો કે ગુણોના ભંડાર હતા, પણ ગમે તેમ એ રાજા હતા, અને રાજાની આસપાસ એવાં એવાં તત્ત્વોનું ઓછા-વત્તા પ્રમાણમાં અસ્તિત્વ તો હોય જ કે, જેઓના હોઠ પર અમૃત હોય, પણ હૈયામાં તો હલાહલ જ ઘોળાતું હોય ! દામોદર મહેતાની આગેવાની નીચે વર્ષોથી રાજકાજમાં રસ લેતું એ ટોળું આવું જ હતું. જેના મોઢામાં કઇ હોય, મનમાં બીજું કંઇ હોય અને ક્રિયામાં તો વળી ત્રીજું જ કંઇ દેખાતું હોય !

દામોદર મહેતા વિમલનો તેજોવધ કરવાના મનસૂબા તો વર્ષોથી ઘડી રહ્યા હતા, પણ એમની આ મહેનત જેમ વધતી જતી હતી, એમ ઉપરથી વિમલના તેજમાં વૃદ્ધિ થતી જતી હતી. છેલ્લા ઉપાય તરીકે એમણે વિમલના નવા મહેલમાં રાજાનો પ્રવેશ થાય, એવું પાસુ નાખ્યું અને એ પોબાર પડ્યું. મહેલની સમૃદ્ધિ જોઇને રાજા વિમલના પુણ્યની તારીફ કરતા પાછા ફર્યા. આમ, ચોપાટ બરાબર ગોઠવાઇ ગયા બાદ હવે જ ખરા દાવ નાખવાના હતા અને વિમલના પુણ્યથી રાજી થતાં ભીમદેવના અંતરમાં ઈર્ષ્યાનાં અંગારા જલતા મૂકવાના હતા.

ભીમદેવ હજી ગઇ કાલે જ જોયેલી વિમલની પુણ્યાઇના વિચારમાં મગ્ન હતા, ત્યાં જ દામોદર મહેતાનું આગમન થયું. આગતા-સ્વાગતા કરવા પૂર્વક એમને યોગ્ય સ્થાને બેસાડીને પછી રાજા ભીમદેવે કહ્યું : મહેતા ! કહેવાય છે કે આપ મૂઆ વિના સ્વર્ગ ન જોવાય, પણ ગઇ કાલે તો સદેહે જ સ્વર્ગનું સૌભાગ્ય જોવા મળ્યું ! આ બદલ....

''મહારાજ ! આમાં મારો આભાર માનવાનો ન હોય ! આ તો મેં એક ફરજ બજાવી છે, આપના સેવક તરીકે રાજ્યમાં જે કંઇ બનતું હોય, એનાથી વાકેફ રાખવાનું મારું કર્તવ્ય છે. મહારાજ ! આપે વિમલનો મહેલ બરાબર જોયો ખરો ?''

દામોદર મહેતાનો આ પ્રશ્ન સાંભળીને આશ્ચર્ય વ્યક્ત કરતા ભીમદેવે કહ્યું : મહેતા આમ કેમ પૂછો છો ? મેં જ શા માટે, તમે બધાએ એ મહેલના શિલ્પ-સૌંદર્યનું ધરાઇ-ધરાઇને દર્શન કર્યું ! એમ તમે ક્યા સંદર્ભમાં આ પ્રશ્ન કરો છો, એ સમજાયા વિના તો હું શો જવાબ વાળું ?

''મહારાજ મારો સંદર્ભ ગંભીરતાનો છે. એ મહેલમાં કેટલીક ચીજોનું દર્શન ગંભીરતા પ્રેરે એવું હતું, એ તરફ ધ્યાન દોરવા હું બીજીવાર પૂછવા માગું છું કે, આપે વિમલનો મહેલ બરાબર જોયો ખરો ?''

મહેતા પોતાનો દાવ અજમાવવા માંડ્યા. ભીમદેવના દિલમાં 'ગંભીરતા' આ શબ્દે કેઇ કેઇ આશંકાઓ જન્માવી દીધી. એમણે કહ્યું : એ વખતે નજરમાં ગૌરવને સ્થાન હતું, એથી ગંભીરતાની નજરને અવકાશ ક્યાંથી રહે ! ત્યાં હાથી હતા, ઘોડા હતા, સશસ્ત્ર ચોકીપહેરો હતો, કોટકિલ્લાની સુરક્ષા હતી, અને આવું ઘણું બધું હતું ! આમાં ગંભીરતાથી જોવા જેવું વળી શું હતું ?

''આ જ મહારાજ ! આ જ હાથી, ઘોડા, ચોકી-પહેરો, કોટ-કિલ્લા: આ બધી ચીજોની જ ગંભીરતાથી નોંધ લેવા જેવી નથી શું ? આ બધું તો રાજાના આંગણે શોભે, પ્રજાના આંગણે નહિ, વિમલ દંડનાયક છે, એથી શું એ કંઇ પ્રજા-જન મટી જાય છે અને એને રાજાના સમોવડ બનવાનો ઇજારો મળી જાય છે ? મહેલનું બાંધકામ, એની રચના, એની મજબૂતાઇ અને એનો વૈભવ જોતા એક એવી આશંકાની કાળી-વાદળી મારા અંતરમાં ધસી આવે છે કે, કાલ ઉઠીને વિમલ કદાચ.''

મહેતા બોલતા-બોલતા જરા અચકાઇ ગયા.એથી રાજાએ કહ્યું : અચકાવાની કોઇ જરૂર નથી, મહેતા ! જે હોય, એ વિના સંકોચે કહી નાખો ને ?

'મહારાજ ! બોલતા મારો જીવ ચાલતો નથી ને જીભ ઉપડતી નથી ! તાજ વિનાના રાજા તરીકે તો વિમલ પ્રખ્યાત જ છે. પણ આ મહેલ જોયા પછી મારા અંતરમાં એવી એક આશંકા ઘૂમરાયા કરે છે કે, વિમલને કોઇ તાજવાળો રાજા બનાવી દે, તોય નવાઇ નહિ ! '

ભીમદેવની આંખો આશંકાથી ઊભરાઇ ઉઠી, એમણે સણસણતો સવાલ કર્યો : કોઇ એટલે કોણ ? શું પાટણમાં મારી વિરુદ્ધ કોઇ કાવતરું રચાઇ રહ્યું છે ? મહેતા ! જે હોય, એ સાફ સાફ બોલી જાવ !

દામોદર મહેતાએ છેલ્લો દાવ નાખી દીધો : મહારાજ ! આપની વિરૂદ્ધ કાવતરું, રચવા તો વળી કયું મગતરું સમર્થ હોય ! પણ વિમલને દંડનાયકના પદ રૂપે જે સત્તા મળી છે, આ સત્તાના પ્રભાવે એમને જે

લોકચાહના મળી છે અને જેના બળે એઓ આ મહેલ બનાવી શક્યાં છે, એ જોતા મને તો એમ ચોક્કસ જણાય છે કે, અંદરખાને એઓ 'રાજ-દ્રોહ'નું કોઇ નાટક ભજવવાની તૈયારી કરતા હોવા જોઇએ. નહિ તો વળી હાથી-ઘોડા ભેગા કરવાની અને ચોકી પહેરાના બાને સેના એકઠી કરવાની એમને કોઇ જ જરૂર ખરી ? અને દંડનાયકના પદની રૂએ ચતુરંગી સેના તો એમની આજ્ઞા નીચે છે જ. રાજ્યનું વસૂલીખાતું પણ વિમલના હાથ નીચે છે. હવે આપ જ જરા ઊંડા ઉતરીને વિચારો કે, પાટણની ગાદી પર ચડી બેસતા વિમલને રોકે એવું કયું બળ અસ્તિત્વ ધરાવે છે '

'મહેતા ! હું સમજી ગયો ! બધું બરાબર સમજી ગયો ! હવે મને ખ્યાલ આવે છે કે, હું સાપને દૂધ પાવાની પ્રવૃત્તિ આજ સુધી હસતે -હૈયે કરી રહ્યો હતો ! તમે મને સમયસર ચેતવ્યો. હવે જાગ્યા ત્યારથી જ સવાર ! વિમલની બધી પ્રવૃત્તિઓ પાછળ રહેલી મેલી-મુરાદ હવે મને હથેળીમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ દેખાઈ આવે છે ! એણે મેળવેલી લોકપ્રિયતા જ મારી સામેના સંગ્રામનું વિનાશક બળ હશે; મારી આ સજ્જડ- સમજણને હવે કોઇ ફેરવી શકશે નહિ!'

રાજાની આંખમાં અંગારા જેવી લાલાશ લબકારા મારી રહી. દામોદર મહેતાની સોગઠીએ બરાબર નિશાન વીંધ્યું હતું. એથી એમના અંતરમાં આનંદ સમાતો નહતો. છતાં એ આનંદને ગંભીરતાના પડદા પાછળ છૂપાવીને એમણે કહ્યું : મહારાજ ! આપની બુદ્ધિ-કુશળતા તો બેજોડ છે. એથી ઉતાવળે આંબા પકવવાની અધીરતાના અંશને પણ આધીન થયા વિના આપ વિમલનો કાંટો કાઢી નાખશો, એમાં મને જરાય શંકા નથી. છતાં જરૂર પડે, ત્યારે આ સેવકને જરૂર સેવા-કાર્ય ચીંધજો !

આ પછી રાજા-મહેતા વચ્ચે ખૂબ જ લાંબી એક મંત્રણા ચાલી. એમાં વિમલનો તેજોવધ થઇ શકે. એવા અનેક વ્યૂહો નક્કી થયા. તેમજ કયા ક્રમથી એ વ્યૂહો અપનાવવા, એ પણ નક્કી થયું. છૂટા

પડતી વખતે બંનેના મોંમાંથી એક જ સરખા શબ્દો નીકળ્યા : રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા ! એવા અર્થમાં આ ઉચ્ચાર થયો હતો કે, જો મિત્ર માનીને વિમલ આવી દ્રોહભરી રાજરમત રમી લેવા માંગતો હોય, તો એ કાળજે લખી લે કે, રાજા વળી કોઇ દિ'મિત્ર તરીકે ટકી રહ્યાનું સાંભળ્યું કે જોયું છે ખરું ?

વિદાય થતા દામોદર મહેતાએ ભીમદેવને બીજી પણ એક વાત જણાવી કે, મહારાજ ! સાંભળવા મુજબ વિમલ આપને નમવામાં પણ રાજી નથી. એટલે એણે એક એવી વીંટી બનાવી છે, જેમાં એના ભગવાનની પ્રતિકૃતિ હોય ! જેથી આપને નમતો દેખાતો વિમલ ખરી રીતે તો વીંટીમાં રહેલા પોતાના ભગવાનને જ નમે છે ! આપના પ્રભાવે એ આટલો આગળ આવ્યો. પણ આપને નમવામાં ય એ નાનમ સમજે છે! મહારાજ ! આવું આવું વિમલ ચરિત્ર તો અનંત છે ! કોણ એનો તંત પકડી શકે ને કોણ એનો અંત આણી શકે ?

ભીમદેવની નજરમાં વધુ ક્રોધ ઊભરાયો. એમણે બીજા જ દિવસથી 'તેજોવધ'નું એ નાટક શરૂ કરવાનો નિર્ણય લઇ લીધો. દૃષ્ટિ ફરી જતાં સોહામણી સૃષ્ટિ પણ ભીમદેવને હવે બિહામણી ભાસતી હતી. એમને થતું હતું કે, વિમલનો મહેલ મારા માટે જેલ તો સાબિત નહિ થાય ને ? બીજા દિવસે રાજ્યસભા ભરાઇ. રોજની જેમ દંડનાયક વિમલનું આગમન થયું. ભીમદેવની ચરણરજ લઇને જ્યાં એઓ પોતાના આસન પર બેસવા માંડ્યાં, ત્યાં જ પશુશાળાનો રક્ષક એકી શ્વાસે દોડતો-દોડતો આવ્યો. એના મોં પર ભયંકર ભયના ભણકારા હતા, થરથર કંપતા એણે પોકાર પાડ્યો : મહારાજ ! ગજબ થયો છે, પશુશાળામાંથી પાંજરું ખોલી નાખીને વાઘ છૂટો થયો છે. જો એને ફરી પાંજરે નહિ પૂરવામાં આવે, તો પાટણમાંથી લોકો ઊભી પૂંછડીએ ભાગંભાગ કરવા માંડશે. માટે કોઇ પણ ઉપાયે વાઘ પાંજરામાં પાછો પૂરાય, એવા પગલાં ભરવા વિનંતિ છે ! હજી તો એ પશુશાળાના મેદાનમાં જ ફરે છે, પણ જો એ નગરમાં ફરવા માંડશે, તો ગજબ થઇ

જશે, ગજબ !

ભીમદેવે ભયભીત બનવાનો અભાસ વ્યક્ત કરતા કહ્યું : મારી આ સભામાં તો 'સિંહનાદ' ધરાવતા નરસિંહોનું અસ્તિત્વ છે. એમના માટે તો વિફરેલા આ વાઘને પાંજરામાં પૂરવો, એ કૂતરાને કબજામાં લેવા જેવી રમત-વાત છે. બોલો, આ વાઘને વશ કરવાનું બીડું કોણ ઝડપે છે ?

ભીમદેવે ચોતરફ પ્રશ્નભરી નજર ફેરવીને અંતે એ નજરને દંડનાયક વિમલ પર સ્થિર કરી. એથી દંડનાયક તરત જ ઊભા થયા. એમણે કહ્યું : આપની આજ્ઞા હોય, તો આ બીડું હું ઉઠાવું !

રાજાએ કહ્યું : વિમલ ! કરો કેસરિયા ! આ વાઘ જો પાંજરામાં નહિ પૂરાય, તો પાંજરામાં પૂરાવાનો આપણો વારો આવશે. તમારા જેવા વીર હાજર હોય, ત્યાં પાટણને શી ચિંતા હોય !

પશુશાળાના પાંજરામાંથી છૂટો થયેલો એ વાઘ ખરેખર વિકરાળ હતો.એની આંખોમાં અંગારા જેવો તાપ હતો. એના હાથ-પગના પંજામાં ભલભલાને સકંજામાં ફસાવીદઇને પછી ખતમ કરી નાખવાની કાતિલ ક્રૂરતા હતી. એના સાદમાં એવી ભયંકરતા હતી કે, બળિયાના હાથમાંથી ય શસ્ત્રો પડી જાય !

દંડનાયક વિમલ તો જરાય ગભરાયા વિના પશુશાળામાં જઇ પહોંચ્યા, અને એક સિંહનાદ કરીને બકરીના કાન ઝાલતા હોય, એવી અદાથી વાઘને વશ કરીને એમણે એવી લાલઘૂમ આંખથી વાઘની સામે જોયું કે, ઘડી પહેલા પોતાની ત્રાડથી દીવાલોને ધ્રૂજવતો એ વાઘ ગરીબ ગાય જેવો બનીને ઊભો રહી ગયો. દંડનાયક એને દોરીને પાંજરામાં લઇ ગયા અને એને પાંજરામાં પૂરી દઇને જ્યાં એમણે પાંજરાનું બારણું બંધ કર્યું, ત્યાં તો 'દંડનાયક વિમલ'ના જયનાદથી આખું પાટણ ગાજી ઉઠ્યું. એના પડઘા છેક રાજ-સભામાં પડ્યા અને રાજા તેમજ મહેતા મનોમન આઘાત અનુભવી રહ્યા.

આખી સભા વિમલની આ વીરતાને વધાવવા બહાર ધસી ગઇ

અને થોડી જ પળોમાં વિમલનો જયજયકાર જગવતું એ મોટું ટોળું રાજ્યસભામાં વિમલની આગેવાની હેઠળ પ્રવેશ્યું. પ્રજા તરફથી વેરાતી એ પ્રસન્નતામાં રાજા ભીમદેવને પણ હાથ લંબાવવો પડ્યો. એમણે લુખ્ખા શબ્દોમાં વિમલને વધાવી લેતા કહ્યું : રંગ રાખ્યો, વિમલ ! તમે તો ખરેખરો રંગ રાખ્યો !

બે ચાર દિવસ સુધી આખા પાટણમાં ઘરે ઘરે, જને જને વિમલની આ વીરતાના ગીત જ ગવાતા રહ્યા. ત્યાં વળી એક નવો જ પડકાર વિમલની સામે આવી ઉભો. એક મલ્લ બહારગામથી આવ્યો હતો, પથ્થરના પૂતળા સાથે એને કુસ્તી કરવાનું સોપ્યું હોય, તો એ પૂતળાના પણ પળવારમાં ચૂરેચૂરા કરી નાખવાની પ્રચંડ-તાકાત ધરાવતા એ મલ્લે ભીમદેવની ભરી-સભામાં પોતાની બાંયો ચડાવીને હાકલ કરી : રાજા ભીમદેવ ! કાં જયપત્ર લખીને પાટણ હાર સ્વીકારી લે, કાં મારો પડકાર ઝીલી લઈને પાટણ મને જીતી લે, તો હું જાણું કે, ઢીલી ઢીલી-ખીચડીનો ખાનાર ગુજરાતી જેમ બજારોનો બાદશાહ છે, એમ કુસ્તીબાજીમાં પણ એ કુશળ અને સબળ છે !

મહારાજ ભીમદેવે જવાબમાં જણાવ્યું : આ પાટણના વણિકોને તમે ઓળખતા નથી, માટે જ હાથે કરીને હારવા અહીં આવ્યા છો. બોલો, તમે કહો એને તમારી સામે લડાવું અને એમાં જો તમે જીતી જાવ, તો તમારા પ્રતિસ્પર્ધીની હારનો સ્વીકાર મારે કરવાનો ! બોલો, તમે કહો એને લડવાનો આદેશ આપું ? આ ગુજરાત છે અને એમાંય વળી આ તો પરાક્રમીઓનું પાટણ છે !

મલ્લે આશ્ચર્યનો ભાવ વ્યક્ત કરીને કહ્યું : મહારાજ ! વીરોથી હકડેઠઠ ભરેલી આ સભા હોવા છતાં વીર તરીકે તો હું એક દંડનાયક શ્રી વિમલને જ નામથી ઓળખું છું. એથી એમની સાથે કુસ્તીમાં ઉતરવાના મારા ઓરતા છે. જીતવો તો વીરને જીતવો, કાયરને જીતીને સસ્તો વિજય મેળવવામાં હું માનતો નથી. માટે જો મારી પસંદગી આપને પ્રમાણ હોય, તો તો આ દંડનાયકને જ દંડ પીલવા

આપ આદેશ આપો !

રાજા ભીમદેવે દંડનાયક વિમલ સામે નજર કરી. એઓ તરત જ ઊભા થયા, ભીમદેવના ચરણનો સ્પર્શ કરતા એમણે કહ્યું કે, આપની કૃપા છે, એટલે પાટણની પ્રતિષ્ઠાને અને ગુજરાતના ગૌરવને ઉની આંચ પણ નહિ આવે એવો વિશ્વાસ છે ! જે મલ્લની કસાયેલી અને એથી બિહામણી લાગતી કાયા જોઇ ને જ બીજાના હાજા ગગડી જાય, એ મલ્લની સામે બાંયો ચડાવીને વિમલે ઝંપલાવ્યું.

આખી સભાનો જીવ પડીકે બંધાઇ ગયો, સૌના જીવ તાળવે ચોંટી ગયા. સભા ફાટી આંખે અને ભયભીત અંતરે એ મલ્લયુદ્ધને નિહાળી રહી. એ મલ્લ અંગ-પ્રત્યંગોના મર્મભેદી જે પ્રહારો કરતો હતો, એ જોઇને તો સભા એવો સિસકારો જ નાખી ગઇ કે, આનાથી તો સમશેરના પ્રહાર પણ સારા ! આકાશમાં ઉડતા પતંગની જેમ આમ તેમ ઢળતો વિજય અંતે દંડનાયક વિમલ તરફ વધુ પ્રમાણમાં નમ્યો અને મલ્લે દંડનાયકના ચરણ ચૂમતા હાર સ્વીકારી.

આખી સભા દંડનાયક વિમલનો જયજયકાર જગવી રહી. અંદરથી ભોંઠા પડી ગયેલા ભીમદેવે વિમલની પીઠ થાબડી, પણ એમાં સગી મા જેવો સ્નેહ નહિ, ઓરમાન મા જેવો પ્રહાર હોય, એમ વિમલને લાગ્યું : છેલ્લા બંને વિજયમાં પ્રજા તરફથી જેમ પ્રચંડ-સન્માન સાંપડ્યુ હતું. એમ રાજા તરફથી સાંપડેલો સત્કાર લુખ્ખો હોય, એવી અનુભૂતિ થતા વિમલનું મન જરા બેચેન બન્યું. ભારે પગલે એઓ ઘરે ગયા. વીરમતિ આગળ હૈયાની આશંકા એમણે રજૂ કરી.

વીરમતિનું ચકોર હૈયું રાજા ભીમદેવની મેલી મુરાદ કંઇક પારખી ચૂક્યું હતું. એથી એમણે કહ્યું : ભીમદેવ સામે ચઢીને આપણા ઘરે આવ્યા. એમની સાથે દામોદર મહેતા જેવી વ્યક્તિઓ જોડાઇ, ત્યારથી જ દાળમાં કંઇક કાળું હોવાની આશંકા સેવતું મારું મન, આ બે બનાવોની વિગત સાંભળતા વધુ સાશંક બને છે, ખરેખર પેલી વાણી 'રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા' સાચી પડવાની પૂર્વભૂમિકા રચાતી હોય

એમ લાગે છે. માટે આપણે હવે સાવધ બની જઇએ, જેથી ગમે તે પળે પાટણના પરિત્યાગનું ફરમાન છૂટે, તો કાચી-પળનોય વિલંબ કર્યા વિના આપણે એ ફરમાનને અમલી બનાવી શકીએ !

દંડનાયક વિમલે કહ્યું : માતાજી ! હું તો એ ત્રણે દૈવી-શક્તિઓને અવારનવાર એવી પ્રાર્થના કરતો કહું છું કે, આબુના તીર્થોદ્ધારની ભૂમિકા દઢ બને, એવું વાતાવરણ જલદી સર્જાય, એ માટે આપની કૃપા સક્રિય બને !

વીરમતિએ ભાવિને ભાળતી પોતાની અનુભવી-દૃષ્ટિનું દર્શન કરાવતા કહ્યું કે, મને એમ ચોક્કસ લાગે છે કે, પાટણ છોડવું પડશે, તોય નેઢની સેવાને જાકારો આપવા ભીમદેવ તૈયાર નહિ થાય, કારણ કે દામોદર મહેતાની કરડી નજર માત્ર વિમલ પર જ કતરાતી રહી છે.

એ જ દિવસે માતા વીરમતિની સમક્ષ આખું ઘર ભેગું થયું. જરૂરી વિચારણાઓ થઇ. દંડનાયક વિમલને ખાતરી થઇ ગઇ કે, પાટણ છોડવાનો વખત આવશે, તો શ્રીદેવી પણ પોતાની જેમ જ પ્રસન્ન-પગલે પાટણ છોડી શકશે ! વળી થોડા દિવસો વીત્યા.

એ બંને દાવ નિષ્ફળ ગયા બાદ રાજા-ભીમદેવ અને દામોદર મહેતા હવે હાર્યા જુગારીની અદાથી બમણું રમી લેવાની બાજી ગોઠવી ચૂક્યા હતા. એ મુજબ એક દિવસ ભરી રાજ્યસભામાં વિમલ જ્યારે નમસ્કાર કરીને ચરણ રજ લેવા નમ્યા, ત્યારે ભીમદેવે એકાએક મોં ફેરવી લીધું અને પગ ખેંચી લીધા. આથી વજ્રઘાત જેવી વેદના અનુભવતા દંડનાયક વિમલ ગળગળા બની ગયા. એમણે હાથ જોડીને પૂછ્યું :

'મહારાજ ! જળમાંથી જ્વાળા નીકળે, ચંદ્ર ચિનગારીઓ વેરે, મહાસાગર મર્યાદા લોપે કે સૂર્ય અંધકારની વર્ષા કરે, તોય જે આશ્ચર્ય કે આઘાત ન અનુભવાય, એ આજે આપની અપ્રસન્નતા જોઇને હું અનુભવી રહ્યો છું. મારો કંઇ વાંક, મારો કંઇ ગુનો !'

ભીમદેવે કહ્યું : દંડનાયક ! મારી અનુભૂતિ પણ તમારા જેવી

છે ! જળમાંથી જ્વાળાઓ ભભૂકી ઉઠત, ચંદ્રમાંથી ચિનગારીઓ ઝીંકાત, મહાસાગર માઝા મૂકી દેત કે સૂર્યમાંથી અંધકાર વેરાવા માંડત, તોય મેં જે આશ્ચર્ય કે આઘાતની અનુભૂતિ ન કરી હોત, એ રાજના ચોપડેથી તમારા બાપ-દાદાના નામે નીકળતા લાખ્ખોના લેણાનો લેખ વાંચીને મેં અનુભવી છે !

ભીમદેવના મોઢામાંથી આ શબ્દો નહોતા નીકળ્યા, પણ જાણે સણસણતા ધારદાર બાણ નીકળ્યા હતા અને એ બાણ વિમલના મર્મ-ભાગમાં ઝંઝાવાતી-ઝડપે ખૂંપી ગયા હતા. વિમલની આંખ આગળ છેલ્લા દિવસોમાં બનેલી ઘટનાઓ પાછળના બદ-ઈરાદાઓ નગ્ન-સ્વરૂપે ઉપસી આવ્યા. થોડી ક્ષણો માટે તો એઓ અવાક્ બની ગયા. એમને થયું કે, એ વાઘ અને એ મલ્લ સામેના સંગ્રામમાં હું ખપી ગયો હોત, તો 'લેણદાર' તરીકે આમ અપમાનિત થવાનો આવો વખત તો ન આવત ! કાળજામાં ઊભો ચીરો પાડે, એવો આ ઘા હતો. છતાં વિમલે ધીર બનીને પૂછ્યું :

મહારાજ ! લેણાની સચ્ચાઇ ત્યારે જ સાબિત થાય કે, જો બંનેના ચોપડા એમાં સાખ ભરે ! અમારા બાપ-દાદાના ચોપડામાં રાજના નામે કાણી કોડીનું પણ લેણું લખાયેલું નથી. છતાં રાજના ચોપડે નીકળતા લાખ્ખોના લેણાની આપ વાત કરો છો, તો મારે અમારા એ બધા ચોપડા ફરી એક વાર ઝીણી નજરે તપાસી જોવા પડશે. અમારા બાપ-દાદાના નામે કોઇ લેણું નોંધાયેલું રહી ગયું હોય, એ અસંભવિત જણાય છે. આવું કંઇ હોત તો એ ક્યારનુંય ભરપાઇ થઇ ગયું હોત !

ખૂબ જ નમ્રતા છતાં મક્કમતા સાથે વિમલે પોતાની વાત રજૂ કરી. ભીમદેવે એકદમ ગુસ્સે થઇને જવાબ વાળતા કહ્યું : તો શું તમારો ચોપડો શાહુકારનો અને અમારો ચોપડો ચોરનો ! એવું ન બને કે, કોઈવાર લખવાનું રહી પણ ગયું હોય !

મહારાજ ! આમાં શાહુકાર-ચોરનો સવાલ જ ક્યાં છે ! હજી નાનકડી કોઇ રકમ લખવી રહી જાય, એ અસંભવિત નથી. પણ આપ

તો લાખ્ખોનું લેણું જણાવો છો, એ કઇ રીતે ચોપડે નોંધવું ભૂલી જવાય ? શું હું એટલું જાણવાનો અધિકારી ખરો કે, રાજ્યનું આ લેણું કયા વિષયનું છે ?

ભીમદેવે કહ્યું : જરૂર, દંડનાયક ! જરૂર, વનરાજ ચાવડાના સમયથી સબળ મંત્રીવંશનો પાયો નાખનાર તમારા પૂર્વજ શ્રી નીના શ્રેષ્ઠિના પુત્ર લહિરે વનરાજ પછીના બે-ત્રણ રાજવીઓના રાજ્યકાળ સુધી મંત્રી તરીકે અદ્‌ભુત સેવાઓ આપી હતી. એમણે પરદેશથી લાખેણા ઘોડા ખરીદ્યા હતા, પણ એનું 'દાણ' એમણે ચૂકવ્યું નહોતું, આ દાણની રકમનો વ્યાજ સાથે આજ સુધીનો હિસાબ કિતાબ અમારા મુનીમો માંડી રહ્યા છે. પણ સંભાવના પ્રમાણે લેણાની એ રકમ લાખોના આંકડાને તો વટાવી જ જશે. થોડા કલાકમાં જ આ બધો હિસાબ તૈયાર થઇ જશે. તમારા જેવા સપૂતોના પ્રતાપી-પૂર્વજોના નામ રાજ્યના ચોપડે 'લેણદાર' તરીકે લાલ અક્ષરે નોંધાયેલા રહે, એ મારે માટે તો આઘાતનો વિષય છે. આ આઘાતને તમે અપ્રસન્નતાનું નામ આપો, તો તમારા મોઢે લગામ લગાવનાર કોઇ જ નથી ! પણ મારી અપ્રસન્નતાનું ખરું કારણ તો એક આ જ છે !

દંડનાયક વિમલ સવિનય ઊભા થઇ ગયા. એમણે અંતરના અવાજને અણનમ રીતે રજૂ કરતા કહ્યું : મહારાજ ભીમદેવ ! મને આશ્ચર્ય થાય છે કે, વનરાજ ચાવડાના સમયથી આ લેણું ચોપડે નોંધાયેલું હોય,તો શું વચમાંના કોઇ રાજાએ આની ઉઘરાણી નહિ કરી હોય અને આવી ઉઘરાણી થઇ હોય, તો શું 'લેણદાર'ના કલંક સાથે જ અમારા એ વડવાઓએ વિદાય લીધી હોય, એમ આપ માની શકશો ? અમારા ચોપડામાં આવું લેણું શોધવા હું પ્રયાસ કરીશ, આપના ચોપડામાંથી વ્યાજ સાથે લેણાનો જે હિસાબ નીકળતો હોય, એ મને જોવા તો મોકલજો ! મહારાજ, અંતરના અવાજને રજૂ કરતા કદાચ કંઇ અવિનય જેવું લાગ્યું હોય, તો ક્ષમા ચાહું છું, આ બાળકને એક પિતા તરીકે આપ ક્ષમા આપશો જ એવો વિશ્વાસ છે !

દંડનાયક વિમલ પોતાની વાત રજૂ કરીને ભરસભામાં ઊભા થયા, તેમજ વીર અને ધીરને છાજે એવા પગલાં ઉઠાવતા તેઓ પોતાના ઘર તરફ આગે બઢ્યા. સભામાં સન્નાટો અને ગંભીરતા છવાઇ ગઇ, ભીમદેવે નહોતું ધાર્યું કે, પોતાનો આ દાવ, આવો ગંભીર વળાંક લેશે અને પ્રજાનું માનસ આવું સંક્ષુબ્ધ બની જશે ! આખા નગરમાં સૌ કોઇ છૂટથી બોલી રહ્યું કે, રાજાઓ કાચા કાનના હોય છે, એની આથી વધુ સ્પષ્ટ-પ્રતીતિ તો કોણ કરાવી શકે ? આ લેણાની વાત ચોક્કસ ઉપજાવી કાઢેલી એક બનાવટ જ હોવી જોઇએ, જેનો ઈરાદો દંડનાયક-વિમલના તેજોવધ કરવા સિવાય બીજો કોઇ જ ન હોઇ શકે !

આ બનાવ આખા પાટણમાં ચોરે-ચોરે ચર્ચાવા માંડ્યા. કોઇની કાનભંભેરણીના ભોગ બનેલા ભીમદેવની ઉતાવળી વૃત્તિ અને આવા વિકટ-સંયોગોમાંય ધીરતા, વીરતા અને વિવેકને વળગી રહેનારા દંડનાયક વિમલની શાંત-વૃત્તિ, આ બંનેને સૌ પોતપોતાની દૃષ્ટિ મુજબ મૂલવી રહ્યા, પણ એ બધા મૂલ્યાંકનોનો સરવાળો જાણે વિમલને વખાણવામાં અને ભીમદેવને ભાંડવામાં જ સમાપ્ત થતો હતો.

સમગ્ર-પાટણમાં જેઓ અનુભવી, શાણા અને રાજકીય-રંગોના રહસ્યજ્ઞાતા હતા, એ બધાનો આ ઘટના અંગેનો અભિપ્રાય એ જ હતો કે, રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા ! રાજાની મિત્રતા વળી ચિરંજીવ બની હોય, એવું કોઇએ જોયું-સાંભળ્યું છે ખરું ?

□

# ભાગ્ય ભાગ્યું કે સૌભાગ્ય જાગ્યું ?

## [૨૨]

**ધીર-શબ્દમાં** પણ પરાક્રમની પ્રતિભાનું એવું પ્રતિનિધિત્વ ઝીલાયું છે કે, એનું માથું ઉડાવી દેવામાં આવે, તોય એ શબ્દ પોતાનું વીરત્વ છોડતો નથી. માટે જ સંસ્કૃતનું એક સુભાષિત એના ગાન ગાય છે કે, ''ધીરસ્યાપિ શિરચ્છેદે વીરત્વં નૈવ મુંચતિ''ધીર શબ્દનો શિરચ્છેદ થાય, તોય એ વીરપણું તો છોડતો જ નથી ! જો માત્ર 'ધીર' શબ્દને આવું સામર્થ્ય વર્યું હોય, તો પછી ધીરતાની સાક્ષાત્-મૂર્તિ સમી વ્યક્તિનું સામર્થ્ય તો કોણ વર્ણવી શકે ?

દંડનાયક વિમલ ધીરતા અને વીરતાની જ જાણે સદેહાવસ્થા હતી. એથી ભીમદેવ સમક્ષ અંતરની સાફ સાફ વાત રજૂ કરીને ઘરે આવ્યા બાદ એમણે આ બનાવની ગંભીરતાને હળવી કરવા પરિવારને કહ્યું કે, આબુનો તીર્થોદ્ધાર આપણને ક્યારનીય હાકલ દઇ રહ્યો હતો. પણ આ હાકલને ઝીલી લઇને, આબુ ભણી પ્રયાણ આદરવાની પળ હવે પાકી ગઇ લાગે છે. આની વધામણી આપતા મારા હૈયાનો હર્ષ સમાતો નથી !

દંડનાયક વિમલની સમક્ષ ભાતભાતના પ્રશ્નો ગુંજી ઉઠ્યા. એમણે આજના બનાવને ખૂબ જ હળવા શબ્દોમાં રજૂ કરીને અંતે કહ્યું : વડીલ બંધુ નેઢ પર રાજાની હજી અમીનજર છે. એથી આ મહેલમાં એઓ ભલે મજા કરે, આપણે સૌ આબુની ગોદમાં મજા માણીશું અને આબુના શિખરો પર ધર્મની ધજા ચડાવવાની સંકલ્પ-સૃષ્ટિને સત્કારતા તીર્થોદ્ધારના પુણ્યની કમાણી કરવા મંડી પડીશું. વીરમતિ સાથે વિમલે મંત્રણા કરી ને બનતી ઝડપે પાટણનો ત્યાગ કરવાનો નિર્ણય લેવાયો,

પાટણ છોડીને કઇ દિશામાં પગલું ઉઠાવવું, એનો વિચાર ભાવિ પર છોડીને સૌ નિશ્ચિંત બન્યા.

દંડનાયક શ્રી વિમલને તો ચોપડા તપાસવાના મિથ્યા-પ્રયાસમાં સમય ગુમાવવાની કોઇ આવશ્યકતા જ નહોતી ! એઓના અંતરમાં દૃઢ-નિર્ણય જાગી ચૂકયો હતો કે, આ બધી તો મને પાટણ છોડાવવા માટેની એક માયાજાળ છે ! એ જ સાંજે ભીમદેવ તરફથી આવેલા દૂતે વિમલના હાથમાં એક પત્ર મૂક્યો. એમાં લેણાની વિગતવાર નોંધ આપતા લખવામાં આવ્યું હતું કે-

'દંડનાયક વિમલ ! તમારા દાદા-લહિરના સમયમાં એમણે ઘોડા ખરીદેલા. એનું દાણ ચૂકવવાનું બાકી રહી ગયું હોઇ, દાણની એ રકમ આજ સુધીના વ્યાજ સાથે છપ્પન ક્રોડ ટાંક થાય છે. માટે કાં તો આ રકમ ચૂકવવી, કાં તો ખાતું પાડી આપવું !'

દંડનાયકે એ રાજ દૂતને કહ્યું : મહારાજ ભીમદેવને સવિનય જણાવજે કે, આ પત્રનો જવાબ આપવા વિમલ પોતે એક બે દિવસમાં આવી જશે. દૂત રવાના થઇ ગયો. થોડા કલાકોમાં તો રાજ સભામાં બનેલા આ બનાવ અંગે સમગ્ર પાટણમાં ખળભળાટ મચી ગયો.નગર-શેઠ શ્રીદત્ત, સેનાપતિ સંગ્રામસિંહ આદિ કેટ-કેટલા આગેવાનો દંડ-નાયક વિમલને મળવા આવી ગયા, પણ એઓ તો ગૌરવભેર પાટણનો પરિત્યાગ કરવાના નિર્ણયમાં મક્કમ હતા. એમનું કહેવું હતું કે, તમારી દૃષ્ટિએ કદાચ મારું ભાગ્ય ભાંગ્યું હશે, પણ મારી દૃષ્ટિએ તો મારું સૌભાગ્ય જાગ્યું છે. જેથી હવે મારું ચિરદૃષ્ટ એક સ્વપ્ન સાકાર થશે.

એક બાજું વિમલનો આ નક્કર નિર્ણય હતો, તો બીજી બાજુ દામોદર મહેતાની વાતોમાં આવી જઇને રાજા -ભીમદેવ જે ભ્રાંતિને પકડી બેઠા હતા, એને પકડી રાખવાની જીદ છોડે એમ ન હતા. એથી પાટણની પ્રજા નિસાસો નાખતા બોલી રહી કે, શું આમ નીચે પટકાવા માટે જ પાટણે આટલી બધી પ્રગતિ-સિદ્ધિ હાંસલ કરી હશે ?

ઘણીઘણી વાટાઘાટો થઇ. પાટણની પ્રજાનો વિમલે સંપાદન કરેલો પ્રેમ પ્રમાણાતીત હોવાની પ્રતીતિ થતા જ ભીમદેવે મનોમન એક કઇક વિચિત્ર જણાય એવો નિર્ણય લઇ લીધો. દામોદર મહેતા પણ આ બનાવે જે વળાંક લીધા હતા, એથી આશ્ચર્યચકિત હતા. આ બનાવને ત્રણ દિવસ વીતી ગયા, ચોથા દિવસની પ્રભાતે દંડનાયક વિમલના મહેલનું આંગણું માનવ-મહેરામણથી ઊભરાઇ ઉઠ્યું. શુભ ઘડી-પળે હાથીના હોદ્દે ચડીને દંડનાયકે પાટણ-પરિત્યાગનું પ્રસ્થાન આદર્યું. પાટણના પ્રમુખ રાજમાર્ગો પર થઇને એ પ્રસ્થાન-યાત્રા રાજ-ભવન તરફ આગળ વધી રહી.

દામોદર-મહેતાના માણસો મનોમન ગભરાઇ ઉઠ્યા કે, આ વિરાટ માનવ-મહેરામણ ભીમદેવને ઉઠાડી મૂકીને, સિંહાસન પર વિમલને તો બેસાડી નહિ દે ને ? રાજ ભવનનું દ્વાર આવતા જ દંડનાયક વિમલ નીચે ઉતરી ગયા અને અંદર જઇને સીધા જ ભીમદેવના ચરણ ઝાલીને બોલ્યા કે, મહારાજ ! પાટણ સાથેના અન્નજળ પૂરા થયા, બોલ્યું-ચાલ્યું માફ કરજો, ગૂર્જર-રાષ્ટ્રના સંસ્કારોત્થાનની યાત્રામાં જોડાવા દ્વારા થોડી ઘણી પણ સેવાનો લાભ મળી શક્યો, એ બદલ આપનો ઉપકાર જીવનભર નહિ ભૂલાય, વેલા-ને ચડવાય વાડ જોઇએ છે, આપનો આધાર ન મળ્યો હોત, આ સેવા શક્ય જ નહોતી !

આ શબ્દો જ એવા હતા કે, પથ્થરની કઠોરતાય માખણમાં પલટાઇ જાય. ભીમદેવની આંખમાંય ઝળહળિયા આવી ગયા. એમણે કહ્યું : દંડનાયક ! પાટણને તમારી હજી ઘણી સેવાની જરૂર છે. આમ આ ક્યાનું પ્રસ્થાન આદર્યું ?

દંડનાયક વિમલે કહ્યું : સેવા આપવા મંત્રી નેઢ અહીં રોકાવાના જ છે. છપ્પન ક્રોડ ટાંકનું લેણું ચૂકવવાની શક્તિ-ભક્તિ પ્રાપ્ત થશે અને ત્યારે પણ લેણાદેણી હશે, તો ફરી પાટણ અવાશે. છતાં મારા જોગી કોઇ પણ કામસેવા હોય, તો નિ:સંકોચ ફરમાવતા રહેવા વિનંતિ !

આપની સાથેનો અને ગુજરાત સાથેનો મારો સંબંધ તો એવો ગાઢ છે કે, એને કોઇ હથિયાર કે હથોડા નહિ જ તોડી શકે ! પરંતુ આવો એકલો સંબંધ જ સેવાનું આ કર્તવ્ય અદા કરવા કાજે પૂરતો નથી હોતો, આમાં બીજી સહાય પણ અપેક્ષિત હોય છે. એ સહાયક તત્વના સથવારા વિના સેવાનું કર્તવ્ય અદા કરવાનો પ્રયાસ કોઇના અંતરને આગથી લપેટવામાં જ નિમિત્ત બનતો હોય, તો અપરોક્ષ-સેવાના માર્ગે પણ આપની કૃપાથી આગળ વધી શકીશ, એવો વિશ્વાસ છે ! માટે કોઇપણ સેવા-કાર્ય હોય, તો ફરમાવતા રહેવા વિનંતિ.

ભીમદેવના અંતરમાંથી એવો અવાજ ઉઠતો હતો કે, આવી વફાદારીને વળી છેહ દેવાતો હશે ? પાટણની પ્રતિષ્ઠા અને ગુજરાતનું ગૌરવ જો વધારવું હોય, તો આડા પડી જઇનેય વિમલને રોકી લો ! પણ એ જ અંતરના એક ખૂણે ભરાયેલું ભ્રમણાનું પેલું ભૂત રાડ પાડીને કહેતું હતું કે, આ પળે જો વિમલ રોકાઇ ગયો, તો તો પછી ખેલ ખલાસ-ખતમ થઇ જશે ! તો આવતી કાલનો રાજા એ જ હશે ? ભ્રમણાના આ ભૂતની પક્કડમાં ભીંસાયેલા ભીમદેવે છેલ્લા દિવસોમાં મનોમન લીધેલા એક વિચિત્ર નિર્ણયને વાચા આપતા કહ્યું :

'દંડનાયક વિમલ ! અવંતિની એ વિજય-યાત્રાની પળોમાં ભોજના પક્ષે ઉભા રહીને લડત આપતા પરમાર-ધંધુકની વિદ્રોહી વૃત્તિ હજી હું ભૂલી શકતો નથી. જો તમે ચંદ્રાવતી પર ચડાઇ લઇ જાવ, તો માલવાના એ મેદાનમાં મેં કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થાય ! આ વિજય મેળવીને તમે ગુજરાતની સમૃદ્ધિમાં વધારો કરી આપો, તો એની સામે આ લેણાની ચૂકવણીનું કોઇ જ મહત્ત્વ કે મૂલ્ય નથી !

આબુના તીર્થોદ્ધારના સ્વપ્નને સાકાર બનાવવા કાજે આ વાત વધાવી લેવા જેવી હતી. કારણ કે ચંદ્રાવતી આબુની તળેટીમાં વસેલી એક ભવ્યનગરી હતી અને પાટણના પાદરે પહોંચીને પ્રસ્થાનનું પગલું કઇ દિશામાં ઉઠાવવું ? આ પ્રશ્ન હજી ઊભો જ હતો ! એથી થોડીક જ પળોમાં બધો વિચાર કરી લઇને દંડનાયક વિમલે ભીમદેવના ચરણની

રજ માથે ચડાવતા કહ્યું : મહારાજ ! આપની આ આજ્ઞા મારા માટે શિરોધાર્ય છે ! જો થોડો વધુ અનુગ્રહ કરીને આપ મને ચંદ્રાવતીમાં જ રહેવાની અનુજ્ઞા આપો, તો આબુનો તીર્થોદ્ધાર કરવાનું મારું સ્વપ્ન પણ સફળ બની શકે ! ચંદ્રાવતી પર હવે આપની જ આણ સ્થાપિત થઇ ચૂકી, એમ જ સમજી લેવા વિનંતિ !

ભીમદેવે દંડનાયક-વિમલની એ વિનંતિ સ્વીકારી લઇને, એમને ચંદ્રાવતીમાં રહેવાની અનુજ્ઞા આપી. બંને એકબીજાને ભેટીને છૂટા પડ્યા. દંડનાયક વિમલના દિલમાં તો ક્રોધની એવી કોઇ અમિટ રેખા અંકાયેલી હતી જ નહિ ! ભ્રમણામાં ભરાઇ બેઠેલા પેલા ભૂતની ભભૂતિની અસર જો કે હજી અકબંધ જ હતી, પણ ભીમદેવના એ ક્રોધને કંઇક કૂણો પાડવામાં આ વાર્તાલાપ અને આ આશ્લેષ અવશ્ય સફળ થયો.

ભીમદેવને ભેટીને દંડનાયક વિમલ બહાર આવ્યા, ત્યારે તો ત્યાં મોટો માનવ-મેળો જામી ગયો હતો. એ મેળાનો ઠીકઠીક મોટો ભાગ માત્ર વળાવવા જ નહિ, પણ દંડનાયકની સાથે જ પાટણનો પરિત્યાગ કરવાની પ્રવૃત્તિમાં સામેલ થવાના નિશ્ચય સાથે બધી તૈયારી કરીને આવ્યો હતો.

આ પ્રસ્થાન-યાત્રા આગળ વધી. પાટણના રાજમાર્ગો આંસુના છંટકાવથી ભીના ભીના થઇ ગયા. પાટણ આજે જાણે ગ્રીષ્મ અને વર્ષાના ઋતુ-સંગમ જેવી વિચિત્ર-લાગણી અનુભવી રહ્યું હતું, દંડનાયકનો પાટણ-પરિત્યાગ સૌના અંતરમાં ગ્રીષ્મ જેવો તાપ પેદા કરતો હતો, તો સૌની આંખમાં એ પરિત્યાગ વર્ષા જેવી આંસુધાર પણ વહાવી રહ્યો હતો.

પાટણના પાદરને વટાવીને એ પ્રસ્થાન-યાત્રા ચંદ્રાવતીની દિશા તરફ આગળ વધી રહી, ત્યારે સૌને થયું કે, પાટણ શું ખાલીખમ થઇ જશે ! આ ભયના ભણકારા સાવ અસ્થાને ન હતા, કારણ કે શેઠ-શાહુકારો, શાહ-સોદાગરો અને શ્રાવક-શ્રાવિકાઓનો એક મોટો સમુ-

દાય પણ પાટણનો ત્યાગ કરીને ચંદ્રાવતી તરફ પ્રસ્થાન કરી રહ્યો હતો.

દંડનાયકની વિદાયથી પાટણમાં શોકનું જે સામ્રાજ્ય ફેલાયું, એ જોઇને ભીમદેવને એ જ સમજાતું નહોતું કે, આનંદ માનવો કે આંસુ સારવા ! વિમલની વિદાયથી જાણે સૌ પોતાના હૈયાને હાર-વિહોણું, આંખને કીકી-વિહોણું અને દેહને પ્રાણ વિહોણું ગણીને જીવનને એક ભારની જેમ વેંઢારી રહ્યા. આમ, સમગ્ર પાટણ જ્યારે અકથ્ય-વેદનાના ભાર નીચે કણસી રહ્યું હતું, ત્યારે દામોદર મહેતાની ટોળકી હસી-હસીને તાળી પાડીને પોતાના મનની મુરાદોની સફળતા અંગે હર્ષ અભિવ્યક્ત કરી રહ્યું હતું. વિમલને વિદાય અપાવીને એમણે શું મેળવ્યું હતું ? એનો કોઇ હિસાબ એમની પાસે નહોતો ! પણ આથી પાટણે જે ગુમાવ્યુ હતું, એનું ગણિત માંડવું, એ તો આંકડા અને અક્ષરો માટે ગજા બહારની વાત હતી ! ટૂંકમાં વિમલની વિદાયથી પાટણે એક અમૂલ્ય ખજાનો ખોયો હતો, 'અકથ્ય, અલેખ્ય અને અકલ્પ્ય' આ શબ્દ-ત્રિપુટીનું એ ખોટને લગાડાતું વિશેષણ પણ એ ખોટનો ખ્યાલ કરાવવા સમર્થ નહોતું !

●

ભાગ્ય અને સૌભાગ્યથી શૂરા-પૂરા માણસો ગમે તેવા વિકટ-વાતાવરણ વચ્ચે મૂકાય, તો પણ એમનો વાળ વાંકો નથી થઇ શકતો. એમને સ્મશાન-ઘાટ વચ્ચે વસવાની ફરજ પાડવામાં આવે, તોય ત્યાં પ્રેત એમની પ્રીતિ મેળવવા મથે, ભૂત એમની ભૂતિ-વિભૂતિનું કારણ બને અને રાક્ષસો એમનું રક્ષાકાર્ય અદા કરે ! આવો ચમત્કાર સરજાઇ જતો હોય છે.

દંડનાયક વિમલના જીવન-આરે ભાગ્ય અને સૌભાગ્યની મહાનદીઓ સંગમ સાધતી રહી હતી, એથી પાટણનો વસવાટ એમના માટે આનંદ-દાયક બને, એમાં તો કંઇ જ આશ્ચર્ય નહોતું. પણ પાટણને છોડી જવાની પળે પણ, જે અતર્કિત-સંયોગો એમના માટે સર્જાયા, એ તો જરૂર મહા-આશ્ચર્ય પેદા કરે એવા જ હતા ! જ્યારે

પાટણના પાદરે પહોંચ્યા પછી કઇ દિશામાં પગલું ઉઠાવવું, એય પ્રશ્ન હતો, ત્યારે વિદાયની પળે મહારાજા ભીમદેવે વિમલ સમક્ષ ચંદ્રાવતી પર ચડાઇ લઇ જવાની માંગણી સામેથી મૂકી હતી, આ એમના ભાગ્ય-સૌભાગ્યની જ એક પ્રબળતા ન ગણી શકાય શું ? એથી વિમલનો એ પાટણ પરિત્યાગ થોડા જ વખતમાં 'યુદ્ધયાત્રા'ના સન્માનનીય નામ સાથે ઓળખાવા માંડ્યો અને એ યાત્રાને પગલે-પગલે આબુની તળેટીમાં વસેલી મહાનગરી ચન્દ્રાવતી નજીકને નજીક આવવા માંડી.

ચન્દ્રાવતી ખરેખર 'મહાનગરી'ના બિરૂદને શોભાવી શકે, એવી અનેકાનેક વિશેષતાઓનું જ એક નામ હતું. આબુની તળેટીમાં વસેલી આ નગરી કોઇ કાળે ચડાવલી, ચડ્ડાવલી, ચડાઉલી આદિ નામોથી ઓળખાતી હતી વિ. સં. ૮૬૦ ની આસપાસ આ નગરીનું નિર્માણ થવા પામ્યું હતું. આ અરસામાં માલખેડના રાજા ગોવિંદે ગુજરાત પર વિજય મેળવીને ત્યાંની રાજગાદી પોતાના ભાઇ ઇન્દ્રને સોંપી હતી. સંઘર્ષના આ સમયમાં પરમાર વંશ ઉદયમાં આવ્યો. આ વંશના પ્રતાપી પુરુષોએ ચંદ્રાવતી નગરી વસાવી. એમાં પાંચ પાંચ સદી સુધી એકધારું પરમાર-વંશનું રાજ્ય તપી રહ્યું ને ચન્દ્રાવતી નગરી જાહોજલાલીની ઠીકઠીક ઉંચી કક્ષાએ પહોંચી.

પરમારવંશીય રાજાધંધૂકના હાથમાં ચન્દ્રાવતીની સત્તા હતી, ત્યારે તો ત્યાં જૈન-જગતની જાહોજલાલી પણ ચરમ-સીમાએ પહોંચી હતી. અઢારસો ગામ ચંદ્રાવતીની આણમાં હતા. એ સમયે ૪૪૪ જિનાલયોથી મંડિત આ નગરીમાં ૩૬૦ તો કરોડપતિ જૈનો વસતા હતા.

ચંદ્રાવતી પર રાજ કરતો રાજા ધંધુક એક વખત ગૂર્જરેશ્વર ભીમદેવની આજ્ઞામાં હતો, પણ ભીમદેવના કેટલાક શત્રુરાજ્યોની સહાય મળતા, એણે સ્વતંત્રતા સ્વીકારીને ગૂર્જરેશ્વરની આણને ફગાવી દીધી. અને એથી જ ભીમદેવ જ્યારે અવંતિની સામે લડાઇ લઇ ગયા, ત્યારે ધંધુકે ભોજનો પક્ષ લઇને જાણે ભીમદેવને ઉશ્કેરવાનું જ એક

અવિચારી પગલું ભર્યું હતું. ત્યારે ભીમદેવે જે પ્રતિજ્ઞા સ્વીકારી હતી, એથી ધંધુકના મનમાં ભય તો પેસી જ ગયો હતો કે, ગમે ત્યારે હવે મારે ગૂર્જરેશ્વર સામે લડી લેવું પડશે ! પણ અવંતિના એ યુદ્ધમાં એણે જે વીરતા નિહાળી હતી, એથી ગુજરાત સામેના યુદ્ધમાં ઉભા રહેવાની હિંમત તો એ ખરી રીતે ખોઇ જ બેઠો હતો.

આમ, ચંદ્રાવતી બધી રીતે સમૃદ્ધ હોવા છતાં, એની પર પણ સત્તાપરિવર્તનના વાદળા ગાજી રહ્યા હતા. એમાં એક દહાડો રાજા ધંધુક પરમારની સત્તાની સામે એક પ્રચંડ પડકારના રૂપમાં દંડનાયક વિમલની સેના ચંદ્રાવતીની સરહદમાં પેઠી, ત્યારે ચંદ્રાવતીનો વિસ્તાર ખૂબ જ વિશાળ હતો. દંડનાયક વિમલને આવતા સાંભળીને પરમાર-ધંધુક જીવ બચાવવા પારોઠના પગલા ભરીને નાસી ગયો. લોહીનું એક ટીપું પણ ન પડ્યું. અને એ થોડા જ દિવસોમાં સાહજિક રીતે ચંદ્રાવતીના આકાશે સત્તાપરિવર્તનનો સૂર્ય ઉગ્યો.

ચંદ્રાવતી પર ગૂર્જરેશ્વર ભીમદેવનું શાસન જાહેર કરીને એમના અદના એક સેવક તરીકે દંડનાયક વિમલે ચંદ્રાવતીનો રાજ કારભાર સંભાળી લીધો. થોડા જ વખતમાં એ લોકપ્રિય થઇ પડ્યા. ચંદ્રાવતીના પુનરોદ્ધાર રૂપે એમની દેખરેખ નીચે અનેક સુધારા-વધારા થતા ચંદ્રાવતીની મનોહરતામાં કોઇ ઓર જ વધારો થયો. આમ, જૂની નગરીને વિમલે જાણે નવા જ સાજ સજાવ્યા !

ચંદ્રાવતીની સાધર્મિક ભક્તિ ત્યારથી જનજીભે ગવાવા માંડી. દંડનાયકની પ્રેરણા પામીને, ત્યારે ચંદ્રાવતીના ૩૬૦ કરોડપતિઓએ નવા આવેલા સાધર્મિકને અક્કેક ઈંટ, નળિયું, થાળી અને રૂપિયાની પહેરામણી કરવાનો સ્વૈચ્છિક સંકલ્પ સ્વીકાર્યો, એથી નવો આવેલો સાધર્મિક એક જ દિવસમાં પગભર થઇ શકતો !

આ બધા સમાચાર પાટણમાં પહોંચે એ સહજ હતું. ભીમદેવને આજસુધી વિશ્વાસ નહોતો કે, દંડનાયક વિમલ આ રીતે ચંદ્રાવતી પર ગૂર્જરેશ્વરની સત્તાનો ધ્વજ લહેરતો મૂકે ! પણ જ્યારે ચંદ્રાવતીની

ચડાઈને સાવ સહજ રીતે મળેલી સફળતાના એ બધા જ સમાચાર અક્ષરશઃ ભીમદેવને મળ્યા, ત્યારે એમના અંતરે આનંદ કરતા એ વાતનો આઘાત વધુ અનુભવ્યો કે, હું એક વફાદાર વિભૂતિને ઓળખી ન શક્યો. કે જે આ રીતે અન્યત્ર પણ મારો મહિમા વધારે, એ મને હઠાવીને મારી રાજગાદી પર ચડી બેસે, એ કઇ રીતે શક્ય બને ? આમ હવે રાજા-ભીમદેવ અંતરમાં આઘાત અનુભવી રહ્યા. પણ હવે આવા પશ્ચાતાપનો શો અર્થ હતો, કારણ કે તબ પછતાયે હોત ક્યા, જબ ચીડીયાં ચુન ગઇ ખેત !

આબુને એક જૈનતીર્થ તરીકે જ્વલંતતા આપવાનું બધું જ કાર્ય ચંદ્રાવતીમાં રહીને કરવાનું હતું. એથી આ નગરીને આ દૃષ્ટિએ પણ જેટલી સમૃદ્ધ અને જેટલી સુરક્ષિત બનાવવી જરૂરી હતી, એથીય વધુ પ્રમાણમાં સમૃદ્ધ અને સુરક્ષિત બનાવવામાં દંડનાયક વિમલને ખૂબ જ ટૂંકા ગાળામાં સફળતા પ્રાપ્ત થઇ અને તાજ વિનાના એ રાજના સફળ અધિનાયક તરીકે દંડનાયક વિમલની કીર્તિ દશે દિશાઓમાં ગુંજિત બની ઉઠી.

દંડનાયક વિમલની વીરતાથી પ્રભાવિત બનીને આસપાસના અનેક રાજવીઓ ચંદ્રાવતીના ચાકર બનીને ધન્ય બની ગયા અને એક અજેય-નગરી તરીકે ચંદ્રાવતીના નામ-ઠામ બધે ગાજી રહ્યા. એમાંય ચંદ્રાવતીને જેમના તરફથી અવારનાર ભય રહ્યા કરતો હતો, એવા અનેક મ્લેચ્છ-રાજ્યો પર વિજય મેળવીને દંડનાયક વિમલે ગૂર્જરેશ્વર-ભીમદેવની કીર્તિમાં વધારો કર્યો, એથી ખૂબ જ પ્રભાવિત થઇને એક દહાડો ભીમદેવે પોતાના પ્રધાનો સાથે ઉત્તમ જાતિના છત્ર-ચામર મોકલાવીને એવો સંદેશ પાઠવ્યો કે,

'દંડનાયક વિમલ ! રાજહંસો તો ઉડીને જ્યાં જાય છે, ત્યાં એમને માટે માનસરોવરો ઉભા થઇ જ જતા હોય છે. ખોટ તો એ સરોવરોને જ ખમવી પડતી હોય છે, જેની પાળ પરથી એ હંસલાઓ ઉડી ગયા હોય. આ ઉક્તિ તમે ખરેખર સાર્થક કરી બતાવી છે. માટે આટલી આ પહેરામણી જરૂર સ્વીકારજો અને પાટણમાં પુનરાગમન કરીને અમારા ગુનાની માફી બક્ષજો !

દંડનાયક વિમલે પોતાના સ્વામી-ભીમદેવની આ પહેરામણીને સહર્ષ અને સરોમાંચ સ્વીકારીને જવાબમાં લખી જણાવ્યું કે, મહારાજ ભીમદેવ ! ચંદ્રાવતીમાં આવ્યા બાદ પણ ગૂર્જર-રાષ્ટ્રની હું થોડીઘણી પણ જે કંઇ સેવા કરી શક્યો છું, એ આપના આશીર્વાદનો જ પ્રભાવ છે. રાજસેવા તો ઘણી કરી, હવે એવી ભાવના છે કે, થોડીઘણી ધર્મ-સેવા કરીને મળેલી આ સંપત્તિનો સદુપયોગ કરી લઉં અને ગુજરાતની ગૌરવ-ગાથા ચિરકાળ સુધી આબુના ગુરુશિખરો પરથી ગવાતી રહે, તેમજ જૈનશાસનની જયપતાકા દિગદિગંતમાં લહેરાતી રહે, એવું કોઇક સર્જન કાર્ય કરવા કટિબદ્ધ બનું ! આબુના તીર્થોદ્ધારનું મારું જે સ્વપ્ન ચિરદૃષ્ટ છે, એની સફળતા કાજે આપ અને વડીલ બંધુ મંત્રીનેઢ જરૂર આશીર્વાદ-અનુજ્ઞા પાઠવીને મને ઉપકૃત કરશો, એવો વિશ્વાસ છે. પાટણમાં હાલ નહિ આવવાનું આ એક જ મુખ્ય-કારણ છે. આને આપ ગુના સાથે નહિ જ જોડો, એવો વિશ્વાસ છે. કારણ કે આપ જેને ગુનો ગણો છો, એને તો હું 'તીર્થ-સર્જન' કાજેની અનુકૂળ તક સમજું છું. એથી માફી બક્ષવાના સવાલને તો કોઇ અવકાશ જ રહેતો નથી !

આ સંદેશાએ પાટણના પ્રધાનોની આંખે આંસુના તોરણો બાંધ્યા. થોડા દિવસ રોકાઇને એ પ્રધાનોએ ચંદ્રાવતીનું નિરીક્ષણ કર્યું. ત્યાં વિકાસ પામી ચૂકેલી સંસ્કાર અને સંપત્તિની સમૃદ્ધિના દર્શને એ-મની આંખ ધન્ય બની ગઇ. ચંદ્રાવતીના ચમકારને હૈયામાં સંગૃહીત કરીને એઓ પાટણ પહોંચ્યા. થોડા જ વખત પછી દંડનાયકના ચિરદૃષ્ટ સ્વપ્નની સાકારતા અંગે આશીર્વાદ અને અનુજ્ઞા દર્શાવતો રાજવી ભીમદેવ અને મંત્રીનેઢનો સંદેશ ચંદ્રાવતીમાં દડનાયક વિમલને મળ્યો ને યોગાનુયોગ એવો તો અદ્ભુત સરજાયો કે, વર્ષો પૂર્વે આબુના તીર્થોદ્ધારનું ઉપદેશામૃત પાનારા શ્રી ધર્મઘોષ સૂરિજીના આગમનની વધામણી પણ દંડનાયકને આજ સમયે સાંભળવા મળી !

દંડનાયક શ્રી વિમલ આ બન્ને સમાચારોની હૈયાના લાખ લાખ દીવડાઓથી આરતી ઉતારી રહ્યા ,એમને અત્યારે તો હવે પૂરેપૂરી ખાતરી થઇ રહી હતી કે, ભાગ્ય ભાગ્યું એથી પાટણનો પરિત્યાગ નહોતો કરવો પડ્યો, આ તો જાગેલા સૌભાગ્યની શુભ-સૂચના હતી.

# વારસની વેદી પર આરસની આરાધના

## [૨૩]

**કોઈ નિર્માણ** જ્યારે અવશ્યંભાવિ હોય છે, ત્યારે કાર્ય-કારણનાં જોડાણ એવા એકાએક થઇ જતા હોય છે કે, પૂર્વ-પશ્ચિમ જેવી વિરૂદ્ધ-દિશામાં રહેલા એ કાર્ય-કારણનાં જોડાણ જોઇને એકવાર તો આંખમાં આશ્ચર્ય સાથે આનંદના ભાવ ઉભરાઇ આવે !

દંડનાયક વિમલના ભાગ્ય લેખમાં આબુના તીર્થોદ્ધારનું નિર્માણ અવશ્યંભાવિ હતું. એથી જેની કોઇને કલ્પના પણ ન થઇ શકે, એવા સુખદ અને શુભ-સંયોગો એકાએક રચાઇ ગયા ! ચન્દ્રાવતી પર ચડાઇ કર્યા વિના જ ત્યાં ગૂર્જરરાષ્ટ્રનો ધ્વજ ફરકી ઉઠ્યો. કેટલાંય મ્લેચ્છ રાજાઓ જીતાઇ ગયા. એથી ચન્દ્રાવતી નગરી વધુ સમૃદ્ધ અને વધુ સુરક્ષિત બની. અધૂરામાં પૂરું પ્રસન્ન થયેલા ભીમદેવે વિમલ પર પહેરામણી પાઠવવા સાથે પાટણના પુનરાગમન કાજે આમંત્રણ પાઠવ્યું તેમજ આ આમંત્રણના અપાયેલા જવાબના પ્રતિ-જવાબ રૂપે આબુના તીર્થોદ્ધાર કાજે ભીમદેવ તેમજ મંત્રીનેઢ તરફથી ય અનુજ્ઞા-આશીર્વાદ પ્રાપ્ત થયા અને એટલામાં વળી ભરતામાં ભરતીની જેમ તીર્થોદ્ધારના સ્વપ્નદર્શક પૂ. આચાર્યદેવશ્રી ધર્મઘોષસૂરિજી મહારાજના ચંદ્રાવતીમાં થયેલા શુભાગમનની ખુશાલી મળી. આમ, દંડનાયક વિમલનું ભાગ્ય ભાગ્યું નહોતું, પણ સૌભાગ્ય જાગ્યું હતું. આ વાતની પ્રતીતિ કરાવતું વાતાવરણ વધુને વધુ જમાવટ સાધવા માંડ્યું.

દંડનાયક વિમલ વર્ષોથી તીર્થોદ્ધારનું પુણ્ય ઉપાર્જવા આતુર તો હતા જ. પણ ચંદ્રાવતીમાં આવ્યા બાદ પણ જરૂરી વ્યવસ્થા અને સુરક્ષાની દૃષ્ટિએ કેટલીક વિજયયાત્રાઓ કર્યા વિના છૂટકો જ નહોતો.

એથી આમાં ઠીક ઠીક કાળ પસાર થઇ ગયો, છતાં એ આતુરતા અદૃશ્ય નહોતી બની ગઇ, એમાં વળી શ્રી ધર્મઘોષસૂરિજીનું આગમન થયું, એથી દંડનાયકે મનોમન એવો હર્ષ અનુભવ્યો કે, ચિરદૃષ્ટ સ્વપ્નને આબુના શિખરો પર અવતરણ કરાવવા માટે અગત્યનું એક ઉપદેશ-બળ પ્રાપ્ત થતા હવે કોઇ અવરોધ કે અંતરાય મારી આ આતુરતાના વેગને ખાળી નહિ શકે !

દંડનાયક વિમલે પોતાની જીવન-કહાણીનાં પાનાં ખુલ્લાં કરી દઇને શ્રી ધર્મઘોષસૂરિજીને એક દિ' વિનંતિ કરી કે, ભગવન્ ! આ ચાતુર્માસનો લાભ તો ચન્દ્રાવતીને જ આપો ! બંને દૃષ્ટિએ આ વિનંતિનો સ્વીકાર લાભનું કારણ છે, એક તો, ચંદ્રાવતીની પ્રજાને ધર્મનો મર્મ સમજવા મળશે, બીજું રાજકાજમાં અટવાયેલા મારા જેવા પ્રમાદીની ઉંઘ ઉડશે અને એથી હું તીર્થોદ્ધારનું જે સ્વપ્ન સેવી રહ્યો છું, એ જલદી સાકાર થશે !

શ્રી ધર્મઘોષસૂરિજીએ ચન્દ્રાવતીમાં વર્ષાવાસ રોકાવાની વિનંતિ સ્વીકારી અને સૌના ધર્મ-દિલ આનંદી ઉઠ્યા. દિવસો વીતવા માંડ્યા, એમ ચંદ્રવતીમાં ધર્મની મોસમ જામવા માંડી. એ જમાવટની આગળ વર્ષાઋતુની જમાવટ સાવ ફિક્કી જણાવા માંડી. દંડનાયકને માટે પણ આ ચાતુર્માસ ખરેખર જીવનનું એક સંભારણું બની રહે, એ રીતે આગળ વધી રહ્યું. ધર્મ દેશનાના શ્રવણે એમનો માંહ્યલો જાગી ઉઠ્યો અને આંસુભીની આંખે તેમજ સંતાપભર્યા અંતરે તેઓ વિચારી રહ્યા :

'એક માત્ર મોક્ષની જ સાધના માટે મળેલા આ માનવ-જન્મની મહામૂલી કેટલી બધી પળો મે સંસાર ખાતે વેડફી નાખી ! અને એમાંય રાજકાજના રસિયા બનેલા મેં ખાધા-પીધા વિનાના કેટલાય અનર્થ-દંડના પાપોનો પહાડ ખડક્યો ! ધર્મના પ્રભાવે જ મને આ જન્મમાં કીર્તિ-કંચન, સત્તાસાહ્યબી ઇત્યાદિ મળ્યું, પણ આ જન્મમાં ધર્મની સેવાને ગૌણ બનાવીને રાજસેવા પાછળ મેં વર્ષો વીતાવ્યા, મારા જેવો ધર્મદ્રોહી બીજો કોણ હશે ? માનવભવનો મુદ્રાલેખ તો આંતર-

શત્રુઓ સામેનો સંગ્રામ જ હોવો જોઇએ, એના બદલે બાહ્યશત્રુઓ સામે સંગ્રામો ખેલીને ગૂર્જરરાષ્ટ્રને સમૃદ્ધ બનાવતા-બનાવતા હું વૃદ્ધ થવા આવ્યો ! આ સાચા મુદ્રાલેખ પર મેખ મારનારા મારે હવે તો ભગવાનના શાસન કાજે એક યુવાનની અદાથી ભેખ ધરવો જ પડશે. તો જ આ બધા પાપોનું કંઈક પણ પ્રક્ષાલન થઇ શકશે. ભાવના અને પ્રભાવનાઃ આ બે એવા ધર્મો છે, જે સ્વ-પર ઉપકારની ગંગોત્રી બની જાય ! એથી મારે ભાવના તરીકે મારા જીવનના આ ખંડેરના ઉદ્ધાર-કાર્યને મહત્વ આપવા સાથે તીર્થોદ્ધારના કાર્યને પ્રભાવના તરીકે અગ્રિમતા આપવામાં હવે મોડું ન જ કરવું જોઇએ.'

દંડનાયક વિમલ શ્રી ધર્મઘોષસૂરિજીના સમાગમથી જેમ આબુ ઉપર અવતરણ પામતી કોઇ ધર્મ સૃષ્ટિને આંતર-ચક્ષુથી અવાર-નવાર જોયા કરતા હતા, એમ પોતાના જીવનમાં અવતરતી ઉદ્ધારની સૃષ્ટિને પણ નિહાળ્યા કરતા હતા, એથી એમનું અંતર આનંદથી ઉભરાઇ ઉઠતું હતું, આ ચાતુર્માસમાં દંડનાયકે એવું પ્રેરણા-પાન કર્યું કે, જેની અસર આજીવન ટકી રહે. અને આ અસરની જ ફળશ્રુતિ રૂપે એક શુભ ઘડી-પળે દંડનાયકે તીર્થોદ્ધાર કાજેની પ્રવૃત્તિનો મંગલારંભ કર્યો.

પગલે-પગલે વિકટ ચઢાણ ચઢ્યા વિના તીર્થોદ્ધારની પ્રવૃત્તિમાં આગળ વધી શકાય એમ નહોતું, સૌ પ્રથમ તો આબુ ઉપર જગ્યા પ્રાપ્ત કરવાનો પ્રશ્ન ઉકેલવો જરૂરી હતો. એક હિન્દુ-તીર્થ તરીકે અત્યંત પ્રખ્યાત આબુ ઉપર ત્યારે બ્રાહ્મણોનું જોર હતું. એથી એમને પ્રસન્ન બનાવીને જગા મેળવવા દંડનાયકે પ્રયાસ આરંભ્યા. મોં માંગ્યા મૂલ્ય ચૂકવીને એઓ આબુ પર જગા મેળવવા કૃતનિશ્ચયી હતા. એમણે બ્રાહ્મણ પૂજારીઓ સમક્ષ વાત મૂકીઃ મારે અહીં જૈનમંદિરોનું નિર્માણ કરવું છે અને એ માટે યોગ્ય-જગા જોઇએ છે. આમેય આબુ તીર્થ તરીકે પ્રસિદ્ધ જ છે, આ પ્રસિદ્ધિને વધુ વ્યાપક બનાવવાના મારા મનોરથ છે, એટલે તમારા સાથ-સહકાર માટે હું પૂરેપૂરો આશાન્વિત છું.

બ્રાહ્મણોનું એ જૂથ અંદરખાને તો એમ જ ઇચ્છતું હતું કે, અહીં

જૈનમંદિરો ન જ ઉભા થવા જોઇએ ! કારણ કે એમને એવો ભય હતો કે, આબુ પર જૈન-મંદિરો ઊભા થાય,તો હિન્દુતીર્થ તરીકેની આબુની અદ્વૈત-આબરૂમાં ઓટ આવ્યા વિના ન રહે. આમ, બ્રાહ્મણો જૈન મંદિરોના સર્જનથી નારાજ હતા. છતાં દંડનાયક વિમલના અને એમની સત્તાના પ્રભાવ-સ્વભાવથી એઓ પ્રભાવિત હતા, એથી સીધે સીધી ના તો કહી જ શકાય એમ નહોતું. એથી નવી જ વાતને આગળ કરતા એમણે કહ્યું :

'દંડનાયક વિમલ ! આબુની તીર્થ તરીકેની પ્રસિદ્ધિમાં વધારો થાય, એમાં તો કોણ નારાજ હોય ! પરંતુ અહીં પૂર્વકાળમાં પણ કોઇ જૈનમંદિર હોય, એવો પુરાવો જો મળતો હોય અને એની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવવા તમે સમર્થ હો, તો તમે માંગો એ જગા આપવા અમે તૈયાર છીએ. આવો પુરાવો જો મળી જાય, તો પછી અથડામણનો કે સંઘર્ષનો કોઇ સવાલ જ ઉપસ્થિત ન થાય ! આ જાતના કોઇ પુરાવા વિના અમે તમને જગા આપીએ અને કાલ ઉઠીને કોઇ તકરાર ઉભી થાય, તો લોકો અમને સંભળાવે કે, તમે નાહકનો આ ડખો કર્યો, સનાતન-કાળથી આ આપણું તીર્થ હતું, પછી તમારે બીજાનો પગપેસારો થવા દેવાની જરૂર જ શી હતી ! લોકોને આવું બોલવાની તક ન મળે, એ માટે અમે કોઇ પુરાવાની જે અપેક્ષા રાખીએ છીએ, એ આપને પણ વાજબી જ લાગશે, એવો વિશ્વાસ છે !'

બ્રાહ્મણોના આ હકારમાં નકારનો જે સ્પષ્ટ રણકાર નીકળતો હતો, એ દંડનાયક વિમલ બરાબર સમજી તો ગયા, પણ જ્યાં સુધી સમજાવટથી કામ પતતું હોય, ત્યાં સુધી ઉગ્ર ન બનવાનો એમનો નિર્ણય હતો. એથી એમણે જવાબમાં જણાવ્યું કે, તમારી વાત જેમ સાવ નકારી કઢાય એવી નથી, એમ સંપૂર્ણ રીતે સ્વીકારી લેવાય એવી પણ નથી. આમાં સંઘર્ષનો સવાલ જ ક્યા છે ! પૈસા ચૂકવીને હું જગા ખરીદવા માંગું છું, તેમજ તમારા મંદિરોથી દૂર દૂર જૈનમંદિરનું નિર્માણ કરવાનો મારો નિરધાર છે. એથી સંઘર્ષ કે અથડામણનો તમે જે હાઉ

જણાવો છો, એ એટલો વજૂદવાળો જણાતો નથી. બાકી આબુ જૈનતીર્થ તરીકે પણ જૂગ-જૂગ જૂના કાળથી પ્રસિદ્ધ રહ્યાના ઉલ્લેખ અમારા શાસ્ત્રોમાં જોઇએ એટલા મળી શકે છે. હજી આઠ-નવ દશકાઓ પૂર્વે જ અહીં જિનમંદિર હોવાની વાત અમારા શાસ્ત્રોમાંથી કાઢી આપવાની મારી તૈયારી છે. તમે એને માન્ય રાખશો ખરા ?

બ્રાહ્મણો તો પોતાની વાતમાં મક્કમ હતા. એમણે કહ્યું : તમારા શાસ્ત્રોના એ ઉલ્લેખો માન્ય રાખવામાં વળી શો વાંધો હોઇ શકે ? પણ એક શરત છે. એ ઉલ્લેખોની સચ્ચાઇ સ્વીકારી શકાય, એવી કોઇ પ્રત્યક્ષ-પ્રતીતિ પણ અમને મળવી જોઇએ.

શ્રેયાંસિ બહુવિઘ્નાનિ ! કલ્યાણકારી કાર્યોની કેડી કંટકોથી ભરપૂર હોઇ શકે છે, આ વાત પર દંડનાયકને જેમ શ્રદ્ધા હતી, એમ એ વિઘ્નોના વાદળ વિખેરી શકે, એવી દૈવીશક્તિ પર પણ એમને એટલો જ વિશ્વાસ હતો. એથી પ્રત્યક્ષ પુરાવાની એ વાતને સ્વીકારી લેતા એમણે કહ્યું : અમારા શાસ્ત્રોમાં જૈનતીર્થો તરીકે આબુના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, એથી પ્રત્યક્ષ-પુરાવો મળવાની પૂરેપૂરી શક્યતા છે. આ અંગે હું તમને આજથી ચોથે દિવસે મળીશ. તમારા આટલા સહકારથી મને સંતોષ છે. અને મારો વિશ્વાસ વધ્યો છે !

દંડનાયક વિમલ હવે તો તીર્થોદ્ધાર માટે કૃતનિશ્ચયી હતા. એથી આ કાર્ય અંગે જે કંઇ ભોગ આપવો જરૂરી હોય, એ ભોગ આપીનેય કાર્યસિદ્ધિ કરવા માટે કટિબદ્ધ બનેલા એઓ આરાસણા-કુંભારિયા જઇને શ્રી અંબિકાદેવીની સાધનામાં બેસી ગયા. પહાડ જેવા અણનમ સંકલ્પ સાથે એમણે પલાંઠી લગાવી. ત્રણ ઉપવાસ પૂરા થયા. દંડનાયકના અંતરમાં આરસ પર એટલે કે જિનમંદિર પર અવિહડ-શ્રદ્ધા હતી, સાથે સાથે એ અંતરના એક ખૂણે વારસ અંગે એટલે પુત્ર-પ્રાપ્તિના ભાવિ અંગેય થોડીક જિજ્ઞાસા હતી. એથી આરસ-વારસના આ બંને પ્રશ્નો અંગે માર્ગદર્શન કરાવવા કાજે શ્રી અંબિકાદેવી ત્રીજા ઉપવાસની રાતે હાજરાહજૂર થયા. એમણે કહ્યું :

'વત્સ ! વિમલ ! જે કાર્યસિદ્ધિ અંગે તેં આ આરાધના આરંભી છે, એ કાર્યમાં તો તને યશસ્વી ફતેહ મળવાની જ છે. પણ મારા એક પ્રશ્નનો જવાબ તારે પ્રથમ આપવો પડશે ! વારસ કે આરસઃ આ બેમાંથી તારે એકની પસંદગી કરવાની છે. કારણ કે તારા ભાગ્યમાં આ બંનેનું પુણ્ય નથી. માટે તારે વારસનું ભાગ્ય ફલિત બનાવવું છે કે આરસનું સૌભાગ્ય !'

દંડનાયક વિમલના અંતરમાં 'આરસ આરસ'નો પડઘો ઘૂમી રહ્યો. પોતાની ધર્મપત્ની શ્રીદેવીને પૂછવા જોગ આ પ્રશ્ન હોવા છતાં એમને શ્રદ્ધા હતી કે, ત્યાંથી પણ આવો જ પડઘો પડશે ! કારણ કે વારસ પોતાના કુટુંબની કીર્તિ બે-ચાર પેઢી સુધી ગુંજતી રાખે કે નહિ ? એય શંકિત હતું ! જ્યારે આ 'આરસ' તો વર્ષોના વર્ષો સુધી જૈનશાસનનો જયજયકાર જગવતા રહેવાની પ્રચંડ શક્તિના સ્ત્રોત સમા હતા, આમાં જરાય શંકા રાખવા જેવું નહોતું !એથી જરાય મુઝાયા વિના પ્રસન્ન-વદને દંડનાયકે સવિનય જણાવ્યું કે,

'માતાજી ! ધ્રુવને ધક્કો મારીને, અધ્રુવને તો કોણ આવકારે ? વારસનું ભવિષ્ય અધ્રુવ છે. પુત્ર મારું નામ રાખેય ખરો, ન પણ રાખે ! જ્યારે પ્રાસાદો તો મારા જિનશાસનનું નામ રાખવાનું કાર્ય વર્ષો સુધી કર્યા જ કરવાના છે. માટે વારસની વેદી પર હું આરસની આરાધના ઈચ્છું છું. આરસની આહુતિ આપીને વારસ મેળવાતો હોય, તો મારે એવા વારસની જરાય વાંચ્છા નથી !'

દંડનાયક વિમલની આ પ્રભુભક્તિ પર પ્રસન્નતા વેરતા શ્રી અંબિકાદેવીએ જણાવ્યું : વત્સ વિમલ ! તેં આરસને આરાધવાની પ્રભુભક્તિ વ્યક્ત કરીને એવો તો વારસ પસંદ કર્યો છે કે ન પૂછો વાત ! આરસનો આ સદ્ધર વારસ વર્ષોના વર્ષો સુધી તારા પણ કીર્તિ-ગાન ગાયા જ કરશે ! ગાનના એ ધ્વનિને વરેલી ગંજાવર-ગુંજને સમય કે સ્થળની વિરાટતા પણ મંદ નહિ પડવા દે.ઉપરથી આ વિરાટતા એ ધ્વનિની દિગદિગંતમાં ફેલાવવાની શક્તિમાં વધારો કરવામાં કારણ

બની જશે.

વિમલના મુખ પર નિર્મળતા નૃત્ય કરી રહી હતી. વારસના ભાગ્યને જાકારો દઇ દીધાનું કોઇ દુઃખ ત્યાં નહોતું મળતું, આરસના સૌભાગ્યને આવકારતો અનહદ-આનંદ વિમલને નખ-શિખ ઘેરી વળ્યો હતો. અંબિકાદેવીએ મહત્વના મુદ્દા અંગે માર્ગદર્શન કરાવતા કહ્યું :

'વત્સ ! ચોમેર વેરાયેલી-ઉભેલી ટેકરીઓ આબુના જે પ્રદેશનું કિલ્લો બનીને રક્ષણ કરી રહી છે, તે પ્રદેશમાં ચંપાનું ઝાડ હોય, એવી જગા શોધી કાઢજે. એમાં પણ જે ચંપાના ઝાડ નીચે કંકુનો સાથિયો દેખાય, ત્યાં ખોદાવજે, એથી જે પ્રત્યક્ષ પુરાવાઓ તને અપેક્ષિત છે, એ પ્રાપ્ત થઇ જશે. વત્સ ! તીર્થોદ્ધારના આ એક મહાન-કાર્યનું નિર્માણ તારા લલાટે લખાયેલું છે. માટે જ્યારે પણ જરૂર પડે, ત્યારે મને અવશ્ય યાદ કરજે.'

વિમલે ઊભા થઇને અંબિકાદેવીના ચરણમાં મસ્તક નમાવ્યું, એના અંતરનો એકતારો જાણે ગાઇ રહ્યો હતો : મા ! તારા જેવી સમર્થ શક્તિની છાયામાં કિલ્લોલવાનું ભાગ્ય જે પુત્રને મળ્યું હોય, એના મનોરથો, ગમે તેવા મોટા હોય, તોય એને સફળતા મળ્યા વિના રહે ખરી ?

દંડનાયક વિમલના આનંદનો પાર ન રહ્યો. તીર્થોદ્ધારના પહેલા જ પગલે ઉભી થયેલી અઘરી અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થયાનો સંતોષ અનુભવતા એઓ મુદત મુજબ બરાબર ચોથે દિવસે આબુની એ ગિરિટોચ પર પહોંચ્યા, જ્યાં બ્રાહ્મણ-પૂજારીઓ વિમલની રાહ જોઇ રહ્યા હતા. આ વચગાળામાં બ્રાહ્મણ-પૂજારીઓએ સમય આવે તો પોતાનું સંખ્યા-બળ બતાવીને પણ વિમલને ડારી શકાય, એ માટે આસપાસના બ્રાહ્મણો-હિન્દુઓને હાજર રહેવા કહેણ મોકલ્યા હતા અને એને માન આપીને લગભગ ૧૧ હજાર જેટલા બ્રાહ્મણો એકઠા થયા હતા.

દંડનાયક વિમલ તો સાહસની મૂર્તિ હતા. જેઓ હજારો લડવૈયાઓની સામે ઊભા રહેવામાં થડકારો પણ નહોતા અનુભવતા, હજારો બ્રાહ્મણોનું ટોળું એમને શી રીતે સ્તબ્ધ કરી શકે ? સૌ મંત્રણા કરવા બેઠા. બ્રાહ્મણોની પાસે તો પેલો એક જ પ્રબળ મુદ્દો હતો. એ એમણે જોરશોર સાથે રજૂ કર્યો. જવાબમાં દંડનાયક વિમલે કહ્યું : મેં જણાવ્યું હતું કે, આબુનો અમારા શાસ્ત્રોમાં જૈનતીર્થ તરીકે ઉલ્લેખ મળી જ આવે છે, એથી પ્રત્યક્ષ-પ્રતીતિ મળવી અશક્ય ન ગણાય. ચાલો, આ આબુના જૈનતીર્થ તરીકેના યશસ્વી-ઇતિહાસની પ્રતીતિ કરાવી જતા પુરાવાઓનું પ્રત્યક્ષ દર્શન કરાવું !

શંકા-આશંકાથી ઘેરાયેલા એ બ્રાહ્મણોને સાથે લઇને દંડનાયક વિમલ ચંપાના ઝાડ ધરાવતા એ ગિરિ-પ્રદેશ પાસે પહોંચી ગયા, જ્યાં કંકુનો સ્વસ્તિક અંકિત હોય, એ વૃક્ષ-પ્રદેશ ખોળી કાઢતા વિમલને વાર ન લાગી. વિમલે સૌને નીચે બેસવાનો ઇશારો કરીને પોતાની વિધિ શરૂ કરી. વિધિના પ્રારંભે ક્ષેત્રદેવતાને બલિ-બાકળા આપીને ખુશ કર્યા બાદ દંડનાયક વિમલે કહ્યું કે, ક્ષેત્ર-દેવતા ! અમારી પર પ્રસન્ન બનીને આ પૂજા સ્વીકારો, ગઇ કાલે રાતે આપે આપેલા સ્વપ્ન-સંકેત મુજબ અમે અહીં આવ્યા છીએ. અહીં જ, કંકુના સ્વસ્તિકથી અંકિત આ વૃક્ષ નીચે આ આબુને જૈનતીર્થ તરીકે પુરવાર કરતા કોઇ પ્રતીકનું જે અસ્તિત્વ સ્વપ્નમાં સૂચિત થયું છે, એ પ્રતીકના પુણ્ય દર્શન માટે અમે સૌ આતુર છીએ ! ઓ ક્ષેત્ર-દેવતા ! અમારી આ મનોકામના પૂર્ણ કરવા વિનંતિ !

ચારે તરફ આતુરતાનું મોજું ફરી વળ્યું. બ્રાહ્મણ પૂજારીઓ મનમાં ને મનમાં હસી રહ્યા કે, આ રીતે સ્વપ્નના સંકેતાનુસાર મોટા ઉપાડે આવનારને નિષ્ફળતા મળવામાં કોઇ શંકા રાખવાની હોય જ શાની ?

દંડનાયક વિમલે સ્વસ્તિકાંકિત એ ભૂમિને ખોદાવવા માંડી. થોડા હાથનું ખોદાણ થયું, ત્યાં તો ફૂલ અને ધૂપની અનુપમ સુવાસ

અદૃશ્ય રીતે છૂટવા માંડી. સૌની નાસિકા એ તરફ ખેંચાતી ગઇ. બ્રાહ્મણ-પૂજારીઓના મોં કાળાશ પકડવા માંડ્યા. થોડુંક વધુ ખોદાણ થતા જ પ્રતિમાજીનું અસ્તિત્વ જણાવા માંડ્યું, ચોમેર આતુરતાનું વાતાવરણ ઓર વધુ જામ્યું. ખૂબ જ સાવધાની સાથે થોડુંક વધુ ખોદાણ થતા જ એક ભવ્ય જિનપ્રતિમાના દર્શન થયા અને સિંહનાદનું સામર્થ્ય ધરાવતા દંડનાયક વિમલના મોમાંથી 'જૈનં જયતિ શાસનં'નો ધ્વનિ ગુંજી ઉઠ્યો, આસપાસના કોતરો અને શિખરોએ જ્યારે એનો પ્રતિધ્વનિ પાછો પાઠવ્યો, ત્યારે ત્યાં ઉપસ્થિત હજારો બ્રાહ્મણોના સૂર પણ એમની રજા લીધા વિના એ પ્રતિધ્વનિમાં ભળી જઇને એને વધુ પડછંદ બનાવી રહ્યા.

ધરતીમાંથી સંકેતાનુસાર અવતરિત એ જિનપ્રતિમા ખરેખર સાક્ષાત્ દેવાધિદેવના રૂપ-સ્વરૂપની ઝાંખી કરાવી જાય, એવી ભવ્ય હતી. પલાંઠીમાં અંકિત વૃષભના લાંછનથી એ શ્રી યુગાદિપ્રભુની પ્રતિમા જણાતી હતી. તેમજ કોરણી-સ્થાપત્ય આદિથી ગણનાતીત કાળ પૂર્વેનું એનું નિર્માણ અનુમાનિત થતું હતું. ભૂમિમાંથી એ પ્રતિમા નીકળી હતી, છતાં જાણે હમણા જ ઘડાઇને તૈયાર થયાની પ્રતીતિ એ કરાવતી હતી. એના અંગે-અંગમાંથી સૌન્દર્ય અને લાવણ્યની ધારા વહી રહી હતી. આવી અદ્‌ભુત આ જિનમૂર્તિ દેવાધિષ્ઠિત હોવાની પ્રતીતિ તો વાતાવરણમાં વ્યાપેલી સુગંધ ક્યારથી કરાવી જ રહી હતી. દંડનાયક વિમલ આ મૂર્તિના દર્શને ધન્ય ધન્ય બની ગયા.

બ્રાહ્મણો માટે હવે તો બોલવાનો કોઇ અવકાશ જ નહોતો. એથી એમણે વિચાર્યું કે, આ જમીનને સુવર્ણના સાટે વેચવાની વાત મૂકીશું, તો આ વિમલનું પાણી મપાઇ જશે. આપણી આ શરત એ માન્ય કરી શકશે નહિ અને આપણી ધારણા પાર પડશે ! બ્રાહ્મણો વિચારમગ્ન હતા, ત્યાં જ દંડનાયક વિમલે પ્રશ્ન કર્યો :

'બોલો, ભૂદેવો ! હવે તમારે જૈનતીર્થ તરીકે આબુની ભૂતકાલીન પ્રસિદ્ધિની સચ્ચાઇ અંગે કંઇ કહેવું છે !'

બ્રાહ્મણો તરફથી જવાબમાં કહેવાયું કે, દંડનાયક ! આબુ કોઇ કાળે જૈનતીર્થ તરીકે પ્રસિદ્ધ હશે, એમ આ પુરાવો કહે છે. એનો અપલાપ કોણ કરે ? એથી આ પ્રશ્ન હવે વિચારવાનો રહેતો નથી. આમ છતાં આ જમીનની કિંમતનો પ્રશ્ન પણ કંઇ નાનોસૂનો નથી !

દંડનાયકે કહ્યું : આ તો બહુ સામાન્ય પ્રશ્ન છે. અમારા શાસ્ત્રોમાં એવો સ્પષ્ટ નિર્દેશ છે કે, દેવમંદિર આદિ ધર્મધામોનું સર્જન જે ભૂમિ પર કરવું હોય, એના માલિકને પૂરેપૂરો સંતોષ આપવો જોઇએ. તો જ એ ધરતી પરના સર્જનો પોતાનો હેતુ સારી રીતે સિદ્ધ કરી શકે !

બ્રાહ્મણોએ કહ્યું : દંડનાયક ! આપ એમ માનતા હશો કે, જેની આબાદી અત્યારે સર્વોચ્ચ કોટિ આંબી ગઇ છે,એ ચંદ્રાવતીમાંય જો ચાંદીની કિંમતે જમીન વેચાય છે, તો અહીં આબુના જંગલની આ ભૂમિની કિંમત હોઇ હોઇને કેટલી હોઇ શકે ? ચંદ્રાવતી કરતા તો વધુ નહિ જ ને ? જો આપની માન્યતા આવી હોય, તો અમને લાગે છે કે, આપ આ જમીન ખરીદવામાં સફળતા નહિ જ પામી શકો !

દંડનાયક વિમલ તો ગમે તે ભાવે ભૂમિ ખરીદવાનો દૃઢ-સંકલ્પ કરીને જ આવ્યા હતા. એથી એમણે કહ્યું : ભૂદેવો ! હું આ ભૂમિના ભાવ-તાલ કરવા માંગતો નથી. તમે બોલો, એટલે હું નાણાની કોથળી ખોલું !

એક પૂજારીએ કહ્યું : દંડનાયક ! આ જમીન કંઇ એટલી સસ્તી નથી કે, નાણાની કોથળીથી ખરીદી શકાય ? સોનાના સાટે સોદો કરવાનું સામર્થ્ય હોય, તો જ આગળ વાત કરીએ, નહિ તો આ વાત પર અહીંથી જ પડદો પાડી દઇએ !

દંડનાયક વિમલે વળતી જ પળે જવાબ વાળ્યો : આ રીતે પણ તમારું મન રાજીપો અનુભવતું હોય, તો આ શરત કબૂલ ! બોલો, હજી કોઇ વધારે માંગણી છે ! તમે બધા રાજી થાવ, તો જ મારી બાજી અહીં બરાબર ગોઠવાય !

સોનાનો એ સોદો ફોક થવાની હજીય એક પૂજારીને પૂરેપૂરી

શ્રદ્ધા હતી. એણે રમતમાં કહ્યું : દંડનાયક ! આ ભૂમિ પર તમે જેટલા વિસ્તારમાં સોનામહોરો પાથરી શકો, એટલી ભૂમિની માલિકી તમારી અને સોનામહોરો અમારી ! આ છેલ્લી શરત કબૂલ હોય, તો અમે રાજીથી આ સોદો કરવા તૈયાર છીએ !

દંડનાયક વિમલે પોતાની ઉદારતા અને નીતિ-મત્તાની જાણે છેલ્લી કક્ષા દર્શાવતા કહ્યું : આ શરતમાં મારા તરફથી આટલો વધારો-સુધારો કરવા વિનંતિ કે, ગોળ સોનામહોરો નહિ, પણ ચોરસ સોનામહોરો ! ગોળ સોનામહોરો પાથરીને આ ભૂમિને ગ્રહણ કરું, તો વચ્ચે વચ્ચે સુવર્ણ-મુદ્રાથી ઢંકાયા વિનાની જે ભૂમિ મને મળે, એ અન્યાયોપાર્જિત ગણાય, કારણ કે તમારી શરત મુજબ જેટલો વિસ્તાર સોનામહોરોથી ઢાંકી શકું, એટલાનો જ કબજો લેવાનો હું હક્કદાર ગણાઉં ! માટે અહીં ભઠ્ઠી પેટાવીને હું નવી ચોરસ સોના-મહોરો ગળાવીને આ ભૂમિ ખરીદીશ. આમ, કરતા જરા વિલંબ થવાની શક્યતા છે. પણ એને આપ સૌ ભૂદેવો ! ક્ષમ્ય ગણશો. એવી મારી નમ્ર વિનંતિ છે.

બ્રાહ્મણોના દિલમાં ધખમખતો દ્વેષનો દાવાનલ, આ શરત અને દંડનાયક વિમલનો નીતિમત્તાભર્યો આ પ્રસ્તાવ સાંભળીને પ્રેમના પાણીમાં પલટાઇ ગયો. સૌએ દંડનાયક વિમલનો જયજયકાર ગજવીને આ સોદા પર હૈયાનો હર્ષ વ્યક્ત કર્યો, દંડનાયક વિમલે સૌને કહ્યું : ભૂદેવો ! આ બધો પ્રભાવ તો જૈનશાસનનો જ છે. માટે તમારે જો સાચે જ જયજયકાર જગવવો હોય, તો તમે જૈનશાસનનો જયજયકાર જગવો, મારો નહિ.

એકઠા થયેલા એ બ્રાહ્મણોમાંથી ઘણાખરાની જિંદગી આ ભૂમિ પર જ વીતવા આવી હતી, પણ હજી સુધી એમણે આવો વીર, આવો ઉદાર, આવો નીતિનિષ્ઠ અને આવો ભગવદ્ભક્ત સ્વપ્નમાં પણ જોયો નહોતો. એથી એઓ વિચારી રહ્યા કે, ખરેખર હવે જ આબુનો ખરો ઉદયકાળ શરૂ થશે ! સૌ છૂટા પડ્યા, ત્યારે દરેકના મુખ પર એક

અદ્‌ભુતતાના દર્શનનો આનંદ વરતાઇ રહ્યો હતો.

દંડનાયક વિમલના આનંદને આજે કોઇ અવધિ કે ઓવારો મર્યાદિત રાખવામાં સફળ થાય, એ શક્ય નહોતું. કેમકે તીર્થોદ્ધારની ભૂમિકાનું એક મોટું કાર્ય સફળતાથી પાર પડ્યું હતું અને આબુ ઉપરની ત્રણ ચાર દિવસની સ્થિરતા ખૂબ જ સંગીન સફળતા આણવામાં નિમિત્ત બની ચૂકી હતી.

દંડનાયક વિમલને એ વાતનો પૂરેપૂરો આનંદ હતો કે, વારસની વેદી પર આરસની આરાધના કરવાની અગ્નિ પરીક્ષામાં પોતે હેમખેમ ઉત્તીર્ણ થઇ શક્યા હતા, ત્યાર પછી આબુની જૈનતીર્થ તરીકેની ભૂતકાલીન પ્રસિદ્ધિની સચ્ચાઇની પ્રતીતિનું પ્રત્યક્ષ દર્શન કરાવવા કાજે માતા અંબિકાદેવીનું કૃપાવતરણ કરાવવામાં પોતે સફળ થયા હતા, તેમજ ધૂળથી સભર ધરતીને સોનાથી સવાઇ માનીને એની ખરીદી ટાણે સોનાને ધૂળથી પણ તુચ્છ ગણવાની ઉદારતા દર્શાવવાના ખરા અવસરે પોતે થોભ વિનાના લોભ પર લગામ લગાવવામાં જરાય નિષ્ફળ નહોતા નીવડ્યા.

દંડનાયક વિમલે ચંદ્રાવતી તરફ પ્રયાણ કર્યું. એમને પૂરેપૂરો વિશ્વાસ હતો કે, પોતે લીધેલા આ બધા નિર્ણયો પર પ્રશંસાના પુષ્પો વેરનારી વ્યક્તિઓમાં શ્રીદેવીનું સ્થાન તો પહેલું જ હશે !

□

# આરસની દેવનગરીના નિર્માણ કાજે

## [૨૪]

**વારસની** વેદી પર આરસની આરાધના કરવાના દંડનાયક શ્રી વિમલે લીધેલા એ ભક્તોચિત ભીષ્મ-નિર્ણયને, ચન્દ્રાવતીની પ્રજામાં સૌથી વધુ ઉમળકાભેર હૈયે વધાવનારી વ્યક્તિ વિમલના અનુમાન મુજબ શ્રીદેવી જ હતી ! પતિની પ્રાપ્તિ થઇ ગયા પછી નારીના મનમાં જો કોઇ મહત્વાકાંક્ષા જોર કરતી હોય, તો તે 'મા' બનવાની ! પતિ પછી પુત્રની પ્રાપ્તિ, નારી-જીવનની એક અદમ્ય આકાંક્ષા ગણાય. આ દૃષ્ટિએ આબુ-તીર્થોદ્ધારના પાયામાં શ્રી દેવીએ પોતાની આંકાક્ષાની આહુતિ આપીને જે ભગવદ્-ભક્તિ વ્યક્ત કરી હતી, એની જોડ જડવી મુશ્કેલ હતી. સંતતિ અને સુવર્ણનો લોભ જતો કરીને દંડનાયક વિમલે પોતાનું જે શ્રાવકત્વ શ્રૃંગારિત કર્યું હતું, એને વખાણતા શ્રીદેવીએ કહ્યું :

'આર્યપુત્ર તીર્થોદ્ધાર આપણું ચિર-દૃષ્ટ એક મહાસ્વપ્ન છે એથી આ સ્વપ્નની સિદ્ધિ કાજે આપે સંતતિ અને સુવર્ણનો સ્નેહ તો જતો કર્યો જ છે. પણ કાલ ઉઠીને કદાચ એવી કટોકટી પેદા થાય અને મારો પણ ભોગ આપવો જરૂરી જણાય, તો એ પળે આપ આવા બલિદાનને કબૂલીને પણ આ સ્વપ્નની સિદ્ધિને જ અગ્રિમતા આપજો, સંતતિ, સુવર્ણ અને સુંદરીના સગપણ તો ભવેભવે મળતા જ રહ્યા છે, પણ આવા સગપણના સરવાળા રૂપે ભવ-ભ્રમણ સિવાય બીજું કશુંજ આપણા હાથમાં આવ્યું નથી ! જ્યારે આવા સગપણના તાર જિન-પ્રભુના મંદિર-મૂર્તિ-મંત્ર સાથે જોડાઇ જાય, તો આપણો બેડો પાર થઇ જાય. માટે આપે લીધેલા નિર્ણયને વધાવવા મારી પાસે શબ્દો નથી !

શ્રીદેવીના હૈયા સાથે હળીમળી ગયેલા આ ધર્મ રંગનું સૌન્દર્ય

જોઇને દંડનાયક વિમલની આંખ આનંદ-નૃત્ય કરી રહી. એમણે કહ્યું : એક સુશ્રાવિકા તરીકે વ્યક્ત કરેલા આ વિચારોને વધાવવા શું બોલવું અને શું ન બોલવું ? આ મારા માટે એક સમસ્યા છે. હવે આપણે આપણી સમગ્રતા આ તીર્થોદ્ધારના કાર્યમાં કેન્દ્રિત કરવાની છે. મારા મનોરથો તો એવા છે કે, આબુ ગિરિ પર એવા જિનમંદિરોનું સર્જન થવું જોઇએ કે જ્યાં આરસની સૃષ્ટિમાં વિના પાણીએ સરોવરો લહેરાતા જણાય, વિના વનસ્પતિએ વનરાજીનો વૈભવ અનુભવાય, વિના કાગળે ઇતિહાસની ધર્મ-વિભૂતિઓના દર્શન મળે અને વિના શિલ્પશાસ્ત્રો જોયે સ્થાપત્ય-ક ાનું નખ-શિખ કૌશલ્ય પ્રાપ્ત થાય !

શ્રીદેવીનો જવાબ હતો : આર્યપુત્ર ! એવા સ્થપતિઓને તેડાવો કે, જેઓ પાષાણમાં પ્રાણ પૂરી જાણતા હોય ! સંપત્તિની આપણે ત્યાં કમીના નથી, પછી આ નિર્માણમાં નૂતનતાને કંડારવામાં શા માટે કમીના રાખવી જોઇએ ! કારણકે નાણું તો વારંવાર મળે છે. જ્યારે આવું ટાણું કોઇકવાર જ ઉપલબ્ધ થતું હોય છે, આપણા વડવાઓએ ગૂર્જરરાષ્ટ્રમાં સંસ્કારનું ઘડતર કરવાનો ધર્મ અદા કર્યો. આપણી સમક્ષ આબુના આ શિખરો પર, આરસની નગરીનું નિર્માણ કરીને, એ નગરીને ધર્મકળા, ઇતિહાસ, શિલ્પકળા અને ભક્તિની ભાતીગળ ભરતીથી ભરચક સમર્પણના સાગરથી સમૃદ્ધ અને પ્રસિદ્ધ બનાવવાનું સ્વપરને કલ્યાણકારી એક કર્તવ્ય બજાવવાની પુણ્ય-પળ ખડી થઇ છે, તો હવે આ પળને પૂરેપૂરી વધાવી લેવામાં શા માટે ઓછાશ રાખવી જોઇએ.

દંડનાયક વિમલની ભાવનાનું જ આ એક આછું પ્રતિબિંબ હતું. એથી એમણે કહ્યું : આ નિર્માણમાં શિલ્પના શાસ્ત્રોને બોલતા કરવાનાં મારા મનોરથ છે. કળા, કારીગરી અને કોતરણી તો ગૌણ ચીજ છે. આ નિર્માણમાં પ્રધાનતા તો પ્રભુ-પ્રતિમાજીઓની મુખમુદ્રા પર તરવરતી વિરાગ-કલાનું જ રહેશે. પણ કળા-કારીગરીના રસિયા-જીવોનેય અહીંનું જ આકર્ષણ જાગે અને આ આકર્ષણથી ખેંચાઇને આવેલા

કળાના એ રસિયા, જેના ચરણે આવી કળાસૃષ્ટિ સમર્પિત બનશે, એ પ્રભુજીના દર્શન પામીને રોમાંચ અનુભવે, એવા સર્જનનો મારો નિરધાર છે, સુવર્ણ ભલે લોઢાના ભાવે તોલીને આપવું પડે, પણ આમ કરવાથીય એ આરસ જો હીરાની મૂલ્યવત્તા પામતો હોય, તો આથી વધીને સુવર્ણનો સારામાં સારો સદુપયોગ બીજો વળી કયો હોઈ શકે ? સરાગીની /સંસારીની સંપત્તિ જમીનમાં દટાયા પછીય ભયમુક્ત નથી હોતી, જ્યારે વીતરાગના રાગીની સંપત્તિ પર્વતોના શિખરે ખુલ્લી વેરાયેલી હોવા છતાં દર્શકના દિલમાં દાનવતા નહિ, દાનની ભાવના જગવવામાં કારણ બની જતી હોય છે, આ વાતની આંશિક પ્રતીતિ પણ આપણું સર્જન કરાવી જશે; તો આપણે ધન્ય બની જઈશું.

શક્તિ અને ભક્તિના સ્વામી દંડનાયક શ્રી વિમલ અને શ્રીદેવી કલાકોના કલાકો સુધી, કો' નવજાત શિશુની અદાથી પોતાના એ ભાવિ સર્જનની આ વર્તમાન કલ્પનાને આ રીતે પ્રેમથી પંપાળી રહ્યા, સ્નેહથી સિંચી રહ્યા અને વાત્સલ્યથી વધાવી રહ્યા ! ટૂંકા કાળમાં હવે વિરાટ કાર્યો પૂર્ણ કરવાના હતા, દંડનાયક વિમલની ઉંમર જો કે ઘણી મોટી નહોતી, પણ આબુના ગિરિશિખરો પર વિરાટ-મંદિરોની સૃષ્ટિ ઉભી કરવી, એ નેવાના પાણી મોભે ચડાવવા કરતાય વધુ કષ્ટ-સાધ્ય અને વધુ કાળ-સાધ્ય કાર્ય હતું. એથી આ નિર્માણ કાર્યની ફલશ્રુતિ અત્યારથી ભાળવી અશક્ય હતી. એથી દંડનાયક વિમલે એકી સાથે અનેકવિધ કાર્યની ધુરા હાથમાં લઈને ચંદ્રાવતીને ધમધમતું કરી મૂક્યું : એક તરફ સુવર્ણથી ભરેલી પોઠોની પોઠો આબુ તરફ રવાના થવા માંડી, બીજી તરફ આબુના તીર્થોદ્ધારમાં જોડાઈને પોતપોતાની કલા-કારીગરીના કસબને મુક્ત હાથે વેરવા કાજેના મહામૂલા અવસરને વધાવી લેવાની વિનંતિ વ્યક્ત કરતા, દંડનાયક વિમલના આમંત્રણો ગામોગામના શિલ્પી-સ્થપતિઓના ઘરે પહોચંવા માંડ્યા, અને થોડા વખતમાં તો આબુ ઉપર વસેલા  દેલવાડા ગામની નજીકનો એ વિરાટ પાર્વતીય-પ્રદેશ પ્રવૃત્તિઓ અને પુરુષોથી ધમધમી ઉઠ્યો.

શિલ્પીઓનાં સંઘોને જેમ જેમ એ આમંત્રણ મળતું ગયું, એમ એમ એમનો અવિરત પ્રવાહ આબુ ભણી આવતો રહ્યો અને એથી ઠેર ઠેર આબુનો તીર્થોદ્ધાર વિના જાહેરાતે પ્રસિદ્ધિ પામવા માંડ્યો.

આબુના એ ગિરિશિખર પર ચોરસ સોનામહોરો પાડવાનું પ્રારંભાયેલું ધમધોકાર કાર્ય પૂર્ણ થવા આવ્યું અને એક દિ' દંડનાયક વિમલે મંદિરો બાંધવા માટે જરૂરી ભૂમિ પર એ સોનામહોરો પાથરવાનું શરૂ કર્યું. એ સોનામહોરો તો પથરાતી જ ગઇ, પથરાતી જ ગઇ ! બ્રાહ્મણોના આશ્ચર્યનો પાર ન હોતો, એમને થતું હતું કે, દંડનાયક વિમલ એવું કેવું જિનાલય કરવા ધારે છે કે, આટલી જમીન એમને ઓછી જણાય છે અને હજી વધારે ને વધારે જમીન એઓ સુવર્ણથી આચ્છાદિત કરતા જ જાય છે ! શું આપણને જેમાં સુવર્ણનું દર્શન થાય છે, એમાં આ દંડનાયકને લોઢું જ દેખાતું હશે ? જેથી કાંકરાની જેમ એઓ સુવર્ણમુદ્રાઓને છૂટા હાથે ફેંકી રહ્યાં છે.

જોતજોતામાં તો ભૂમિનો એક ખાસ્સો મોટો વિસ્તાર સુવર્ણ-મહોરોથી આચ્છાદિત થઇ ગયો. જ્યાં મંદિરના સર્જન થવાના હતા, એ ધરતીને જાણે સુવર્ણથી પૂજવામાં આવી હોય, એવો એ અદ્‌ભુત દેખાવ હતો! વિશાળ ધરતી સુવર્ણ-મુદ્રાઓથી આચ્છાદિત થઇ ગઇ. દંડનાયક એને જોઇ જ રહ્યા. હજી તો સુવર્ણ મુદ્રાઓનો એક મોટો ઢગલો એમને એમ પડ્યો હતો. દંડનાયકે એ ભૂમિનું બરાબર નિરીક્ષણ કરી લીધું. અને પછી ભૂદેવો તરફ જોઇને એઓએ કહ્યું : મારે મન આ સુવર્ણ-મુદ્રાઓથીય જે વધુ કીમતી છે, એ આ ધરતીનું સ્વામીત્વ હું સ્વીકારી લઉં છું. ને સુવર્ણમુદ્રાઓનું સ્વામીત્વ તમને સુપરત કરું છું.

બ્રાહ્મણો માટે તો આજે જાણે સોનાનો મેઘ મન મૂકીને વરસ્યો હતો. એમણે સુવર્ણાચ્છાદિત એ ધરતીને માપી, દંડનાયકે ઘણી જ વિશાળ ધરતીને સોના સાટે ખરીદી હતી. બ્રાહ્મણો વિચારી રહ્યા કે, જે વિમલે માત્ર જમીનમાં જ આટલા કરોડ નાંખ્યા, એ મંદિરોમાં તો કેટલા બધા નાખશે ! આની કલ્પના કરતા જ એમની આંખે અંધારા

આવવા માંડ્યા અને આવા જિનભક્ત-દંડનાયકની કીર્તિ ગાથા ગાતા-ગાતા સૌ વિખરાયા.

[દંડનાયક વિમલે 'વિમલવસહી'ના નિર્માણમાં અઢાર કરોડ ત્રેપન લાખ રૂપિયાનો સદુપયોગ કર્યાની વિગત ઈતિહાસમાં મળે છે. એક સોના મહોરની કિંમત ૨૫ રૂપિયાની ગણીએ, તોય માત્ર ચાર કરોડ ,ત્રેપન લાખ, સાઠ હજાર રૂપિયામાં તો માત્ર જમીનની ખરીદી જ થઇ ! એથી આબુના એ દુર્ગમ-શિખરો પર કલા-કારીગરીથી ભરપૂર 'વિમલવસહી'ના નવનિર્માણ પાછળ કુલ ૧૮ કરોડ, ૫૩ લાખનો સદ્વ્યય અસંભવિત ન ગણાય.]

દંડનાયક વિમલે મંદિરોના નિર્માણ કાજે જે ધરતી પંસદ કરી હતી, એની પાછળ એમણે ખૂબ જ દીર્ઘદૃષ્ટિ દોડાવી હતી. ચારે બાજુ નાના-મોટા ગિરિશિખરો વચ્ચે સુરક્ષિત અને નજીક ગયા પછી જ જેની વિશાળતા નજરે ચડે, એવી ધરતી પસંદ કરવા પાછળ ઘણા કારણો હતાઃ પહાડોની ટોચ પર ફુંકાતા રહેતા પવનના વિનાશક-વેગીલા વાવાઝોડાઓથી તેમજ અવાર-નવાર સાગરની ભરતીની જેમ ચડી આવીને હિન્દુમંદિરોનો ખાત્મો બોલાવતા અનાર્ય-આક્રમણોથી બચાવીને મંદિરોને સુરક્ષિત રાખવા, આવી ધરતી પર જ પસંદગીનો કળશ ઢોળવામાં ડહાપણ હતું.

ધરતીનો ટુકડો તો એવો મનગમતો મળ્યો હતો કે, એના મૂલ્યરૂપે અપાયેલું ૪ કરોડ ,૫૩ લાખ, ૬૦ હજાર રૂપિયાનું સોનું દંડનાયકને સાવ નગણ્ય જણાતું હતું. આમ, પૃથ્વીની પસંદગી તો થઈ ગઇ ! હવે પ્રાસાદની પસંદગીનું કપરું કાર્ય આરંભવાનું હતું. એમના મનમાં તો એવું ભવ્ય-નિર્માણ રમતું હતું કે, જેના દર્શને દિલ અને દિમાગ ભગવદ્ ભક્તિની ભરતીથી તરબતર બની ઉઠે ! આ માટે દંડનાયક-વિમલે એક દહાડો શિલ્પી-સંઘને એકઠો કરીને કહ્યું :

'શિલ્પ શાસ્ત્રના આધારે વિશાળ અને શિલ્પના વૈભવથી સભર મંદિરોના ચિત્રો તમે બધા ભેગા મળીને દોરો અને પછી મારી સમક્ષ એ

ચિત્રો રજૂ કરો. એમાંથી પછી હું એક કલ્પના ચિત્ર પસંદ કરીશ, જેના આધારે આધારે તમારે એ ચિત્રને હૂબહૂ અહીં આરસમાં કંડારવા કટિબદ્ધ બનવાનું રહેશે.'

૭૦૦ ઉપર સ્થપતિ-શિલ્પીઓનો સંઘ વિમલના આમંત્રણને માન આપીને એકઠો થયો હતો. થોડા જ દિવસોમાં ભવ્યાતિભવ્ય મંદિરોના કલ્પના ચિત્રો દોરીને સૌ દંડનાયક પાસે આવ્યા. સૌએ શિલ્પી-સંઘના નાયક તરીકે સૂત્રધાર શિલ્પદેવને આગળ કરીને કહ્યું કે, દંડનાયક વિમલ ! આપની આજ્ઞા મુજબ અમે સૌએ કલ્પના ચિત્રો દોર્યા છે, જેની રજૂઆત અમારા અગ્રણી આ સૂત્રધાર શિલ્પદેવ કરશે.

બધા શિલ્પીઓ સ્વસ્થાને ગોઠવાઇ ગયા, અને સૂત્રધાર-શિલ્પદેવ ઊભો થયો, ખરેખર એનામાં નામ પ્રમાણે ગુણ હતા. એ શિલ્પનો દેવ જ હતો. શિલ્પશાસ્ત્રના ગહન વિષયો પણ એના મોઢે પોતાના નામની જેમ રમતા હતા. એટલું જ નહિ, દેહના આકાર-પ્રકાર, રૂપ-સ્વરૂપ, લંબાઇ-પહોળાઇ આદિ અનેકવિધ વિશેષતાઓથી એ અગ્રણી-સૂત્રધાર તરીકેના સ્થાનને દીપાવે એવો હતો. શિલ્પદેવ ઊભો થયો. એ બોલવા માંડ્યો ને જાણે શિલ્પશાસ્ત્રનાં પાનાંઓને વાચા ફુટી, એણે કહ્યું :

'દંડનાયક ! બીજા બધાની જેમ શિલ્પનું પણ એક શાસ્ત્ર છે, ખાલી ઇંટ-ચૂનો ભેગો કરી દેવો અને આરસ ચોડી દેવો, આટલી જ અપેક્ષા સ્થાપત્યો નથી રાખતા ! ઘણી ઘણી અપેક્ષાઓ, ચોકસાઇઓ અને ગણિતના સરવાળાઓ થયા પછી સ્થાપત્યની ભૂમિકા રચાય છે.એમાં ય વળી આ સ્થાપત્ય જ્યારે ''જિનભગવાન'ને પ્રતિષ્ઠિત કરવા કાજે બનાવવાનું હોય છે, ત્યારે તો આ બધી બાબતોમાં ખૂબ ઊંડા ઉતરીને સૂક્ષ્મતાથી પર્યાવલોકન કરવું જરૂરી બની જાય છે. આમાં જો જરાક બેદરકાર રહી જવાય, તો એ બેદરકારી સ્થાપત્યના સર્જક માટે અશુભ નીવડે છે અને એ સર્જનની સમૃદ્ધિ શંકિત બની જાય છે. એથી જિનમંદિરોના સર્જનમાં તો શિલ્પશાસ્ત્રને નજર સામે રાખીને ઇંટે ઇંટ

મૂકવી જરૂરી બની જાય છે.'

દંડનાયક સહિત સૌ કોઈ એકાગ્રચિત્તે શિલ્પદેવને સાંભળી રહ્યા, વિમલને થયું કે અગ્રણીપદ શોભાવવા માટે જરૂરી તમામ ગુણોનો આનામાં સુભગ સંયોગ છે. શિલ્પદેવે આગળ ચલાવ્યું :

'દંડનાયક ! મંદિરના પણ અનેકાનેક પ્રકારો છે, એમાં પણ દિશાની પસંદગીનું મહત્વ ઘણું મોટું છે. જેમ ગોળ નાખીએ, એના પ્રમાણમાં દાળ ગળી થાય; એમ જિનમંદિર પણ સર્જકની શક્તિ-ભક્તિ પ્રમાણે અનેક પ્રકારના બની શકે, દેવાલયો એકથી માંડીને ચાર દ્વાર સુધીના હોય છે. એના મંડપોની રચના પણ અનેક રીતે થઇ શકે છે. ચાર, આઠ, બાર, વીસ ઇત્યાદિ જગ્યાની વિશાળતા મુજબ મંડપો ઊભા કરી શકાય છે. મંડપે-મંડપે ૧૬ સ્તંભ અને સ્તંભે સ્તંભે નૃત્યમુદ્રાવાળી રંભાની પાંચપાંચ પૂતળીઓ કંડારાય, ચારે તરફ મંડપો અને ત્રણ દિશાઓ તરફ દ્વાર મૂકાય, તો કુલ ૧૦૮ મંડપવાળું મંદિર બને !'

દંડનાયક વિમલના દિલમાં જ્યારથી તીર્થોદ્ધારનું સ્વપ્ન રમી રહ્યું હતું, ત્યારથી ઘણીવાર એઓ શિલ્પશાસ્ત્રોનું વાચન કરતા હતા. એમણે પૂછ્યું : શિલ્પદેવ ! મંદિરમાં મંડપ એક મહત્વનું અંગ ગણાય છે, અને ક્યારેક ક્યારેક મંડપના જુદા જુદા નામ પણ સાંભળવા મળે છે, તો તમે જે એકવીસ મંડપની વાત કહી, તે એકવીસ મંડપના નામ શું અલગ અલગના હોય છે ?

'દંડનાયક વિમલ ! એકવીસ મંડપોને યથાર્થ નામ અપાયેલા છે.જે ક્રમશઃ આ મુજબ છે : શ્લાઘા, ગૂઢ,નૈવેદ્ય, તંદુલ, સ્નાત્ર, ચોકી, સમવસરણ, નાટક, ગીત, વાજીંત્ર, કૌતુક, ચંદુ,માળા, ઉત્સવ, જય, રંગ, નાળ, બલાણા, મેઘનાદ, માળી અને પોળી આ નામના ૨૧-૨૧ મંડપો,જો ચારે તરફ રચવામાં આવે, તો કુલ ચોરાસી મંડપવાળું ચૌમુખ-મંદિર બને છે. આમાં શિખરના એક મંડપનો સમાવેશ કરીએ, તો પંચ્યાશી મંડપવાળું વિશાળ મંદિર તૈયાર થાય,

દિશાનું પણ ઘણું મહત્વ છે, એથી પૂર્વાભિમુખ પ્રાસાદનો મહિમા ઘણો ઘણો ગાવામાં આવ્યો છે.

શિલ્પદેવની આ શિલ્પજ્ઞતા પર ખુશ થઇ ગયેલા દંડનાયકે પૂછ્યું : મંદિરની શોભા શિખર ગણાય છે. તો શું આ શિખર પણ અનેક પ્રકારના હોઇ શકે છે ?

શિલ્પદેવે જવાબમાં એક જ નવી જ હકીકત તરફ વિમલનું ધ્યાન દોરતા કહ્યું : આ આબુનો પાર્વતીય-પ્રદેશ સાંભળવા મુજબ ઘણીવાર ધરતી કંપનો ભોગ બનતો રહે છે, એથી અહીં મંદિર પર મોટું શિખર રચવું હિતાવહ નથી.

આ વાત રજૂ કરીને શિલ્પદેવે શિખરોના આકાર-પ્રકાર અંગે અનેકવિધ માહિતીઓ જણાવીને, શિલ્પી-સંઘે દોરેલા મંદિરોના કલ્પના- ચિત્રોનું ક્રમશઃ દર્શન કરાવવા માંડ્યું. એમાંથી એક ચિત્ર પર દંડનાયક વિમલે પસંદગીનો કળશ ઢોળ્યો. એ કલ્પના-ચિત્રને આરસ પર અવતરિત કરવામાં જો કે પાણીના મૂલે પૈસા વહાવવા પડે એમ હતા, પણ એની તો દંડનાયકને ફિકર જ ક્યાં હતી ! જેમણે પૃથ્વી મેળવવા કરોડો ખર્ચ્યા હતા, એઓ પ્રાસાદના નિર્માણમાં ઉદારતા દાખવવામાં થોડી જ કમીના રાખવાના હતા ?

પૃથ્વી ખરીદાઇ ગઇ હતી, પ્રાસાદનો પ્રકાર પસંદ થઇ ગયો હતો,આરસનો તો મોટો જથ્થો રોજે રોજ આવી જ રહ્યો હતો, જ્યાં સોનાની પોઠો ભરાઇને આવતી  હોય, ત્યાં આ બધાની તો વાત જ શી થાય ! અને શિલ્પીઓની સંખ્યા તો ૮૦૦ ઉપર પહોંચવા આવી હતી. આમ બધી પૂર્વભૂમિકા તૈયાર થઇ ગઇ હતી. પ્રતીક્ષા હવે ફક્ત શુભ-પળની થઇ રહી હતી. એ ઘડી-પળ પણ આવી લાગ્યા અને તીર્થોદ્ધારનો પાયો ખોદાયો. એક દહાડો શિલાસ્થાપન પણ થઇ ગયું. દંડનાયકે પોતાની ભાવના-સૃષ્ટિને વાચા આપતા કહ્યું :

'શિલ્પદેવ ! પાયા એવા પૂરજો કે, ગમે તેવા ઝંઝાવાત પણ આ પાયા પર ઉભા થનારા પ્રાસાદની એક કાંકરીય ખેરવી ન શકે ! જો તમે

કહો તો સોનાની ઈંટો પડાવું ! પણ પાયા પાકા થવા જોઇએ.'

શિલ્પદેવે કહ્યું : દંડનાયક ! ઘણાં મંદિરો અમે બાંધ્યા, પણ તમારી જેવી શક્તિ-ભક્તિ ધરાવતી કોઇ વ્યક્તિ હજી અમને મળી નથી ! અમે કહીએ, તો તો આપ વજ્રની ઈંટો પડાવવા સમર્થ છો. પણ આવી કોઇ જરૂર નથી. અમે બધાએ દિલ રેડીને કામ કરવાના શપથ લીધા છે. એથી સોનાની કે વજ્રની ઈંટો વિના પણ આ પાયા એવા પાકા બનાવીશું કે, પ્રલયનો પવન પણ આને ડગમગાવી ન શકે !

શિલ્પદેવની નાભિમાંથી નીકળેલ આ નિષ્ઠા પર દંડનાયક વારી ગયા અને થોડા જ દિવસોમાં આબુનો એ ગિરિપ્રદેશ ટાંકણાઓનાં સંગીતથી ગુંજી ઉઠ્યો. પડઘાના પુનરાગમનથી એ સંગીતની માધુરી ઓર મસ્ત જણાતી હતી. પાયા પૂરાવા માંડ્યા. થોડા દિવસ પછી પાયા પૂરાઇ જતા ચણતર ઉપર વધવા માંડ્યું. અને એક સવારે સૌની આંખ આગળ આશ્ચર્ય અને આઘાતને પેદા કરતું એક દૃશ્ય દેખાયું : પાયાની ઉપરનું એ ચણતર ભાંગી પડ્યું હતું. શિલ્પદેવે અભ્યાસની આંખે એ ભંગાણનું નિરીક્ષણ કર્યું, પણ પડવાનું કોઇ કારણ એની નજરમાં નોંધાયું નહિ. એણે માન્યું કે, ચણતરમાં કોઇ કચાશ રહી જતા આવું બન્યું હશે ! પરંતુ આવું ઉપરાઉપરી ત્રણ-ચાર દિવસ સુધી બનવા પામ્યું, ત્યારે એણે દંડનાયકને બોલાવવા તાકીદનું તેડું પાઠવ્યું.

દંડનાયક તો તનથી જ ચંદ્રાવતીમાં હતા. મન તો એમનું આબુમાં જ હતું, એથી શિલ્પદેવનું તેડું મળતા જ એઓ મારતે ઘોડે આબુ આવ્યા. શિલ્પદેવ દ્વારા બધી પરિસ્થિતિથી વાકેફ બન્યા બાદ દંડનાયકે કહ્યું: કદાચ ક્ષેત્રદેવતાનો આ ઉપદ્રવ હોય ! આજની રાતે હું જાગીશ અને ઉપદ્રવનું મૂળ શોધી કાઢીશ. માટે આજે તમે વધારે પાકું ચણતર કરાવજો !

સાંજ સુધીમાં થોડું ઘણું ચણતર એવું પાકું ચણવામાં આવ્યું કે, એની કાંકરી ખેરવતા પણ ભલભલાના દાંત ખાટા થઇ જાય ! સાંજ થઇ, વિમલ સાવધ થઇ ગયા, અંધારાની ઓથે એઓ તલવાર સાથે

છૂપાઇ ગયા. મધરાત થઇ-ન-થઇ, ત્યાં તો વાતાવરણમાં નીરવતાનો ભંગ થવાના ભણકારા સંભળાયા અને દંડનાયક વિમલ વધુ સાબદા થઇ ગયા. થોડી જ પળોમાં એમની નજર પાયા પરના ચણતર સાથે ચેડા કરતી કોઇ શક્તિ પર કરડી બની, એમણે સિંહનાદ કરીને રાડ પાડી :

'આ ચણતર સામે ચેડા કરનાર છે કોણ ? જે કોઇ હોય, એ મારી સામે હાજર થઇ જાય !'

વાતાવરણમાં અટ્ટહાસ્યના પડઘા ગુંજી રહ્યા. એમાંથી એક પડકાર નીકળ્યો કે, એક વાણિયા સામે જે દિ' વેતાલ જેવી વીરતાને ઝૂકવું પડશે, એ દિ' વીરતા કોનો આશરો લેશે ? મને જવાબ આપ કે, આ મારી ભૂમિ સાથે ચેડા કરવાની ચેષ્ટા કરનાર તું વળી કઇ વાડીનો મૂળો પાક્યો છે ?

વિમલને ખ્યાલ આવી ગયો કે, આ કોઇ ક્ષેત્ર-દેવતા જ હોવો જોઇએ ! છતાં આ દેવશક્તિને એકવાર ડારી દઇને, પછી એની આગળ નમ્ર બનવાનો વ્યૂહ મનમાં ઘડી લઇને એમણે સામો પડકાર ફેંક્યો : આ કંઇ બોડી બામણીના ખેતર નથી ! આ ભૂમિનો બેતાજ બાદશાહ હું છું. મેં સોનાના સાટે આનું સ્વામીત્વ મેળવ્યું છે. એથી ચોરી પર શિરજોરી કરીને, અંધારાની ઓથમાં, બીકણતાના બલૈયા અને ચલચિત્તતાના ચોળી ચણિયાં પહેરનારો જે કોઇ બાયલો મારી સામે બાકરી બાંધવા માંગતો હોય, એ પળનોય વિલંબ કર્યા વિના મારા પગ પકડી લે, નહિ તો અંબિકા, પદ્માવતી અને ચક્રેશ્વરી : આ ત્રણ દૈવી-શક્તિની અકૃપાની વીજળી એનો વિનાશ કર્યા વિના નહિ રહે !

દંડનાયકે આ પડકાર ફેંકીને એક એવો સિંહનાદ જગવ્યો કે, પેલી શક્તિ થરથર ધ્રૂજી ઉઠી, ત્રણ દેવીઓનું નામ સાંભળતા એ શક્તિના પગ તો સાવ ઢીલા પડી જ ગયા હતા, એમાં વળી સિંહ-નાદ જગવતા વિમલની વીરતાનું દર્શન એ વેતાલને વધુ ધ્રૂજાવી ગયું. પોતાની જાતને પ્રગટ કરતા અને વિમલના પગ પકડતા એણે કહ્યુ :

'હું વાલીનાહ નામનો અહીંનો ક્ષેત્રદેવતા છું. મને પ્રસન્ન નહિ બનાવો, ત્યાં સુધી તમારા આ ચણતરને કોઈ પણ શક્તિ પડતરમાં પલટાતા રોકી નહિ શકે.'

ચણતરમાં ભંગાણ પાડતા ભૂતની ચોટી હાથમાં આવી જતા દંડનાયક વિમલે કહ્યું : ક્ષેત્રદેવતા ! પ્રસન્નતા મેળવવી હોય, તો કાલે આ જ સમયે હાજરાહજૂર થવા વિનંતિ છે !

તલવારને મ્યાનમાં મૂકીને દંડનાયક વિમલ પોતાના આવાસે આવ્યા. વાતાવરણમાં સિંહનાદના એ પડઘમ ઘડીઓની ઘડીઓ સુધી ગુંજતા જ રહ્યા !

□

# નામ મોટા !
# ને કામ તો એથીય વધુ મોટા !
## [૨૫]

દેવાલય કે દેવમૂર્તિના અધિષ્ઠાયક દેવતાની જેમ ભૂમિના પણ અધિષ્ઠાયક દેવતા હોય છે, જે ક્ષેત્ર-દેવતા તરીકે ઓળખાય છે. આ ક્ષેત્ર-દેવતાઓ પણ માનવીની જેમ ઘણીવાર અમુક દર્શનો, અમુક ધર્મો કે અમુક માન્યતાઓથી કદાગ્રહિત બનેલા હોઈને, પોતાની શ્રદ્ધાથી વિપરીત-વિચાર ધરાવનારાઓને એઓ સહાયક તો નથી જ થતા, પણ ઉપરથી સિતમગાર બનવામાં જ એઓ કૃતાર્થતા માનતા હોય છે.

વાલીનાહ આવો જ એક ક્ષેત્ર-દેવ હતો. દંડનાયક વિમલ જ્યાં આરસની નગરીનું નવનિર્માણ કરાવવા પ્રવૃત્ત થયા હતા, એ ભૂમિનો એ દેવ હતો અને એની માન્યતા તેમજ શ્રદ્ધા વિપરીત હતી. એ માનતો હતો કે, જિન કોણ ? જિન-પ્રાસાદ શું ? અને વાણિયો વિમલ વળી મારી સામે શી વિસાતમાં ? આવી મગરૂરી ધરાવતો વાલીનાહ થોડા દિવસ સુધી તો એ દેવનગરીના પાયા પરના ચણતરની સામે ચેડા કરવામાં સફળ રહ્યો, પણ જ્યાં વિમલે એક સિંહનાદ કરીને એને પડકાર્યો અને દેવી-ત્રયીની અકૃપાની વીજળીથી વિનાશની આગમાં સ્વાહા થઈ જવાની શક્યતા દર્શાવી, ત્યાં જ એની મગરૂરી મરી પરવારી.

અંબિકા, પદ્માવતી અને ચક્રેશ્વરી : આ દેવીત્રયીની વિરાટ-શક્તિથી વાલીનાહ પરિચિત હતો. એ સમજતો હતો કે, આ દૈવી શક્તિ જ્યાં સુધી વિફરે નહિ, ત્યાં સુધી જ હું અહીં રહી શકવા સમર્થ

છું. એથી આવી દૈવી-શક્તિની કૃપા મેળવનારા દંડનાયક વિમલ આગળ પણ એ ટાઢો થઇ ગયો અને બીજી રાતે સમયસર વિમલ પર પ્રસન્નતા વરસાવવા હાજર થયો. મધરાત થતા પૂર્વે જ ક્ષેત્રદેવતાને પ્રસન્ન કરવાની બલિ-બાકળાદિ પૂજા-સામગ્રી સાથે દંડનાયક વિમલ આવી પહોંચ્યા હતા. એમણે નિશ્ચિત સમયે પ્રાર્થના કરી:

'ઓ ક્ષેત્રદેવતાઓ ! આપને હાજર થવા હું વિનંતિ કરું છું. આ ભૂમિના જે કોઇ અધિષ્ઠાયકો હોય, એ મારી વિનંતિને માન આપીને અહીં અવતરે ! કારણ કે આપ સૌને પૂજા-સામગ્રીથી પ્રસન્ન બનાવી-ને, મારે આ ભૂમિ પર દેવનગરીનું નિર્માણ કરવું છે.'

થોડી જ પળોમાં આ વિનંતિનો જવાબ આપતાં ક્ષેત્રદેવતા વાલીનાહે કહ્યું : પૂજા લેવા હું મારા પરિવાર સાથે હાજર જ છું. દંડનાયક વિમલ ! પણ એટલું યાદ રાખજો કે, બલિ-બાકળા, ધૂપ-નૈવેદ્ય કે ફૂલ-ફળથી જ મને પ્રસન્ન કરવાની ભ્રમણામાં રાચતા હો, તો એ ભ્રમણાને ભગાડી મૂકજો. લોહી-માંસથી મને તર્પણ કરવાની તૈયારી હોય, તો જ આ વિધિને આગળ વધારજો !

વિમલના અંગે અંગમાં આગ લાગી ચૂકી : નામ દેવનું અને કામ આવું દાનવનું ! છતાં આ આગને દાબી દઇને વિનયાવનત બની વિમલે કહ્યું : હું તો એટલું જ સમજ્યો છું કે, દેવ તો વાસનાના ભૂખ્યા હોય, એથી બલિબાકળાથી જ એ પ્રસન્ન થઇ જાય.

વાલીનાહે ભ્રકુટિ ચડાવીને અને પગ પછાડીને પ્રશ્ન કર્યો : એટલે લોહી-માંસની માંગણી કરનારો હું દાનવ છું, એવો જ તમારો આક્ષેપ છે ને ?

વિમલે સણસણતો જવાબ આપ્યો : જો લોહી-માંસ જ તમને ખપતા હોય, તો તમે એકવાર નહિ, હજાર વાર દાનવ છો. બોલો, આ આરોપની સામે તમે કયું બચાવનામું કરવા માંગો છો ? મારા પક્ષે તો ત્રણ ત્રણ મહાદેવીઓનું બળ પીઠબળ રૂપે હાજરાહજૂર છે જ.

દેવીઓનું નામ પડતા જ વાલીનાહ પાછો જરા ગભરાઇ ગયો,

પણ વિમલની વીરતાનું પાણી માપી લેવાની આ તકને વધાવી લેતા એણે કહ્યું : શું તમે બલિબાકળા જેવી સામાન્ય ચીજોના સાટામાં મારી મહાકીમતી પ્રસન્નતા ખરીદવાના વાણિયાવેડા કરવા માંગો છો ? એથી લોહી અને માંસ જેવું કીમતી-મૂલ્ય ચૂકવવા તમે દરિદ્ર છો, એમ જ મારે માનવું રહ્યું ને ?

'ના.ના. જરાય નહિ, વાલીનાહ ! તમે માનો છો, એ જાતની દરિદ્રતાનો મારામાં અંશ પણ નથી, હું તો કર્તવ્યની આ કેડીએ કદમ ઉઠાવવા પૂર્વે કેસરિયા કરવાની કુરબાનીનું કંકુ ઉછાળીને જ નીકળ્યો છું. આ કાજે મોતને મુઠ્ઠીમાં લઈને નીકળેલો હું લોહી અને માંસથી તમને તર્પણ કરવા તૈયાર છું, પણ મારું એ તર્પણ તમને ભારે પડશે, મારી એ પૂજા તમે સહી નહિ શકો; એવો મને વિશ્વાસ છે. કેમકે હું પૂર્વે જણાવી જ ગયો છું કે, દેવીત્રયીનું કૃપાછત્ર મારા માથે છે!'

''એટલે ?'' વાલીનાહનો આ પ્રશ્ન ઘણા ઘણા પ્રશ્નોનું એક ઝૂમખું જ હતું. એનામાં ભડકા જેવી ભયાનકતા હતી, બાણ જેવી તીક્ષ્ણતા હતી અને ઝેર જેવી મારકતા હતી.

દંડનાયક વિમલે કહ્યું ! વાલીનાહ ! તમે બત્રીસ લક્ષણાનો ભોગ માંગીને જ પ્રસન્ન થવાની હઠ ધરાવતા હો, તો અમે દંપતી અત્યારે ને અત્યારે બલિ બની જવા તૈયાર છીએ ! હું વણિક છું, માટે જ વીર છું અને એથી જ લોહી-માંસનું તર્પણ કરવા તૈયાર છું, પણ એ લોહી-માંસ અન્યના નહિ, મારા પોતાના ! બોલો, આવા તર્પણની તમને અપેક્ષા છે ? હવે મને તરત જ જવાબ જોઈએ : કાં મારું આ જાતનું તર્પણ સ્વીકારી લો, કાં મારા દ્વારા લવાયેલી બલિ-બાકળા અને માલ-મિષ્ઠાન્નની આ પૂજા સ્વીકારી લઈને પ્રસન્ન બની જાવ ! આ પળે જ આ પ્રશ્નનો જવાબ મારે જોઈએ.

વાલીનાહના મનની સ્થિતિ વિચિત્ર-વળાંક લઈ રહી હતી. એ વિચારી રહ્યો કે, વણિક હોવા છતાં આ કેવો વીર છે કે, જે દેવનગરીના પાયાને પોતાના જ લોહી-માંસથી સિંચી-સિંચીને મજબૂત બનાવવાની

બહાદુરીથી સભર છે. આવું તર્પણ હું સ્વીકારું, તો એ મહાદેવીઓ સાથે મારે મુકાબલો કરવો જ પડે. અને એમાં કારમી હારનો ભોગ બનતા મારું રક્ષણ કરે એવી તો કોઇ શક્તિ મને સ્વપ્નેય દેખાતી નથી. આવા વિચારથી વિનમ્ર બની જઇને વાલીનાહે કહ્યું:

'દંડનાયક વિમલ ! સાચે સાચ તમારા તર્પણને સ્વીકારવાનું મારામાં સામર્થ્ય નથી ! તમારી બલિબાકળાની પૂજાથી જ પ્રસન્ન થવા હું વચનબદ્ધ બનું છું. આજે આનંદ છે કે, દેહધારી એક વીરતા સાથે મારી મિત્રાચારી બંધાય છે.તમે તો વણિક હોવા છતાં વીરોના પણ વીર મહાનવીર છો.'

વાલીનાહ પ્રસન્ન બનીને વિમલ પર વરદ-હાથ ફેલાવી રહ્યો. વિમલે કીમતી બલિબાકળા ને મોંઘા માલ મિષ્ટાન્ન ધરીને વાલીનાહની એ પ્રસન્નતામાં કેઇ ગણો વધારો કર્યો, એ મધરાત વાલીનાહ અને વિમલના અંતરમાં પ્રસન્નતાનો ઝગારાં મારતો પ્રકાશ પાથરવામાં નિમિત્ત બની ગઇ.

બીજા દિવસની સવારે જે સૂર્ય ઉગ્યો, એ જાણે આબુની એ ધરતી પર એવા સંદેશ લઇને આવ્યો હતો કે, જેના શ્રવણે સંપૂર્ણ શિલ્પી સંઘ આનંદમાં તરબોળ બનીને નાચી ઉઠ્યો. કલ્યાણની કેડી હવે નિષ્કંટક બની ગઇ હતી, હવે ભયના કોઇ ભણકારા સાંભળવા મળે, એવી શક્યતા જણાતી નહોતી. સૈંકડો શિલ્પીઓના ટાંકણા અનેરા ઉત્સાહ સાથે આરસને અનોખી ઘાટ-ઘડામણ આપી રહ્યા. ટાંકણાઓના ધ્વનિમાંથી તાલબદ્ધ જે સંગીત રેલાતું હતું, એને ઝડપવાની જે ઉત્સુકતા આબુના શિખરો, ગુફાઓ તેમજ કોતરો દાખવતા હતા, એને જોવા દિવસભર લોકોનું ટોળું જામેલું રહેવા માંડ્યું.

દિવસો, પખવાડિયાઓ ને મહિનાઓ જેમ જેમ વીતવા માંડયા, એમ એમ પાષાણમાં જ્યાં પ્રાણ પૂરાઇ રહ્યા હતા,એ આરસની નગરી, આબુની એ ગિરિભોમ પર દિવસે ન વિસ્તરે એટલી રાતે અને રાતે ન વિસ્તરે એટલી દિવસે વિસ્તાર પામવા માંડી !

આબુની એ ગિરિભોમ પર ખરેખર પાષાણમાં પ્રાણ પૂરાઇ રહ્યા હતા ! એથી એ તીર્થોદ્ધારની વિક્રમ સર્જક વિગતો સાથે દંડનાયક વિમલની ઉદારતા અને ઉત્સાહિતતાની વાતો ગુજરાતભરમાં તો ફેલાય અને ખૂબ જ દિલચસ્પી સાથે ચર્ચાય, એમાં કંઇ નવાઇ પામવા જેવું નહોતું ! પણ આ બધી વાતો ગુજરાતના વિરાટ-સીમાડાં વીંધીને બીજા બીજા દેશોમાં પણ ચર્ચાય, એને તો જરૂર નવાઇની વાત ગણી શકાય !

આબુ અને જૈનતીર્થ ! આ સમીકરણ જ ઘણાને નવું લાગતું હતું. પણ જ્યારે આ સમીકરણના સર્જક તરીકે દંડનાયક વિમલનું નામ સાંભળવા મળતું, ત્યારે સૌ બોલી ઉઠતા કે, આબુને જૈન તીર્થ તરીકેની કીર્તિ ન મળે તો કોને મળે ? આમ, આબુના તીર્થોદ્ધારની અને એના સર્જક દંડનાયક વિમલની કીર્તિગાથાઓનો ફેલાવો ધીમે ધીમે વિસ્તરતો જ ગયો, વિસ્તરતો જ ગયો !

ગુજરાતના સીમાડાઓ વીંધી-વીંધીને દૂર-સુદૂરના પ્રદેશોમાં પણ આબુના તીર્થોદ્ધાર અને તીર્થોદ્ધારકની કીર્તિના ગાન એક દહાડો ગુંજવા લાગ્યા. અનેક રાજાઓની કીર્તિની કમાનો જેમની જબાનના ટેકે ટકતી હતી, એ ભાટ-ચારણોના સાંભળવામાં આવ્યું કે,

'ભાઇ ! દેશોમાં ગરવો દેશ તો એક ગુજરાત છે ! જ્યાં દંડનાયક વિમલ જેવા નરરત્નો પાકે છે. શું ઉદારતા કે શું વીરતા ! શું રૂપ કે શું લાવણ્ય ! શું સંપત્તિ કે શું સદાચાર-નિષ્ઠા ! આ બધામાં વિમલની તોલે આવે, એવો એક પણ માણસ મળવો મુશ્કેલ છે. આ વિમલે જૈન-મંદિરોથી મંડિત બનાવીને આબુને તીર્થની સમૃદ્ધિ આપવાનું એક એવું ભીષ્મ-કાર્ય આરંભ્યું છે કે, એની ભીષ્મતા આગળ નેવાના પાણી મોભે ચડાવવા એ તો સાવ સરળ ગણાય !'

ભાટ-ચારણો પણ અંદર-અંદર આ વાત ચર્ચવા માંડ્યા : અરે ! આ તો સાવ ટાઢા પહોરનાં ગપ્પાં ! નેવાના પાણી મોભે ચડાવવા કરતાય એ તીર્થોદ્ધાર જો સાચેસાચ વધુ ભીષ્મ હોય, તો વિમલને એમાં

ફતેહ મળે જ નહિ, અને જો એ ફતેહ મેળવશે, તો એ કાર્ય ભીષ્મ ગણાશે નહિ ! જેને ભાટાઇ કરવાની ટેવ પડી ગઇ હોય, એ ભલે આવી વાતને સાવ સાચી માનીને ગાયા કરે, પણ સાચો સરસ્વતી-પુત્ર તો ચકાસણી કર્યા વિના ગમે તેવા ચમરબંધીની કીર્તિની કમાનને પણ પોતાની જબાનનો ટેકો ન આપે ! માટે ચાલો, આપણે બધા ગુજરાતના પ્રવાસે ઉપડીએ !

કોઇએ કહ્યું : ગુજરાત કંઇ બહુ દૂર ન ગણાય ! મન હોય તો છેક માળવે પહોંચાય અને ચાર ચાર ગાઉ કાપતા તો ગમે તેવો પણ લાંબો પંથ કપાય ! માટે હાલો, ભેરુઓ ! હાલો. ગુજરાત જોઇ આવીએ અને વિમલની કીર્તિનું પારખુંય કરી આવીએ !

એ યુગમાં ભાટ-ચારણો સરસ્વતી-પુત્ર તરીકેનું સન્માનનીય-પદ ભોગવતા હતા, એઓ જ્યાં જતા, ત્યાં આદરમાન પામતા ને ''વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે''ની આ ઉક્તિ સાચી પડતી.ખાવા-પીવાની તો એમને કોઈ ચિંતા જ ન કરવી પડતી. ગામડે-ગામડે એમને આવકારનારો વર્ગ મળી રહેતો, એ વર્ગમાં શેઠ-શાહુકારોથી માંડીને રાજા-મહારાજાઓનું પણ સ્થાન જોવા મળતું. એ કાળે સરસ્વતી-પુત્ર જો કાવ્ય કરી જાણતા, તો રાજા-મહારાજાઓ એની કદર પણ કરી જાણતા !

આવો ધન્ય એ યુગ હતો. એથી ધીમે ધીમે ૫૦૦ ભાટ-ચારણોનો સંઘ રચાઇ ગયો અને સૌ ગુજરાત તરફ ચાલ્યા, ચન્દ્રાવતી નગરી જેમ જેમ નજીક આવતી ગઇ, એમ એમ એમના કાનમાં રાત-દિવસ આબુનો તીર્થોદ્ધાર અને તીર્થોદ્ધારક દંડનાયક વિમલ આ બેના જ ગીતો ગુંજવા માંડ્યા, અણહિલપુર પાટણમાં પગ મૂકતા જ એમને લાગ્યું કે, ગુજરાત-દેશ ગરવો ગણાય છે, એ જરાય ખોટું નથી. ભીમદેવના દર્શને એમની આંખો અને એમના અંતર અનેરી-તૃપ્તિ અનુભવી રહ્યા, દંડનાયક વિમલના નામ-કામ તો અહીં ઘરે-ઘરે અને ચોરે-ચૌટે ગવાઇ રહ્યા હતા, રાજસભામાં પણ આના જ પડઘા પડતા

હતા. એ જોઇ-સાંભળીને ચારણોને થયું કે, ભીમદેવથી અપમાનિત થયેલ વિમલના પાટણ-પરિત્યાગની વાતો વિદ્વેષીઓએ ઉપજાવી કાઢેલી તો નહિ હોય ને?

મનભર પાટણનું આતિથ્ય માણીને એ ચારણ સંઘ એક દી' ચંદ્રાવતીના પાદરે આવીને ઊભો. આબુની તળેટીમાં વસેલી આ નગરીમાં, તો એ પહાડી-પ્રદેશ, દિવસ -રાત જાણે દંડનાયક-વિમલની કીર્તિના પડઘા ફેલાવવાનું જ કાર્ય અદા કરતો જોયો, ચારણોએ વિચાર્યું કે, ઘણીવાર નામ મોટા અને કામ છોટા જ નહિ, ઉપરથી ખોટા હોય છે. ડુંગરા દૂરથી રળિયામણા લાગે, એવુંય ક્યારેક ખૂબ જ પ્રસિદ્ધ માણસની બાબતમાં બનતું હોય છે. એથી આપણે વિમલના ઘરે જ પહોંચી જઇએ, તો આજ સુધી સંભળાયેલી એની કીર્તિ-ખ્યાતિની કચ્ચાઇ-સચ્ચાઇ પરખાઇ જશે.

ચંદ્રાવતીની શોભા જોતો જોતો એ ચારણ-સંઘ છેક દંડનાયકના મહેલના દરવાજે આવી ઉભો. દ્વારપાળે પૂછ્યું : અતિથિ-દેવો ક્યાંથી પધારો છો ? વેશ-પહેરવેશ પરથી પરદેશના જણાવ છો.

કોયલ જેવો મીઠો દ્વારપાળનો આ ટહુકો સાંભળીને ખુશ-ખુશ થઇ ગયેલા ભાટ-ચારણોના આગેવાન વાચસ્પતિએ જવાબમાં કહ્યું : ભલા દરવાન! અમે પરદેશી છીએ. એ તમે સાચું જાણ્યું ! વળી અમે જાતના સરસ્વતીપુત્ર છીએ, દેખીએ એવું ભાખીએ છીએ, દર્પણ જેવા અમારા દિલ છે, જે હોય એજ ઝીલીએ અને જગતને બતાવીએ. ગુજરાતની કીર્તિ ઘણી ઘણી સાંભળી હતી. દંડનાયક વિમલની વાતોય અમારા કાને ઠીક ઠીક પડી હતી, એથી થયું કે, જાણ્યા કરતા જોયું ભલું ! માટે ફરતા-ફરતા ગુજરાતની કીર્તિનું પારખું કરીને વિમલની કીર્તિનું પારખું કરવા અહીં આવ્યા છીએ. વિમલ કેવા છે. એ તો કહો. અહીંનું વાતાવરણ જોતા તો અમારી અધીરાઇ હવે વધી ગઇ છે.

દ્વારપાળે કહ્યું : સરસ્વતી-પુત્રો ! અમારા દંડનાયકની તો વાત જ થાય એમ નથી. જેવા દાતાર છે, એવા જ કલાકાર છે. જેવા કલાકાર

છે, એવા જ રૂપાવતાર છે, જેવા બાહુબળી છે, એવા જ બુદ્ધિબળી છે, જેવા બુદ્ધિબળી છે, એવા જ સૌભાગ્યશાળી છે. પણ...

ચારણ વાચસ્પતિને થયું કે, ગુણો ગાતા-ગાતા સેવકનું મોં આ રીતે ભરાઇ જાય છે, એથી નક્કી થાય છે કે, વિમલ ખરેખર વિમલ જ હોવા જોઇએ. અરે ! પણ આ દરવાન બોલતા બોલતા કેમ થંભી ગયો ? ચારણે પૂછ્યું : દરવાન ! અટકી કેમ ગયા ? 'પણ' નો પાણો વચમાં કેમ નાખ્યો ?

દ્વારપાળ બોલ્યો : સરસ્વતી-પુત્રો ! તમે સાંભળ્યું જ હશે કે, અત્યારે આબુ-દેલવાડા પર દહેરાં ચણાય છે, તમને કદાચ એય ખબર હશે કે, આ દહેરાં અમારા દંડનાયક પાણીના મૂલે સોનું વહાવીને બંધાવી રહ્યા છે. તમે એક દિવસ મોડાં પડ્યા. જ્યારથી આ નિર્માણ પ્રારંભાયું છે, ત્યારથી અમારા દંડનાયક તનથી અહીં હોય, તોય મનથી તો આબુ પર જ હોય છે. પણ અત્યારે તો એઓ તનથી પણ આબુ પર છે. ગઇ કાલે જ એઓ આબુ ગયા ! હવે આવતા સહેજે ત્રણ ચાર દિવસ તો થઇ જ જશે !

બધા ચારણોના મોંમાંથી એક સામટો સિસકારો નીકળી ગયો : અરે ! અક્કરમીના પડિયા તો કાણાં જ હોય ! આપણે એક જ દિવસ મોડા પડયા અને દંડનાયકના દર્શનથી વંચિત રહી ગયા. આ તો તળાવે આવીને તરસ્યા ને તરસ્યા પાછા ફરવા જેવો ઘાટ ઘડાયો. હીરો ઘોઘે જઇ આવ્યો, આમ કહીને આપણો સૌ ઉપહાસ કરશે, શું કરીશું હવે !

ચારણો વિચારમગ્ન બન્યા, ત્યાં તો દ્વારપાળે કહ્યું : અમારા દંડનાયક આબુ ઉપર ગયા છે, પણ ઘર અહીં મૂકીને ગયા છે હોં ! એમના ધર્મપત્ની શ્રીદેવી અહીં હાજર છે, પછી આમ વિમાસણમાં પડવાની શી જરૂર છે. આપ સૌ મહેલમાં પધારો. એમના દર્શન કરો, એમના હાથનું પીરસેલું જમો, પ્રવાસનો થાક ઉતારો, આ ચન્દ્રાવતીને ફરી-ફરીને જુઓ. એટલામાં દંડનાયક વિમલ આવી જશે. હવે બે ત્રણ દહાડામાં શું મોડું થઇ જવાનું હતું ! પ્રવાસે નીકળ્યા પછી આવા બે ચાર

દહાડાનો હિસાબ ગણાય ખરો !

ચારણોને થયું કે, પતિ ઉદાર હોય ને પત્ની કંજૂસ હોય, આવા કજોડાં ઘણા જોવા મળે છે શું આ મહેલમાં સરખે-સરખી જુગલ-જોડી જામી હશે ? જેથી આ દ્વારપાળ આમ આપણને આમંત્રણ આપતો હશે? ચારણ વાચસ્પતિએ કહ્યું : દરવાન ! તમારી વાત કાઢી નાખવા જેવી તો નથી ! પણ પારકે ઘરે આમ કંઇ પગ પહોળા કરાય ખરા ! અમે ઓછા નથી, પાંચસોની અમારી પંગત છે. બે ત્રણ દિ' ચંદ્રાવતીમાં ક્યાંય ખેંચી કાઢીશું. આટલી મોટી નગરી છે, તો અહીં સત્રશાળા-પાંથશાળા તો હશે જ ને ?

દ્વારપાળે કહ્યું : અમારા શ્રીદેવીના રસોડે પાંચસોની તો શી ગણતરી ! અહીં તો હજારોના જ લેખા-જોખા છે. આ મહેલમાં બધું જ છે. આપ સૌ એકવાર અંદર તો પધારો. પછી આપ બધું ભૂલી જશો. માતાનું વાત્સલ્ય, બહેનોનો પ્રેમ, જે જોઇએ એ બધું આપને શ્રીદેવી પાસેથી મળી રહેશે.

દ્વારપાળ બધા ચારણોને લઇને મહેલના મધ્ય ખંડમાં બેઠેલા શ્રીદેવી પાસે પહોંચ્યો. પરિચય આપતા એણે કહ્યું : આ બધા પરદેશથી આવ્યા છે. આ સરસ્વતી-પુત્રો દંડનાયકની કીર્તિ સાંભળીને એમના દર્શન કરવા ઉત્સુક છે.

બધા ચારણો શ્રીદેવીને જોઇ જ રહ્યા. રૂપમાં એ અજોડ હતાં. પ્રભાવમાં એ અજોડ હતા. એમાણે આવકાર આપતા કહ્યું : પધારો, સરસ્વતી-પુત્રો ! પધારો.આપ બધા તો શબ્દોના સોદાગર અને કાવ્યના કોશાધિપતિ ગણાવ ! આ મહેલને જરાય પરાયો ન માનતા. થોડા દિવસ અહીં રહો અને ચંદ્રાવતીને નિહાળો. ત્યાં સુધીમાં તો એઓ પધારી જશે અને દર્શનના તમારા મનોરથ સફળ થશે.

ચારણો માટે અતિથિ-ગૃહના દ્વાર ખુલ્લા કરી દેવાયા. કોઇ મહેલમાં ઉપલબ્ધ ન હોય, એટલી સગવડો એ અતિથિ-ગૃહમાં હતી. પાણી માંગો ને દૂધ હાજર થાય, દૂધ માંગતા દૂધપાકના પ્યાલા લઇને

સેવકો ખડાં થાય, એવી અતિથિ-સત્કારની ભાવનાનો પ્રભાવ જ્યાં પગલે-પગલે અનુભવાય, એવા એ અતિથિ-ગૃહમાં પ્રવેશતો ચારણસંઘ જાણે જાતને સ્વર્ગમાં પ્રવેશતો અનુભવી રહ્યો. પાનથી માંડીને સ્નાન સુધીની એવી એવી કીમતી સગવડો ત્યાં ઉપલબ્ધ હતી કે, જેના દર્શને બધા ચારણો મોમાં આંગળા નાખી ગયા.

મધ્યાહ્નના સમયે પાંચસો બાજોઠ એક જ પંગતમાં ઢળાયા અને બધા ચારણોને એકી સાથે ભોજન માટે આમંત્રણ અપાયું, ભોજન-ગૃહની સ્વચ્છતા-વિશાળતા જોઇને સૌ છક્ક થઇ ગયા. બત્રીસાં પકવાન્ન અને તેત્રીસાં શાકના એ ભોજનિયા શ્રીદેવીએ જાતે એવા પ્રેમથી પીરસ્યા કે, ચારણોને સગી મા કરતા સવાયા-વાત્સલ્યનું દર્શન શ્રીદેવીમાં થઇ રહ્યું. ભોજનિયા તો મીઠા હતા જ. પણ આવકાર અને અતિથિ-સત્કારની ભાવના તો એટલી બધી મીઠાશ ધરાવતી લાગી કે જેને મૂલવવા કોઇ ઉપમા ચારણોને જડતી નહોતી.

જમીને એ ચારણ-સંઘ આડો પડ્યો. આજે જાણે સદેહે સ્વર્ગમાં સંચરવાનું સૌભાગ્ય જાગ્યું હોય, એવી અનુભૂતિ કરતા એઓ વિમલનું જાણે કલ્પના-દર્શન કરી રહ્યા કે, જેની પત્ની જો આટલી ઉદાર અને વાત્સલ્યથી ભરપૂર છે, તો એનો પતિ દંડનાયક તો ન જાણે કેવો હશે? આવી જાતની કલ્પનામાં ને કલ્પનામાં એઓએ થોડીક મીઠી-નીંદ માણી, થોડી ઘડીઓ પછીં એઓ ઉઠ્યા, તો એ ચન્દ્રાવતીની શોભા બતાવવા લઇ જવા રથ આદિ વાહનો તૈયાર જ હતા.સૌ વાહનોમાં બેસીને ચંદ્રાવતી જોવા નીકળ્યા. એક એકથી ચડિયાતા જિન મંદિરો, એકને જુવો ને બીજાને ભૂલો એવા બજારો, રૂપ-રંગ અને સંપત્તિથી અરસ-પરસની સ્પર્ધા કરતા મહેલો અને સંસ્કાર, સંપત્તિ તેમજ ધર્મથી સમૃદ્ધ પ્રજાનું પગલે પગલે દર્શન મેળવીને ચારણો જ્યારે વિમલના મહેલે પાછા આવ્યા, ત્યારે જાણે સ્વર્ગની સફર માણી આવ્યાનો આનંદ એમના અંગેઅંગમાંથી છલકાઇને નીચે વેરાઇ રહ્યો હતો.

થોડીવાર થઇ ને આમંત્રણ આવ્યું : સરસ્વતી પુત્રો ! જમવા

પધારો. રસોઇ તૈયાર છે. સૂર્યાસ્ત પૂર્વે જ ચોકા ચોખ્ખા થઇ જતા હોવાથી હું આપને અત્યારે તેડવા આવ્યો છું. ચારણ સંઘનું આશ્ચર્ય વધતું જતું હતું. એ બધા વિચારી રહ્યા : કેવો વિવેક, કેવી ધર્મનિષ્ઠા અને ઉદારતાના તો વળી લેખાં-જોખાં જ થાય એવા ક્યાં છે ?

સાંજનું ભોજન પતાવીને એ ચારણો મહેલના વિસ્તારમાં રહેલા બગીચામાં થોડીવાર ટહેલી આવ્યા. ત્યાર બાદ શ્રીદેવી આદિ સાથે થોડો વાર્તા-વિનોદ માણીને એઓ પથારીમાં આડા પડ્યા. શયનખંડ અને પથારીઓની સજાવટ જ એવી હતી કે, પથારીમાં પડતાની સાથે જ ઉંઘ આવી જાય. ચારણોની જ્યારે આંખ ખુલી, ત્યારે પહોર ફાટવાની તૈયારી હતી.એમના શરીરમાંથી દિવસોનો થાક અદૃશ્ય થઇ ગયો હતો .ને કોઇ નવી જ તાજગીનો તરવરાટ સૌના દેહમાં વિલસી રહ્યો હતો.

સુખના દિવસો ટૂંકા હોય છે. દંડનાયક વિમલનું જ્યારે દર્શન મળ્યું, ત્યારે જ એ ચારણોને ખ્યાલ આવ્યો કે, આજે અહીં આવ્યાને ચાર દિવસ પૂરા થવા આવ્યા. વિમલના દર્શને એઓ ધન્ય બની ગયા. દંડનાયકની છાતી જાણે વીરતાને ક્રીડા કરવાનું મેદાન હતી, એમનું મુખકમળ જાણે સરસ્વતીનું નિવાસસ્થાન હતું. એમના આજાનુંબાહુમાં વાત્સલ્યની સાથે વીરતા વિલસી રહી હતી. આવા દિવ્ય દર્શનથી મુગ્ધ બની ઉઠેલા ચારણોએ કહ્યું :

'દંડનાયક વિમલ ! આપની કીર્તિ-ગાથાઓનું શ્રવણ અમને છેક દૂર-દૂરથી અહી ખેંચી લાવ્યું છે. પણ આપના દર્શને એમ લાગે છે કે, આ ચિર પ્રવાસ લેખે લાગ્યો છે. 'નામ મોટા અને કામ ખોટા' આવી અનેક સ્વાનુભૂતિઓને તમે આજે ખોટી પાડી છે. અમને એમ લાગે છે કે, આપના નામ જો મોટા છે, તો કામ એથીય વધુ મોટા છે ! ખરેખર ગુજરાત તો ગુજરાત છે ! જેની ભૂમિએ આપના જેવા નરરત્નોને જન્મ આપ્યો, એ ગુજરાતનું ગૌરવ ગાતા અમારી જીભ હવે થાકશે નહિ.'

દંડનાયક વિમલે કહ્યું : સરસ્વતી પુત્રો ! તમે અહોભાવભર્યા

આ જે શબ્દો ઉચ્ચાર્યા છે, એને વધુ ને વધુ સાર્થક બનાવવાનું બળ ગુજરાતને મળ્યા કરો, એવી પ્રાર્થના સાથે મારી એક વિનંતિ કે, તમે બધા આટલે સુધી આવ્યા છો, તો હજી થોડાક વધુ દિવસ રોકાઈ જઈને આબુની ગિરિભોમ પર ચાલી રહેલા તીર્થોદ્ધારના કાર્યને એકવાર જાતે જોતા જાવ.

ચારણો દંડનાયકની આ વિનંતિને ઠુકરાવી ન શક્યા, એઓ જ્યારે આબુ તરફ વિદાય થયા, ત્યારે મૂલ્યવાન પહેરામણીઓથી એમનો સત્કાર કરતા દંડનાયકે કહ્યું : ફૂલ નહિ ને ફૂલની આ પાંખડી સ્વીકારીને પછી પ્રયાણ કરવા વિનંતિ !

ચારણોના સંઘને આ વિનંતિ સ્વીકારવી જ પડી, એઓ જ્યારે આબુની એ ગિરિભોમ પર જઈ ઉભા, ત્યારે એમની આંખમાં જાણે આશ્ચર્ય અને અહોભાવનો એક આખો દરિયો જ ઘૂઘવી રહ્યો હતો. હજારો કારીગરો જે રીતે આરસની નગરીનું નવનિર્માણ કરી રહ્યા હતા, એનું વર્ણન કરવા એમની પાસે શબ્દો નહોતાં.

□

# વિમલવસહી તો વિમલવસહી જ છે !

## [૨૬]

**અરવલ્લીની** ગિરિમાળાનો વિસ્તાર ચોક્કસ કોઈ એક દેશ સુધી જ સીમિત નથી, અનેક દેશોમાં આ ગિરિમાળા ફેલાયેલી છે, પણ આ ગિરિમાળામાં જો સૌથી વધુ ઊંચો કોઈ પાર્વતીય-વિભાગ હોય, તો તે આબુ છે, આ દૃષ્ટિએ અરવલ્લીની ગિરિમાળાના ગૌરવોન્નત મસ્તક તરીકે આબુને ઓળખાવી શકાય, ભારતની દક્ષિણ-દિશામાં આવેલા નીલગિરિથી માંડીને ઉત્તરમાં આવેલ હિમાલય સુધીના પર્વતોમાં જેની ઉપર અનેક ગામો વસ્યા હોય, એવો ઊંચો એક માત્ર પર્વત આબુ છે.

મૂળમાં વીશ માઈલની લંબાઈ અને આઠ માઈલની પહોળાઈ ધરાવતા આબુના ૧૨ માઈલની લંબાઈ ને ત્રણેક માઈલની પહોળાઈ ધરાવતા ઉપરના પાર્વતીય-વિસ્તારમાં એક કાળમાં બારેક ગામો વસેલા હતા, જેમાં જૈનોની વસ્તી પણ સારા પ્રમાણમાં હતી, આજે એ ગામોનું અસ્તિત્વ છે, પણ એ જાહોજલાલી નથી. આબુ જેના કેન્દ્રમાં હોય, એવો જૈન-અજૈન-ઈતિહાસ મોટા પ્રમાણમાં આજે પણ ઉપલબ્ધ છે. કાળના પંખેરુંઓની પાંખ જ્યાં પહોંચી શકે એવી નથી,એ યુગાદિ પ્રભુ શ્રી આદિનાથનો સમય આબુ સાથે જોડાયેલો છે. પ્રભુના પુત્ર ચક્રવર્તી શ્રી ભરતેશ્વરે આબુ પર ચાર દ્વાર ધરાવતું સુવર્ણ-ચૈત્ય બંધાવ્યું હતું.

જૈન-ઈતિહાસ મુજબ આબુને અર્બુદગિરિ આવું નામ અપાવામાં ભરતચક્રવર્તીનું એ સુવર્ણ-ચૈત્ય નિમિત્ત બન્યું હતું, એ સુર્વણચૈત્યમાં પ્રતિષ્ઠિત શ્રી આદિનાથ પ્રભુનું ધ્યાન ધરીને આત્મસાધના કરવા દશ ક્રોડ જેટલા સાધકો તપ કરતા હતા, દશ

ક્રોડની સંખ્યા સંસ્કૃતમાં 'અર્બુદ' તરીકે ઓળખાતી હોવાથી, આ સાધનાની સ્મૃતિમાં આ ગિરિ 'અર્બુદાચલ' તરીકે ઓળખાવા માંડ્યો. અહીં કરેલી પૂજા વગેરે આરાધના દશ ક્રોડ ગણું ફળ આપનારી હોવાથી પણ આ ગિરિ 'અર્બુદાચલ' તરીકે પ્રખ્યાતિ પામતો ગયો.

છદ્મસ્થ-કાળમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અર્બુદ ભૂમિમાં વિચર્યા હોવાની વાતને શિલાલેખો અને શાસ્ત્રલેખોનું સમર્થન મળે છે, આના પ્રત્યક્ષ-પુરાવાઓ તરીકે અર્બુદાચલની આસપાસના અનેક ગામોમાં આજેય અસ્તિત્વ ધરાવતા શ્રી મહાવીર પરમાત્માના અનેકાનેક ભવ્ય તીર્થો ને મંદિરોને આગળ કરી શકાય !

શ્રી ભરત-ચક્રવર્તીના મંદિરના સર્જન પછી આબુને તીર્થ તરીકે મળતી પ્રસિદ્ધિનો સ્થિતિકાળ તો ક્યાંથી આંકી શકાય ? પણ એટલું નક્કી છે કે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ પછીના કેટલાય વર્ષો સુધી જૈન તીર્થ તરીકે આબુ પ્રસિદ્ધ રહ્યું હતું. પ્રભુજીની દશમી પાટે થયેલા શ્રી સુસ્થિતાચાર્ય અર્બુદાચલથી અષ્ટાપદજી-તીર્થની યાત્રાએ ગયા હોવાના શાસ્ત્રલેખ ઉપરાંત શ્રી પાદલિપ્તાચાર્ય આકાશગામિની-વિદ્યા દ્વારા જે પાંચ તીર્થોની રોજ યાત્રા કરતા હતા, એમાં એક તીર્થ તરીકે અર્બુદાચલનો પણ ઉલ્લેખ ઉપલબ્ધ છે. પ્રભુની ૩૩મી પાટે થયેલા વડગચ્છ સ્થાપક પૂ. આ. શ્રી ઉદ્યોતન સૂરિજી મહારાજ વિ સં. ૯૯૪ માં આબુની યાત્રાર્થે પધાર્યા હતા. આ બધા પુરાવાઓના આધારે એમ કહી શકાય કે, વિ.સં. ૯૯૪ પછીના ગાળામાં ક્યારેક આબુ ઉપરના જિનમંદિરોનો નાશ થઇ જતા, એનું જૈનતીર્થત્વ લોકોના માનસ-પટલ પરથી ભૂંસાઇ જવા પામ્યું હોય !

શાસ્ત્રલેખો અને શિલાલેખોમાં સુરક્ષિત હોવા છતાં જનમાનસમાંથી ભૂલાઇ ગયેલી આબુની જૈનતીર્થ તરીકેની પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના (વિ. સં. ૧૦૮૮ માં) ઉપરાંત તીર્થોદ્ધારનું મહાપુણ્ય ઉપાર્જન કરવાના કોઇ ભાગ્ય સૌભાગ્યનો જ જે સદેહે અવતાર ગુજરાતમાં થયો, એ અવતારને જે નામ મળ્યું, એને શોભાવનારી

અક્ષરાવલિ હતીઃ દંડનાયક શ્રી વિમલ !

●

યોગીઓ માટે યોગભૂમિ અને ભોગીઓ માટે ભોગભૂમિ ગણાતા આબુના, સામુદ્રીય-સપાટીથી ૪ હજાર ફૂટની ઊંચાઇ ધરાવતા એ શિખરો ઉપર ભવજલ તારક નાની મોટી અનેક નાવડીઓને તરતી મૂકવાનું સ્વપ્નદૃષ્ટા શ્રી વિમલનું સ્વપ્ન અનેરાં કોઇ ઠાઠમાઠ સાથે અને અનોખી કોઇ ચહલ-પહલ સાથે આશ્ચર્ય-કારી ઝડપથી સાકાર થઇ રહ્યું હતું. સમુદ્રની સપાટી પર નાવડીઓ તરતી મૂકવાનું કાર્ય પણ સહેલું નથી હોતું, ત્યારે દંડનાયક તો સમુદ્રની સપાટીથી ચાર હજાર ફૂટની ઉંચાઇએ પથ્થરની એવી નાવડીઓ તરતી મૂકવા કૃતનિશ્ચયી હતા, જે ભવસાગરને તરવાનું અમોઘ-સાધન બની જાય !

ભવ-સાગરને તરવા નૈયા બની જાય, એવા એ મંદિરો કોઇ અનેરા વૈભવ વચ્ચે શિલ્પદેવના હાથ હેઠળ નિર્માણ પામી રહ્યા હતા. આ નિર્માણનો તો વૈભવ જ વર્ણવી શકાય, એવો નહોતો ? ધરતી, સોનાના સાટે ખરીદાઇ હતી ! આરસ-પહાણની શિલાઓ, હાથીના હોદ્દે બેસીને ઠાઠમાઠ સાથે આબુ ઉપર આવતી હતી ! નાના-મોટા પથ્થરો, રૂપાચાંદીના મૂલે એ સર્જન-ભોમ પર પધારતા હતા, ઘર કરતા સવાઇ સગવડો માણતા સૈંકડો શિલ્પીઓ અને હજારો મજૂરો એવા ઉત્સાહ સાથે નિર્માણ-કાર્ય કરી રહ્યા હતા કે, દર્શકોને એમ જ લાગતું કે, આ બધા જાણે પોત-પોતાના ઘરને વહાલથી ચણી રહ્યા છે !

શિલ્પીઓના ભાંગ્ય ઉઘડી ગયા હતા, મજૂરોના દળદાર ફીટી રહ્યા હતા. અને આબુની એ ગિરિભોમ દિન-દિન ચડતા રંગ પામી રહી હતી. બીજે જે નિર્માણ-કાર્યને આગળ વધવા અઠવાડિયુંય ઓછું પડતું, એ નિર્માણ અહીં એક દિવસમાં તૈયાર થઇ જતું ! કારણ કે બધા કારીગરો પોતાનું લોહી રેડીને પોતાના પહેલા નવજાત શિશુની અદાથી આ નિર્માણને ઉછેરી રહ્યા હતા.

એ નિર્માણમાં જે નિષ્ઠા-તત્ત્વ નૃત્ય કરી રહ્યું હતું, એ દર્શનીય

હતું. દંડનાયકે ઉદારતા અને આત્મીયતાથી સૌનો સ્નેહ એ રીતે જીતી લીધો હતો કે, કોઇ મજૂર ઇંટ ગોઠવતો હોય, કોઈ કારીગર પથ્થર પર કસબ અજમાવતો હોય,કોઇ શિલ્પી પોતાના ટાંકણાથી કોઇ સૌન્દર્ય-સૃષ્ટિ આરસમાં ઉપસાવતો હોય, આ બધામાં રસ અને એકતાનતાની એક એવી લાગણીનો અખંડ-તાર જળવાયેલો જોવાતો કે, આ બધા કાર્યનો સરવાળો શિલ્પ અને સૌન્દર્યના અજોડ-સર્જનમાં સમાપ્ત થતો.

કાગળ કે મીણ જેવા પોચા-પદાર્થો પણ ન ઝીલી શકે, એવી સૂક્ષ્મ કોતરણી આરસમાં અવતરવા માંડી. એ આરસનો કોઇ ભાગ એવો નહોતો રહેતો કે, શિલ્પીના નાના-મોટા ટાંકણાનો જેને સ્પર્શ ન મળ્યો હોય ! જેના કારણે આરસની એ આલમમાં એવાં સાગરો ને એવી સરિતાઓ, એવા કલ્પતરૂઓ ને એવા કમળવનો, એવા વૃક્ષો ને એવી વેલડીઓ તેમજ એવો ઇતિહાસ અને એવું વર્તમાન-જીવન અવતાર ધરી રહ્યું કે, જેમાં પાણી, વનસ્પતિ તેમજ પુરુષ જેવા તત્વનો અભાવ હોવા છતાં, આ બધા તત્વોનું અવતરણ સપ્રાણ અને સજીવન જણાવા માંડતું.

શિલ્પના શાસ્ત્રમાં કલમથી અક્ષર રૂપે દોરાયેલી એ વિશાળ શિલ્પ-સૃષ્ટિને પાષાણ ઉપર ટાંકણાથી આકાર રૂપે કંડારવામાં શિલ્પદેવના આશ્રય હેઠળના એ કારીગરો જેમ જેમ કલ્પનાતીત સફળતા પામતા ગયા, એમ એમ દંડનાયક વિમલ પણ સુવર્ણની સૃષ્ટિને એ કારીગરોની હથેળી પર ઉતારવામાં વધુ ને વધુ સરળતા દાખવતા ગયા.

જેના દ્વારા મંદિરોની છતો-દીવાલો અને ઘુમ્મટો શિલ્પશાસ્ત્રને તેમજ જૈન ઇતિહાસને ઝીલવા આરસી બને, એવી કળા તેમજ એવા જ્યોતિર્ધરોના જીવન એક તરફ આરસમાં કંડારાઇ રહ્યા હતા, તો બીજી તરફ આવા મંદિરો પણ જેના વિના સૂના સૂના ભાસે, એવી જિન-પ્રતિમાઓ ધૂપ-દીપથી મઘમઘતા તેમજ મંગલભર્યા વાતાવરણ વચ્ચે ઘડાઇ રહી હતી. વિરાગની સરવાણી વહાવતી મુખમુદ્રાથી અને

વીતરાગતાની લહાણી કરતી અંગભંગીથી ભરપૂર એ જિન-મૂર્તિઓના સામાન્ય દર્શને જ દર્શકને એવી અનુભૂતિ થતી કે, જાણે આ મૂર્તિની મુખમુદ્રા હમણાં જ મુખરિત બની ઉઠશે અને અણબોલ બોલ દ્વારા પ્રેરણાનું પીયૂષ પાશે !

પ્રકૃતિના વિધવિધ સૌન્દર્યને ઝીલવા ઉપરાંત તત્કાલીન ધાર્મિક વિધિઓની પદ્ધતિઓનું સુરમ્ય-પ્રતિબિંબ ઝીલતી આરસની એ સૃષ્ટિમાં કારીગરોએ જૈન ઇતિહાસને પણ મોટા પ્રમાણમાં કંડારીને અમર બનાવી દીધો. પાષાણમાં જાણે પ્રાણ પૂરાયા ! કોઇ સ્થાને યુદ્ધ આદરનારા ભરત-બાહુબલિમાંથી પ્રબુદ્ધ બનતા બાહુબલિનો પ્રસંગ અંકિત થયો, તો કોઇ શિલા સાક્ષાત્ સમવસરણની ઝાંખી કરાવી રહી. ક્યાંક આર્દ્રકુમારનું જીવન જડવામાં આવ્યું, તો ક્યાંક શિલાઓની સૃષ્ટિમાં ભગવાન શ્રી નેમિનાથ પ્રભુના પ્રસંગો ઉલ્લિખિત બન્યા. ક્યાંક ''પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા પર કરુણા આણી'' નું ગીત સરી પડે, એવું અંકન થયું, તો ક્યાંક આરસ આરસી બનીને ૧૬ વિદ્યાદેવીઓનું પ્રતિબિંબ ઝીલી રહ્યો. ક્યાંક પ્રભુના પંચકલ્યાણક મહોત્સવની ભવ્યતા પાષાણમાં પ્રતિબિંબિત થઇ, તો ક્યાંક અષ્ટપ્રકારી પૂજા કરતા શ્રાવકોનું પ્રતિબિંબ ઝીલતા પાષાણ મૌનપણે ધર્મની ધજા લહેરાવતી પૂજાનું પ્રેરણાગાન ગાઇ રહ્યા !

આમ, અનોખી અનેરી લંબાઈ પહોળાઈ ધરાવતી એ દેવનગ-રી, ૧૨૧ સ્તંભો અને ૫૪ દેરીઓ દ્વારા એવું અમાપ અને અજોડ પ્રેરણા દાન મુક્ત હાથે કરાવી રહી કે, જેથી દર્શકની ભવો ભવની દરિદ્રતા અને જનમ-જનમનાં દળદર ફીટી જાય ! સ્વર્ગમાંની કોઇ દેવનગરી જ જાણે આબુના સૌન્દર્ય-મંડિત એ ભૂભાગ પર ઉતરી આવી ન હોય, આવી અનુભૂતિ કરાવતી એ મંદિરાવલિ રાત-દિવસના અવિરત પુરુષાર્થ પછી એક દહાડો પૂર્ણતા પામી. વિશાળ એના મંડપો ઉંચા ઉંચા એના સ્તંભો, સ્તંભો પર નૃત્ય કરતી એની પાંચાલિકાઓ, ચતુષ્કોણ એનો ચોક, સુવર્ણનો વર્ણ ધરાવતા એના ધ્વજદંડો ને કળશો,

દેવદૂષ્યની યાદ અપાવતી એની ધજાઓ તથા ભવ્ય એના પ્રવેશ દ્વારો : આ બધું જ કળાના ઝરણા જ્યાંથી વહેતા હોય, એવા દૂધમલ કોઈ પહાડની જેમ શોભી રહ્યું !

મહામંત્રી નેઢ, એમના પુત્ર લાલિગ, દંડનાયક વિમલ, માતા વીરમતિ, પુત્રવધૂઓ ધનશ્રી અને શ્રીદેવી : આ બધા માટે ૧૦૮૮ની સાલ જાણે હર્ષોલ્લાસની ભરતીનો અપૂર્વ ઘૂઘવાટ લઈને આવી હતી, કારણ કે લગભગ ૧૦૮૦ ની સાલથી પ્રારંભાયેલો આબુનો વિરાટ તીર્થોદ્ધાર આ સાલમાં પૂર્ણ થવા આવ્યો હતો અને પ્રતિષ્ઠા-વિધિનું મુહૂર્ત પણ નીકળી ગયા હતા.

દંડનાયક વિમલે પોતાના ધર્મદાતા પૂ. આચાર્યદેવશ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં એવું ઉત્સાહભર્યું પ્રતિષ્ઠાનુષ્ઠાન યોજ્યું કે, એમાં રાજવી ભીમદેવથી માંડીને કેટલાય રાજવીઓ હાજર રહીને ધન્યતા અનુભવી રહ્યા. તીર્થોદ્ધારના પ્રારંભથી પ્રતિષ્ઠા સુધીના વચગાળામાં દંડનાયકે ઉદારતાથી જે ધન-વૃષ્ટિ કરી હતી, એ ધનવૃષ્ટિથી આબુના એક વખતના વિરોધી-બ્રાહ્મણો સારી રીતે પરિચિત હતા. એમાં વળી પ્રતિષ્ઠાના એ સમયે બ્રાહ્મણોને જે દાન મળ્યું, એથી તો આ 'તીર્થોદ્ધાર'ને ઉની આંચ પણ ન આવવા દેવાની સ્વયંભૂ પ્રેરણાથી એઓ પ્રતિબદ્ધ બન્યા. દેલવાડાના એ દહેરાઓમાં પ્રભુજીની એ પ્રતિષ્ઠાનો અને ધ્વજદંડ તેમજ કળશ-ઈંડાના સ્થાપનનો મહોત્સવ પૂ. આ. શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજના મંગળ વાસક્ષેપ પૂર્વક એવી ભવ્યતા પૂર્વક ઉજવાવા પામ્યો કે, આ મહોત્સવ તીર્થોદ્ધારની કાર્યસિદ્ધિની પણ એક યશકલગી બની ગયો. દંડનાયકનું એક ચિરદૃષ્ટ સ્વપ્ન એ દહાડે ફળ્યું અને આબુના ગિરિશિખરો પર ભવસાગર તરવાની એક નૈયાના રૂપમાં એક વિરાટ મંદિરાવલિ વહેતી મૂકાઈ.

●

ભવસાગરને તરવાની નૈયાઓ તો આબુના એ ગિરિ-શિખરે

વહેતી મૂકાઇ ગઇ ! પણ આટલામાત્રથી જ કંઇ તીર્થોદ્ધારનું એ વિરાટ-કાર્ય પૂર્ણ નહોતું બની જતું ! આ નૈયાઓ બરાબર વહેતી રહે, એના શિલ્પ સચવાઇ રહે, એમાં ઉત્તરોત્તર શુદ્ધિ-વૃદ્ધિ થતી રહે અને તારક આ તીર્થ વર્ષોના વર્ષો સુધી યાત્રિકોને પ્રબળ ધર્માલંબન પૂરું પાડતું રહે, એ માટે ભાવિનેય નજરમાં રાખીને કોઇ આયોજન કરવાનું મહત્વનું કર્તવ્ય અદા કરવામાં દંડનાયક શ્રી વિમલ પાછા પડે એવા નહોતા.

ભૂમિની ખરીદીથી માંડીને શિખર પર ધ્વજ લહેરાતો મૂકવા સુધીના તીર્થોદ્ધાર સંબંધી કાર્યમાં અઢાર-કરોડ અને ત્રેપન લાખ રૂપિયાનો સદ્‌વ્યય થયો હતો, છતાં હજી ઓછું ખર્ચાયાનો અસંતોષ અને શેષ રહેલા પરિગ્રહની પાપાત્મકતા જેમને ડંખી રહી હતી, એ દંડનાયક વિમલના આ સર્જનને પ્રતિષ્ઠા-પ્રસંગે એકઠી થયેલી લાખોની મેદનીએ 'વિમલવસહી' તરીકે વધાવી લીધી. આ 'વિમલવસહી' ને આબુના સ્થાનિક સંઘને સમર્પિત કરવા ઉપરાંત દંડનાયક વિમલે ત્યાં ઘણા ઘણા પોરવાડ શ્રાવકોને પણ વસવા માટે પ્રોત્સાહિત કર્યા, તેમજ 'વિમલવસહી' નું સંચાલન સુંદર રીતે થયા જ કરે ને દેવદ્રવ્યાદિની વૃદ્ધિને જરાય આંચ ન આવે, એ માટે આસપાસના કેટલાંય ગામોની ઉપજ આ તીર્થ ખાતે, અર્પણ થતી રહે, એવી વ્યવસ્થા કરાવીને એને દંડનાયકે શિલાપટ્ટો દ્વારા ચિરંજીવી કરાવી.

આબુનો એ ગિરિપ્રદેશ ધરતીકંપની શક્યતા વાળો હોવાથી 'વિમલવસહી' ના મંદિરો સાવ બેઠા ઘાટના બનાવાયા હતા. તેમજ અનાર્ય-આક્રમણોની નજરમાંથી એ મંદિરો હાથતાળી દઇને છટકી જઇ શકે, એ માટે બહારનો એનો દેખાવ સાવ સામાન્ય પસંદ કરાયો હતો, બહારથી શ્રીફળ અને દાડમની જેમ સામાન્ય જણાતા એ મંદિરોની અંદર તો દાડમની કળી જેવી કળા અને નાળિયેર જેવી દૂધમલતાનો વાસ હતો. વસતિનો જ પર્યાયવાચી શબ્દ વસહી છે, જેને વિમલે વસાવી અથવા જ્યાં વિમલતાનો જ વાસો હોય, એ

વિમલવસહી !

'વિમલવસહી' આજે પણ 'વિમલવસહી' જ છે. જેમ ચન્દ્રથી રાત, રાતથી ચન્દ્ર અને ચન્દ્ર તેમજ રાતથી આકાશ શોભે; મણિથી વીંટી, વીંટીથી મણિ અને મણિ તેમજ વીંટીથી આંગળી અલંકૃત બને; બરાબર આ રીતે જ્યાં વેરાયેલી કળાથી મંદિર, મંદિરથી એ કળા અને કળા તેમજ મંદિરથી 'અર્બુદાચલ' તીર્થ તરીકે આજ સુધી વધુ ને વધુ પ્રસિદ્ધિ સમૃદ્ધિ પામી જ રહ્યું છે. આ 'વિમલવસહી'ને પગલે પગલે પછી તો બીજીય 'વસહી'ઓ આબુ પર અવતરી, પણ પ્રેક્ષક આજેય બોલી ઉઠે છે કે, ભાઈ ! વિમલવસહી તો વિમલવસહી જ છે ! સાગરની અસીમતા અને આકાશની અગાધતા જેમ અનાદિ કાળથી અનુપમેય રહી છે, એની ઉપમા ન જડતા અંતે થાકીને કહેવું પડે છે કે, સાગર તો સાગર જેવો જ છે ને આકાશની અગાધતા પણ આકાશ જેવી જ છે એમ 'વિમલવસહી' ની ઉપમા ન જડતા આજેય દર્શક અહોભાવથી એવા ઉદ્ગાર કાઢે છે કે, ! વિમલવસહી તો વિમલવસહી જ છે !

'વિમલવસહી'ના યાત્રિક-દર્શકની બીજી પણ એક સ્વાનુભૂતિ સાંભળવા જેવી છે. 'વિમલસવહી'નો દર્શક આજેય આના સર્જકનું નાસ્તિત્વ સ્વીકારવા કબૂલ નથી થતો. દંડનાયક વિમલનું કાયા રૂપે અનસ્તિત્વ વ્યક્ત કરવા કરતા એ દર્શક 'વિમલવસહી'ના કૃતિત્વ રૂપે કીર્તિદિહે દંડનાયક વિમલનું અમર-અસ્તિત્વનું ગાન ગાતા ગેલમાં આવી જાય છે.એથી જ 'દંડનાયક શ્રી વિમલ'ના આ વાર્તા-વિહારના ઉપસંહાર રૂપે, આબુના તીર્થોદ્ધારના એ સર્જક આજે નથી, પણ એમનું સર્જન આજેય એટલું જ સુવાસિત છે, આમ લખવા કરતા એવું લખવું વધુ સાર્થક અને વધુ બંધ બેસતું લાગે છે કે, દંડનાયક વિમલના અસ્તિત્વ-કાળ પછીય એમને વધુ ને વધુ પ્રભાવક તરીકે પ્રસિદ્ધ કરવા સમર્થ બનતા એમના કીર્તિદિહને, જ્યાં સુધી 'વિમલવસહી'ની એક પણ દેરી અસ્તિવ ધરાવતી હશે, ત્યાં સુધી કાળના ગમે તેવા ઝપાટાં

જર્જરિત તો શું, ચલિત પણ નહિ બનાવી શકે ! કારણ કે આ 'વિમલ-વસહી' તો વિમલવસહી જ હતી, છે અને રહેવા પામશે !

'વિમલવસહી'માંથી પ્રેરણા લઇને આ પછીથી જૈન-તીર્થ તરીકેની આબુની પ્રતિષ્ઠામાં વધારો કરતા સર્જનોની સરવાણી સદીઓ સુધી વહેતી જ રહી. ગૂર્જરેશ્વર ભીમદેવ-બીજાના કાળ દરમિયાન સુપ્રસિદ્ધ બાંધવ બેલડી મંત્રીશ્વર વસ્તુપાળ- તેજપાળે વિ. સં. ૧૨૮૭ માં 'લૂણવસહી'નું નિર્માણ કરાવ્યું. વિ. સં. ૧૩૭૩ થી વિ. સં. ૧૪૮૯ સુધીના વર્ષોમાં ગૂર્જર જ્ઞાતિય શ્રી ભીમાશ્રેષ્ઠિ દ્વારા 'પિત્તલહર'નું નિર્માણ થયું. વિ. સં. ૧૫૧૫ની આસપાસ 'ખરતરવસહી' નું નિર્માણ થયું. આબુ-દેલવાડાના આ મંદિરો સિવાય, આબુ-ઓરીયા અને આબુ-અચલગઢ પણ આ પછી મંદિરાવલિથી મંડિત બન્યું, જેમાં ગૂર્જરેશ્વર કુમારપાલ ભૂપાળ દ્વારા સર્જિત એક મંદિરનોય સમાવેશ થાય છે.

'વિમલવસહી'ના નિર્માણ પૂર્વે પણ આબુનું અસ્તિત્વ તો હતું જ ! પણ 'વિમલવસહી'એ અસ્તિત્વને વિશ્વ-પ્રસિદ્ધિ આપવામાં જે ફાળો આપી ગઇ, એ ફાળો હજી આજેય અપ્રતિમ જ રહ્યો છે.

આબુના દેલવાડા-અચલગઢ વિસ્તાર પાસે ઠીક ઠીક હિન્દુ મંદિરો છે, ગુફાઓ છે, શ્રાવણ-ભાદરવા અને નખી જેવા તળાવો છે, કિલ્લાઓ અને કુંડો છે, આશ્રમો છે, ગુરુશિખર, દૂધવાડી, દેડકાકાર ખડકો, સનસેટ ને પાલનપુર જેવા પોઇન્ટો તેમજ આવું નાનું-મોટું ઘણું ઘણું છે ! પણ આ બધું હોવા છતાં જો આબુના જમા ખાતે દેલવાડા અચલગઢના જૈનમંદિરો ન હોત, તો આ આબુ વિશ્વપ્રસિદ્ધ ન હોત ! આમ, આબુની વિશ્વપ્રસિદ્ધિનો પાયો 'વિમલવસહી'આદિ અનેક જિનાલયોની એક શ્રેણી છે, એનો કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી ! આની કોરણી-કારીગરી અને શિલ્પ વિષયક વિખ્યાતિ સાંભળ્યા બાદ આકર્ષિત બનીને આવતા અસંખ્ય-યાત્રિકોના અંતરનો એકાદ પણ ખૂણો, પ્રશમરસને ઝરાવતી જિનપ્રતિમાઓના દર્શને અહોભાવ

ધરાવીને નમ્ર બનતો જ હશે, અને આ પુણ્યનો પુરવઠો એના સર્જકો સુધી અવશ્ય પહોંચતો જ હશે ! કારણ કે આવા આશયની અનુમોદનાનું અનુસંધાન સર્જન અને સર્જક વચ્ચે, પાયાથી પ્રારંભીને પ્રાસાદ-શિખરની પૂર્ણાહુતિની પળોસુધી અખંડ રહેતું આવ્યું હોય, એ સુસંભવિત છે.

દૂધ જેવા ધવલ અને અત્યંત સૂક્ષ્મ કોતરણીને કારણે સ્ફટિક જેવા જણાતા જેના ઘૂમ્મટોમાં સદૈવ વિકસિત પોયણાના અધોમુખી ઝુમખાં મંડપે-મંડપે ઝૂલી રહ્યા છે, એ વિમલવસહી વિમલવસહી જ છે! કારણ કે ભારતવર્ષીય સર્વોત્તમ શિલ્પ-કળાઓનું એ સંગમધામ છે. ગુજરાતના અમાપ ગૌરવને અને જૈનત્વની જ્વલંત જાહોજલાલીને ગાતું એ સંગીત ધામ છે. એનાં તોરણે-તોરણે, ગોખે-ગોખે, સ્તંભે-સ્તંભે ને મંડપે-મંડપે ભારતીય-શિલ્પ, એક ગૂર્જર વેપારીની ભગવદ્ - ભક્તિ-કેન્દ્રિત કલાપ્રિયતા અને તત્કાલીન શિલ્પ-કૌશલ્ય નો વૈભવ ઉભરાઇ રહ્યો છે. ધર્મતત્વને મૂળનાયક રૂપે મંદિરમાં પ્રતિષ્ઠિત બનાવીને, એના મંડપોમાં કળા અને શિલ્પનો સુભગ-સંગમ સાધવાની કેવી ઉદારતા, કેવી સંસ્કારિતા અને કેવી સમર્પણ - ભાવના ગુજરાતની વણિક તરીકે વિખ્યાત જૈન આલમ ધરાવતી હતી,એનો આજેય સાક્ષાત્કાર કરાવતા આબુના એ દહેરા કુશળમાં પણ કુશળ કારીગરોનેય સ્તબ્ધ કરી દે, એવી કળાની કુટિર સમા છે, આ કુટિરમાં પણ એટલી બધી સમૃદ્ધિ છે કે, એને રક્ષવા કુદરત પણ કિલ્લા તરીકેનું કર્તવ્ય દિનરાત ખડેપગે અદા કરવામાં ગૌરવ અનુભવી રહે છે.

વિમલવસહી અજોડ છે, કારણ કે એની છતો અને એના ઘૂમ્મટોમાં આરસની જડતાને દાબી દઈને ઉપસી આવેલી આકૃતિઓ અને વ્યક્તિઓ જાણે સજીવ-ભાવની તરવરાટ-ભરી વિવિધતા માણી રહી છે અને વર્તમાન યુગની શિલ્પ-દરિદ્રતા સામે હળવું હસી રહી છે, જેવા અંગમરોડ આજના નૃત્ય વિશારદો પણ ન લઈ શકે, એ જાતની અંગભંગીઓને પૂતળીઓના પાષાણમાં સજીવન બનાવનાર

કલ્પનાશીલ અને ઉર્મિ-સમૃદ્ધ એ કાળનું શિલ્પકૌશલ્ય જ્યાં ડગલે-પગલે નીરખવા મળે છે, એ 'વિમલવસહી' ગુજરાતના જૈન સ્થાપત્યોમાં જ નહિ, પણ ભારત ભરના શિલ્પ-સ્થાપત્યોની સૃષ્ટિમાં મુકુટમણિ તરીકે શોભી રહ્યું છે.

વિમલવસહી એ કારણે પણ વિમલવસહી જ છે કે, આના સર્જન પછી આની સમકક્ષામાં પણ ઉભી શકે, એવું સ્થાપત્ય સર્જવાની ભક્તિ-શક્તિનું પ્રાગટ્ય જોવા-સાંભળવા મળતું નથી. આની પછી પાંચસો વર્ષ બાદ સર્જાયેલા તાજમહેલનો સર્જક એ કાળનો એક મહાસામ્રાજ્યનો માલિક હતો અને પોતાની પ્રિયતમાની સ્મૃતિ એમાં પ્રેરક હતી, છતાં એ તાજમાં એવું શિલ્પ કંડારી શકાયું નથી, કે જે વિમલ વસહીની કળા-ચાતુર્યની ચરણ-રજ તરીકેય શોભી શકે ! વિમલવસહી અને તાજની એક સુંદર સમાલોચના કરતા શ્રી રત્નમણિરાવ ભીમરાવે કુમાર માસિકમાં જે ઉદ્ગારો વર્ષો પૂર્વે રજૂ કર્યા છે, એનું અહીં અવતરણ કરવાનું મન રોકી શકાય એમ નથી. કારણ કે વિમલવસહી વિમલવસહી જ છે, આ ધ્રુવ-પંક્તિમાં એ પોતાનો સૂર મિલાવી રહ્યું હોય, એમ લાગે છેઃ

'દેલવાડામાં કુલ પાંચ મંદિરો છે. પણ વિમલવસહીની તોલે તો હિંદનું બીજું કોઈ મંદિર આવી શકે એમ નથી. તેમાં શ્રી આદિનાથ તીર્થંકરની ભવ્ય મૂર્તિ છે, એમાં ચક્ષુ તરીકે રત્નો જડ્યાં છે, બહારથી જોતા તો આ મંદિર એટલું બધું સાદુ દેખાય છે કે, અંદરની ભવ્યતાનો ખ્યાલ ભાગ્યે જ કોઈને આવી શકે. અત્યારે પણ આ દેવાલયો ગૂર્જર-સંસ્કૃતિનું ખરેખરું મૂર્ત સ્વરૂપ બતાવે છે. ઘણા દર્શકો આની સાથે મોગલસમ્રાટ શાહજહાંની હૃદયેશ્વરીની જગવિખ્યાત આરામગાહ તાજ મહાલને સરખાવે છે. પરંતુ દેલવાડાનાં આ મંદિરોમાં અને આના ઈતિહાસમાં તાજ કરતા ચાર વેંત ચઢે તેવી અનેક વિશેષતાઓ જોઈ શકાય છે.

તાજ અનન્ય સ્ત્રીપ્રેમથી બંધાયો છે, દેલવાડાનાં દહેરાસરો જૈનોની ભક્તિ, કર્મ કરવા છતાં ઉદ્ભવેલો વિરાગ અને અપરિમિત

દાનશીલતાથી બંધાયા છે. તાજ એની આજુ-બાજુના મકાનો, દૃશ્યો, નદી, બાગ વગેરેની સમગ્રતામાં જ રમ્ય લાગે છે, જ્યારે વિમલવસહીનો એક એક થાંભલો, તોરણ, ઘૂમ્મટ કે ગોખ અલગ અલગ જુઓ, તો પણ રમ્ય લાગે છે. તાજનો આવો અક્કેક ટુકડો જોવો નહિ ગમે. તાજ એટલે આરસનું એક ગંજાવર રમકડું ! દેલવાડા એટલે એક મનોહર આભૂષણ ! તાજ એટલે એક મહાસામ્રાજ્યના મેજ ઉપરનું પેપરવટું ! દેલવાડાના મંદિરો એટલે ગૂર્જરીના લાવણ્યનું પૂર વધારતા હીરાના સુંદર કર્ણ પૂરો-એરીંગો !

તાજની રંગબેરંગી જડિત-કામની નવીનતા બાદ કરીએ, તો શિલ્પકળા અને કારીગરીમાં દેલવાડાની દિવ્યતા ચડે એવી છે. એ નવીનતા તો સમય-ભેદને લીધે પણ હોઇ શકે, આ બંનેના સમય વચ્ચે પાંચ સદીઓનો ગાળો છે. તાજ કરતા દેલવાડાના મંદિરો પાંચસો વર્ષ જૂના છે, આ ભૂલવું ન જોઇએ ! અને સૌથી અગત્યની વાત તો એ છે કે, વિમલવસહી એક ગૂર્જર-વણિકે ભગવદ્ભક્તિથી પ્રેરાઇને બંધાવ્યું છે. તાજના પથ્થરોમાં રાજ-સત્તાની વેઠના નિસાસા છે, દેલવાડામાં મંત્રીશ્વર વિમલશાહ અને મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ જેવા ગૂર્જર જૈન-વણિકોની ઉદારતાથી ઉદ્ભવેલા શિલ્પીઓના આશીર્વાદ છે અને તેથી જ વેઠના ત્રાસથી મુક્ત એ શિલ્પીઓએ પૂર્ણ સંતોષ મળ્યાથી પોતે જ એક મંદિર દેલવાડામાં બાંધી, એ અપૂર્વ દેવનગરીમાં એકનો ઉમેરો કર્યો છે. તાજમાં તો કારીગરોને પૂરતા રોજના પૈસા પણ મળ્યા નથી. એકનો બંધાવનાર મહાસમ્રાટ, બીજાનો બંધાવનાર એક ગુજરાતી વણિક વિમલશાહ ! જે સંસ્કૃતિએ આવા નર નીપજાવ્યા છે, તેની મહત્તા આજ સુધી કાયમ છે.

દંડનાયક વિમલ જો દંડનાયક જ હતા, તો પછી એમની અમર-સર્જના વિમલવસહી વિમલવસહી જ રહી હોય, એમાં આશ્ચર્ય શું છે અને યુગ યુગ સુધીના અનાગતના ઓવારે પણ વિમલવસહી વિમલવસહી જ રહેશે, એમ અંતરમાંથી અહોભાવભર્યો અવાજ સંગીતના સાજ સાથે રેલાતો હોય, તો એમાંય આશ્ચર્ય શું છે !

# આબુતીર્થનો અંતિમ જીર્ણોદ્ધાર

## – ૫૦૦ વર્ષ બાદ પુનઃ પ્રતિષ્ઠા –

મંત્રીશ્વર વિમલના અમર સર્જન સમા 'વિમલવસહી'નાં નિર્માણથી આબુગિરિ તીર્થ તરીકે પુનઃ પ્રસિદ્ધિ પામ્યું. આ પછી એમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જ રહી છે. અણહિલપુર પાટણના રાજવી ભીમરાજના મહામંત્રી અને ચન્દ્રાવતીના દંડનાયક શ્રી વિમલે ધર્મદાતા પૂ. આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી મહારાજાનો સદુપદેશ પામીને આબુતીર્થના ઉદ્ધારનું કાર્ય કરીને વિ.સં. ૧૦૮૮ની સાલમાં પૂ. આચાર્યદેવ શ્રી વર્ધમાન સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અંજન શલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉજવ્યો. એ સમયની એક સુવર્ણ-મુદ્રાનું મૂલ્ય અંદાજે આજે ૨૫ રૂપિયા આંકીએ તોય આબુ-તીર્થ પર ભૂમિસંપાદન પાછળ જ વિમલમંત્રીશ્વરે ૪ કરોડ, ૫૩ લાખ અને ૬૦ હજાર રૂપિયાનો અને 'વિમલવસહી'ના નિર્માણ પાછળ ૧૮ કરોડ, ૫૩ લાખ રૂપિયાનો સદ્વ્યય કર્યો હતો. અનેક દૃષ્ટિએ અદ્‌ભુત આ વિમલવસહીના નિર્માણ પછી અનેક મંદિરોનું આબુ પર નિર્માણ થતું રહ્યું. વિ.સં. ૧૩૭૮ની સાલમાં વિમલવસહીનું ઉદ્ધાર કાર્ય થયું, આ પૂર્વે વિ. સં. ૧૨૦૦ની સાલમાં દેરીઓનું જીર્ણોદ્ધાર કાર્ય થવા પામ્યું હતું.

'વિમલવસહી'ની જેમ આબુગિરિ પર બીજી બીજી પણ વસહીઓનું કાળક્રમે નિર્માણ થવા પામ્યું. જેના નામ છે : લૂણવસહી, પિત્તલહર, ખરતરવસહી અને મહાવીર સ્વામી મંદિર ! આમ કુલ પાંચ જિનાલયો અત્યારે આબુતીર્થ પર વિદ્યમાન છે. અચલગઢના મંદિરો વધારામાં !

'લૂણવસહી'નું નિર્માણ મંત્રીશ્વર શ્રી વસ્તુપાલ-તેજપાલની બાંધવબેલડીએ તેજપાલના પુત્ર લાવણ્યસિંહના આત્મકલ્યાણ અર્થે કર્યું હતું. પિતા આસરાજના સ્વર્ગગમન પછી સુહાલક ગામનો ત્યાગ કરીને વસ્તુપાલ-તેજપાલ માતા કુમારદેવીની સાથે ગુજરાતમાં આવેલ માંડલગામમાં રહેવા આવ્યા. પછી પુણ્ય-પ્રભાવ ફેલાતાં વસ્તુપાલ-તેજપાલ વીરધવલ-રાજવીના મહામંત્રી બન્યા અને

ધોળકા તેમજ ખંભાતનો પૂરેપૂરો અધિકાર આ બાંધવબેલડીના હાથમાં આવ્યો. એમાં સમગ્ર રાજ્યનાં સંરક્ષણની જવાબદારી તેજપાલના શિરે સ્થાપિત કરવામાં આવી. આબુના રાજવી પરમાર સોમસિંહની અનુમતિથી 'લૂણવસહી'નું નિર્માણ થવા પામ્યું, વિ.સં. ૧૨૮૭ની સાલમાં પૂ. આચાર્ય ભગવંત શ્રી સેનસૂરીશ્વરજી મહારાજની પુણ્યનિશ્રામાં શ્રી નેમિનાથ સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા લૂણવસહીમાં થવા પામી. અદ્ભુત હસ્તીશાળા આદિથી મંડિત લૂણવસહીના નિર્માણ પાછળ મંત્રીશ્વરોએ અઢળક-દ્રવ્યવ્યય કર્યો. વિ. સં. ૧૩૭૮ની સાલમાં સંઘપતિ શ્રી પેથડશાહે 'લૂણવસહી'નો જીર્ણોદ્ધાર કર્યો. લૂણવસહીના આંગણાને શોભાવતી ચાર દેરીઓ ગિરનારજીની ટૂંક તરીકે પ્રસિદ્ધ છે. ''પિત્તલહર''નું નિર્માણ ચોક્કસ કઈ સાલમાં થયું, એ કહી શકાય એમ ન હોવા છતાં ઉપલબ્ધ પ્રમાણો મુજબ એવું તારવી શકાય કે, વિ.સં. ૧૩૭૮ થી ૧૪૮૯ની સાલ સુધીના વચગાળામાં શ્રી ભીમશ્રેષ્ઠિએ 'પિત્તલહર'નું નિર્માણ કર્યું હોવું જોઈએ અને અમદાવાદથી સંઘ સાથે આબુ આવીને શ્રી આદિનાથ ભગવાન આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો હોવો જોઈએ. આ પછી વિ.સં. ૧૫૨૫માં અમદાવાદના રાજા મોહમ્મદ બેગડાના મંત્રી શ્રી સુંદર અને શ્રી ગદાએ પિત્તલહર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને પૂ. આ. શ્રી લક્ષ્મીસાગર-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો.

'ખરતરવસહી'ની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૨૫ની સાલમાં થવા પામી. ત્રણ માળ ધરાવતું અને સૌથી વધુ ઊંચું આ જિનાલય ખરતર ગચ્છીય શ્રાવકો દ્વારા નિર્મિત છે અને ચૌમુખજી મંદિર તરીકે પ્રસિદ્ધ છે. 'સિલાવટો કા મંદિર' તરીકે પણ આ ઓળખાય છે. ૧૩૩ સ્તંભો અને ૪૭ મંડપોથી આ મંદિર સુશોભિત છે. આમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામી આદિ જિન બિંબોની ખરતર ગચ્છીય આચાર્ય શ્રી જિનચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થવા પામી હતી.

આમ, આજે વિમલવસહી, લૂણવસહી, પિત્તલહર, ખરતરવસહી તથા શ્રી મહાવીર સ્વામી જિનાલય : આ પાંચ પ્રમુખ-મંદિરોથી મંડિત આબુતીર્થ વિશ્વવિખ્યાત છે અને અનેક ભાવિકોને તારક આલંબન પૂરું પાડી રહ્યું છે. આ તીર્થનો વહીવટ વર્ષોથી શેઠ શ્રી કલ્યાણજી પરમાનંદજી પેઢી (સિરોહી-

રાજસ્થાન) દ્વારા થઈ રહ્યો છે. વિ.સં. ૨૦૦૭થી વિ.સં. ૨૦૧૯ સુધીના સમયગાળામાં શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી (અમદાવાદ) હસ્તક આબુમંદિરોનું જીર્ણોદ્ધાર-કાર્ય થવા પામ્યું. મંદિરની જૂની કોતરણી આદિને યથાવત્ જાળવી રાખીને આ જીર્ણોદ્ધાર થવા પામ્યો. તે સમયે મૂળનાયક ભગવંતો-પ્રતિમાજીઓ આદિને ચલિત કરવામાં આવ્યા. આ પછી વિ.સં. ૨૦૩૩ની સાલમાં પૂ. આચાર્યદેવશ્રી સુશીલ સૂરીશ્વરજી મહારાજના સદુપદેશ દ્વારા આબુના મંદિરો પર ધ્વજ-દંડ ને કળશ સ્થાપન કરવાનું પેઢી દ્વારા નક્કી કરવામાં આવ્યું.

શેઠ શ્રી કલ્યાણજી પરમાનંદજી પેઢીના આગેવાનોની ભાવના આબુતીર્થમાં પ્રતિષ્ઠાદિ પ્રસંગો ખૂબ જ ભવ્ય રીતે ઉજવવાની હતી, એથી તેઓ વિ. સં. ૨૦૩૫ની સાલમાં રાજકોટ નજીક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની સેવામાં ઉપસ્થિત થયા અને તેઓશ્રીને આબુના પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રાદાતા તરીકે પધારવા માટે આગ્રહભરી વિનંતી કરી. જેનો પૂજ્ય આચાર્યદેવશ્રીએ સ્વીકાર કરતા પેઢીનો આનંદ નિરવધિ બન્યો. પેઢીની ભાવના પ્રતિષ્ઠા પ્રસંગ અતિભવ્યતાથી ઉજવવાની હતી. એથી પેઢીએ અન્ય અન્ય સમુદાયના અનેક પૂ. આચાર્યદેવાદિ અનેક મુનિભગવંતોનેય વિનંતી કરી.

પરમ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ આબુપ્રતિષ્ઠા પ્રસંગે પધારવાની વિનંતી સ્વીકારી, એથી પેઢીના કાર્યકર્તાઓ તેમજ અનેક સંઘો ઉલ્લસિત બની ઊઠ્યા. પ્રતિષ્ઠાદિની તડામાર તૈયારીઓ થવા માંડી. આ સમાચાર ઠેરઠેર ફેલાતા બધે જ આનંદમંગલનું વાતાવરણ છવાઈ ગયું. અને વિ. સં. ૨૦૩૫ના વૈશાખ વદ ૧૦ (૨૧-૫-૭૯)ના શુભદિને પૂજ્યશ્રીની આબુમાં પધરામણી થતાં આબુના પ્રતિષ્ઠા-પ્રસંગમાં જે રંગ-ચંગ ઉમેરાયો, એ સ્વયં એક ઈતિહાસ બની જવા પામ્યો.

આબુના આંગણે ૫૦૦-૫૦૦ વર્ષો બાદ વૈશાખ વદ ૧૦થી જેઠ સુદ ૫ (તા. ૩૧-૫-૭૯) સુધીના દિવસો સુધી ઉજવાયેલો એ પ્રતિષ્ઠા-મહોત્સવ અનેક રીતે અનોખો, અનેક રીતે આદર્શભૂત અને અનેક રીતે ઐતિહાસિક તેમજ અવિસ્મરણીય બની જવા પામ્યો. આબુ જેવું વિશ્વપ્રસિદ્ધ તીર્થ અને

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા જેવા અત્યુત્કૃષ્ટ પુણ્યાઈના સ્વામીની નિશ્રા ! પછી પ્રતિષ્ઠા પ્રસંગના રંગમાં, ઉમંગમાં અને સંઘના ઉછરંગમાં શી કમીના રહે ! પૂરા ભારતવર્ષના જૈનસંઘો માટે શ્રદ્ધા-ભક્તિ અને આકર્ષણનું કેન્દ્ર બનનારા એ પ્રતિષ્ઠા-પ્રસંગનું હૂબહૂ શબ્દચિત્ર જાણવા-માણવા, જ્યાં એ પ્રસંગનો પ્રત્યક્ષ પ્રેક્ષક પણ પૂરેપૂરો સમર્થ-સફળ ન બની શક્યો હોય, ત્યાં કલમને તો આવી સફળતા ક્યાંથી સાંપડી શકે ? છતાં ૫૦૦ વર્ષની સમયાવધિ બાદ આબુના આંગણે ઉજવાયેલા એ પ્રતિષ્ઠા-પ્રસંગની નેત્રદીપક થોડીક વિરલ-વિશેષતાઓનો ઉલ્લેખ આત્મસંતોષ ખાતર પણ કરવો જ રહ્યો.

• પૂ. આ. શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની વાણીની વેધકતા અને પ્રભાવકતા સૂચવતો એક પ્રસંગ પ્રતિષ્ઠાના દિવસો દરમિયાન બની ગયો. મુખ્યમંદિરોના સુવર્ણથી રસેલ ધ્વજદંડ અને કળશો પેઢીએ દેવદ્રવ્યમાંથી બનાવરાવ્યા હતા. પૂજ્યશ્રીને થયું કે, આવા મહાન પ્રસંગે તો દાન-લાભ લેવાની હોડ અને દોડ જામે ! માટે સભામાં આ વાત રજૂ થાય, તો ધ્વજદંડ ને કળશનો સ્વદ્રવ્યથી લાભ લેનારા અચૂક મળી આવે. પેઢીના આગેવાનોનું આ વિષયમાં ધ્યાન ખેંચીને પૂજ્યશ્રીએ પ્રવચનમાં ફરમાવ્યું કે, ધ્વજ-દંડ અને કળશોનાં નિર્માણનો લાભ લેવા આવા પ્રસંગે તો રસાકસી જામે. ભગવાનના આટલા બધા ઉદાર-ભક્તો જ્યાં ભેગા થયા હોય, ત્યાં ધ્વજદંડ આદિનું નિર્માણ સ્વદ્રવ્યથી કરવાની ભાવના ધરાવતા ભાવિકો ન મળી આવે શું ? જૂના કાળમાં મંદિરોની જેમ ધ્વજ-દંડ કળશાદિ નિર્માણનો લાભ પણ સ્વદ્રવ્યથી જ મોટે ભાગે લેવાતો. આ આદર્શ આજે ભૂલાતો જાય છે, છતાં તમે બધા ભક્તો જો ધારો, તો આવો આદર્શ ફરી જીવંત બનાવી શકો.

આ વેધક વાણી એકદમ ધારી અસર કરી ગઈ અને તરત જ ૧૦ ભાગ્યશાળીઓ સ્વદ્રવ્યથી આ લાભ લેવા ઊભા થઈ ગયા. આની પુણ્યઅસર એવી થવા પામી કે, જે જે ભાગ્યશાળીઓને દેરીઓની પ્રતિષ્ઠાનો લાભ મળ્યો હતો, એ ભાગ્યશાળીઓએ પણ પોત-પોતાની દેરી પર પ્રતિષ્ઠિત થનારા કળશ ધ્વજદંડાદિનો લાભ સ્વદ્રવ્યથી લેવાની ભાવના વ્યક્ત કરી, આવી સ્વયંભૂ ઉદારતા દાખવનારા એ ભાગ્યશાળીઓને સમગ્ર સભાએ, વીસરાઈ ગયેલા

આદર્શને પુનર્જીવિત કરનારા પુણ્યશાળીઓ તરીકે એકી સ્વરે વધાવી લીધા.

● આજે ચડાવાઓમાં અનેક સ્થળે લાખ્ખોની આવક થતી હોય છે, પણ એને ભરપાઈ કરવામાં વર્ષો નીકળી જતા હોય છે. અને એક દષ્ટિએ બોલીના બોલેલા પૈસા વર્ષો બાદ ભરનાર વ્યક્તિના પેટમાં થોડેઘણે અંશે ધર્માદાદ્રવ્ય જતું હોય છે. બોલીના પૈસા મોડા મોડા ભરનારા એનું વ્યાજ આપતા હોતા નથી, આપે તોય એ ઘણું ઓછું આપતા હોય છે. ઘણીવાર તો બોલેલી રકમમાંથી બોલ્યા કરતા વધુ રકમ જેટલો લાભ રળી લેવામાં આવતો હોય છે. આવી વિષમપરિસ્થિતિને નજર સમક્ષ રાખીને પૂ. આ. શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ પ્રતિષ્ઠા-પ્રસંગના પ્રવચનો દરમિયાન વેધકવાણીમાં ફરમાવ્યું કે,

"જેઓ બોલી બોલે, તેમણે તરત જ પૈસા ચૂકવી દેવા, એ પહેલા નંબરની શાહુકારી છે. પરંતુ આજના વિષમકાળમાં વિષમ વ્યવહારને કારણે પાસે પૈસા ન હોય, તો આવ્યા બાદ તરત જ ચૂકતે કરવા જોઈએ, પણ આવેલ પૈસા પોતાના ઉપયોગમાં લેવા ન જોઈએ. મોડે મોડે દેવદ્રવ્યાદિના પૈસા ભરપાઈ કરવાની આજની ખોટી પ્રણાલિકાથી ઘણાના પેટમાં ધર્માદા દ્રવ્ય ગયું છે, એમ કહી શકાય. દુનિયાની શાહુકારી જુદી છે અને જૈનશાસનની શાહુકારી વળી જુદી જ અને અલૌકિક છે. વહેલામાં વહેલી ઉઘરાણી ને મોડામાં મોડી ચૂકવણી – આને ભલે દુનિયા હોંશિયારી ને શાહુકારી ગણે. પણ જૈનશાસન તો તેને જ શાહુકાર ગણે છે કે, બોલેલા પૈસા જે તરત જ ચૂકવી દે !

આજે શ્રીમંતોની પાસે પણ પોતાના પૈસા પોતાની પાસે નથી. માટે બોલી બોલીને તરત જ આપી શકાય એમ ન હોય, તોય જેવા પૈસા આવે કે તરત જ સૌ પ્રથમ બોલેલા પૈસા ચૂકવી દેવા જોઈએ. બોલી બોલતા પૂર્વે આવું જાહેર કરવા જતા કદાચ ઉપજ ઓછી થાય, તેનો વાંધો નહિ. અમારા પ્રતિષ્ઠા પ્રસંગમાં આટલીબધી ઉપજ થઈ, એમ કહેવડાવવાનો અભરખો ન હોય, પણ શાસ્ત્રવિધિ આંખ સામે હોય, તો જ આ વાત પર ભાર મૂકવાનું મન થાય. બોલી બોલતી વખતે દાનની જે ભાવના હોય છે, એની વૃદ્ધિ તરત જ રકમ ભરપાઈ કરવાથી થતી હોય છે. મોડે મોડે રકમ ભરવાથી દાનભાવનામાં ઘણી ઓટ આવવી સંભવિત છે. મોટી મોટી બોલીઓ બોલાયા બાદ આજે એને ઉઘરાવતા

ઉઘરાવતા નાકે કેવો દમ આવી જતો હોય છે. એનું તો વર્ણન થાય એમ નથી ! અહીં દાનનો મહોત્સવ ચાલે છે. દાનનો પ્રસંગ ઊભો થયો છે અને દાનની તક ઊભી થઈ છે, ત્યારે અમારે અમારું કર્તવ્ય અદા કરવા આવી ચેતવણી આપવી જ પડે. જગતમાં અજોડ કહી શકાય, એવા આબુના આ મંદિરો માંગીમાંગીને લાવેલ દ્રવ્યથી ઊભાં નથી થયાં, દેવદ્રવ્યના પૈસાથી પણ નથી બન્યાં, પરંતુ વિમલમંત્રી અને વસ્તુપાલ-તેજપાલ જેવા મંત્રીઓના પોતાના ન્યાયોપાર્જિત પૈસાથી ઊભા થયા છે. આનો જીર્ણોદ્ધાર થયો અને તમને અહીં ભગવાન પધરાવવાનો લાભ મળ્યો. બાકી તમે જ વિચારો કે, આવા મંદિરો તમે આજે બંધાવી શકો ખરા ? આવા ભાવ પેદા થાય, તો જ લક્ષ્મીની મમતા મરી જાય, પછી બોલીના પૈસા તરત ચૂકવવાનું અમારે કહેવું ન પડે. જૂના કાળમાં શાહુકારો ઉધાર લાવીને ઘી પણ ન ખાતા, એ માનતા કે, ઉધાર લાવીને ઘી ખાવું, એના કરતા લુખું ખાવું સારું. ઉધાર આપીને વધારે કમાણીની આશા રાખે, તો દુઃખી જ થાય. એનું દૃષ્ટાંત આજની દુનિયાના વેપારીઓ જ છે. લક્ષ્મીની મમતા ઉતારવાની ઉત્તમ કોટિની ચાવી, એ બોલી બોલવાની તક છે, આટલું તમે બધા હૈયે કોતરી રાખો.

પૂજ્યશ્રીની આવી પ્રેરણાનું પરિણામ એ આવ્યું કે, પ્રતિષ્ઠા પ્રસંગે ભાવિકોએ ઉદારતાથી બોલી ચડાવા લીધા અને ઘણાખરાએ તરત જ એની ચૂકવણી કરી. પ્રતિષ્ઠાની બોલીઓની રકમ ચૂકતે કરવાની એ દિવસોમાં જ લાઈન લાગી, એ જોઈને શેઠ કલ્યાણજી પરમાનંદજી પેઢીના વહીવટદારો પણ આશ્ચર્યચકિત અને પ્રભાવિત બની ઊઠ્યા. ચડતે રંગે બોલી બોલ્યા પછી પડતે ઉમંગે મોડે મોડે એ બોલી-દ્રવ્ય ચૂકતે કરાયાની ફરિયાદ આજે જ્યારે વ્યાપક બનતી ચાલી છે, ત્યારે આબુનો આ દાખલો આદર્શભૂત અને અનુકરણીય બની રહે એવો નથી શું ?

● પ્રતિષ્ઠાદિ વિધિઓની મહત્તા અને એનું રહસ્ય પૂજ્યશ્રી પ્રવચનમાં એવી રીતે સમજાવતા કે, પ્રતિષ્ઠાદિ પ્રસંગે લાભ લેનારાઓનો હૈયાનો ઉલ્લાસ ચરમસીમાએ પહોંચતો અને એમનાં મનમાં જાતજાતના મનોરથ પેદા થતા. બધી દેરીઓમાં પ્રતિષ્ઠાનો લાભ લેનારે ધ્વજદંડ-કળશનો સ્વદ્રવ્યથી લાભ લેવાની જાહેરાત કરી, તો એક ભાવિકે ૩-૩ આદેશો લઈને પ્રતિષ્ઠાદિનો લાભ

લીધો, એટલું જ નહિ, પોતાને લાભ મળ્યો, એ મંદિરની દીવાલોને આરસથી મઢવાનો તેમજ ઘુમ્મટ વગેરેમાં રંગરોગાન કરાવવાનો લાભ સ્વદ્રવ્યથી લેવાની ભાવના એ ભાઈના હૈયામાં જાગી અને એ લાભ ઉદારતાથી લેવાની એમણે પેઢી સમક્ષ રજૂઆત કરી, ત્યારે જ સૌને વધુ પ્રમાણમાં એ ખ્યાલ આવ્યો કે, આવા પ્રસંગોનું રહસ્ય-મહત્ત્વ જો સમજાવવામાં આવે, તો એથી ભાવોલ્લાસ ને ભાવનાની કેટલી બધી વૃદ્ધિ થઈ શકતી હોય છે !

• પ્રતિષ્ઠાપ્રસંગ દરમિયાન જેઠ સુદ પ્રથમ ત્રીજની સાંજે આકાશમાં એકાએક વાવંટોળ ને વાવાઝોડાનું વાતાવરણ જામ્યું. એથી કેટલાંક ટેન્ટો પણ ઉખડી ગયા. યાત્રિકો સલામત જગાએ પહોંચી ગયા. વાવાઝોડાની ગતિ જોતા આખો પ્રસંગ વેરણ છેરણ બની જાય, એવી ભીતિ એકવાર તો જાગી ઊઠી. પણ શ્રી આદીશ્વર-દાદા ને શાસનદેવના પ્રભાવે આ વિનાશક વાવંટોળ થોડાક અમી છાંટણા કરીને જ સમેટાઈ ગયો. જાણે બીજે દિવસે થનાર ચૈત્યાભિષેકની પૂર્વભૂમિકા રચવા જ આ રીતે મેઘકુમાર પધાર્યા ને વિદાય થઈ ગયા !

• પ્રતિષ્ઠા પ્રસંગે રાજસ્થાન સરકાર તરફથી પ્રસંગે પ્રસંગે સુંદર સહકાર પ્રાપ્ત થયો. પ્રતિષ્ઠાના દિવસે આબુના કતલખાના સંપૂર્ણ બંધ રહ્યા. મુંબઈ-અમદાવાદના પ્રસિદ્ધ દૈનિકો ઉપરાંત રાજસ્થાનમાંથી પ્રસિદ્ધ થતા "રાજસ્થાન પત્રિકા, જલતે દીપ, નવજ્યોત, પ્રતિનિધિ, જનસત્તા" જેવા દૈનિકોએ પણ પોતાના સમાચારોમાં આબુ પ્રતિષ્ઠાના એ પ્રસંગને ઠીકઠીક અગ્રિમતા આપી. આબુનગરપાલિકા દ્વારા લેવાતો યાત્રિકવેરો, પ્રતિષ્ઠાના છેલ્લા મહત્ત્વના ૩ દિવસો દરમિયાન માફ કરવામાં આવ્યો. સરકાર તરફથી અમદાવાદથી આબુરોડ સુધીની ખાસ ટ્રેઈનોની સુવિધા યાત્રિકોને આપવામાં આવી. તેમજ વધુ એસ.ટી. બસોય ફાળવવામાં આવી. આકાશવાણી ઓલ ઇન્ડિયા જયપુર કેન્દ્ર પરથી પૂજ્યશ્રીના નામોલ્લેખપૂર્વક આ પ્રતિષ્ઠાના સમાચારો અનેકવાર રીતે પ્રસારિત કરવામાં આવ્યા.

• આ રીતે ૫૦૦ વર્ષો બાદ આબુના પાંચે પાંચ જિનાલયોમાં એક સાથે ઉજવાયેલો એ પ્રતિષ્ઠા-પ્રસંગ સ્વયં જ એક ઈતિહાસ બની ગયો. સુવર્ણના અક્ષરોથી અંકિત એ ઈતિહાસમાં એક પછી એક સુવર્ણ પૃષ્ઠો ઉમેરાતાં જ રહ્યા

છે. આબુમાં ઉજવાયેલ ઉપરોક્ત પ્રતિષ્ઠા પ્રસંગ પછી પ્રતિવર્ષ સાલગીરીનો મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાય છે. પેઢીના પૂરા સાથ સહકારપૂર્વક પ્રતિષ્ઠાનો લાભ લેનારા મહાનુભાવો તરફથી વિ.સં. ૨૦૪૭ની સાલ સુધી સાલગીરીનો મહોત્સવ યોજાતો રહ્યો. વિ.સં. ૨૦૪૮ની સાલમાં પૂ.આ. શ્રી રાજતિલક સૂરીશ્વરજી મહારાજા તેમજ પૂ. આ. શ્રી મહોદયસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ મુનિ- પરિવારની નિશ્રામાં, વ્યાખ્યાનવાચસ્પતિ ભારતવર્ષાલંકાર પૂજ્ય આચાર્યદેવશ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સંયમજીવનની અનુમોદનાર્થે સાલગીરીનો અવસર પામીને ૧૧ દિવસનો એક અતિભવ્ય મહોત્સવ મુંબઈ-માટુંગા નિવાસી શ્રી છબીલદાસ સાકરચંદ પરિવાર (હેમચન્દ્રભાઈ-બટુકભાઈ) તરફથી ઉજવાયો. આ મહોત્સવ એવી ઉદારતા અને એવા ઉમંગપૂર્વક ઉજવાયો કે, એમાં ભાગ લેનારા ભાવિકોની સમક્ષ આબુનો છેલ્લો એ પ્રતિષ્ઠા મહોત્સવ જ જાણે ઊપસી આવ્યો. આ પછી આજ સુધી દર સાલ સાલગીરીનો મહોત્સવ બટુકભાઈ તરફથી જ ઉજવાય છે અને એમાં ભાવિકો ઉમંગભેર જોડાતા રહે છે.

૦ વિ.સં. ૨૦૪૮ની સાલમાં બટુકભાઈ તરફથી ઉજવાયેલ સાલગીરી મહોત્સવ દરમિયાન આબુતીર્થમાં એક અતિજરૂરી કાર્યનું બીજારોપણ થવા પામ્યું. આબુ જેવા તીર્થમાં વહીવટ આદિનો ખર્ચ મોટો હોય, એ સ્વાભાવિક ગણાય. એની સામે સાધારણ ખાતાની એવી કોઈ સદ્ધર આવક ન હતી. એથી આ તીર્થમાં પરદેશી- લોકોને ફોટા-ફિલ્મ આદિ લેવા પર પ્રતિબંધ મૂકી શકાતો નહતો. કેમકે આની આવકમાંથી જ તીર્થનો સાધારણ ખર્ચ નીકળતો હતો. તીર્થના વહીવટદારો અને ભાવિકોને પણ ફોટા આદિની છૂટછાટને કારણે થતી આશાતનાનું દુઃખ તો હતું જ. માટે મહોત્સવ દરમિયાન સાધારણ-તિથિની યોજના વિચારાઈ અને રૂપિયા ૧૧૦૦૧/- ની એક તિથિ નક્કી કરાઈ. મહોત્સવ દરમિયાન સારી સંખ્યામાં તિથિઓ નોંધાયા બાદ આ યોજના મુજબ આજ સુધીમાં લગભગ ૬૫૦ તિથિઓ નોંધાઈ જવા પામી છે. અને આના કારણે ફોટા-ફિલ્મની પ્રવૃત્તિ પર સંપૂર્ણ કડક પ્રતિબંધ મૂકાતા તીર્થ આશાતનાથી મુક્ત બનવા પામ્યું છે.

આબુતીર્થના અંતિમ જીર્ણોદ્ધાર બાદ પરમ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં જે પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયો, એનો પ્રશસ્તિલેખ સંસ્કૃત ભાષામાં 'વિમલવસહી' મંદિરમાં આરસપર અંકિત થવા પામ્યો છે અને એ જ પ્રશસ્તિલેખ હિન્દી ભાષામાં 'લુણવસહી' મંદિરમાં આરસપર અંકિત થવા પામ્યો છે. આ બંને શિલાલેખોમાં પ્રારંભે આબુના પાંચેપાંચ જિનમંદિરોની થોડીક ઐતિહાસિક માહિતી દર્શાવ્યા બાદ અંતિમ-જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાની વિગતો ઉલ્લેખવામાં આવી છે. ઐતિહાસિક માહિતીનો સાર આ પરિશિષ્ટમાં પ્રારંભે જ રજૂ થઈ ગયો હોવાથી, માત્ર પ્રતિષ્ઠાને લગતા શિલાલેખનું આ પછી અક્ષરશઃ અવલોકન કરીને સંતોષ માનીએ.

---

**अर्बुदगिरिमंडनश्रीऋषभदेवस्वामिने नमः**

**बालब्रह्मचारीश्रीनेमिनाथाय नमः**

**प्रगटप्रभावीश्रीचिंतामणिपार्श्वनाथाय नमः**

**चरमतीर्थपतिश्रीमहावीरस्वामिने नमः**

**अनंतलब्धिनिधानायश्रीगौतमगणधराय नमः**

---

परमाराध्यपादपद्मेभ्यः श्रीमद् विजयानन्द कमल वीर दान प्रेम
रामचन्द्र सूरीश्वर सद्गुरुभ्यो नमः

स्वस्ति श्री चरमतीर्थपति त्रिशलानन्दन आसन्नोपकारी श्रमण भगवान श्री महावीर परमात्मा के चरणयुगलसे पावन बने हुए इस आबु पर्वत पर विमलवसही, पित्तलहर, लुणवसही - खरतरवसही और श्री महावीर स्वामी के नामोंसे जगत विख्यात अतिभव्य उन्नत सुन्दर शिल्पकलामय मनोहर पांच श्री जिनमंदिर शोभायमान हो रहे है । अर्बुदाचल शृंगार उपरोक्त पाँचो ही श्री जिनमंदिरो का अंतिम जीर्णोद्धार विक्रम संवत २००७ से २०१६ के बीच अखिल भारतीय जैन श्वेताम्बर मूर्तिपूजक श्री संघ प्रतिनिधि शेठ श्री आणंदजी कल्याणजी (पेढी) संघने करवाया था । और उसके लिए पित्तलहर मंदिर के मूलनायक के बिना प्रायः समस्त श्री जिनबिंबो का

विधिपूर्वक उत्थापन किया था। इन पाँचो ही श्री जिनमंदिरो का प्रबन्ध शेटश्री कल्याणजी परमानंदजी पेढी सिरोही वर्षोसे कर रही है और गत तीस वर्षोसे पेढीका कुशल संचालन प्रमुख श्री पुखराजजी जुहारमलजी सिंघी (सिरोही निवासी) कर रहे हैं। इस पेढीने विक्रम संवत २०३५में उपरोक्त पांचो श्री जिनमंदिरोमें पूर्व उत्थापित समस्त श्री जिनबिंबोकी ध्वजदंड और कलश स्थापनपूर्वक पुनः प्रतिष्ठा करवाने का शुभ निर्णय किया। और उसीको ध्यानमें रखकर इस प्रतिष्ठा महोत्सव के प्रसंग पर पधारने के हेतु समग्र भारत के प्रत्येक समुदाय के पूज्य आचार्य भगवंतो पूज्य मुनिभगवंतो तथा चतुर्विध श्री संघ को आग्रहपूर्वक निवेदन किया, तदनुसार श्रमण भगवान श्री महावीर परमात्मा की ७३वी पाट परम्परामें हुए पांचाल देशोद्धारक कुमतस्वरूप-स्थानकवासी सम्प्रदायका त्याग करनेवाले, तत्त्वनिर्णय प्रासाद, जैनतत्त्वादर्श, चतुर्थस्तुति निर्णय, ढुंढकमत समीक्षा, अज्ञानतिमिर भास्कर जैनमतवृक्षादि अनेक ग्रंथोकी रचना करनेमें चतुर, अपूर्व प्रतिभासंपन्न, संवेगीशाखा के प्रथम आचार्य आत्मारामजी के अपर नामसे सुप्रसिद्ध पू. आचार्य पुरन्दर श्रीमद् विजयानन्दसूरीश्वरजी महाराजा के अद्वितीय पट्टधर सद्धर्म संरक्षक निस्पृह शिरोमणि प्रौढ प्रतापी बडौदा कटोसन आदिके अनेक राजाओं को प्रतिबोध करनेवाले अखंड ब्रह्मचर्य के धारक आचार्य पुंगव श्रीमद् विजय कमलसूरीश्वरजी महाराजा के प्रथम पटधर और वचनसिद्ध पाटक-प्रवर श्री वीरविजयजी महाराजके शिष्यरत्न सकलागमरहस्यवेदि विविधप्रश्नोत्तरादि अनेक ग्रंथोके रचयिता ज्योतिर्विद् परम गीतार्थ आचार्यप्रवर श्रीमद् विजय दानसूरीश्वरजी महाराजा के पट्टालंकार सिद्धांतमहोदधि कर्मशास्त्र-निपुणमति सच्चारित्र चूडामणि कर्मसिद्धि-संक्रमकरण-मार्गणाद्वार आदि अनेक ग्रंथसमूह के शिल्पी परमाराध्यपादाचार्य देवेश श्रीमद् विजय प्रेम सूरीश्वरजी महाराजा के पाटरूपी उदयाचल पर सूर्यसमान तपागच्छाधिपति पावापुरी गंधारादि अनेकतीर्थोद्धारक संघस्थविर युगप्रधानतुल्य महाराष्ट्र देशोद्धारक परमशासन-प्रभावक सुविशाल सुविहित साढे तीन सौ मुनिगण शिरोमणि सम्यक्त्वरत्न प्रदानैकनिष्ट अपनी देशना शक्तिसे श्री अरिहंतदेव तथा गणधरदेवकी वाणीकी स्मृति करवाने वाले, कई सालोसे दुर्लभ बने हुए दीक्षामार्ग को सुलभ बनानेवाले व्याख्यान वाचस्पति और वर्तमान सर्वसमुदायमें मुख्य आचार्यदेव श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा की शुभनिश्रामें शेटश्री कल्याणजी परमानंदजी की पेढी सिरोही द्वारा शास्त्रानुसार एवं प्राचीन सुविहित परम्परानुसार चढावे बुलवाकर देवद्रव्य की महान वृद्धि करते हुए

मूलनायक श्री ऋषभदेवस्वामी आदि समस्त जिनबिंबो की ध्वजदंड और कलश स्थापन करने के साथ ग्यारह दिन के महान महोत्सवपूर्वक वीरसंवत २५०५ विक्रमसंवत २०३५ की ज्येष्टशुक्ला चतुर्थी ता. ३० मई १९८९ बुधवार के शुभमुहूर्त शुभलग्न तथा शुभ नवमांशमें परमोल्लासपूर्वक प्रतिष्ठा करवाई है । इस ऐतिहासिक प्रतिष्ठा महोत्सवमें उपरोक्त पूज्यपाद गच्छाधिपति के शिष्य प्रशिष्य पूज्य आचार्य विजय सुदर्शन सूरि महाराज, पू. आचार्यश्री महोदयसूरि महाराज, पू. पं. श्री भद्रानन विजय गणी, पू.पं. श्री विचक्षणविजय गणी आदि विशाल मुनिगण की, पूज्य साध्वीश्री जयाश्रीजी, पूज्य साध्वी श्री त्रिलोचनाश्रीजी आदि विशाल साध्वी समुदाय की तथा समस्त भारतवासी श्रावक श्राविकाओंकी, इस प्रकार चतुर्विध श्री संघ की हजारों की संख्यामें उपस्थिति थी तथा समस्त भारतवासी श्री संघोने इस प्रसंग पर पधारकर पूजा-प्रभावना-साधर्मिकभक्ति- चढावे-अभयदान और विशिष्ट धर्मकार्योमें लाभ लेकर अपूर्व शासन प्रभावना की है । जहां तक सूर्यचन्द्र की जगतमें स्थिति है वहां तक ये पांचो मंदिर वृद्धिको प्राप्त करे । श्री संघ का कल्याण हो । श्री युगादिदेव भवविरह प्रदान करे ।

यावन्नीलनभस्तले सुविशदा नक्षत्रमालाक्षरा
यावद् व्योमगृहप्रदीपनविधौ तौ पुष्पदन्तौ यतौ ।
यावत्सप्तकुलाचलाचलवहा धात्री धरित्री स्थिता,
तावच्चैत्यमिदं श्रियं सुरगतेः प्रस्पर्धतां स्वश्रिया ॥

॥ इति मंगलम् ॥

o

'જિનવાણી' પાક્ષિક આબુતીર્થ પ્રતિષ્ઠા સચિત્ર વિશેષાંક (વર્ષ : ૩, અંક : ૨૦/૨૨, ૧૫-૭-૭૯)ના આધારે આ પરિશિષ્ટ સંકલિત કરવામાં આવ્યું છે.



સંઘવી રીખવચંદ કાનજીભાઈ

સંસ્કૃતિ પ્રકાશન
સુરત

# પરિચય પ્રગતિ



સૂરજબેન રીખવચંદ સંઘવી

# 'સંસ્કૃતિ-પ્રકાશન' આધાર-સ્તંભ

- o ડો. ધનસુખભાઈ તથા પ્રા. હંસાબેન, 'સમકિત', અઠવાલાઈન્સ, સુરત-૭
- o મેપાણી ચોથાલાલ હીરાચંદ, c/o. અજિતભાઈ સી. મેપાણી
  ૩૦૨, પારસ એપાર્ટમેન્ટ, કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૨
- o શાહ હસમુખલાલ રીખવચંદ, ૬૦૨, સુલસા એપાર્ટમેન્ટ, મુંબઈ-૬
- o શાહ કાંતિલાલ અમૃતલાલ, શ્રીપાળનગર, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩
- o દોશી ધરમશીભાઈ ભોગીલાલ, (માડકાવાળા) માણેકચોક, અમદાવાદ-૧
- o કકલચંદ ત્રીકમલાલ વોરા (ભોરોલ તીર્થ)
  ૪૬૧, શાંતિનાથની પોળ, હાજાપટેલની પોળ, અમદાવાદ-૧
- o શાંતિલાલ હકમચંદ (રામપુરવાળા) c/o. ધીરૂભાઈ
  ૨૦૩, નિત્યાનંદ એપાર્ટમેન્ટ, કૈલાસનગર, મજૂરાગેટ, સુરત
- o શાહ બાબુલાલજી ભીખમચંદજી શિવગંજવાળા
  c/o.. પૂર્ણિમા એમ્બ્રોડરી સ્ટોર્સ, ૬૦, ૩જો ભોઈવાડો, મુંબઈ-૨
- o શાહ તલકચંદ જશાજી હ. જયંતિભાઈ રૂમાલવાળા
  'વુડલેન્ડ નુક' પહેલે માળે, ફ્લેટ-૪, ભાઉદાજી રોડ, માટુંગા, મુંબઈ-૧૯
- o સ્વ. ગગલદાસ સરૂપચંદ સંઘવી (વાસરડા) c/o. બાબુલાલ
  ૨૦૨, આકાશ એપાર્ટમેન્ટ, પાર્શ્વનાથ કોમ્પ્લેક્ષ, સગરામપુરા, સુરત
- o જયંતીલાલ ચીમનલાલ શાહ મહાવીર ભવન, બીજા માળે, ગોપીપુરા, સુરત
- o જાસુદબેન ઈશ્વરલાલ શેઠ (વાવ) c/o. નવિનકુમાર
  ૯, શ્રીરંગ એપાર્ટમેન્ટ, કાજીનું મેદાન ગોપીપુરા, સુરત.
- o શાહ ચન્દ્રકાંત ચીનુભાઈ ૯૮૧-એ, મેઈન રોડ, નાસિક-૧
- o સંઘવી સરૂપચંદ મગનલાલ (ભોરોલતીર્થ) c/o. વાડીલાલ સરૂપચંદ સંઘવી
  ૩૦૧, હીરામોતી એપાર્ટમેન્ટ, નાણાવટ મેઈન રોડ, સુરત
- o ચંદાબેન સુરેશચંદ્ર દોશી C/O. સુરેશચંદ્ર ગુણચંદ્ર દોશી
  ૧૫, સુનિષ એપાર્ટમેન્ટ, ચોથે માળે, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
- o સંઘવી મનજીભાઈ મગનલાલ (ભોરોલતીર્થ) C/O. પ્રવિણકુમાર
  ૨૦૨, હીરામોતી એપાર્ટમેન્ટ, નાણાવટ મેઈન રોડ, સુરત
- o શાહ કેશવલાલ પૂનમચંદ પરિવાર C/O. શૈલેષભાઈ કે. શાહ (ઉંબરીવાળા)
  કલ્યાણ કોટ, સીક્કાનગર, ફ્લેટ નં. ૧૧, ૩જે માળે, મુંબઈ-૪

- શાહ ભેમાજી ગેમાજી (વાંકડીયા વડગામ) મિશ્રીલાલ બી. શાહ
  જી/૧૬, વૈભવ, પ્રિયા હોટલની ગલીમાં અઠવા ગેટ, સુરત
- શ્રી શાંતિલાલ જૈન મે. કાંકરીયા કેવલ કોર્પોરેશન ૩૯, સ્ટાર્ટન મોતીયા સ્ટ્રીટ, મદ્રાસ-૭૯ (વિ.સં. ૨૦૪૬ વૈશાખ સુદ-૧૩, દાંતરાઈ આરાધના ભવન ઉદ્ઘાટનની સ્મૃતિમાં)
- ચુનીલાલ ઘમંડીરામ ચંદન (સાંચોર) એમ. ચુનીલાલ એન્ડ કું. ૧૦૫/એ, કીકાસ્ટ્રીટ, મુંબઈ-૪
- શાહ બાબુલાલ મંગળજી પરિવાર આશિષ સોસાયટી, રાજમહેલ રોડ, પાટણ.
- શાહ ગોકળદાસ લહેરચંદ સરીયદવાળા હ. દિનેશચંદ્ર ગોકળદાસ
  ૩૧૦, વર્ધમાન એપાર્ટમેન્ટ, પટેલ ફળીયા, કતારગામ, સુરત-૩૯૫ ૦૦૪
- કરમશીભાઈ ઝવેરભાઈ પટેલ : ધવલ એપા., સોહમનગર સોસા. વરાછા, સુરત
- સ્વ. શાંતિલાલ કકલદાસ વોરા સોલંકીવાસ, તા. વાવ, જિ. બનાસકાંઠા
- પટેલ નાનુભાઈ ચતુરભાઈ : પટેલ પરસોત્તોમદાસ નાગજીભાઈ
  ૬૫, ઠાકોરદ્વાર સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત
- વિઠ્ઠલભાઈ મોહનભાઈ ત્રાડા ભગીરથનગર નં.૧, વરાછા, સુરત-૬
- સંઘવી છોટાલાલ મણિલાલ (ઢીમાનિવાસી) ભરતકુમાર છોટાલાલ સંઘવી,
  ૬૦૨ વ્હાઈટ હાઉસ, કૈલાસનગર, સુરત
- વોહરા રીખવચંદ હકમચંદ (રામપુરા) હેમંત વી. શાહ
  ૩૧૬, ચંદનવન એપા. નં. ૨, કૈલાસનગર, સુરત
- પટેલ દેવજીભાઈ પરસોત્તમદાસ ગૌદાની : વેકરીયા ધનજીભાઈ નાથાભાઈ
  બ્લોક નં. ૧૧, હેમકુંજ સોસા. લંબે હનુમાન રોડ, વરાછા-સુરત
- મધુભાઈ બેચરભાઈ પટેલ : રામનગર સોસા, ખોડીયારનગર સામે વરાછા, સુરત
- મોહનલાલ દલીચંદ મહેતા (બેણપનિવાસી) 'નવરત્ન' ઘીમટા, પાટણ
- ઉજેશ માંગીલાલ શાહ C/o. એમ.પી. શાહ, સેલવાસ - ૩૯૬ ૨૩૦
- પટેલ દેવચંદભાઈ જીવરાજભાઈ/પટેલ વીનુભાઈ ભવાનભાઈ
  ૧૪૯, નવી શક્તિવિજય સોસાયટી, વરાછા રોડ, સુરત
- લવજીભાઈ બી. ચૌધરી : સ્વામી ગુણાતીતનગર, ભટાર રોડ, સુરત
- મોંઘજીભાઈ પી. પટેલ ૪૦૮, જયેશ પાર્ક, કૈલાસનગર સુરત
- સંઘવી મફતલાલ સરૂપચંદ વાસરડા તા. વાવ, જિ. બ. કાંઠા
- કાનજીભાઈ એમ.પટેલ બી. ૪૬, પ્રભુનગર નં.૨, વેડ દરવાજા, સુરત
- ડાહ્યાભાઈ જીવરાજભાઈ પટેલ ૭૪, શિવશંકર પાર્વતી સોસા., વરાછા, સુરત
- ધીરૂભાઈ દયાળભાઈ પટેલ, નવરત્ન ચેમ્બર્સ, માનગઢ ચોક, વરાછા-સુરત

- કેશવલાલ નાગરદાસ શાહ  કિરણકુમાર કેશવલાલ
  સ્ટર્લિંગ એપાર્ટમેન્ટ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત
- કસ્તુરબેન વેલજીભાઈ હરણીયા ૧૭-બી, દિગ્વિજય પ્લોટ, જામનગર
- દોશી ચુનીલાલ સવચંદભાઈ (માડકા નિવાસી) માણેકચોક, અમદાવાદ
- શાહ દિલીપકુમાર ભાઈચંદ મારૂ 'ચન્દ્રવિહાર' ઓસવાલ કોલો. જામનગર.
- જીતુભાઈ ભગવાનભાઈ પટેલ ૧૮, અંબિકા સોસાયટી, જી.આઈ.ડી.સી સુરત
- ગુલાબચંદજી જસાજી રાઠોડ, કલિકુંડ છાયા, ૫૫૦/સી, આઝાદ લેન, કોલ્હાપુર
- ચંપાલાલ એચ. મહેતા ઝાબવાળા, સાબુભુવન, અર્દેશીરદાદી સ્ટ્રીટ, મુંબઈ-૪
- પ્રવીણચંદ્ર શેષમલ દોશી, ૧, કુંભાર ટુકડા, આયંબિલ ખાતા સામે, મુંબઈ-૪
- લક્ષ્મીપુરી જૈન સંઘ, મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર, કોલ્હાપુર.
- કાંતાબેન શાંતિલાલ પારેખ, વામનવાડી સાયન બોમ્બેરોડ, ચેંબુર- મુંબઈ-૭૧
- વિશ્વશાંતિ ચાહક વિશ્વ અભ્યુદય ગ્રંથમાળા, ૫/૭, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, રાજકોટ
- દિલીપકુમાર લહેરચંદ શાહ, ૪ મીરા ફલેટ સંસ્કારભારતી સો. અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ

# સંસ્કૃતિ-પ્રકાશન આજીવન સભ્ય

| | |
|---|---|
| સેવંતિલાલ સી. શાહ | ડીસા |
| હેક્કડ ચંદુલાલ છગનલાલ | જૂના ડીસા |
| દોશી શાંતિલાલ હેમજીભાઈ | માલસણ |
| શાહ પ્રભુદાસ વીરપાળ | સુરેન્દ્રનગર |
| પંકજ ટેક્ષ્ટોરીયમ | સુરત |
| શાહ વિજય રસિકલાલ | સુરત |
| રતનચંદ બાલુભાઈ નાણાવટી | સુરત |
| દિલીપભાઈ મંગળદાસ શાહ | સુરત |
| સ્વ. ગુણવંતીબેન હેમચંદ શાહ | સુરત |
| સૂર્યકાન્તાબેન પ્રકાશચંદ્ર શાહ | સુરત |
| ભદ્રાબેન રસિકલાલ શાહ (જગુદણ) | સુરત |
| સ્વ. તારાચંદ પ્રેમચંદ ગઢેચા (વજાપુર) | સુરત |
| ચુનીલાલ જસકરણ મોરખીયા (ધાનેરા) | સુરત |
| દોશી મફતલાલ ચીમનલાલ (માડકા) | સુરત |
| દોશી કનૈયાલાલ અમૃતલાલ | સુરત |
| અમરતલાલ કલ્યાણચંદ સંઘવી વાસરડા | સુરત |
| મહેતા ચુનીલાલ સોભાગચંદ (વાવ) | સુરત |
| શાહ ચુનીલાલ દેવચંદજી | વાંસદા |
| શાહ ભાઈલાલ હરિલાલ | અમદાવાદ |
| શાહ મનુભાઈ નગીનદાસ | અમદાવાદ |
| પ્રકાશચંદ્ર વાડીલાલ વસા | અમદાવાદ |
| ઉત્તમચંદ દલસુખલાલ વોરા | પૂના |
| ભોગીલાલ મગનલાલ | પૂના |
| પારેખ વાઘજીભાઈ રીખવચંદ | પાલડી |
| જયંતિલાલ કરમશી હરિયા | કચ્છ |
| શ્રી લબ્ધિસૂરિજી જ્ઞાનમંદિર દાદર | મુંબઈ |
| પોપટલાલ વીરપાળ સંઘવી | મુંબઈ |
| મોહનલાલ હિંદુમલ રાઠોડ | મુંબઈ |
| હરગોવિંદદાસ જાદવજી ઘીવાળા | મુંબઈ |
| ડુંગરશીભાઈ પોપટલાલ | મુંબઈ |
| નીતિનભાઈ જમનાદાસ | મુંબઈ |
| જેસીંગલાલ ચોથાલાલ શેઠ | મુંબઈ |
| દયાચંદ ફુલચંદ શેઠ | મુંબઈ |
| સુશીલાબેન સુરેશભાઈ | મુંબઈ |
| મહેન્દ્રકુમાર ચંદુલાલ વાસણવાળા | મુંબઈ |
| કનૈયાલાલ માણેકચંદ પારેખ | મુંબઈ |
| ચંપાલાલજી જેચંદજી (પિંડવાડા) | મુંબઈ |
| રસિકલાલ બાપુલાલ પરીખ | મુંબઈ |
| સંજય બળવંતરાય દોશી | મુંબઈ |
| અમીચંદ રસિકલાલ શાહ | મુંબઈ |
| વિનોદકુમાર ચંપાલાલ જૈન | મુંબઈ |
| જયેશકુમાર જીવતલાલ કોઠારી | મુંબઈ |
| કાંતિલાલ ચુનીલાલ શાહ, માટુંગા | મુંબઈ |
| ચંદુલાલ જેસીંગલાલ શાહ | મુંબઈ |
| ઝવેરી મધુરીબેન નવિનચંદ્ર | મુંબઈ |
| મિશ્રિમલજી ગણેશમલ (સાંચોર) | મુંબઈ |
| કનુભાઈ લાલભાઈ ઝવેરી | મુંબઈ |
| સંઘવી પરષોત્તમદાસ છોટાલાલ | મુંબઈ |
| શેઠ રસિકલાલ ગીરધરલાલ | મુંબઈ |
| શાહ દિનેશ પોપટલાલ (ખેતવાડી) | મુંબઈ |
| શાહ સોહનલાલ મુલુકચંદ | મુંબઈ |
| ઝવેરી લક્ષ્મીચંદ નગીનદાસ | મુંબઈ |
| શેઠ સુમેરમલ ટીલાજી | મુંબઈ |
| ઈચ્છાબેન ભીખાલાલ, વાણ | મલાડ |
| પંકજભાઈ કેસરીચંદ દમણવાળા | સુરત |
| સ્વ. હમીરમલજી હરખચંદજી સાદડી | સુરત |
| સ્વ. પુખરાજજી હીરાચંદજી બદામીયા | સુરત |
| શાહ પ્રફુલ્લકુમાર રતિલાલ (મુરબાડ) | સુરત |
| શાહ દીપકકુમાર એસ. મસાલિયા | સુરત |
| શાહ ડાહ્યાલાલ કચરાભાઈ | સુરત |
| શાહ રંજનાબેન ત્રિભુવનદાસ | સુરેન્દ્રનગર |
| શાહ છોટાલાલ વેલચંદ (ધાનેરા) | સુરત |
| સ્વ. વલમચંદ તલકચંદ સંઘવી | વાસરડા |
| ભાઈલાલ લક્ષ્મીચંદ કોઠારી | સુરેન્દ્રનગર |
| શાહ અમરતલાલ હીરાચંદ | મુંબઈ |
| વલમાબેન વરધીચંદ ઘણાવાળા | મુંબઈ |
| રાજસ્થાન મેટલ એન્ડ ઈન્ટરીંગ વર્કસ | મુંબઈ |
| જયંતિલાલ સંઘવી હ. વિજયભાઈ | નાસિક |
| મોહનલાલ ભૂરમલજી (દાંતરાઈ) | મુંબઈ |
| મૂળચંદ મગનીરામજી નાહર | નાડોલ |
| વીરચંદ જીતમલ ભણશાળી થરાદ | સુરત |
| રાંકાણી જેસીંગલાલ ડાહ્યાલાલ | સુરત |

| | |
|---|---|
| શાહ અમરતલાલ હીરાચંદ | મુંબઈ |
| શાહ વિનોદભાઈ તલકચંદ (સાયન) | મુંબઈ |
| શાહ નવિનચંદ્ર કાંતિલાલ | મુંબઈ |
| નીલેશ કે. દોશી | મુંબઈ |
| ભરતભાઈ ગુલાબચંદ ઝવેરી | મુંબઈ |
| સૂરજમલજી ઘરમચંદજી મહેતા | મુંબઈ |
| સંઘવી સુમેરમલજી ગંગાદાસજી | મુંબઈ |
| ફૂલચંદજી રૂપચંદજી જૈન | મુંબઈ |
| બાબુલાલ દીપચંદજી મહેતા | મુંબઈ |
| શાહ છગનલાલજી પ્રેમજી | મુંબઈ |
| ભણશાળી પીરચંદજી મિશ્રીમલજી | મુંબઈ |
| સંઘવી શાંતિલાલજી મિશ્રીમલજી | મુંબઈ |
| બોથરા ધવલચંદજી છગનલાલજી | મુંબઈ |
| માંગીલાલ જાવતરાજી જૈન | મુંબઈ |
| કુલદીપ મેટલ્સ | મુંબઈ |
| તારાચંદજી સી. સંઘવી | મુંબઈ |
| ગોલ્ડન મેટલ ઈન્ડિયા | મુંબઈ |
| એમ. બાબુલાલ એન્ડ કું. | મુંબઈ |
| ભાવના મેટલ | મુંબઈ |
| ગેલેક્ષી મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| શાંતિલાલ એમ. ચંદન | મુંબઈ |
| ખીમરાજ આર. કાનૂંગો | મુંબઈ |
| સ્ટાર સ્ટીલ | મુંબઈ |
| પુખરાજ એમ. શાહ | મુંબઈ |
| વિનસ મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| સ્વસ્તિક મેટલ ડિસ્ટ્રીબ્યુટર | મુંબઈ |
| મુકેશ જે. ભંડારી | મુંબઈ |
| રાજેન્દ્ર સ્ટીલ સેન્ટર | મુંબઈ |
| અખરાજજી નારણજી | મુંબઈ |
| સંતોષ સ્ટીલ કોર્પોરેશન | મુંબઈ |
| ગુડલક મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| છગનલાલ એસ. મહેતા | મુંબઈ |
| ટેક્નો સ્ટીલ | મુંબઈ |
| સ્વસ્તિક મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| પ્રકાશભાઈ ડી. ચંદન | મુંબઈ |
| હનવંતરાજજી અનરાજજી | મુંબઈ |
| પ્રકાશ સી. કાનૂંગો | મુંબઈ |
| ખીમરાજ એચ. જૈન | મુંબઈ |
| સંઘવી મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| અજબચંદજી મિશ્રીમલજી | મુંબઈ |
| મનહર પી. કાનૂંગો | મુંબઈ |
| રાજેન્દ્ર મેટલ સેન્ટર | મુંબઈ |
| બેચરજી માવાજી | મુંબઈ |
| રમેશ સ્ટીલ સેન્ટર | મુંબઈ |
| નવભારત ઈન્ડસ્ટ્રીયલ મેટલ | મુંબઈ |
| હીરાલાલ સી. ભણશાલી | મુંબઈ |
| બાબુલાલ ડી. સંઘવી | મુંબઈ |
| શાંતિલાલ કે. બરૂડ | મુંબઈ |
| રમેશ મેટલ સીન્ડીકેટ | મુંબઈ |
| રત્નમણિ મેટલ એન્ડ ટ્યુબ ઈન્ડ. કોર્પો. | મુંબઈ |
| રમણલાલ ભીખાજી શાહ | મુંબઈ |
| જયદીપ મેટલ કોર્પોરેશન | મુંબઈ |
| મફતલાલ પી. બોથરા | મુંબઈ |
| નવિનચંદ્ર ડી. શાહ | નરોલી |
| મિશ્રીમલજી દોશી (કનુભાઈ) | વાંસદા |
| શ્રી મુક્તિચંદ્ર સૂરિ. જૈન પાઠશાળા | વાંસદા |
| જે.બી. પરીખ (વાવવાળા) | વડોદરા |
| મહારાજા સાયકલ ઈમ્પોર્ટીંગ કું. | બેંગ્લોર |
| સરલાબેન કે. શાહ | અમદાવાદ |
| શાહ રસિકલાલ મૂળચંદ | સુરત |
| સ્વ. શાંતિલાલ ડાહ્યાલાલ સંઘવી | વાસરડા |
| વોરા મહાસુખલાલ જેવતલાલ | ભોરોલ |
| સ્વ. ટીલચંદ તલકચંદ સંઘવી | વાસરડા |
| નગીનદાસ ભાઈચંદ શાહ | મુંબઈ |
| વાડીલાલ અમુલખદાસ વોરા | મુંબઈ |
| પ્રેમજી મેઘજી ગુઢકા, પરેલ | મુંબઈ |
| રૂપચંદ જયંતિલાલ, મદ્રાસ | મુંબઈ |
| જયંતિલાલ નાગરદાસ વોરા | મુંબઈ |
| નવનીત ખીમજી શાહ | મુંબઈ |
| કુંડલીયા ચીમનલાલ લઘુભાઈ | જામનગર |
| બાબુભાઈ વખારીયા-જિતેકરવાડી | મુંબઈ |
| ભરતકુમાર કાંતિલાલ શાહ | મુંબઈ |
| કાંતિલાલ સુખલાલ, ઘાટકોપર | મુંબઈ |
| ધીરેન દામજી દેઢિયા | મુંબઈ |
| શેઠ બાબુલાલ રામચંદ (વાવ) | ઈશ્વરીયા |
| ભાનુભાઈ સી. શાહ (માલણ) | સુરત |
| કાંતિલાલ સંપ્રીતચંદ શાહ | સુરત |
| મુકશે કાંતિલાલ શાહ | સુરેન્દ્રનગર |

| | |
|---|---|
| ઉપેન્દ્ર હર્ષદરાય શાહ | અમદાવાદ |
| રમેશચંદ્ર ભીખાલાલ શાહ | મંચર |
| ગોવિંદભાઈ પટેલ (વરાછા) | સુરત |
| લાલજીભાઈ તુલશીભાઈ | સુરત |
| પ્રવીણભાઈ રમણીક્લાલ વડેચા | કોલ્હાપુર |
| વાડીલાલ ચીમનલાલ વોરા | દેથલી |
| વિશ્વશાંતિ ચાહક C/o. પ્રાણલાલ | રાજકોટ |
| કનુભાઈ એફ. દોશી | નવસારી |
| નવીનચંદ્ર હીરાચંદ ઝવેરી | સુરત |
| શાહ સુરેશભાઈ જે. સાબુવાલા | સુરત |
| બચુભાઈ મગનલાલ જીનવાલા | સુરત |
| રમેશકુમાર કાંતિલાલ દોશી (મોરવાડા) | સુરત |
| મહેન્દ્રભાઈ કે. મોદી | સુરત |
| વર્ધમાન જૈન આગમતીર્થ (કાત્રજ) | પૂના |
| ધીરજી દામજી ગંગર | થાણા |
| જે.પી. કોર્પોરેશન | અમદાવાદ |
| ખુબચંદ ખેમચંદ કોરડીયા (વાવ) | અમદાવાદ |
| વાઘજીભાઈ મોરખીયા (વાતમ) | અમદાવાદ |
| રસિકભાઈ મહેતા | અમદાવાદ |
| બીરેન કિરીટકુમાર બાવીસી | રાજકોટ |
| જગદીશભાઈ શાંતિલાલ મહેતા | માલેગાંવ |
| શાહ પ્રકાશ મોતીલાલ | સોલાપુર |
| રવીન્દ્ર ચંદુલાલ શાહ | મુંબઈ |
| પી. એમ. શાહ | મુંબઈ |
| ચીનુભાઈ ચીમનલાલ શાહ | મુંબઈ |
| સેવંતીલાલ ચીમનલાલ શાહ | મુંબઈ |
| રમણીકલાલ કોદરદાસ શાહ | મુંબઈ |
| શાહ દર્શિકા અજિતકુમાર બોરીવલી | મુંબઈ |
| પારસમલ એલ. જૈન | અમદાવાદ |
| રીયલ એસ્ટેટ એજન્સી | ભુજ |
| જગદીશ આણંદજી ઠક્કર | ભુજ |
| વીકી-ઈન્ડિયા | મુંબઈ |
| જશવંતલાલ સાંકળચંદ | અમદાવાદ |
| જે.સી. શાહ | ભૂજ |
| વોરા ધનજી મયાચંદ | મુંબઈ |
| ગણપતભાઈ ચોપડા | મુંબઈ |
| કોશાબેન ભરતભાઈ, સાયન | મુંબઈ |
| જગજીવનદાસ મંગળજી પરીખ | સુરત |
| બાબુલાલ પરસોત્તમદાસ | આસેડા |
| રૂખીબેન જીવતલાલ, રાજપુર | ડીસા |
| કિરીટભાઈ બેચરદાસ શાહ | મુંબઈ |
| ધર્મિષ્ઠાબેન દીપકભાઈ | મુંબઈ |
| કિરીટભાઈ રતિલાલ દોશી | મુંબઈ |
| ગણેશમલજી ભીમાજી | મુંબઈ |
| સ્વ. સંઘવી છોટાલાલ હીરાચંદ | મુંબઈ |
| ડાહ્યાલાલ લલ્લુભાઈ શાહ | મુંબઈ |
| શાંતિલાલ અંબાલાલ શાહ | મુંબઈ |
| હેમંતભાઈ જ્યંતિલાલ શાહ | મુંબઈ |
| જંબુભાઈ મૂળચંદ શાહ | મુંબઈ |
| અરવિંદભાઈ ચીમનલાલ પરીખ | મુંબઈ |
| પ્રકાશભાઈ પ્રેમચંદ શાહ | મુંબઈ |
| અમૃતભાઈ શકરાભાઈ કાપડીયા | મુંબઈ |
| ભરતભાઈ ચીમનલાલ શાહ | મુંબઈ |
| નવીનચંદ્ર કેશવલાલ બુલાખીદાસ | મુંબઈ |
| પુંડરિકભાઈ ભીખાભાઈ | મુંબઈ |
| પુખરાજજી પુનમચંદજી પાદરુવાળા | મુંબઈ |
| જવાહર પી. કાનૂંગા | મુંબઈ |
| વિજય એસ. જૈન | નીમચ |
| શૈલેષભાઈ એમ. ઝોટા | મુંબઈ |
| વિધાતા ટેક્ષટાઈલ્સ | મુંબઈ |
| ભાવિન જયેન્દ્રભાઈ | મુંબઈ |
| કૌશલ ભરતભાઈ | મુંબઈ |
| શ્રી શ્વે. મૂ. સંઘ-શાહૂપુરી | કોલ્હાપુર |
| ભટ્ટીભાઈ જૈન સંસ્કૃતપાઠશાળા | ખંભાત |
| શાહુપુરી જૈન પાઠશાળા | કોલ્હાપુર |
| ગુલાબચંદ જશાજી રાઠોડ | કોલ્હાપુર |
| સંભવનાથ જૈન શ્વે. મંદિર | કોલ્હાપુર |
| માનચંદજી કોઠારી | માલેગામ |
| વિજય સેવંતીલાલ પટણી | માલેગામ |
| નવિનભાઈ જી. શાહ | મુંબઈ |
| સંઘવી ગુમાનમલજી હુકમાજી, માલગામ | સુરત |
| બાબુલાલ રામચંદ વોરા | અમદાવાદ |
| હેમેન્દ્ર કે. મણિયાર | સુરત |
| અરૂણાબેન એમ. શાહ | દહાણુરોડ |
| અલકાબેન હરીશભાઈ અદાલી | વડાલરોડ |
| નરોત્તમભાઈ લલુભાઈ ઝવેરી | શાંતાક્રુઝ |

| | |
|---|---|
| ાંતિનગર જૈન પાઠશાળા | ડીસા |
| ોતીલાલ મોહનલાલ | ડીસા |
| મલાચંદ જગાજી | ડીસા |
| ુપેન્દ્રકુમાર કાન્તિલાલ | ડીસા |
| .મણીકલાલ ચીમનલાલ | ડીસા |
| ાન્તીલાલ કાળીદાસ | ડીસા |
| ીર્તિલાલ કાળીદાસ | ડીસા |
| ૂનમચંદ પરશોત્તમદાસ | ડીસા |
| ાંતિલાલ સરૂપચંદ (સિમેન્ટવાળા) | ડીસા |
| ાનાલાલ વાડીલાલ | ડીસા |
| ાંસરાજ સરેમલજી | ડીસા |
| સાગરમલ ગંગારામ | ડીસા |
| હરખચંદ તગાજી | ડીસા |
| રસીકલાલ બબાલાલ | ડીસા |
| હિંમતલાલ ફોજાલાલ | ડીસા |
| રવચંદ જગશીભાઈ | ડીસા |
| યોગેશ કુમાર શાન્તિલાલ | ડીસા |
| મંગળદાસ જે. મહેતા | મુંબઈ |
| છાયાબેન સતીશકુમાર શાહ | મુંબઈ |
| વર્ષાબેન ભૂષણકુમાર મહેતા | મુંબઈ |
| પ્રકાશકુમાર ચંપાલાલ | મુંબઈ |
| લક્ષ્મીચંદ ભીખાલાલ (ધાનેરા) ગોરેગામ | મુંબઈ |

# સંસ્કૃતિ પ્રકાશન, સુરત : સાહિત્ય સૂચિ

## ૦ જૈન કથાઓ ને પ્રસંગો ૦

કલિકાલ સર્વજ્ઞ ને કુમારપાળ
અંધારે અજવાળા
કમળની કેદ
પ્રકાશ પ્રતિ પ્રયાણ
તૂટ્યા તાર ગુંજે ગીત
ફૂલ અને ફોરમ
મધબિંદુની માયા
દાસ : દેવાધિદેવના

## ૦ સળંગવાર્તાઓ ૦

મૃગજળની માયા
પળપળના પલટા
વેર અને વાત્સલ્ય
યુદ્ધ વિરામ
ફૂલ નાનું શૂળ મોટી
વાદળી કાળી કોર રૂપાળી
(સચિત્ર બાળવાર્તા)
વરસે વાદળ, ઝબૂકે બીજ
(સચિત્ર બાળવાર્તા)

## ૦ સાંસ્કૃતિક કથાપ્રસંગો ૦

ઝેર તો પીધા જેણે જાણી જાણી
દરિયામાં એક વીરડી મીઠી
સો સો સલામ સંસ્કૃતિને
શૌર્ય અને શહાદત
દિલ છે જેનાં દરિયાવ
સત્‌ના ત્રાજવે
સંસ્કૃતિના સાદે

## ૦ ચિંતન-મનન ૦

કલ્યાણ યાત્રા
ચિંતન અને ચિનગારી
કલ્યાણ મંત્ર
મૂંઝાતા માનવીને
મુઝવણમાંથી મુક્તિ
કલ્યાણનો કુંભ
કલ્યાણની કંકોત્રી

**સંસ્કૃતિ પ્રકાશન**
રામવાટિકા, ૪૦૧, સમેત શિખર એપાર્ટમેન્ટ,
કાજીનું મેદાન, ગોપીપુરા સુરત-૩૯૫ ૦૦૨.

## સંસ્કૃતિ પ્રકાશનનું આજ સુધી

# પ્રકાશિત સાહિત્ય

કલિકાલ સર્વજ્ઞ અને કુમારપાળ
અંધારે અજવાળા
ઝેર તો પીધા જેણે જાણી જાણી
દરિયામાં એક વીરડી મીઠી
મૃગજળની માયા
પળ પળના પલટા
કમળની કેદ
કલ્યાણ યાત્રા
ચિંતન અને ચિનગારી
સો સો સલામ સંસ્કૃતિને
વેર અને વાત્સલ્ય
શૌર્ય અને શહાદત
પ્રકાશ પ્રતિ પ્રયાણ
કલ્યાણ મંત્ર
તૂટ્યા તાર ગુંજે ગીત
ફૂલ અને ફોરમ
દિલ જેના દરિયાવ
સત્‌ના ત્રાજવે
મૂંઝાતા માનવીને
મુંઝવણમાંથી મુક્તિ
યુદ્ધ વિરામ
મધ બિન્દુની માયા
દાસ : દેવાધિદેવના
ફૂલ નાનું શૂલ મોટી
કલ્યાણનો કુંભ
વાદળી કાળી, કોર રૂપાળી
કલ્યાણ કંકોત્રી
સંસ્કૃતિના સાદે
વરસે વાદળ ઝબુકે વીજ
પગલે પગલે પુણ્ય પ્રભાવ
ફૂલડાં ફોરમભર્યાં
ધૂપ સુગંધ
દંડનાયક મંત્રીશ્વર વિમલ

**રમેશભાઈ આર. સંઘવી**

''રામવાટીકા'' ૪૦૧, સમેતશિખર એપાર્ટમેન્ટ,
ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત-૨.

## -: વંદના :-

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, ગુજરાતના મહાન જ્યોતિર્ધર સરસ્વતીલબ્ધપ્રસાદ, સિદ્ધકવિ, ષટ્દર્શનનિષ્ણાત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છન્દ, તત્વજ્ઞાન. કથા, આચારોપદેશ, અધ્યાત્મ, યોગ આદિ વિભિન્ન, વિષયો ઉપર સંખ્યાબંધ ગ્રન્થો રચનાર અદ્દભૂત વ્યકિતત્વશાલી

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના

ચરણ કમલમાં વંદના.



| : જન્મ : | : સ્મૃતિ-દિવસ : | : સ્વર્ગવાસ : |
|---|---|---|
| કનોડા (ગુજરાત) | માગસર સુદ-૧૧ | ડભોઈ (ગુજરાત) |

-: સૌજન્યઃ-

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન -નવસારી

ઉપા.શ્રી યશોવિજયજી જૈન સેવા સદન-ડભોઈ

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન- માલેગામ

ઠેઃ કલા- પ્રકાશન/ ટીલક રોડ,

મુ. માલેગામ (મહારાષ્ટ્ર) પિન : ૪૨૩ ૨૦૩

**સંવત નવસે તાણું વરસે વિમલ-મંત્રીશ્વર જેહ**
**આબુ તણા જેણે દહેરાં કરાવ્યા, બે હજાર બિંબ સ્થાપ્યા**

આ સ્તવન-પંક્તિ દ્વારા ગવાતી રહેતી જેમની અમરકીર્તિના ગીત-સંગીતમાં દિવસે દિવસે લય અને તાલબદ્ધતાનીય વૃદ્ધિ થતી જ રહે છે, એ મંત્રીશ્વર વિમલનું અમરસર્જન 'વિમલવસહી આબુ દેલવાડા' આજે જેટલું જાણીતું છે, એટલું જ આ વિલમવસહીના સર્જકનું જીવન અજાણ્યું છે. જાણીને આશ્ચર્ય થશે કે, વિમલમંત્રીના પૂર્વજો વનરાજ ચાવડા સુધીના ગૂર્જર રાષ્ટ્રીય ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયાં છે, તો વિમલના અનુજોનો નામોલ્લેખ છેક કુમારપાળ-ભૂપાળ સુધીના ઈતિહાસ લગી લંબાયેલો જોવા મળે છે. ઈતિહાસના અનેક ગ્રંથોમાં મંત્રીશ્વર વિમલનું જીવન કોઈ માળાના મણકા રૂપે છૂટું-છવાયું સચવાયેલું જોવા મળે છે. એ બધા મણકાઓની એક મનોહર માળા રૂપે ગુંથણી એટલે જ પ્રસ્તુત પુસ્તક.

**દંડનાયક મહામંત્રી વિમલ**

સંસ્કૃતિ પ્રકાશન - સુરત